પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક



લાલ ટપુશિયું (Red Munia ફોટો : આર. વી. ભટ્ટ)

કુમાર

સંસ્થાપક : ર. મ. ર.

તંત્રી - ધીરુ પરીખ



ગુલાબી પેણ (Rosy Pelican ફોટો : આર. વી. ભટ્ટ)

જૂન ૨૦૦૨ • સળંગ અંક ૮૭૪ • વર્ષ ૭૯મું



ચિત્રકાર] **વાદળને સંબોધતો યક્ષ** [શૈલેન્દ્રનાથ ડે

સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસકૃત પ્રસિદ્ધ અને સિદ્ધ કાવ્યકૃતિ 'મેઘદૂત' પર શૈલેન્દ્રનાથે કેટલાંક ચિત્રોની જે શ્રેણી તૈયાર કરેલી તેમાંનું આ એક છે. ઉપર આકાશમાં ઘરાયેલા મેઘને પ્રિયા પ્રતિ સંદેશો લઈ જવા સંબોધતો યક્ષ નીચે ધરતી પર દર્શાવાયો છે. આકાર, સંરચના અને રંગયોજનામાં ચિત્રકારે અહીં પારંપરિક કલાશૈલીનો આધાર લઈ સુચારુ અને પ્રશિષ્ટ ચિત્ર તૈયાર કર્યું છે. ચિત્રનાયક યક્ષની આસપાસની વનસ્પતિ, પહાડના ઢોળાવો અને ઉપર ઝળૂંબતાં વદળો વર્ષાઋતુનું મનભર અને મનહર વાતાવરણ સર્જી રહે છે.

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH

Phone : 2143745

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

An Encyclopedic Family Magazine of High Taste

1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ છે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન

તંત્રી, કુમાર

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ

(ડિરેક્ટરો)

વાચકો લખે છે

'કુમાર'માં પ્રકટ થતાં જીવનચરિત્રો ખૂબ સારાં હોય છે. તેમાં પણ 'બાબુભાઈ જ. પટેલ' અને 'ડૉ. પ્રફુલ્લ-ભાઈ શાહ' વિશેના લેખો યુવાનો માટે પ્રેરણાદાયી તથા ભાવિજીવન માટે માર્ગદર્શક છે. એવી જ રીતે 'ભારતનાં રાજ્યો' વિશેની લેખમાળા મારા જેવા અનેક યુવકો માટે ધ્યાનાકર્ષક બની છે. તેમાં રજૂ થતો ઈતિહાસ તથા સાંસ્કૃતિક વિગતો અભ્યાસ અને માહિતીની દૃષ્ટિએ રસપ્રદ તથા ઘણી ઉપયોગી છે. નૃત્ય, ઉત્સવો, તહેવારો, પ્રવાસનાં સ્થળો, પ્રાણી-સૃષ્ટિ જેવી વિવિધ બાબતો જ્ઞાનપ્રાપ્તિ માટે આવશ્યક છે. આ લેખમાળા સામાન્ય વાચકો સહિત અભ્યાસીઓને પણ ઘણી લાભદાયી થઈ શકે છે. *-શિરિષ જે. દવે (અમદાવાદ)*

*

જાટ રાજા સૂરજમલનું રાજ ટચૂકડું, 'મહારાજા સૂરજમલ' સંજ્ઞા પ્રશસ્તિ છે, અતિશયોક્તિ છે. (ઈતિહાસ ધારા-અશોક હર્ષ, 'કુમાર' ૮૯૧)

વિના કારણ (?) રાજા સૂરજમલ અને મરાઠાઓ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. દિલ્હીના કઠપૂતળી મુગલ સમ્રાટે આગ્રા અને અજમેરની સૂબાગીરી મરાઠાઓને સુપરત કરી. સૂરજમલ પણ આગ્રાનો કબજો કરવા ઉત્સુક હતા. રઘુનાથરાવની નેતાગીરી હેઠળ મરાઠાઓએ સૂરજમલના 'કુંભેર'ના કિલ્લાને ઘેરો ઘાલ્યો. સૂરજમલ સમાધાન માટે ઈચ્છુક, રૂ. ચાલીસ લાખની મરાઠાઓને ઑફર કરી, પણ મિથ્યા-ભિમાની રઘુનાથરાવ રૂ. એક કરોડની માગણી કરે છે. પ્રત્યુત્તરમાં સૂરજમલ દારુગોળાનું પૅકેટ પાઠવે છે. અચાનક તોપગોળો ખંડેરાવ હોલકરને ભરખી જાય છે અને અહલ્યાબાઈ વિધવા બને છે.

મલહારરાવ હોલકર કુંભેર જીતવા પ્રતિજ્ઞા લે છે. સૂરજમલની રાણી કિશોરી સિંધિયા જયપ્પાને સાધે છે. હોલકર અને સિંધિયા વચ્ચે બારમો ચંદ્રમા. જયપ્પા રઘુનાથરાવને ઘેરો ઉઠાવવા સમજાવે છે. ઘેરો ઉઠાવવામાં આવે છે. મલહારરાવ હોલકર હાથ ઘસે છે. સૂરજમલ પણ વર્ષમાં ત્રીસ લાખ રૂપીઆ મરાઠાઓને ભરપાઈ કરવા કબૂલ થાય છે. અહમદ-શાહ અબદાલી વચ્ચેના પાણીપતના યુદ્ધ પૂર્વે અબદાલી સૂરજમલ પાસે નાણાંકીય સહાય માગે છે. સૂરજમલ અબદાલીને કહેવરાવે છે : 'પ્રથમ મરાઠાઓને હાંકી કાઢો, દિલ્હી પર હકૂમત સ્થાપો, ત્યાર બાદ જોયું જશે.'

સૂરજમલની સહાયથી મરાઠાઓ દિલ્હી પર કબજો જમાવે છે. દિલ્હીનો વહીવટ પોતાને સોંપવા સૂરજમલ મરાઠાઓ પાસે માંગ કરે છે, મરાઠાઓ ઇનકાર કરે છે, સૂરજમલ મરાઠાઓને તજે છે.

૧૭૬૧, જાન્યુઆરી ૧૪ - મરાઠાઓ અને અહમદશાહ અબદાલી વચ્ચે પાણીપતનું યુદ્ધ. મરાઠાઓ હારે છે. અબદાલી મરાઠાઓની કત્લેઆમ કરીને લોહીની નદીઓ વહેવડાવે છે. સૂરજમલ કુંભેરના યુદ્ધને વિસરી જઈને મરાઠાઓને શરણ આપે છે.

અહમદશાહ અબદાલી નાદિર શાહનું ખૂન કરી કોહિનૂર હીરો હાથ કરે છે. ચોથની વસૂલાતમાં મરાઠાઓ રાજપૂતોને ન છોડે, જાટોને ન છોડે, હિંદુ હિંદુને ન છોડે. મારે એની તલવાર. મરાઠાઓ એકાધિક વખત દિલ્હી કબજે કરે છે, પરંતુ દિલ્હીમાં મરાઠા સામ્રાજ્ય સ્થાપવાની મરાઠાઓમાં દૂરંદેશી નહિ. પ્લાસીના યુદ્ધમાં ક્લાઈવ બંગાળના નવાબ સિરાજુદ્દુલ્લા સામે મીરઝાફની ગદ્દારીને કારણે વિજયી બને છે. ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો પાયો નંખાય છે.

- વી. બી. ગણાત્રા (મુંબઈ)

*

'કુમાર'ના એપ્રિલ-૨૦૦૨ (૮૯૨)માં 'છેલ્લુ પાનુ'માં સંજય ભટ્ટે ગણિતગમ્મત દર્શાવેલ છે તેને આગળ લંબાવીએ તો ૧ થી ૯ સુધીના અંકોમાંથી કોઈ પણ એક અંકમાં ૯ અથવા ૯થી નિ:શેષ ભાગી શકાય તેવી કોઈ પણ સંખ્યા ઉમેરતાં જે જવાબ મળે તેના અંકોનો સરવાળો કરતાં મૂળ (જે સંખ્યા ઉમેરી હશે તે જ) અંક પ્રાપ્ત થશે. જેમ કે ૩ માં ૯ ઉમેરતાં ૧૨ મળે. તેના અંકો ૧+૨નો સરવાળો મૂળ અંક '૩' મળે છે અથવા ૯ થી નિશેષ ભાગી શકાય તેવી સંખ્યા દા.ત. ૫૮૯૦૫ ને ૩ માં ઉમેરતાં ૫૮૯૦૮ મળશે જેનો સરવાળો ૫+૮+૯+૦+૮ =૩૦ અને ૩+૦=૩ પ્રાપ્ત થાય છે!

'કુમાર' ખરેખર સુરુચિપૂર્ણ સામગ્રી પૂરું પાડતું સામયિક છે. અર્પી શાહ દ્વારા ચેસ કૉર્નરમાં અપાતા કોયડા ખરેખર રસપ્રદ બની રહે છે. તેમને અભિનંદન! ચેસ બુદ્ધિશાળી લોકોની રમત છે. ભારતનાં ગુજરાતીઓમાંથી કેટલાં લોકો આ રમતમાં રસ ધરાવે છે અને રમે છે તેનું એક સર્વેક્ષણ હાથ ધરવું જોઈએ. રશિયામાં ભારતની આપણી આ શ્રેષ્ઠ રમતને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે તેટલું વિશ્વના અન્ય દેશોમાં આપવામાં આવતું નથી, એ અફસોસની વાત ગણાય. ભારતમાં પણ આ શ્રેષ્ઠ રમતને જોઈએ તેટલું પ્રોત્સાહન મળતું નથી એ ખરેખર ખેદજનક છે.

- હર્ષદ દવે (રાજકોટ)

*

'કુમાર'નો અંક ૮૮૧ તો નવલાં સોનેરી રૂપ ધારણ કરીને આવ્યો! સુંદર લાગ્યો. તેમાંય ત્રણેક લેખ - માર્ગરેટ સેંગર, રહસ્યકથા (ગુજરાત મેલ...) અને હાજી કાસમની 'વીજળી' તો ખરેખર સુંદર અને ધ્યાનાકર્ષક-રસપ્રદ લાગ્યા!

પાન-૩૧૪ પરના 'સોનેરી ચોખા'નું લખાણ સરસ તો છે જ, પણ તેમાં 'સોનેરી ચોખા'ની બીજી બાજુ પણ રજૂ કરાઈ હોત તો તે લેખ ઘણો સુંદર બની જાત કેમ કે આવાં પરિવર્તિત જનીન ખાદ્યો રજૂ કરાય છે તેટલા ફાયદાકારક હોતાં નથી! પ્રજીવકની ઊણપ દૂર કરવાની તાતી જરૂર તો છે પરંતુ આ રસ્તો સફળ નીવડશે કે કેમ તે શંકાસ્પદ છે.

-દેવ ચાવડા (વડોદરા)

*

'કુમાર'મે-૨૦૦૨માં પ્રકટ થયેલ મારું કાવ્ય 'અહો, નિયતિ!'ની તેરમી પંક્તિમાં 'ગંભીર' શબ્દ 'ગભીર' વાંચવો.

- ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું
અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જૂન ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

સામગ્રી

'કુમાર' સળંગ અંક ૮૯૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

માનવીના હૈયાને આનન્દવામાં વાર શી?

રાધેશ્યામ શર્મા

આપણે માનવી કોને માનીએ છીએ તેના ઉપરથી આપણે કેટલા માનવીય તેમજ દાનવી છીએ એનો અંદાજ આવશે. હાથ, પગ, આંખ, કાન, નાક મળ્યાં એટલે માનવ બની ગયા એમ માની શકાશે? હાથ-પગ-આંખ-કાન વગેરે વિશાળ અંગોપાંગો તો મસમોટા દાનવ-દૈત્યને પણ મળેલાં હોય છે.

દાનવનું હૈયું પણ ધડકતું હોય છે, જેમ માનવનું હૃદય પણ ધબકતું હોય છે. પણ પ્રશ્ન એ છે કે દેવ, દાનવ અને માનવનું હૈયું ક્યા હેતુથી સંવેદિત થાય છે, કઈ સમસ્યા એને વધુ સ્પર્શે છે.

દેવી-દેવતાઓ અલૌકિક પરલોકનાં પાત્રો છે. લાંબા પહોળા વિરાટકાય દૈત્યો-દાનવો પૌરાણિક પાત્રો છે. અત્યારે આ ગ્રહ ઉપર વૃક્ષો, પશુપંખીઓ જીવે છે એમાં જેને માનવ કહેવાય એવી વિશેષતા કઈ?

આહાર, નિદ્રા, ભય અને મૈથુનની વૃત્તિ-પ્રવૃત્તિ તો માણસની માફક પશુપંખીઓ પણ કરે છે. માનવ સિવાયની પ્રાણીજાતિ કરતાં મનુષ્યની ઊંચાઈ, વશેકાઈ શામાં? જેનાથી માનવી માનવ કહેવાય એવી વિશિષ્ટતા કઈ?

સંસ્કૃત ભાષાનો એક નોંધપાત્ર શ્લોક છે જેનો અર્થ આવો છે: તરુઓ પણ જીવે તો છે, અને પ્રાણીઓ ને પંખીઓ પણ જીવે છે; પરંતુ ખરેખર તો તે જ જીવે છે જેનું મન મનન વડે જીવતું રહે છે.

મનના વેરવિખેર તારોને એકસૂત્ર બનાવી, એકાગ્ર કરી મનને મનન સાથે જોડી દેવામાં આવે તો જીવનસિતારના સંગીતની સાર્થકતા છે! તો જીવન જીવ્યાનો આનંદ લૂંટી શકાશે.

મનન મારફત મન શુદ્ધ-બુદ્ધ-સિદ્ધ થવાની સંભાવના છે. બાકી છિન્ન-વિચ્છિન્ન યાયાવર મન વરદાનને સ્થાને શાપનો અનુભવ કરાવ્યા વિના નહિ જંપે. મનને લીધે જ માનવ કહેવાતો માણસ ક્યારે દાનવ બની જાય તે કહેવાય નહિ. સાક્ષરો રાક્ષસ જેવું આચરણ કરતા ક્યાં નથી વરતાયા? રાક્ષસને સાક્ષર બનાવવાનું, દાનવને દેવ યા માનવ બનાવવાનો આધાર મનને કેવું પલટી-પલોટી શકીએ એના ઉપર છે.

કવિવર ટાગોરે ક્યાંક કહ્યું છે કે વસંતઋતુમાં એક વૃક્ષ રંગબેરંગી પાંદડાં અને ફૂલોથી હસુંહસું થઈ રહ્યું છે, પરંતુ એ મહેકતા તરુવરમાં ચપટીક મન ભેળવી દેવામાં આવે તો માનવીનાં જેટલું જ ઝાડ દુઃખીદુઃખી થઈ જાય!

મનના રચનાત્મક સામર્થ્યથી સભ્યતા અને સંસ્કૃતિઓ વિકસી અને મનની વિનાશક વૃત્તિ કામે લાગી ત્યાં વિશ્વયુદ્ધો અને શસ્ત્રાસ્ત્રોની શોધોથી જીવનસ્વર્ગ નરકાગાર બની રહ્યું.

તો માનવી કોને માનવો? મનના પ્રાપ્ત શાપને જે અપ્રાપ્ત આશીર્વાદ વરદાનમાં પલટી શકે. આગળ સંસ્કૃત શ્લોકમાં એવું કહેવાયું છે કે ખરેખર તે જ જીવે છે જે માનવીનું મન મનન વડે જીવે છે. પણ યોગવાસિષ્ઠ ગ્રંથની એ પંક્તિનો બીજો પાઠ જુદું જ દર્શાવે છે. એ પાઠ પ્રમાણે ખરેખર તે જ જીવે છે જેનું મન મનન કરી કરી અ-મન બની જાય છે! મનનો મહિમા મોટો છે. મન એટલું મનનમાં પ્રયોજાય કે તત્ત્વદર્શન સાંપડતાં નહિવત્ થઈ જાય. શૂન્ય બની જાય. યોગીઓ પણ અંતે તો માનવી જ છે છતાં તેઓ નિર્મન જેવી દશાને ઉન્મની અવસ્થા લેખે આવકારતા હશે. આ ભૂમિકાએ મનનું ઉન્નયન, સબ્લિમેશન સધાતું હોવાથી એની વિસર્જનાત્મક વૃત્તિથી મુક્ત થઈ સર્જનાત્મક અભિવ્યક્તિ કરતું થઈ જવાની શક્યતા છે.

માનવી પોતે કેવો મોટો કીમિયાગર છે જે મનના કાંટાને મનનના જ બીજા કાંટાથી કાઢી સ્વતંત્ર થઈ શકે, બોજો હટાવી હળવો ફૂલ થઈ શકે!

દમન વગર નિર્મન થવાની શક્તિ માનવમાં રહેલી છે, પણ તે સુપ્ત દશામાં હોવાથી દૃષ્ટિહીન છે, દિશાવિહીન છે.

આવી ઉચ્ચતર ભૂમિકાએ આરોહણ કરતાં સંશયાત્મક બુદ્ધિ જ અવરોધ-વિરોધ ખડા કરી દે. તો ત્યાં પણ આની આ જ યુક્તિ કામે લગાડવી ઘટે. ગીતામાં શ્રીકૃષ્ણે જ આ ગુરુચાવી માનવીને દીધેલી છે. : બુદ્ધેઃ પરં બુદ્ધવાઃ અર્થાત્ આત્મતત્ત્વ કે પરમાત્મતત્ત્વ બુદ્ધિથી પર છે, બુદ્ધિની પાર છે. એવું બુદ્ધિની જ સહાય લઈ સમજવાનું છે.

આમ, જીવાત્માથી શિવાત્મા, આત્માથી પરમાત્મા સુધી પહોંચવાનું પ્રખર પ્રચંડ પરાક્રમ જે કરી દેખાડે એનું નામ જ વામનમાંથી વિરાટ બનેલો માનવી!

કવિએ ગાયું છે, 'માનવીના હૈયાને નંદવામાં વાર શી?' પણ કાળા માથાનોં માનવી શું ના કરી શકે? તે સિદ્ધિ પ્રાપ્ત કરી ગાઈ શકે? માનવીના હૈયાને આનંદવામાં વાર શી!? ❒

જુદાઈમાં / *લાલજી કાનપરિયા*

(પૃથ્વી • સૉનેટ)

ફરી ચરણ માંડું આ જનપદે અને ચિત્તમાં-
રહ્યાં સ્મરણ કોળતાં કૂંપળ થૈ. પ્રસંગો જૂના
ફરી ઝૂલત લૂંબઝૂંબ મન-ડાળીએ ફૂલ-શા.
ફરી ટહુકતાં વિહગ, ફરી ગીત કૈં રેલતાં.

સ્થળે સ્થળ ફરી અહીં અનુભવાય રોમાંચનો
લીલો સમય. ને અધીર મનમોર ઝંખી રહે
અતીવ મધુરી અને સજળ વાદળી-શી તને!
ફરી શ્વસનમાં લઉં ભરી ઘડી હવા પૂર્વની.

ગયો સમય ગુજરી અજબ એકદા ભીનલ;
હજી રહી રહી સદંશ પજવે અહીં આવતાં.
વિરાન દૃગમાં ઊગે સ્મિતભર્યો ચહેરો તવ
અને કણસ છાતીમાં તરત ઊપડે શારતી!

નથી નથી રહ્યું હવે કશું જ ભૂમિ વેરાનમાં;
છતાં જનપદે તને અનુભવુંય જુદાઈમાં!

કંકુવરણા થાપા... / *ગોપાલ શાસ્ત્રી*

(ગાન)

કંકુવરણા થાપાઓમાં
યાદ હજી અકબંધ,
કદી-મદી પહેલી પરભાતે
તૂટશે અશ્રુબંધ.

કોમળ કોમળ પાંદડીઓને
સ્હેજ અમે તો ચૂમી,
હોઠે શૈશવ ફરકી ઊઠ્યું
સાતે સાગર ઘૂમી;
અબોલ આંખોમાં છલકાયો
અકળ ઋણાનુબંધ.
કદી-મદી...

ફેર-ફૂદરડી ફરતામાં તો
વસંત આવી ઘરમાં,
અમને પણ લાગ્યું કે ચલ્લી
ઊડી જશે પળભરમાં!
ગોરજ વેળા વહેલ ઊપડી
શાશ્વત રહી સુગંધ.
કદી-મદી...

નિદ્રા અને જાગૃતિ / *ધીરુ પરીખ*

(વનવેલી)

પ્રાણીમાત્રનેય તેમ મનુષ્યને
મળ્યું છે ઊંઘવું ને જાગવું
જાગવું ને વળી પાછું ઘોરવાનું.
શિશુકાળે ઊંઘે એ વધુ ને વધુ,
વય વધે તેમ તેમ ઊંઘવાનું ઘટે;
જાગૃતિનો વધે ને નિદ્રાનો
મહિમા કૈં મટે.
આમ મનુષ્ય જે જાગે તેના કરતાં તે
આયુના વિસ્તારે વધુ ઊંઘે,
જાગૃતિને સ્વપ્ન જેમ સૂંઘે!
માનવજાતની પ્રલંબાતી ઘોરવાની પ્રકૃતિ તે
તીર, ભાલા, તોપ, બૉમ્બ, રૉકેટનો માર,
જ્યારે જ્યારે જાગે ત્યારે ત્યારે શાન્તિનો પ્રચાર
વળી પાછું ઘોરી જવું, યુદ્ધનો તે અણસાર.
વયના પ્રલંબ આયુકાળે જેમ નિદ્રા
તેમ માનવજાતની યુદ્ધમુદ્રા!
આયુકાળે જાગૃતિનો ટૂંકો રહ્યો પટ,
વિકાસયાત્રાનો એમાં વટ,
શાન્તિભર્યો સળવળાટ નથી કૈં સીધોસટ!

આજકાલમાં / *'બેજાન' બહાદરપુરી*

(ગઝલ)

નવા-જૂની કશી અમે કરીશું આજકાલમાં
અમરતા પામશું અગર મરીશું આજકાલમાં.

વહાવી જિંદગી બધી હવામાં હાથ વીંઝતા
અમારી બાથમાં ગગન ભરીશું આજકાલમાં.

ચમકશું આસમાન પર શરદનો પૂર્ણ ચંદ્ર થૈ
બનીને ધૂમકેતુ યા ખરીશું આજકાલમાં.

વિસારી ના શકો તમે અમોને આમ સહેજમાં
તમારી આંખથી અમે ઝરીશું આજકાલમાં.

ચલો 'બેજાન' માણીએ જરા આતિથ્ય મોતનું
નવા રૂપે પરત પછી ફરીશું આજકાલમાં.

છલકાઈ જાયે? / *ગીતા પરીખ*

(મુક્તક)

ના સાગરો જ્યાં મલકાય ત્યાંયે
ખાબોચિયાં કાં છલકાઈ જાયે?

જુદાઈમાં • પોતાના જનપદે પાછા ફરતા કાવ્યનાયકને ગતકાળનાં સ્મરણો તાજાં થાય છે. એ ગતકાલીન પ્રસંગો મનરૂપી ડાળીએ લૂંબઝૂંબ ઝૂલવા લાગે છે. બધી પ્રકૃતિરમણા યાદ આવે છે ત્યાં જ કોઈ સખીની યાદ ઊપસી આવે છે-ખૂબ મધુરી અને જલાઢ્ય વાદળી જેવી! એ સુખદ સમય તો જતો રહ્યો છે, પણ વતનભોમ પર પગ મૂકતાં જ જાણે એ બધું હવે સર્પદંશની જેમ પીડી રહે છે. આમ છતાં, એ જુદાઈમાં જ પ્રિયજનનો સાર્વત્રિક અનુભવ પમાય છે! ***કંકુવરણાં થાપા...*** • જાનપદી વાતાવરણને રજૂ કરતું આ ગીત અંતે તો જાણે 'ફેરફૂદરડી ફરતામાં તો વસંત આવી ઘરમાં' એમ અનુભવ થાય છે; પણ આ ઊડણચરકલડી પરગામ ચાલી જશે એ ભાવિ વાસ્તવને અનુભવમૂલક અભિવ્યક્તિ સાંપડતાં વિરહની વેદના સ્મૃતિની સુગંધે હળવી બની જાય છે. *નિદ્રા અને જાગૃતિ* • માનવ ઇતિહાસમાં આદિકાળથી યુદ્ધ અને શાન્તિનું દ્વન્દ્વ ચાલતું આવ્યું છે. મનુષ્યને ક્યારેક તો શાન્તિ જાણે કે સ્વપ્નવત્ લાગે છે. પણ એ એક એવી વાસ્તવિકતા છે કે જે માનવસમાજ માટે વિકાસનો ઇતિહાસ સર્જી આપે છે! પણ આવી શાન્તિનો માર્ગ સીધોસટ નથી એ મનુષ્યની નિયતિ છે. અહીં નિદ્રા અને જાગૃતિ એવાં બે પ્રતીકો દ્વારા યુદ્ધ અને શાન્તિની સમયાવધિ અને સમ્યકવધિ દર્શાવાઈ છે. ***આજકાલમાં*** • આજકાલમાં જેવા બોલચાલના શબ્દપ્રયોગથી આ ગઝલમાં કાવ્યનાયક વિવિધ શેરોમાં પ્રમત્ત પુરુષાર્થ અને હામની વાત કરે છે, જે તેને માટે મૃત્યુ પણ મંગલમય આતિથ્યનો ઉત્સવ બની રહે છે. ***છલકાઈ જાયે*** • આ મુક્તકમાં અધૂરો ઘડો છલકાય એ ઉક્તિને અન્ય કલ્પન દ્વારા સચોટ અને સરળ રીતે રજૂ કરવામાં આવી છે. - ધી.પ.

કલાજગત અને જગતકલાના વિનમ્ર ઉપાસક



જગુભાઈ શાહ

— લલિત શાહ —

બેઠી દડીનો દેહ, શામળી કાયા પર શોભતાં ઊજળાં વસ્ત્રો, સફેદ જાડી ખાદીનો અડધી બાંયનો ઝભ્ભો અને લેંઘો. કપડાં કરચલી પડ્યાં વિનાનાં જાણે, ધોબીને ત્યાંથી આવ્યાં હોય તેવાં! પણ હોય હાથે ધોયેલાં, જાતે ધોયેલાં. તેલ-સિંચિત બાબરીમાંથી છૂટી પડેલી નાની શી લટ નાનાશા લલાટને ખૂણે ઝૂલતી હોય. કાયમ વિલસતું રહેતું સ્મિત હોઠ અને ગાલમાં સ્નાયુ દ્વારા ચહેરા પર એવી રેખાઓ ઉપસાવે કે આપણને પણ તેનું રેખાંકન કરવા બેસી જવાનું મન થાય. દૂરદૂરની ક્ષિતિજને આંબતી તેમની ઝીણી આંખોના અતલ ઊંડાણમાં રહેલ અમીરસનું આચમન કરી લેવાની આપણને ઇચ્છા થઈ આવે. બોલે તો શામળા ખડકદ્વય વચ્ચેથી કલકલ નાદે વહેતું ઝરણું. જાણે ઝીણું સિતારવાદન. ક્યારેક દર્શન દેતી શુભ્ર રમ્ય દંતાવલિ, કાળા વાદળની ઊજળી કોરની યાદ આપે. તેમની દૃષ્ટિના સ્નાયુ અને પંજાના સ્નાયુ વચ્ચે એવો સુમેળ કે જેવું દૃષ્ટિમાં ઊતરે એવું કલ્પનાપૂત થઈને પંજામાંથી નીતરે. સૂવા માટેની શેતરંજી, ગોદડી, તે પર ચાદર અને ઓઢવાની ચાદર સફેદ ખાદીની એકદમ સ્વચ્છ અને સુઘડ. નીંદર એવી નિરાંતની લે કે જાણે સુખિયો જીવ. ભોંય પર સૂવાનું, પલંગ-પાટ કેવાં? ટૂંટિયું વાળીને કદી ન સૂએ.

જેમ ગિરનારી ખડક જેવો શ્યામસુંદર વાન તેમ એ ખડક જેવા જ પોતે અણનમ અને અડગ, એવા જ સહનશીલ. દુઃખદાયક, આઘાતજનક ઘટનાઓ 'જેવી હરિની ઇચ્છા' કહી જીરવી લે. પણ અન્યાય વખતની તેમની મક્કમતા રગ રગ પર સંચરતી જોવા મળે. ક્રોધ-આક્રોશને વેગળા રાખી, શાંતિ-ધૈર્ય-સ્વસ્થતાને સાચવી પોતાની વાત, પોતાનો મુદ્દો, પોતાનો આગ્રહ રજૂ કરે. તેમના શબ્દોમાં શ્રદ્ધાની સુવાસ હોય ને આશાનો રંગ હોય. તેમનો નિશ્ચય સફળતાને એ રીતે વરે કે સામાનું દિલ પણ સ્નેહ-સદ્ભાવથી ભીંજાઈ જાય. કારણ એટલું જ કે એમાં સ્વાર્થની ગંધ ન હોય, પણ સાર્વજનિક હિત-ચિંતા હોય.

વિદ્યાર્થીનું કૌશલ્ય સધાય એ તેમની ભાવના અને તમન્ના. વર્ગમાં તમે તેમને કામ કરતા જુઓ તો એકે એક વિદ્યાર્થીને ઢળી-લળી, રંગ-રેખાનું માર્ગદર્શન આપતા હોય, નાનીશી દેરી પર કોઈ વૃક્ષ ઝળૂંબતું હોય તેમ. વૃક્ષની ડાળી દેરી પર પર્ણ-ફૂલનો અભિષેક કરે તેમ તેમના વાત્સલ્યમઢ્યા શબ્દોનો વિદ્યાર્થી પર અભિષેક થાય. તેઓ કહેતા : 'મારા જીવનની ભાવના મારા એ વિદ્યાર્થીઓની ભવિષ્યની સફળતામાં પ્રતિબિંબ પામેલી જોઉં છું ત્યારે હું સહર્ષ ગર્વ લઉં છું અને ધન્યતા તથા સફળતાનો અનુભવ કરું છું.'

તે વખતે તેઓ એકલપંડે જ હતા. ઘેર જઈ રસોઈ પકાવવાની હોય. ચાલ ઝડપી. ટટ્ટાર દેહે ચાલે. આળસનું નામ નહીં. જેવા મિલનસાર તેવા જ એકલવિહારી. વર્ગમાં વિદ્યાર્થીના કલાવિકાસની સાધના તો ઘરે પોતાની કલાસાધના. ફરવા નીકળી પડે. પ્રકૃતિનું દૃશ્ય હોય કે લોકજીવનનું દૃશ્ય હોય, ગમે ત્યાં અનુકૂળ ઍંગલ લઈ સ્કેચ કરવા બેસી જાય. એ જ ધંધો ને એ જ ધૂન.

વાર-તહેવાર, રજા-છુટ્ટીના સમયમાં વિદ્યાર્થીઓને સાથે લઈ પ્રવાસે નીકળી પડે. ભાવનગરનું બંદર હોય કે શહેર-શેરીના રસ્તા હોય, ગામનું પાદર હોય કે ચૉરો હોય કે ગામલોકનાં ઘર હોય. લોકજીવનનું દૃશ્ય તેમ પ્રકૃતિનું દૃશ્ય ચિત્રમાં ઉતારવા વિદ્યાર્થીને પ્રેરે. તેમની કલાસૂઝનો સ્પર્શ વિદ્યાર્થીને અર્પિત કરે. ગામલોકની મરજી જાણી લે ને પછી ચૉરાની કે તેમના ઘરઆંગણાની દીવાલો સજીશણગારી આપે. આવો જ સાજ-શણગાર જોઈ લોક ખુશ થાય. એ જોઈ જગુભાઈ અને વિદ્યાર્થીઓ પણ સંતોષ અનુભવે, ધન્યતા અનુભવે.

સૌ તેમને જગુભાઈ તરીકે જ ઓળખે. વિદ્યાર્થીઓ પણ

જગુભાઈ કહીને જ સંબોધે. જગુભાઈ જગડૂશા જેવા ઉદાર. પાસે પૈસો નહીં, પણ કલાસંપત્તિ છૂટથી વેરે. તેમનો વિદ્યાર્થી કલાકારીમાં કુશળ હોય તે તો ખરું જ, પણ તેનામાં લોકપ્રેમ અને દેશપ્રેમ પણ વિકસે તે તેમની હોંશ.

ઘરશાળામાં ૬ એપ્રિલથી ૧૩ એપ્રિલનું રાષ્ટ્રિય સપ્તાહ હોય કે વર્ષામંગળ જેવું પ્રાકૃતિક સપ્તાહ હોય, કોઈ રાષ્ટ્રિય દિન હોય, વિવિધ ક્ષેત્રોના અગ્રણીનો જન્મદિન હોય, વિજ્ઞાન જેવાં વિવિધ પ્રદર્શનો હોય - દરેક વખતે સુશોભન અને પ્રસંગને અનુરૂપ ચિત્રાવલિ માટે જગુભાઈ અને તેમનું વિદ્યાર્થી જૂથ સુસજ્જ અને સાબદું હોય. કલાપ્રીતિની સાથે સાથે રાષ્ટ્રપ્રીતિ અને તે દ્વારા જીવન પ્રત્યેની આદર-અરમાન ભરી દૃષ્ટિનું આરાધન એ જગુભાઈનું વિશાળ ધ્યેય. તે સાથે ઘરશાળાના આચાર્ય શ્રી રઘુભાઈ અને નિયામક હરભાઈની આ બાબતે શુભેચ્છાભરી સંમતિ તો હોય જ. ઘરશાળામાં ત્યારે મૂળશંકરભાઈ, બચુભાઈ, પ્રેમશંકરભાઈ જેવા શૈક્ષણિક દૃષ્ટિવંત કર્મશીલો હતા. તે સૌ પ્રત્યે જગુભાઈ આદરભાવ સેવતા અને એ રીતે પોતાનાં કાર્ય તથા પોતાની સાધના માટે બળ મેળવતા.

વિદ્યાર્થી-કલાર્થી તો તેમનો વહાલો જીવ. તેનામાં કલાદૃષ્ટિ, કલાસૂઝ અને કલાકૌશલ્ય કેમ ખીલે તે જ તેમની ચિંતા. તે માટેનું માધ્યમ નર્યો-નીતર્યો પ્રેમ. તેમના તન-મનને ક્યારેય ગુસ્સો-ગરમી-મિજાજ સ્પર્શ કરી શકે નહિ. 'હશે' તે જ તેમની ક્ષમા અને 'થશે' તે જ તેમની આસ્થા. આ હશે-થશેની હૂંફ અને ઉષ્મા, ઉજાસ અને ઉમંગ વિદ્યાર્થીનાં ખંત અને ઉત્સાહમાં ઑર વધારો કરે.

જીવન અને કળાને અભિન્ન માનનાર જગુભાઈનો જન્મ ગિરનારની ગોદમાં થયેલો. ગોત્યું ય હાથ ન આવે એવું ટીંબડી નામે ગામ. ગરીબી, આળસ અને અજ્ઞાનથી ઘેરાયેલું એવું આ અંધકારભર્યું ગામ એવા બાળકને જન્મ આપે છે કે જે ભવિષ્યમાં પોતાના જીવનનાં અંધારાં ઊલેચી કળાશિક્ષણક્ષેત્રે અજવાળાં ફેલાવવાનો છે. માતા-પિતા નામે લાધીબાઈ અને ભીમજીભાઈ. બે દીકરા-બે દીકરી બચપણમાં જ નોંધારા બની ગયાં. રોગચાળાના ભોગે તેમની ઓથ અને આધાર ઝૂંટવાઈ ગયાં. માત-પિતા દિવંગત થયાં.

ચારેય સંતાનોને માથે આભ, નીચે ધરતી ને સામે અંધકાર. માંગરોળવાસી માશીએ તેમને સંભાળી લેવાની હિંમત તો કરી પણ ગજું કેટલું? માણસ પરિસ્થિતિવશ મજબૂર બને છે. ઊંડી લાગણી પછી છીછરી બની સપાટી પર આવી સુકાઈ જાય છે. બેઉ છોકરા જ્ઞાતિના જૈન છાત્રાલયમાં રહે છે ને બાળપોથીથી બીજી ચોપડી સુધીનો અભ્યાસ ત્યાં જ કરે છે. બેઉ છોકરીઓ માશીને ત્યાં જ મોટી થઈ. કાચી-કુમળી વયે પરણાવાય છે ને અધૂરે સંસારે મરણ-શરણ થાય છે.



વનલીલાબહેન શાહ

હવે બે દીકરાઓના દૈવયોગે માશીને ત્યાં એક સજ્જન મળવા-બેસવા આવ્યા. નામે મૂળજી ડુંગરશી. પૈસાપાત્ર ને ઉદાર, ભાવનાશાળી, જૈન ગૃહસ્થ. તેમને આ જગુ-ભગુની બંધુ બેલડી ગમી ગઈ અને તેમની હિતચિંતા થઈ. થયું કે મુંબઈ લઈ જઈ તેમના ભણવા-ગણવાની વ્યવસ્થા કરું. તેઓ મુંબઈ જ રહેતા હતા અને મુંબઈ જવાના હતા. બંનેને સાથે લઈ સ્ટીમર દ્વારા માંગરોળથી મુંબઈ જવા નીકળ્યા.

યોગ્ય સ્થાને દાખલ થાય તે પહેલાંનો સમય પોતાના ઘરનાં છોકરાં સાથે હળવ્યા-મેળવ્યા ને ટાળો-વટાળો કર્યા વગર એક જ ભાણે ખવરાવ્યું.-પીવરાવ્યું. જે જે ચીજ ઘરનાં છોકરાં પામે તે તે ચીજ આ બે છોકરા માટે પણ હોય. આવું ઉમદા ઘર. છોકરાંઓ સૌ હોંશે-હેતે હળે-મળે ને આનંદ કરે. આમ, કરતાં ત્રણેક મહિના જેટલો સમય વીત્યો.

મુંબઈના પરેલ પરગણામાં લેડી નૉર્થકોટ ઑર્ફનેજ જાણીતી-માનીતી સંસ્થા. ત્યાં આ બંને ભાઈઓને દાખલ કર્યા પણ જન્મ તારીખ? કશોય આધાર નહિ. ચારેય સંતાનોમાંથી કોઈની પણ જન્મનોંધ ન મળે. આ ભલા ગૃહસ્થને કેવળ અટકળ જ કરવાની રહી. જગુભાઈની જન્મતારીખ લખાવી ૧૬મી જુલાઈ ૧૯૧૬ જે કાયમી થઈને રજિસ્ટર્ડ બની. જગુ મોટો કે ભગુ મોટો એ પણ સવાલ. દેખાવ પરથી નક્કી થયું કે ભગુ મોટો એટલે એની તારીખ અગાઉની લખાવી. આમ, ભગુભાઈ મોટાભાઈ થયા. પોરબંદરમાં ભાઈ-ભાભીએ બાલમંદિર ચલાવ્યું. કીર્તિમંદિરની દેખરેખ સંભાળી ને જગુભાઈએ ઠેઠ સુધી ભાઈ-ભાભીનો વડીલ તરીકે પૂરો માન-મરતબો સાચવ્યો.

આગળ જોયું તેમ સગડ એવા મળે છે કે જગુભાઈ અનાથાશ્રમમાં દાખલ થયા તે પહેલાં એટલે કે ૧૯૧૯થી, ૨૧ જૈન છાત્રાલય (માંગરોળ)માં જ રહ્યા છે ને બીજી ચોપડી (બીજું

ધોરણ) સુધી ત્યાં જ ભણ્યા છે. આ હકીકતનો આધાર લઈએ તો જગુભાઈની જન્મસાલ ૧૯૧૩ (વિ.સં. ૧૯૬૯) હોય અને બે ભાઈઓમાં તે મોટા હોય. આ વિગતને આપણે સંશોધનનો વિષય ન બનાવીએ પણ વિધિની વક્રતા તો ખરી જ ને? (આ વિગત 'પ્રકાશપુંજ' જ્ઞાતિ માસિકના ૧૭મા વર્ષના બીજા અંકના ૪૫મા પાને જગુભાઈનું જ્ઞાતિગૌરવ તરીકેનું સન્માન થયું તે નિમિત્તે ઉલ્લેખ પામી છે.)

જગુભાઈ જન્મે જૈન હતા, પણ જૈનત્વની કોઈ ઓળખ તેઓ દાખવતા નહિ. નર્યા ભારતીય. તેમના વિદ્યાર્થીઓને પણ તેઓ ભારતના ભાવિ નાગરિક જ ગણતા. વિદ્યાર્થી સ્થિતિપાત્ર છે કે સામાન્ય સ્થિતિનો છે, આ નાતીલો છે કે પરાયો તેવો સ્વપ્નેય ખયાલ કરતા નહિ. કળાનો ઉપાસક છે, ભાવિ કળાકાર છે એ જ વાતનું તેઓ લક્ષ્ય રાખતા. તેમની જ્ઞાતિ, આમ, સાચા અર્થમાં કલાકારીની હતી.

આપણે વ્યક્તિની પ્રકૃતિદત્ત બક્ષિસનો કળશ વ્યક્તિને માથે ઢોળીએ છીએ. પરંતુ જગુભાઈ પોતાની બક્ષિસને હરિની લીલા જ ગણતા. પોતાના કર્તૃત્વને હરિની કૃપા લેખતા. તેમની ગાંધીભક્તિ અને હરિભક્તિ તેમના જીવન અને કાર્યમાં દીસી આવતી, દીપી આવતી.

જગુભાઈનો જીવનદોર આપણે જોયું તેમ જુદી જ દિશામાં ચાલવાનો હતો. નાનો રમતિયાળ છોકરો હાથમાં ચૂનાનો ગાંગડો, ચોકનો નાનો ટુકડો, ગેરૂનો ગાંગડો કે કોલસાનો કટકો આવ્યો નથી, લીટો-લસરકો પાડ્યો નથી. રેખાઓ એવી પાડે કે જાણે હાથ કસાયેલો જ હોય. આ લીટા-લસરકાની એવી ભાત ઊપસે-નીપજે કે એ જોઈ જગુભાઈનો જીવ ઠરે, ભારે હરખાય, જાણે દુઃખ જેવી કોઈ ચીજ આ દુનિયામાં છે જ નહિ!

બાકી, દીનતા-દરિદ્રતા, અનાથતા તો એવા કારમા આઘાત પહોંચાડનારી બાબતો છે કે જેના પ્રત્યાઘાત રૂપે માણસ સમાજ પ્રત્યે ઘૃણા સેવતો ને નફરત ધરાવતો થઈ જાય. પરંતુ આ બાળકના ચિત્તમાં કોઈ દુષ્ટતા પાંગરે એવી ભોં જ ન હતી. ઊલટાનું પોતાના દિવસો વ્યથામાં વીત્યા હોઈ અન્યના દુઃખ વિશે કરુણા ધરાવતું વલણ જગુભાઈમાં વિકસ્યું.

તેમના કરુણાભર્યા હૈયાનાં દર્શન તમને તેમની આંખોમાં, તેમના સ્મિતમાં ને તેમના હાવભાવમાં વર્તાયા વિનાનાં ન રહે. તે જ ભાવ તેમનાં ચિત્રોમાં પણ ઊતરી-નીતરી આવ્યો હોય.

આપણા નામી કળાકાર અને ઘરશાળા કાળના તેમના એક વિદ્યાર્થી ભાઈ જ્યોતિ ભટ્ટનું તેમના કલાશિક્ષક આ જગુભાઈ વિશેનું અવલોકન જુઓ : 'The agonizing experiences and struggles that he has gone through in his life, including losing parents at an early age, living in an orphanage and many more too personal to mention here would remind one of Charles Dicken's 'Oliver Twist'. Instead of turning him into a hard core cynic, the tragadies have moulded him into a person full of compassion and hope.' આ મૂલ્યાંકન શબ્દશઃ યથાર્થ છે અને તેથી અહીં યાદ કર્યું છે.

જગુભાઈ તો અનાથાશ્રમમાં ભણવા-ગણવાનું માને છે ને પહેલો નંબર વટથી રાખવાની ધગશ ધરાવે છે. પછી તે ગાવા-બજાવવાનું હોય કે નાટકમાં પાત્ર ભજવવાનું હોય, હોંશે હોંશે આગળ જ રહે. આ ઑર્ફનેજના સુપરિન્ટેન્ડન્ટ હતા જન્મશંકર મહાશંકર બુચ. તે જાણીતા ભજનિક અને કવિ લલિતજી.

લલિતજી પોતે રચેલી કવિતા ગવડાવતા અને બાળકો હોંશે હોંશે ગાતાં. 'અમે તો સદાયે રમતારામ' થી માંડીને 'મઢૂલી મજાની પેલે તીર' સુધીની સઘળી કવિતાઓ બાળકોને મોઢે. આ ભાવવાહી ગીતકવિતાઓએ જગુભાઈ પર એવી અસર કરી કે પોતે લલિતનાં કાવ્યો સમગ્ર વાંચી ગયા. કવિ લલિતજીની સાદગી, મીઠાશ, સુરુચિ, સૌષ્ઠવ અને બાલપ્રેમની અસર તેમના પર ખાસ પડી.

અનાથાશ્રમ એટલે ભાતભાતના વિદ્યાર્થીઓનો શંભુમેળો. એક છાત્રે જગુભાઈને ચપ્પુ બતાવ્યું ને પૂછ્યું કે સરસ છે કાં? એમ કરીને જગુભાઈની હથેળીમાં ખુંચાવ્યું. ચપ્પુ લોહિયાળ. પછી જગુભાઈ રહે? બંનેને પાટાપિંડી માટે દવાખાને લઈ જવા પડ્યા.

આગળ ઉપર મોટા છોકરાઓને દરિયે નાહવા જવાની છૂટ હતી. તે વખતે ઑર્ફનેજ પરેલ ખાતેથી ચોપાટી ખાતે આવી ગયેલું. જગુભાઈ અને શ્રીપત બંને મિત્રો. શ્રીપત તરવાનું જાણે. જગુભાઈ તરવાનું જાણે નહિ પણ શ્રીપતની સાથે નહાવા પડે. દરિયે નાહ્યા પણ જગુભાઈ ફસાયા. શ્રીપતે તેમને સંભાળી લીધા ને હેમખેમ ઊગરી ગયા.

પ્રાથમિક શાળા આ ઑર્ફનેજમાં જ હતી. આંક, ઘડિયા, કવિતા બધું મોઢે. નાટકમાં પાત્ર ભજવવાના પાઠ મોઢે. વાંસળી પણ વગાડે. ગુજરાતી નવમી એટલે કે અંગ્રેજી પાંચમી સુધી ભણી શક્યા. ભણવાનાં બે વર્ષ વધુ મળ્યાં હોત તો મૅટ્રિક થવાત.

આ દરમિયાન દુર્ગાશંકર જટાશંકર પંડ્યાના સંપર્કમાં આવ્યા. આ યુવક જેવો કલાનો સાગર તેવો દયાનો સાગર. પોતાનો નાનો ભાઈ હોય એવી લાગણી તેણે જગુભાઈ પ્રત્યે અનુભવી. આ દુર્ગાશંકર પોતાને સૂઝે તેવાં ચિત્રો સુંદર રીતે ચીતરે. જગુભાઈ તો પીપળપાન. રીંગણું-કાકડી, પોપટ-ચકલી અને આગળ જતાં ડાલામથા સિંહનું મહોરું ચીતરે. પણ દુર્ગાશંકર જે ચીતરે તે જોઈ જગુભાઈ મુગ્ધ થઈ જાય.

જગુભાઈની મરજીને માન આપી દુર્ગાશંકર હોંશથી શીખવે. પોતાનો નાનો ભાઈ સમજી તેનો ઉત્સાહ વધારે. આમ, દુર્ગાશંકર કે જે પછીથી 'કલાબ્ધિ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા તે ગુરુસ્થાને આવી ગયા ને જગુભાઈ શિષ્યસ્થાને. 'કલાબ્ધિ'ને પોતાના કળાગુરુ તરીકે જગુભાઈએ મનોમન સ્થાપી દીધા તે આજીવન સ્થપાયેલા જ રહ્યા. કલાબ્ધિભાઈએ જગુભાઈની પીઠ થાબડી એવા તો આગળ કર્યા કે જગુભાઈની ચિત્રકાર તરીકેની સિદ્ધિનાં દ્વાર ખૂલી ગયાં. એમની સાધનાને મોકળાશ-ભર્યો માર્ગ મળી ગયો.

કલાબ્ધિભાઈના આ સદ્ભાવની, આ દિશાદોરની, પળે પળે તેમના તરફથી મળતી હૂંફ અને પ્રેરણાની કદર કરવાનું જગુભાઈ ક્યારેય ચૂક્યા નથી. તેમની યાદ સાથે જગુભાઈનું શિર નમ્યું જ હોય, આંખો અશ્રુજલ ભીની થઈ જ હોય. જગુભાઈમાં પડેલ હીરનો આવિર્ભાવ થવામાં કલાબ્ધિભાઈની હૂંફ અને માવજત ભારે નિમિત્તરૂપ બની ગઈ. જગુભાઈનો કળાક્ષેત્રે ઉદય થવા લાગ્યો અને આર્થિક મુશ્કેલીઓ પણ હળવી થવા લાગી. કહ્યું છે કે કળા-વિદ્યા-હુન્નર ધનને તાણી લાવે પણ ધન કળા-વિદ્યાને નયે આણી શકે.

જગુભાઈએ પોતાનું વ્યક્તિત્વ એક શિલ્પીની અદાથી કંડારવાનું શરૂ કર્યું. પોતાની કળાસાધના નિમિત્તે પોતાની એક આગવી છાપ ઊપસી આવે એવી રીતે તેઓ જીવનચર્યા આદરવા લાગ્યા. સાદાઈ, સ્વાવલંબન, કરકસર, ઓછું, મીઠું ને જરૂર પૂરતું બોલવું, જરૂરિયાતે પોતાની વાત સૌમ્યતાથી ને દૃઢપણે રજૂ કરવી, સામાનું દિલ જીતવું, પોતાના વિદ્યાર્થીઓમાં કલાસૂઝ પ્રગટે, કલાસૌંદર્ય માણે અને એને ચિત્રિત-રેખાંકિત કરે તે સાથે દેશદાઝ, લોકપ્રીતિ અને ગ્રામજીવન-લોકજીવનનું અવલોકન કરી કરુણાની ભીની લાગણીઓને તથા સૌંદર્યને વ્યક્ત કરે તે માટેની કુશળતા વધારવી એ તેમની લગની, તેમની ધગશ અને ધૂન. આમ, તેમની કળાસાધના અને જીવનસાધના સમાંતરપણે ચાલવા લાગી.

રાષ્ટ્રપ્રેમથી અને પ્રકૃતિપ્રેમથી પોતે અને પોતાનાં સર્જનો રંગાયેલાં જ રહ્યાં. ગાંધીજીવનના પ્રસંગો એ રાષ્ટ્રિય આંદોલનાત્મક ઘટનાઓ તેમના ચિત્રસર્જનનું અગત્યનું પાસું રહ્યું. જોનાર સામે, એ ચિત્રમાળા દ્વારા રાષ્ટ્રનો તત્કાલીન ઇતિહાસ સંવેદનાપૂર્ણ ભાવ સાથે રજૂ થતો નિહાળવા મળે. તેમનાં ચિત્રો અમૂર્ત જોશ-જુસ્સાને આબાદ રજૂ કરી શકતાં. સૌરાષ્ટ્ર-ગુજરાતની રચનાત્મક કામ કરતી ગ્રામીણ સંસ્થાઓમાં તેમ શહેરોનાં કળાભવન અને કળાસંસ્થાઓમાં દીવાલો પર કે અન્યથા તેમની કૃતિઓ જોવા મળે. વ્યક્તિગત કે અન્ય સંગ્રહાલયોમાં પણ તેમની કૃતિઓ સંગ્રહીત થવા પામી છે. લંડન-કૅનેડા સુધી પણ તેમની કેટલીક કૃતિઓ સ્થાન પામી છે.


જગુભાઈને સન્માનિત કરતા રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્મા

જગુભાઈ દૃશ્યમાનના દ્રષ્ટા હતા તેમ અદૃશ્યને જોવાની દૃષ્ટિ પણ તેમની પાસે હતી. તેને સંભારવા જેટલી તેમનામાં ભક્તિ હતી. તેમની નાડ હરિને હાથ છે એમ માને. તેમની ભક્તિનું આટલું સ્વરૂપ, એથી આગળ નહિ. મંદિરે-દેવસ્થાનોએ જાય તે તેની કળા-કારીગરી પૂરતું. ખાસ્સું અવલોકન કરે, સમગ્ર પ્રકૃતિ તેમની દેવી હતી. દેશજન, ગ્રામજન અને વિદ્યાર્થી તેમના આરાધ્યો હતાં. આ વિશ્વ હરિની લીલા છે તેમ માને.

જગુભાઈ પોતાનું આરોગ્ય બરાબર સંભાળતા. આહાર-વિહારની તેમની કાળજી પૂરી જાગૃતિ સાથેની હતી. આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિનો તેમને સહારો હતો. નિયમિતતા અને ચિત્તવૃત્તિનું સંતુલન તેમને માટે આસાન હતાં. વળી, દુઃખદ અનુભવો-આઘાતોને હરિની ઇચ્છા કહી મૂલવે અને સુખદ અનુભવનોને - હર્ષના અનુભવોને - હરિની કૃપા કહીને મૂલવે. સદવાચન અને ગીતાપાઠ રૂપી પ્રાર્થનામાંથી તેઓ બળ મેળવતા.

ટીંબડીની માટીનો ચરણસ્પર્શ ફરી કદી થયો નહિ, પણ દેશ સમગ્રની માટીનો આપાદશિર તેમણે અનુભવ કર્યો. કાઠિયાવાડથી કલકત્તા સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ઘૂમી વળ્યા. અગત્યનાં કળાધામો અને સુંદરતાની દૃષ્ટિએ નિહાળવા જેવાં તમામ સ્થાનોની સંગીન અને સઘન મુલાકાત લીધી. ખિસ્સાકદની સ્કેચબુકોનાં પાનાં તેમની ત્વરિત કૃતિઓથી છલકાવા લાગ્યાં.

અજંતા-ઇલોરા સહિત દક્ષિણ ભારતની યાત્રા ૧૯૩૭ દરમ્યાન કરેલી. તે ગાળામાં થયેલાં રેખાંકનો ને ચિત્રોથી ભરેલી પેટી અમદાવાદ સ્ટેશને ગુમ થઈ. આ વજનદાર ખજાનાની પૂરી સંભાળ પ્રવાસ દરમ્યાન રાખવા છતાં આમ બન્યું. 'કળાદેવીનો આ પૂજાપો' ગુમ થતાં જગુભાઈએ અપાર વેદના અનુભવી. તેની તલાશ માટે તેમણે ભારે જહેમત ઉઠાવી. અમદાવાદ સ્ટેશનના લૉસ્ટ પ્રૉપર્ટી વિભાગથી માંડીને ગ્રાંટ રોડ લગીના લૉસ્ટ પ્રૉપર્ટી વિભાગ સુધી સ્ટેશન સ્ટેશન તલાશ થઈ પણ

વેદના સિવાય કંઈ હાથ ન આવ્યું. અશ્રુભીની આંખે હરિની ઇચ્છા સ્વીકારી લીધી. હર્ષ-શોક વચ્ચે સમતુલા જાળવી પુનશ્ચ હરિઃૐ કરવાનું બળ મળ્યું.

જગુભાઈમાં ગુણજ્ઞતા અને કૃતજ્ઞતાનો ગુણ ખરો. કોઈએ તેમને માટે કંઈ પણ કર્યું હોય તો તે વાતને ભાવવશ, ઋણવશ યાદ રાખે. જીવનના આરંભનાં, મધ્યનાં કે છેવટનાં વર્ષોમાં જે કોઈનો સંપર્ક થયો તેમના ગુણને ધ્યાનમાં લઈ તેમનો આદર કરે. તેમના જીવનપંથમાં જે કોઈ પ્રેરક, પ્રોત્સાહક ને માર્ગદર્શક થયા હોય તેમના સત્કાર્યને ક્યારેય ન ભૂલે.

જીવનની પાછલી અવસ્થામાં આંખનું ઑપરેશન, ઢીંચણની તકલીફ, હાથનું ફ્રૅક્ચર આદિ ઉપાધિઓમાં અને વયજન્ય વધેલી મર્યાદાઓમાં પુત્ર-પરિવાર તો સેવાભાવે ઉત્સાહિત હોય જ. તદ્‌ઉપરાંત સમયાનુસાર ડૉ. નરેન્દ્રભાઈ અને ડૉ. અનુરાધાબેન - એ દંપતીની ઉમદા સેવાભાવનાનો લાભ પણ તેઓ પામતા.

જગુભાઈ ચિત્રસાધનાની પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ચઢતા રહ્યા તે દરમ્યાન તેનને અનેક રાષ્ટ્રપ્રેમી અને કળાપ્રેમી તેમજ કળાકાર મિત્રો સાંપડતા રહ્યા. સૌ સાથે સારા સંબંધો. કોઈ વિશે ચઢિયાતા-ઊતરતાપણાનો ભાવ નહિ. કદરદાની પામે તેમ કદરદાની કરી જાણે. તેમના ભાવનગરના વસવાટ દરમ્યાન સ્વ. સોમાલાલ શાહ પણ ભાવનગર ખાતે જ હતા. બંને એકબીજાને મળે. એક સવારે સોમાભાઈ જગુભાઈને ત્યાં જઈ ચઢ્યાં. જગુભાઈ નાસ્તા માટે સુખડી બનાવતા હતા. સુખડી કડક બની ગઈ. સોમાભાઈએ તે પ્રેમથી આરોગી. કકડાવતા ગયા ને વાતો કરતા ગયા. શ્રી ખોડીદાસભાઈ પરમાર સોમાભાઈના વિદ્યાર્થી તો ખરા જ પણ તે સાથે જગુભાઈ પ્રત્યે પણ આદરભાવ ધરાવે.

તેમના જીવનમાં આઘાતો આવેલા તેમ ઘાત પણ આવેલી. ચોપાટીના દરિયે નાહતા-તણાતા બચાવાયેલા તેમ એક ગ્રામપ્રવાસમાં કૂવામાં ડૂબતા તેમના વિદ્યાર્થીઓએ તેમને ઉગારી લીધેલા. લોકભારતી (સણોસરા) તરફ જઈ રહ્યા હતા ત્યારે પાણીનો વહેળો ઓળંગતા સાપ કરડેલો ને તાબડતોબ મૂળશંકરભાઈએ ઝેર ચૂસી લઈ કોગળા કરી લઈ તેમને બચાવી લીધેલા. જામિયા મિલિયાના ઘરે કપડાંને ઈસ્ત્રી કરતાં અને ઊતાવળ હતી તેથી વાયરની કશીક સરતચૂકને કારણે કરંટ લાગ્યો તો ચીસ નીકળી ગઈ. તેમનાં પત્ની વનલીલાબહેન દોડી આવ્યાં અને સમયસૂચકતા દાખવી સ્વીચ ઑફ કરી પ્લગ કાઢી લીધો ને રાહત થઈ. એક વાર ટ્રેનમાંથી ઊતરતાં ઢીંચણની તકલીફને કારણે વાર લાગી ને ટ્રેન રીવર્સ ચાલી. જગુભાઈ લટકી રહ્યા. હૅન્ડલ પકડેલું હતું. તેમના પુત્ર રાજીવનું ધ્યાન જતાં હૅન્ડલ છોડાવી દીધું ને પડતા રહી ગયા.

જગુભાઈ ભાવનગર ઘરશાળામાં ચિત્રશિક્ષક હતા ત્યારે મહાશંકર ભુવન ખાતે રહેતા હતા. કળાગુરુ રવિશંકર રાવળનું એ મકાન. મુ. રવિભાઈના હૈયે જગુભાઈ માટે પ્રેમ અને કદરની લાગણી. વલ્લભરામ વૈદ્ય પણ બાજુમાં જ રહેતા. એ અરસામાં જામિયા મિલિયા વિશ્વવિદ્યાલય દિલ્હીના અબ્દુલ કલામ અમેરિકાથી જામિયા મિલિયા હેઠળ ન્યૂ આર્ટ એડ્યુકેશનનો કોર્સ ખોલી રહ્યા છે તેની વિગત રવિભાઈને મળી અને તાલીમાર્થી માટે માગણી આવી. મુ. રવિભાઈએ જગુભાઈને આ માટે પ્રેર્યા અને રૂા. ૬૫૦ની શિષ્યવૃત્તિ પણ અપાવી.

અમદાવાદના રાષ્ટ્રપ્રેમી અને કળાપ્રેમી પરિવારના મોભી જમનાદાસ કિનારીવાલા સાથે પણ રવિભાઈનો સંપર્ક સારો હતો. તેમનાં પુત્રી વનલીલાબહેને છગનલાલ જાદવના કલા-વર્ગમાં ચિત્રકલાનું શિક્ષણ ૧૯૩૭ થી ૧૯૪૭ સુધી લીધેલું અને જ્યોતિસંઘના બાલવર્ગને ચિત્રશિક્ષણ આપેલું. રવિભાઈએ તેમને પણ વિશેષ તાલીમ માટે જામિયા મિલિયા જવા પ્રોત્સાહિત કર્યા. વનલીલાબહેન માતાપિતાની અનુમતિ અને આશિષ લઈને જામિયા મિલિયા દિલ્હી જવા તૈયાર થયાં.

જામિયા મિલિયાના આ નવા ખોલાયેલા કળાવિષયક કોર્સના આ બે પ્રથમ તાલીમાર્થી. આમ તો તેઓ બંને કળાનાં અર્થી હતાં તેમ કહેવા કરતાં કળાદેવીનાં રથી હતાં એમ કહેવું વધુ ઉચિત થશે. આ સીનિઅર ડિપ્લોમા માટેની તાલીમ હતી અને તેમાં સૌએ પોતાનું પ્રૅક્ટિસવર્ક-પ્રયોગકાર્ય જાતે કરવાનું હતું. જૂનિઅર વર્ગ માટે કોચિંગની વ્યવસ્થા પણ હતી.

ગુજરાત સરકારના ધ્યાનમાં આવ્યું કે જામિયા મિલિયામાં રાષ્ટ્રવાદી એવા બે ગુજરાતી તાલીમાર્થી છે એટલે ૨૬મી જાન્યુઆરીના ઉત્સવ નિમિત્તે ગુજરાતનો ટેબ્લો તૈયાર કરવાનું કામ ગુજરાત સરકારે જામિયા મિલિયાને સોંપ્યું જે કામ જગુભાઈ અને વનલીલાબહેને બહુ શ્રમ લઈને ચીવટ અને કુશળતાથી કર્યું.

આ ૧૯૫૧ની સાલ હતી. જગુભાઈની વય ૧૯૧૩ને હિસાબે ૩૫ વર્ષની. વનલીલાબહેન ૩૫ વર્ષનાં. બંનેનાં કળા વિષયક રસ અને શિક્ષણ વિષયક રુચિમાં સામ્ય. બંનેનું ધ્યેય એક અને જીવનનો અભિગમ પણ સમાન. બંને રાષ્ટ્રિય ભાવનાથી રંગાયેલાં ખાદીધારી. આ સાનુકૂળ સંજોગો તેમના ચિત્તમાં જીવનસાથી બનવાનું સ્વપ્ન રોપે એ તદ્દન સ્વાભાવિક હતું. પરંતુ વડીલોની સંમતિ અને રાજીખુશી જાણ્યાં પછી જ એ વિચાર કરવો તેમ બંનેને યોગ્ય લાગ્યું. બંનેએ પરસ્પર વિશ્વાસ અને આદર સંપાદન કરેલો.

વાસ્તવિકતા કઠોર હતી. જગુભાઈને નહિ ઘર, નહિ બાર, નહિ કોઈ સગું-વહાલું. આર્થિક ઉદય તો હવે થવાનો હતો. ત્યાં સુધી સંપત્તિને નામે શૂન્ય. વનલીલાબહેન માટે આ સાહસ હતું. પણ આ સાહસમાં દિલનો રંગ હતો, પ્રેમનો ઉજાસ હતો, શ્રદ્ધાની સુવાસ હતી.

સાવ સ્વાભાવિક છે કે વનલીલાબહેનનાં માતા-પિતા આ સાહસ માટે બહુ ઉત્સાહિત ન હોય. વડીલોને કાને વાત નાખી તો તેમણે હોંશ ન બતાવી. રવિભાઈ અને વલ્લભરામ વૈદ્ય એ બંને આદરણીય મુરબ્બીઓ આ અરસામાં અમદાવાદ ખાતે હતા. બંને ભાવનગરના વસવાટને કારણે જગુભાઈથી સારી રીતે પરિચિત હતા. આ બાબતે આ બંનેનો અનુકૂળ અભિપ્રાય વડીલોએ જાણી લીધો અને તેમના હૃદયમાં એવી આસ્થા પ્રગટી કે આ બંને એકબીજાંને સથવારે પોતપોતાની કળાવેલ સ્વતંત્રપણે અવશ્ય વિકસાવી શકશે. માતાપિતાએ નિશ્ચિંત હૃદયે ઉલ્લાસપૂર્વક સંમતિ આપી.

રવિભાઈએ લગ્ન અંગેની નિમંત્રણ-પત્રિકા છપાવી મિત્રો-સ્નેહીજનોને મોકલી આપી. વલ્લભરામભાઈ જગુભાઈના પિતા સ્થાને. બધા જ મહેમાનો આવી પહોંચ્યા. શાંતિભાઈ શાહ અણવર થયા. લગ્ન બધી રીતિ-નીતિ-વિધિ અનુસાર સંપન્ન થયાં. વિવિધ પ્રસંગોને જગનભાઈ મહેતાએ તસવીરોમાં દૃશ્યમાન કર્યા.

વલ્લભરામભાઈ પિતા સ્થાને હતા એટલે આ નવદંપતી તેમને ત્યાં પોંખાયાં. શિલ્પકાર શ્રી કાન્તિભાઈ પટેલ તે વખતે આણંદ રહેતા હતા તો ત્યાં પણ જઈ આવ્યાં. લગ્નની ભેટ તરીકે કાંતિભાઈએ બંનેનું શિલ્પ કંડારી આપ્યું.

૧૯૫૨ થી ૧૯૭૭ની પચ્ચીસી આ બંને માટે ઘણી દેદિપ્યમાન રહી. તેમની કારકિર્દીનો સૂરજ મધ્યાહ્ને તપવા લાગ્યો. જામિયા મિલિયા વિશ્વવિદ્યાલયે તેમનું કાર્યફલક ઘણું વિસ્તારી આપ્યું. તેમની રાહબરીમાં અનેક કળાશિક્ષકો અને કળાકારો તૈયાર થઈને કળાક્ષેત્રે તેમજ કળા-શિક્ષણક્ષેત્રે આગળ વધવા લાગ્યા. સૌ છાત્ર-છાત્રાઓનાં તેઓ પ્રિય અને આદરણીય માર્ગદર્શક અને શુભેચ્છક થઈ પડ્યાં. વળી, ૧૯૬૨ થી ૧૯૭૭નો દોઢ દાયકો જામિયા-મિલિયાની છાત્રાઓની હોસ્ટેલના વૉર્ડન તરીકેની જવાબદારી કુશળતાથી અને નિષ્ઠાથી વનલીલાબહેને સંભાળી. સર્વે છાત્રાઓના દિલમાં દીદી તરીકેનું માનભર્યું સ્થાન મેળવ્યું. સર્વ છાત્રાઓ તેમને દીદી તરીકે જ સંબોધતાં અને એ રીતે નિખાલસતા અને પારદર્શકતાનો સંબંધ સૌ સાથે સર્જાયો.

અનેક ઍવૉર્ડ સન્માન અને કૃતિપ્રદર્શનોને કારણે તેમની કીર્તિ અને પ્રીતિનું ફલક વિસ્તરતું જતું હતું. '૪૨ની લડત દરમ્યાન કારાવાસ ભોગવી ચૂકેલાં આ બંનેએ દેશ સમક્ષ ઊભા થયેલા પડકાર સમયે પણ જાગૃતિ દાખવી હતી. ૧૯૬૨-૬૩માં ડૉ. ઝાકીરહુસેનના હસ્તે દિલ્હી ખાતે જગુભાઈનું વ્યક્તિગત પ્રદર્શન ઉદ્‌ઘાટન પામ્યું. તે પ્રદર્શન દરમ્યાન ચિત્રો વેચાઈને થયેલ ઊપજનો અડધો હિસ્સો જગુભાઈએ રાષ્ટ્રિય સંરક્ષણ ફંડમાં આપ્યો. તે વખતે ચીન સાથેની લડાઈ ચાલતી હતી. રાષ્ટ્રપતિ ઝાકિરહુસેને તેમને ધન્યવાદનો પત્ર પાઠવેલો. ૧૯૬૫માં નાણા પ્રધાન મોરારજીભાઈએ બહેનોને સુવર્ણદાન માટે હાકલ કરેલી તો વનલીલાબહેને પોતાની બંગડીઓ સમર્પિત કરેલી, જેના લેખિત ધન્યવાદ નાણાં ખાતાએ આપેલા છે.

જામિયા મિલિયાના કાર્યભાર દરમ્યાન એ જ સંકુલમાં તેમનું એક નાનું સરખું મકાન થયું. તેમના બે પુત્રો પૈકી એક ભાઈ રાજીવ પત્રકારિત્વ ક્ષેત્રે અને બીજા ભાઈ પંકજ તબીબી ક્ષેત્રે ઉજ્જ્વળ કારકિર્દી જમાવી રહ્યા છે.

વનલીલાબહેનને કૅન્સરનો વ્યાધિ થયો. અમદાવાદ ખાતે તેમનાં ભાઈ-ભોજાઈ બંને દાક્તર. તેમની કાળજીભરી સારવાર અને સંભાળ પણ તેઓ પામ્યાં. અમદાવાદની કૅન્સર હૉસ્પિટલમાં તેમને દાખલ કરાયાં હતાં. ઑપરેશન અને અન્ય સારવારને હિસાબે બે-ત્રણ માસ તેમની તબિયત સારી રહી, પણ ફરી રોગ વકર્યો ને તે પીડા અસહ્ય તેમજ અસાધ્ય રહી. એ સામે ઝઝૂમતાં રહી આખરે ૧૯૭૯ના મે માસમાં તેમણે દેહ મૂક્યો. તેમના બહોળા સ્નેહીજનોના દિલમાં સોપો પડી ગયો, સૂનકાર વ્યાપી ગયો. ૧૯૫૧ થી '૭૯ સુધીનું દામ્પત્ય આમ નંદવાઈ ગયું. પુત્ર-પરિવાર અને વ્યાપક સ્નેહી પરિવારના ચિત્ત પર શોકની કાલિમા છવાઈ ગઈ.

જગુભાઈ પુત્રપરિવારના અને કલાજગતના સથવારે-સહારે હવે એકલે હાથે ઝઝૂમતા રહ્યા. જો કે બંનેની કળાવેલ સ્વતંત્રપણે અને પોતપોતાની વિશિષ્ટતાની છાપ સાથે જ સિદ્ધિ પામતી જતી હતી; છતાં બંનેને એકબીજાંની પ્રેરણા અને પ્રોત્સાહનની હૂંફ હતી. એ રીતે જગુભાઈને વનલીલાબહેનનો અભાવ સાલતો રહ્યો અને હવે તો એમની સ્મૃતિમાંથી જ તેમણે બળ મેળવવાનું રહ્યું. આવા નાના-મોટા અનેક આઘાતોમાંથી તેઓ પાર ઊતર્યા હોવાથી તેમના ઉત્સાહમાં ઓટ આવે તેમ ન હતું. જીવનના ઉત્તરાર્ધની આધેડ વયે પણ તેઓ સતત પ્રવૃત્તિશીલ રહ્યા. ૧૯૭૯ના મે માસથી ૨૦૦૧ના મે સુધીનું તેમનું શેષ જીવન તેઓ કાર્યરત રહીને વિતાવવા લાગ્યા.

જગુભાઈ આ વિશ્વને હરિની લીલા માને. આપણે પણ કહી શકીએ કે જગુભાઈનું કલાવિશ્વ તે જગજીવનની લીલા. તેમનો જીવનદીપ ૨૦૦૧ના મે માસની બાવીશમીએ અમેરિકા ખાતે બુઝાયો. જીવનભર જે ભૂમિની તેમને લગની હતી તે આ ભારતની માટી તેમની માટીથી વંચિત રહી. ૧૯૧૩ થી ૨૦૦૧નું ૮૮ વર્ષનું આયુષ્ય તેમણે ભોગવ્યું. વામન અને કૃશ-કાયામાં રહેલા જીવની હળવાશ એવી હતી કે આ ધરતીને તેમનો ભાર ક્યારેય લાગ્યો નહિ.

'આમિ કોથાય પાબો થારે મોનાર માનુષિ જેરે'

પોતાની કલ્પનાનો માનવી પોતે પોતામાં સર્જ્યો અને જગુભાઈ પોતાના જીવનના અનેરા શિલ્પી નિવડ્યા. ❐

ઘેલછા

—જય ગજ્જર—

ફિલિપે ફરી એક વાર ફિશિંગ રૉડ પાણીમાં નાખ્યો. ત્રણ કલાકથી માછલી પકડવા આવ્યો હતો. એક પણ માછલી હૂકમાં પકડાતી નહોતી. હર વખત બે-ચાર માછલી પકડી લેતો. કદાચ આજે એનું મન માછલી પકડવામાં નહોતું.

સવારની વાત મનમાંથી ખસતી નહોતી. સવારે સ્કૂલમાં માર્ક સ્પેન્સરે એની આપવીતી કહી હતી. એક માછીમારમાંથી કેવી રીતે ટોરોન્ટો જઈ ચાર મોટી ફૅક્ટરીનો માલિક થઈ ગયો હતો એ વાત સાંભળી કેવી રીતે ટોરોન્ટો જવું એના વિચાર કરી રહ્યો હતો.

એકે માછલી ન પકડાતાં બહુ નિરાશ થઈ ગયો. માનો દયામણો ચહેરો આંખ સામે રમી રહ્યો.

'બે-ચાર માછલી નહિ પકડી લાવે તો ભૂખ્યા સૂવું પડશે!'

પંદર વર્ષની ઉંમર આમ તો સ્કૂલેથી આવી થોડું રમી ભણવાની હતી. એને ભણવું ગમતું એટલે નિયમિત સ્કૂલે જતો. સાડાત્રણ વાગે ઘેર આવી માને મદદરૂપ થવા માછલી પકડવા જતો. રોજ રાત્રે ત્રણ-ચાર માછલી પકડી ઘેર જતો. મા માછલી ધોઈ બરાબર સાફ કરી રાંધતી અને બન્નેનાં પેટનો ખાડો પુરાતો. ફિલિપ કદી ખાલી હાથે ઘેર નહોતો ગયો. માછલી પકડવામાં હોંશિયાર થઈ ગયો હતો. મા દીકરાનાં વખાણ કરી જમીને સૂઈ જતી. ફિલિપ દોઢેક કલાક હોમવર્ક કરતો. ખૂબ જ શાંત અને વિનમ્ર વિદ્યાર્થી હતો. ભણવામાં બહુ હોશિયાર નહોતો પણ હૉકીમાં એને બહુ રસ હતો. એ રસ એના બાપ બિલે જગવ્યો હતો. માઈનોર હૉકીમાં જોડાયો ત્યારે એનો બાપ જીવતો હતો. રામિયામાં ઓટો રિપૅર શૉપમાં એ કામ કરતો હતો.

દરિયાકિનારે આવેલા રામિયાની વસ્તી નવસો જેટલી હતી. ગામના મોટા ભાગના લોકો માછીમાર હતા. માછલાં પકડી ફિશ પ્લાન્ટમાં વેચતા. સો જેટલા લોકો ફિશ પ્લાન્ટમાં નોકરી કરતા હતા. બાકીના કેટલાક ગામની દસ-બાર દુકાનોમાં કામ કરતા કે બેકારી ભથ્થું મેળવી સરકારની મહેરબાની પર જીવતા. ગરીબી ઘેર-ઘેર ડોકિયાં કરતી હતી.

બિલને સરકારની મહેરબાની પર જીવવું નહોતું. મિકૅનિક તરીકે નોકરી કરી એ અઠવાડિયાના બસો ડૉલર કમાતો હતો. એ આવક સરખામણીમાં સારી હતી. માંડ ત્રણ જણાનું પૂરું થતું. એને કૅથીની સારી હામ હતી.

'બિલ, બે ટંક ખાવાનું મળે પછી શું જોઈએ! નોકરી સલામત રહે એનું ધ્યાન રાખજે.'

'મારે થોડું વધુ કમાઈ થોડા પૈસા બચાવી તને ડિઝની વર્લ્ડની સફર કરાવવી છે.'

'તારા સાન્નિધ્યમાં મને ડિઝની વર્લ્ડથી ય વધુ આનંદ મળે છે, પછી બીજું શું જોઈએ.'

'આઈ લવ યુ, માય ડીઅર,' કહીને કૅથીને કીસ કરે.

કૅથી પણ પતિના પ્રેમનો પડઘો પાડે.

કૅથીના મુખ પર ભાવ વાંચી બિલ ધન્ય થઈ મનોમન અનેક સપનાં સેવતો. સપનાં ક્યારે સાકાર થશે એની રાહ જોઈ રહ્યો હતો એટલે તો શૉપમાં ઓવરટાઇમને હંમેશ આવકારતો.

'બિલ, આ આખું સપ્તાહ ઓવરટાઇમ કરવાનું છે.'

'જરૂર કરીશ... મને દોઢા પૈસા મળશે તો મારી કૅથીને હું ડિઝની વર્લ્ડ લઈ જઈશ!'

બૉસ હસતા. પત્નીને ડિઝની વર્લ્ડ લઈ જવાની એની તમન્ના એ જાણતા હતા.

'ડિઝની વર્લ્ડ અહીંથી કેટલી દૂર છે એની તને ખબર છે?'

'બાવીસો માઈલ છે... મને ખબર છે. મેં બધો પ્લાન તૈયાર કરી રાખ્યો છે.... બસ થોડા પૈસા આવી જાય એની જ રાહ જોઉં છું.'

'એ ટ્રીપ માટે કેટલા પૈસા જોઈશે એનો કદી અંદાજ કાઢ્યો છે?'

'હા, કાઢ્યો છે. તમે મને ત્રણ અઠવાડિયાની રજા આપશો ને?'

'હા, જરૂર આપીશ!'

'મારી કારમાં મારી કૅથીને એક વાર મારે ડિઝની વર્લ્ડ લઈ જવી છે. પરણ્યાં પહેલાં મેં એને વચન આપ્યું છે!'

'બાર વર્ષ જૂની તારી પૉન્ટિઆક એકવીસો માઈલ શું એકવીસ માઈલ પણ નહિ પહોંચાડે!'

'મને મારી કારમાં વિશ્વાસ છે... પાછો હું મિકૅનિક છું. કારને કેમ દોડતી રાખવી તે હું બરાબર જાણું છું.' એ ગર્વભેર કહેતો.

જ્યારે જ્યારે બૉસ ઓવરટાઇમની વાત કરે છે ત્યારે એનો આનંદ અનેક ગણો વધી જાય છે. ઑફિસમાં જઈને ઍકાઉન્ટન્ટને કહે, 'ઓવરટાઇમના પૈસા ચેકમાં ન ઉમેરશો. તમે મારા નામે જુદા રાખી મૂકજો.'

'એના કરતાં બૅંમાં મૂકને... કંઈક વ્યાજ પણ મળશે!'

'ના ના ... બૅંકમાં નથી મૂકવા... મન અવળચંડુ છે... કોક વાર ઉપાડી લેવાનું મન થાય. હજાર ડૉલર ન થાય ત્યાં સુધી માગવા આવું તો તમે પણ ના પાડજો.'

ઍકાઉન્ટન્ટ પાસે દિલ ખોલી પોતાની મહેચ્છાની વાત વાગોળતો. ઍકાઉન્ટન્ટ પણ બિલને પ્રોત્સાહન આપે.

એક દિવસ કૅથીને કહ્યું, 'ચાર વર્ષની નોકરીમાં

ઓવરટાઈમના સાતસો ડૉલર બચાવ્યા છે, કૅથી. હવે એકાદ બે વર્ષમાં તારાં સપનાં સાકાર થશે. તને હું ડિઝની વર્લ્ડ બતાવીશ.'

'બહુ વિચારો ન કર... તું કહેતો હોય તો હું પણ નોકરી કરવા જાઉં.'

'ક્યાં?'

'ફિશ પ્લાન્ટમાં મને નોકરી મળી રહેશે!'

'ના, ના, તું ફિલિપની કેર લે... એને માનો પ્રેમ આપ... એનામાં સંસ્કાર રેડ... મોટો થઈને ખૂબ ભણીને એ કોઈ કંપનીનો મૅનેજર થશે પછી પૈસા જ પૈસા છે. એને મારી જેમ હજાર ડૉલર ભેગા કરવા માટે ચાર-પાંચ વર્ષ રાહ નહિ જોવી પડે... તારે ઘેર ટંકશાળ પડશે! ગામલોકો પણ વાતો કરશે કે સ્વપ્નસેવી બિલનો દીકરો હીરો પાક્યો હીરો! પેલા માર્ક સ્પેન્સરનો બાપ ટોરોન્ટોમાં રહેતા એના દીકરાનાં વખાણ કરી કેવો ફૂલાય છે! આ બિલ એક દિવસ એને બતાવી દેશે... જો મારો દીકરો પણ કમ નથી...'

હરખઘેલો બાપ ફિલિપને ઊંચકી એને ઉછાળે!

'જરા સંભાળજે! હાથમાંથી છટકી જશે તો...'

'છટકી કેમ જાય... આ બિલ એમ કાચો-પાકો નથી.'

પતિના આનંદ પર કૅથી વારી જાય. બિલનો આનંદી સ્વભાવ એને જ નહિ સૌને ગમતો. નોકરી કરવા જાય ત્યાં પણ આનંદમાં જ હોય. કદી સોગિયું મોઢું ન હોય કે કદી કોઈ સાથે વાદ-વિવાદ ન કરે. શૉપમાં બીજા બે-ત્રણ મિકૅનિક હતા પણ બિલ જેવો આનંદી સ્વભાવ કોઈનો નહિ. ગ્રાહકો પણ એની પાસે જ કાર રિપૅર કરાવવાનો આગ્રહ રાખે. અનુભવી ડૉક્ટરની જેમ એ નાડ પારખી કારમાં શું પ્રૉબ્લેમ છે એનું નિદાન કરી દે. બૉસ અને ગ્રાહકો એના કામથી ખૂબ ખુશ હતા.

એક દિવસ બૉસે સારા સમાચાર આપતાં કહ્યું, 'સરકારી વીશ ટ્રક રિપૅર કરવાનો એક મોટો ઑર્ડર મળ્યો છે. ત્રણ સપ્તાહ રોજ ઓવરટાઈમ કરવાનો રહેશે.'

'નો પ્રૉબ્લેમ, સર...'

પછી તો એના આનંદની સીમા ન રહી. રોજ વહેલો વહેલો કામ પર જાય અને ઑવરટાઇમ કરી મોડો ઘેર આવે. ઑવરટાઇમના ઉત્સાહમાં બે સપ્તાહ જોતજોતામાં વીતી ગયા.

'કૅથી, હવે તૈયારી કરવા માંડ... આપણું બૅલેન્સ એક હજાર થઈ જશે... આપણે ત્રણે ડિઝની વર્લ્ડ જઈશું... ફિલિપ સાત વર્ષનો થઈ ગયો છે... એને પણ મજા પડશે... ઘણી બધી રાઈડોમાં બેસી શકશે... આપણે પણ મૅરી ગો રાઉન્ડમાં બેસીશું... એપકોટ સેન્ટર, મૅજિક કિંગડમ, બીજું ઘણું બધું નવું છે... બધે જ ફરી વળીશું... અને રાત્રે ડિઝની પરેડના ઝગમગાટ માણીશું.... બધું જોઈ લઈશું... કશું જ બાકી નહિ રાખીએ... પેલા બૅંક મૅનેજર સિવાય આપણા ગામમાંથી હજુ સુધી કોઈ ત્યાં ગયું નથી... એ ક્યાં આપણા ગામનો છે... ગામમાં આપણો રેકોર્ડ નોંધાશે... હવે બહુ રાહ નહિ જોવી પડે... જીવ્યાં કરતાં જોયું ભલું... તૈયારી કર, કૅથી... ફરી જોવા મળે કે ન મળે...'

'એ બધી ઘેલછા રહેવા દે... એ પૈસા વાપરી ન નાખીએ તો સારું... ગમે ત્યારે કામમાં આવે... ફિલિપને ભણાવવા પૈસા નહિ જોઈએ? તારે એને મૅનેજર નથી બનાવવો?'

'એને કૉલેજમાં જવાનું થશે ત્યાં સુધીમાં તો બીજા નહિ કમાઉં? મારે મારું વચન પાળવાનું છે. તને ડિઝની વર્લ્ડ લઈ જવાનો છું. બે-ચાર અઠવાડિયાંમાં જ... બૉસે ત્રણ અઠવાડિયાંની રજા આપવાનું કહ્યું છે.'

પતિની ઘેલછા સામે દલીલ ન કરતાં કૅથીએ કહ્યું, 'સારું બસ, જઈશું.' ત્રીજા અઠવાડિયે બિલ ખૂબ ઉત્સાહથી કામ કરવા લાગ્યો.

બીજા મિકૅનિક વાતવાતમાં મજાક કરતા, 'હવે બિલ ડિઝની વર્લ્ડ પહોંચી જવાનો... એનું વચન પાળવાનો... કૅથી નસીબદાર કે જિંદાદિલ પતિ મળ્યો!'

'બિલને પરણી છે... કોઈ હાલી-મોવાલીને નહિ!'

'હા ભાઈ હા... તારે મન એ રૂપનો ટુકડો છે! અને તું એના રૂપનો પૂજારી છે!'

'રૂપનો નહિ, એના પ્રેમનો... મારી કૅથી જેવી એક બાઈ બતાવો આખા ગામમાં... ચાલો હવે... વાતો કર્યા વિના કામ કરો.' કહી બિલે સૌને બોલતા બંધ કરી દીધા અને કામમાં મન પરોવ્યું. કામ કરતાં કરતાં મૂડમાં આવી ગાવા લાગ્યો, 'આઈ હૅવ નેવર એન્ડિંગ લવ ફૉર યુ...'

ગાતાં ગાતાં એન્જીન નીચે ટેસ્ટ કરવા બે વાયર જોડ્યા. ખોટા વાયર જોડાઈ જતાં એકદમ ધડાકો થયો - જાણે બૉમ્બ ફૂટ્યો. બિલનું માથું ફાટી ગયું. અગનજ્વાળાએ બિલના શરીરને ઘેરી લીધું. નિશ્ચેતન દેહ જમીન પર ઢળી પડ્યો... એનાં સપનાંની પળમાં રાખ થઈ ગઈ.

આસપાસનાં સૌ દોડી આવ્યાં. ટુ લેઇટ! કોઈ જ કંઈ કરી શકે એમ નહોતું.

કૅથી માટે આ આઘાત અસહ્ય થઈ પડ્યો. એ ભાંગી પડી. ગામલોકોએ આશ્વાસન આપી હિંમત આપી. બિલ સાથેની લેણદેણ પૂરી થઈ હતી. ફિલિપ સાથેની લેણદેણ બાકી હતી. એણે બિલનાં સપનાં સાકાર કરવાનાં હતાં. આ બધા વિચારોએ જીવવા માટે હામ બક્ષી.

શૉપમાંથી બિલની બચતના અને પગારના બે હજાર ડૉલર મળ્યા. ફિલિપને ભણાવવાની ઝંખના હતી એટલે એ

પૈસાનો કદી વિચાર જ નહિ કરવાનો એવો સંકલ્પ કરી એણે એ પૈસા બૅંકમાં ફિક્સમાં મૂકી દીધા.

ફિશ પ્લાન્ટમાં કામ કરવા અરજી કરી. છાશવારે બંધ થતા અને અવાર-નવાર છૂટા કરાતા એ પ્લાન્ટમાં કૅથી માટે કામ નહોતું. પાર્ટ ટાઇમ કામની શોધ કરતાં 'કારપેટ કૉર્નર'માં સ્ટોર બંધ થયા પછી સાફસૂફીનું કામ મળ્યું. મહિને સો ડૉલરમાં કંઈ પૂરું ન થાય. થોડી તપાસ કરતાં બીજા ચાર સ્ટોરનું સફાઇ કામ મળી જતાં ગાડુ ગબડવા લાગ્યું. ફિલિપના બેબી બોનસના બસો દસ ડૉલર સરકાર તરફથી મળતા હતા એ પૈસા પણ છે જ નહિ એમ એના ભાવિ માટે બૅંકમાં જમા કરાવતી રહી. એમ છ-સાત વર્ષ વીતી ગયાં. પણ મોંઘવારી વધતાં માંડ-માંડ પૂરું થતું હતું.

કૅથી બહુ પ્રામાણિક હતી. જાત-મહેનતનું ખાવામાં માનતી. કોઈને કદી ફરિયાદ પણ ન કરતી. પણ ફિલિપ માની મનોવેદના પામી ગયો. માને કેવી રીતે મદદ કરવી એનો વિચાર કરી ગામમાં બધે ફરી વળ્યો. ક્યાંય કોઈ કામની શક્યતા નહોતી.

'મા, હું મોટા શહેરમાં કામ કરવા જાઉં?'

'ના દીકરા, તને હું મારી આંખથી અળગો નહિ કરી શકું. મારે તારા બાપનું વચન પાળવાનું છે... તને બહુ ભણાવવાનો છે... વળી કામ કરવાની તારી આ ઉંમર નથી!'

'સાંજના કંઈ કામ મળી જાય તો મારે કરવું છે!'

'આ ગામમાં તને શું કામ મળવાનું છે?'

'તો ફિશિંગ કરવા જાઉં?'

કૅથીને એ વિચાર ગમી ગયો. માછીમારોના એ ગામમાં લોકો માછલાં પકડી તાજી માછલીના ભોજનનો આનંદ માણતાં.

'તારો વિચાર ખોટો નથી. ફિશિંગ કરતાં જે મળે તે લાવજે... સાંજનું ખાવાનું મળી રહેશે. એટલું પૂરતું છે...'

તે સ્કૂલેથી છૂટી માછલાં પકડવા જવા લાગ્યો.

ઘણી વાર ઘૂઘવતા દરિયાને જોઈ રહેતો... વિચારો કરતો... ગામમાં કંઈ જ નથી... દૂર દૂર સુખનો સાગર દેખાતો... દૂર દૂર દોડી જવાનું મન થતું... માછલી કાંટામાં પકડાઈ જતાં અને એની માની યાદ આવતાં બધું ભૂલી માને મદદ કર્યાના સંતોષ સાથે ઘેર જતો.

* * *

આજનો દિવસ જુદો હતો. આજે એક પણ માછલી પકડાઈ નહિ. માછલી પકડવા હૂકમાં ભરાવવા જે જીવડાં લાવ્યો હતો એ પણ બધાં ખલાસ થઈ ગયાં.. નિરાશ થઈને એ ઊભો થયો - દરિયાનાં મોજાં એકદમ ધસી આવી એના પગ ભીના કરી ગયાં. દૂર દૂર ઘૂઘવતા સાગર તરફ એણે મીટ માંડી.

માર્ક સ્પોન્સરના શબ્દોના જાણે પડઘા પડી રહ્યા હતાઃ 'આ ગામમાં મારે માટે કંઈ નહોતું. હું ટોરોન્ટ ગયો. એ મોટા શહેરમાં પૈસાની ખાણ છે. જેનામાં જેટલી હોંશિયારી હોય એટલું એ મેળવી શકે છે... હું હિંમત કરી આ ગામ છોડી એ શહેરમાં ન ગયો હોત તો આજે ભૂખે મરતો હોત... હવે તે દરિયામાં માછલાં પણ રહ્યાં નથી... જિંદગી બનાવવી હોય તો ટોરોન્ટો, મોન્ટ્રિયલ, વેનકુવર જેવાં મોટાં શહેરો તરફ નજર દોડાવવી પડશે...'

ટોરોન્ટો ચાલ્યા જવાનો મનોમન નિર્ણય કરી ફિલિપ ઘર તરફ વળ્યો. એક મિત્ર મારફત જાણવા મળ્યું કે ટોરોન્ટો જવા માટે ચારસો પાંચસો ડૉલર જોઈએ. મા પાસે એટલા પૈસા નહોતા. વળી, મા એને દૂર જવા દેવાની નહોતી. ખૂબ કમાઈ માને આશ્ચર્યમાં મૂકી દેવાનો વિચાર કરી માને પણ વાત ન કરવાનું નક્કી કર્યું. મનમાં યોજનાઓ ઘડતો રહ્યો.

એક દિવસ માને કહ્યું, 'મા, માછલાં તો મળતાં નથી. તને મદદ કરવા આવું?'

'તું શું મદદ કરીશ?'

'ઑફિસનાં ખુરશી-ટેબલ સાફ કરીશ... પોતું કરીશ...'

'સારું, ચાલ...'

ફિલિપ માની સાથે સફાઈ કરવા જવા લાગ્યો. થોડા દિવસમાં જાણી લીધું કે એક સ્ટોરમાં એના માલિક સાંજની આવક ઑફિસના ટેબલના ખાનામાં મૂકી રાખતા અને બીજે દિવસે બૅંકમાં જમા કરતા. એ જાણ્યા પછી પ્લાન કરતાં વાર ન લાગી.

સ્ટોરમાં મા સાથે સફાઈ માટે ગયો. મા બહારના ભાગની સાફસૂફી કરી રહી હતી. એ ઑફિસ સાફ કરવા લાગ્યો. મા દૂર હતી એનો લાભ લઈ તાળું તોડી ટેબલનું ખાનું ખોલ્યું.

સો સો ડૉલરની થપ્પીઓ જોઈ એ નાચી ઊઠ્યો.

ગભરાટમાં સ્ક્રૂ ડ્રાઈવર નીચે પડી ગયું. અવાજ સાંભળી કૅથી ચમકી.

'શું થયું ફિલિપ?' કહેતાં ઑફિસ બાજુ આવી.

'કશું જ નહિ, મા. એ તો ટેબલ પરથી એક ટ્રે નીચે પડી ગઈ હતી!'

કૅથીએ ઑફિસ તરફ નજર કરી. ફિલિપ ખાનામાંથી પૈસા કાઢી ખિસ્સામાં મૂકી રહ્યો હતો. કૅથી ચમકી ગઈ. એના પગ જમીન સાથે જડાઈ ગયા.

કંઈ જ જોયું ન હોય એમ પૂંઠ ફેરવી બીજા ખંડમાં ચાલી ગઈ. થોડી વારે બહાર આવી. સામે ફિલિપ ઊભો હતો.

'મા, ઑફિસ સાફ થઈ ગઈ... જઈશું હવે?'

'જવાની બહુ ઉતાવળ છે? ક્યાં જવું છે?'

'ક્યાં?... ઘેર નથી જવું?'

ફિલિપ પાસે આવી એનો હાથ ચૂમી ભારે હૈયે બોલી, 'ચાલ બેટા... જઈએ!'

(અનુસંધાન પૃ. ૩૯૨)

ભારતનાં રાજ્યો -૧૭

ગોવા

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના દ્વીપકલ્પના પશ્ચિમકાંઠે મહારાષ્ટ્ર અને કર્ણાટકની વચ્ચે ગોવા રાજ્ય આવેલું છે. તેની ઉત્તરે તેરેખોલ (તીરાકોલ) નદી વહે છે. અને તે મહારાષ્ટ્ર તથા ગોવાને અલગ પાડે છે. તેની દક્ષિણે કર્ણાટક રાજ્યનો નૉર્થ કૅનેરા જિલ્લો, પૂર્વે પશ્ચિમઘાટની પર્વતમાળા તથા પશ્ચિમે અરબી સમુદ્ર આવેલાં છે. પણજી, માર્ગાઓ, વાસ્કો, મપુસા અને પોન્ડા - ગોવા રાજ્યનાં મુખ્ય નગરો છે. ગોવાના ૧૦૫ કિ.મી.ના પ્રદેશમાં સુંદર સમુદ્રકિનારા આવેલા છે. તેની સૌથી વધારે પહોળાઈ ૬૦ કિ.મી. છે.

ગોવા રાજ્યનો વિસ્તાર ૩૭૦૨ ચોરસ કિ.મી. છે. તેમાં ૧૪૨૪ ચોરસ કિ.મી. જંગલનો વિસ્તાર છે. ૧૯૯૧ની ગણતરી મુજબ તેની વસ્તી ૧૧,૬૯, ૭૯૩ છે. તેની ૪૧ ટકા વસ્તી શહેરોમાં તથા બાકીની વસ્તી ગ્રામ્ય પ્રદેશોમાં વસે છે. ત્યાં એક ચોરસ કિ.મી.માં વસ્તીની ઘનતા ૩૧૬ માણસોની છે. રાજ્યમાં ૭૭ ટકા લોકો શિક્ષિત છે. રાજ્યની સત્તાવાર ભાષાઓ કોંકણી અને મરાઠી છે. તે ઉપરાંત લોકો કન્નડ ભાષા પણ બોલે છે. આ રાજ્યમાં ૬૫ ટકા હિન્દુ, ૩૦ ટકા ખ્રિસ્તી અને ૪.૫ ટકા મુસ્લિમો વસે છે. ત્યાં ખેતમજૂરોને દૈનિક લઘુતમ વેતન રૂપિયા ૪૬ ઠરાવવામાં આવ્યું છે. ગોવામાં ૭.૭ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. ત્યાંના લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૫૩૪૧ છે.

સરકાર : ગોવામાં નૉર્થ ગોવા અને સાઉથ ગોવા એવા માત્ર બે જિલ્લા છે. આ રાજ્ય નાનું હોવાથી તેને એકગૃહી ધારાસભા છે. ત્યાંની વિધાનસભાના સભ્યોની સંખ્યા ૪૦ની છે. ત્યાંથી લોકસભામાં બે તથા રાજ્યસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

ઈતિહાસ : જૂના સમયમાં આ પ્રદેશ ગોમાંચલ, ગોપાકપટ્ટમ, ગોપાકપુરી, ગોવાપુરી, ગોમાંતક વગેરે નામોથી ઓળખાતો હતો. ઈસવી સનની પ્રથમ સદીમાં ગોવા સાતવાહન વંશના રાજાઓની સત્તા હેઠળ હતું. ત્યાર બાદ કદમ્બ, માલખેડના રાષ્ટ્રકૂટ વંશના શાસકો, ચાલુક્ય વંશના રાજાઓ તથા શિલહારોની સત્તા હેઠળ અલગ અલગ સમયે રહ્યું હતું. દિલ્હીના ખલજીવંશના મુસલમાન સુલતાનોએ ૧૪મી સદીનાં પાછલાં વર્ષોમાં દેવગીરી યાદવોનું સામ્રાજ્ય જીતી લીધું હતું. તે પછી એક સદી પર્યંત ગોવા વિજયનગર સામ્રાજ્યનો એક ભાગ રહ્યું હતું. ત્યારબાદ બીજાપુરના આદિલશાહ તથા બહમની શાસકોએ આ પ્રદેશ ઉપર આધિપત્ય મેળવ્યું.



વાસ્કો-દ-ગામાએ એક કચ્છી ખલાસીની મદદથી ભારત આવવાનો દરિયાઈ માર્ગ જાણી લીધો અને ૧૪૯૮માં તે ભારતના પશ્ચિમ કિનારે આવેલા કાલિકટ બંદરે ઊતર્યો. તે પછી પોર્ટુગીઝોએ ભારતના પ્રદેશો કબજે કરવા માંડ્યા. ઈ.સ. ૧૫૧૦માં વિજયનગરના રાજાની મદદ વડે પોર્ટુગીઝ ગવર્નર આલ્ફોન્ઝો ડી-આલ્બુકર્કે ગોવા પર હુમલો કરીને કબજે કર્યું. ઈ.સ. ૧૫૪૨માં જેસ્યુટ પાદરી ફ્રાન્સીસ ઝેવિયરનું ભારતમાં આગમન થયું. ત્યાર બાદ રોમન કૅથલિક ધર્મમાં ધર્માન્તર કરાવવાની ગોવામાં શરૂઆત થઈ. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં કેટલાક સમય સિવાય પોર્ટુગીઝો ગોવાના શાસકો તરીકે ચાલુ રહ્યા. ભારત સ્વતંત્ર થયા પછી પણ ગોવા પોર્ટુગીઝોની સત્તા હેઠળ રહ્યું હતું. પરંતુ ગોવાના લોકોની મહત્ત્વાકાંક્ષા અપૂર્ણ રહી હોવાથી આખરે ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ ગોવાને સ્વતંત્ર કરવામાં આવ્યું અને સંઘ સરકાર હેઠળ મૂકવામાં આવ્યું. ગોવાને ૩૦ મે, ૧૯૮૭ના રોજ અલગ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો અને તે દેશનું સૌથી નાનું અને ૨૫મું રાજ્ય બન્યું. ગોવાનું પાટનગર પણજી રાખવામાં આવ્યું. ગોવા સ્વતંત્ર થયા પછી, તેની પ્રથમ લોકપ્રિય સરકાર દયાનંદ બંદોડકરની આગેવાની હેઠળ ૨૦ ડિસેમ્બર, ૧૯૬૩ના રોજ રચવામાં આવી.

લોકો : નૃવંશશાસ્ત્રીઓના મતાનુસાર ગોવાનાં લોકો આર્યો તથા દ્રવિડોના મિશ્રણથી ઉત્પન્ન થયેલાં છે. ત્યાંના સૌથી જૂના વસાહતીઓ દ્રવીડોની કનાડિગા તરીકે ઓળખાતી જાતિના હતા. તેમના રાજા સારસ્વત ગોત્રના બ્રાહ્મણ ધર્મગુરુને ઉત્તર ભારતમાંથી, નિમંત્રણ પાઠવીને પોતાના દરબારમાં પુરોહિતપદે નીમતા હતા.

નૃત્ય : ગોવાનાં ઘણાં પ્રચલિત લોકનૃત્યોમાં 'ફુગડી' અને 'ઢાલો' મહત્ત્વનાં છે. ગોવાની મહિલાઓ 'દેખણી' નૃત્ય ઉત્સાહપૂર્વક કરે છે. 'કુણબી' તથા 'ભંડપ' ગોવાનાં આદિવાસીઓનાં પારંપરિક નૃત્યો છે. ગોવાનાં લોકો 'મંડો' નામથી ઓળખાતું મધુર સ્નેહગીત ગાય છે, તેમાં પૂર્વ તથા પશ્ચિમની પરંપરાઓનો સુભગ સમન્વય દૃષ્ટિગોચર થાય છે. તે પણ નૃત્ય જેવું જ છે. વિજય મેળવ્યા બાદ તેની ઉત્સાહથી ઉજવણી કરવા માટે 'ઘોડ મોડની' નૃત્ય તથા 'શિગમો' ઉત્સવ દરમિયાન ત્યાંના લોકો 'ગોફ' નૃત્ય કરે છે. નવરાત્રિ અને દશાવતારી દરમિયાન ધાંગડ નૃત્ય કરવામાં આવે છે.

મુખ્ય ઉત્સવો : ગોવા રાજ્યમાં હિંદુઓ તથા ખ્રિસ્તીઓના ઉત્સવો ઊજવવામાં આવે છે. કાર્નિવલ અને શિગમોના ઉત્સવો




ગોવાના ચર્ચમાંની રંગીન કાચમાંથી બાનાવેલી એક કૃતિ

ત્યાંનાં લોકો અતિ આનંદ અને ઉમંગ સહિત ઊજવે છે. આ ઉત્સવો ઊજવવાની ભૂમિકા તથા આવશ્યક સહાય પ્રવાસન ખાતું પૂરી પાડે છે. ગોવામાં કાર્નિવલનો ઉત્સવ ખ્રિસ્તીઓ ખૂબ ધામધૂમથી તથા ઉત્સાહ-પૂર્વક ઊજવે છે. સંત ફ્રાન્સિસ ઝેવિયરના ઉત્સવની ઉજાણી ૩ ડિસેમ્બરના રોજ જૂના ગોવામાં કરવામાં આવે છે. ખ્રિસ્તી નૂતન વર્ષની ઉજવણી માટે ખ્રિસ્તીઓ આગલી રાત નાચગાનમાં વિતાવીને મિજબાની કરે છે.


પ્રવાસન : ગોવાના સુંદર તથા રમણીય સમુદ્રકિનારા વિદેશોમાં પણ પ્રખ્યાત છે. કોલવા, કેલેન્ગુટ, વેગેટર, હરમાલ, અંજુના તથી મીરામાર તેના પ્રસિદ્ધ સમુદ્રકાંઠા છે. ગોવામાં અનેક ચર્ચ આવેલાં છે. તેમાં 'ધ બેસિલિકા ઑફ બૉમ જીસઝ' તથા 'સે કથિડ્રલ ઍટ ઓલ્ડ ગોવા' મહત્ત્વનાં માનવામાં આવે છે. કેવલમ, મર્ડોલ, મંગેશ તથા બંદોરાનાં જાણીતાં મંદિરોની મુખ્ય તીર્થો તરીકે અનેક પ્રવાસીઓ મુલાકાત લે છે. પ્રતિવર્ષ લાખો પ્રવાસીઓ ગોવાની મુલાકાતે આવે છે.

ગોવા રાજ્યનું ડાબોલિમ એરપોર્ટ મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, બેંગલોર, કોચિન વગેરે શહેરો સાથે હવાઈમાર્ગે જોડાયેલું છે. ગોવા રાજ્યનું મુખ્ય બંદર માર્માગોવા છે. આ ઉપરાંત પણજી, તિરાકોલ, ચાપોરા, બેતુલ અને તાલપોનાં અન્ય નાનાં બંદરો પણ છે.



ગોવામાં છપાયેલા સૌપ્રથમ પુસ્તક 'ડોટ્રીના ક્રિસ્ટા'નું એક પૃષ્ઠ : રોમન લિપિમાં

રેલવે : ગોવા - મુંબઈ, મેંગલોર અને તિરુઅનંતપુરમ્ સાથે કોંકણ રેલવેથી જોડાયેલું છે. આ ઉપરાંત વાસ્કો-દ-ગામા બેંગલોર તથા બેલગામની સાથે ગુડ્સ ટ્રાફિક માટે સાઉથ સેન્ટ્રલ



ગોવાનું મંગેશી મંદિર

રેલવેથી જોડાયેલું છે.

માર્ગો : ગોવા રાજ્યમાં ૨૨૪ કિ.મી.ની લંબાઈના રાષ્ટ્રિય ધોરીમાર્ગો, ૨૩૨ કિ.મી.ની લંબાઈના રાજ્યના ધોરીમાર્ગો તથા ૮૧૫ કિ.મી.ની લંબાઈના જિલ્લાના ધોરીમાર્ગો છે.

ખનીજ : ગોવા રાજ્યમાં ખાણોમાંથી ફેરો મેંગેનીઝ, બૉક્સાઈટ તથા કાચું લોઢું નીકળે છે. તેમાંથી ખનીજો ખાસ કરીને જપાનમાં વધુ નિકાસ થાય છે અને તેની આવકમાંથી રાજ્યને આર્થિક લાભ મળે છે.

ઉદ્યોગો : ગોવા રાજ્યમાં નાના પ્રકારના ઉદ્યોગોનાં ૫૭૬૫ એકમો આવેલાં છે. તેમાં રૂપિયા ૨૧૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને તેમાં આશરે ૩૯,૫૦૦ માણસો રોજગારી મેળવે છે. આ ઉપરાંત મોટા અને મધ્યમ ઉદ્યોગોનાં ૧૪૦ એકમો છે. તેમાં રૂપિયા ૧૫૫૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને ૧૯,૦૦૦ માણસોને તેમાં રોજગારી મળે છે. રાજ્યમાં ૧૬ ઔદ્યોગિક વસાહતો આવેલી છે.

મુખ્ય પાક : આ પ્રદેશનો મુખ્ય પાક ડાંગર છે. આ ઉપરાંત કઠોળ, રાગી અને બીજા પાક પણ થાય છે. રોકડિયા પાકમાં નાળિયેર, કાજુ, સોપારી, શેરડી; વિવિધ ફળોમાં પાઈનેપલ, કેરી, ચીકુ વગેરે પાકે છે. ગોવા રાજ્યમાં ૨,૨૭,૦૨૯ ટન ડાંગર, ૬૪,૦૦૦ ટન શેરડી તથા ૧૨૧ મિલ્યન નાળિયેર પેદા થાય છે. ત્યાંના સેલાઉલિમ ડેમ તથા અંજુનેમ ડેમ સિંચાઈની યોજનાઓ ખેતપેદાશો વધારવામાં ઘણી ઉપયોગી છે.

ભારતમાં સૌપ્રથમ મેડિકલ કૉલેજ 'એસ્કોલા મેડિકા' ગોવામાં સ્થપાઈ હતી. હવે તેનું નામ ગોવા મેડિકલ કૉલેજ છે. સૌ પ્રથમ છાપખાનું ઈ.સ. ૧૫૫૬માં ગોવામાં સ્થાપવામાં આવ્યું હતું. ત્યાં 'ડોટ્રીના ક્રિસ્ટા' નામનું પ્રથમ કોંકણી પુસ્તક, રોમન લિપિમાં છાપવામાં આવ્યું હતું. એબે ફારિયા નામના ગોવાના મેસ્મેરિઝમના નિષ્ણાત જાદુગરે વિદેશોમાં પણ પ્રતિષ્ઠા મેળવી હતી. ગોવા સંગીત, નૃત્ય તથા ઉત્સવોના પ્રદેશ તરીકે જાણીતું બન્યું છે. ભારતનાં શ્રેષ્ઠ ગાયિકા લતા મંગેશકર ગોવાના મંગેશ ગામનાં છે. ત્યાંનું પ્રાચીન મંગેશી શિવમંદિર અસંખ્ય શ્રદ્ધાળુઓને આકર્ષે છે. ❐

ફિલ્માકાશ-૧૮

ન્યૂ થીએટર્સ પર મુંબઈના ફિલ્મ ઉદ્યોગનો ઓછાયો!

રજનીકુમાર પંડ્યા

સિત્તેર વર્ષનો ગાળો એ કંઈ બહુ લાંબા ઇતિહાસનો ગાળો ન કહેવાય. માહિતીની શિથિલતા-અચોક્કસતાને એમાં સ્થાન ના હોવું ઘટે. પણ ભારતીય માનસ ઐતિહાસિક તથ્યો પરત્વે જોઈએ તેટલી ખાતરીબંધીનો આગ્રહ નથી રાખતું. પરિણામે દસ્તાવેજી સામગ્રી સંઘરતાં બે અલગ અલગ સૂત્રો વચ્ચે પણ માહિતીભેદ જોવા મળે છે. આ લખનારને પણ અનેક વાર એવી મુશ્કેલીનો સામનો કરવાનો આવે છે. આશિષ રાજાધ્યક્ષ અને પોલ વિલમેન દ્વારા સંપાદિત દળદાર 'એન્સાઈક્લોપીડિઆ ઑફ ઇન્ડિયન સિનેમા'માં પણ ઘણા વિગતદોષ છે. એમાં 'દેવદાસ (૧૯૩૫)' ફિલ્મની બંગાળી આવૃત્તિમાં સંગીત તિમિર બરનનું બતાવાયું છે અને હિંદી આવૃત્તિમાં પંકજ મલિકનું. વાસ્તવમાં એથી 'વાઈસે-વર્સા' (ઊલટ-સૂલટ) હતું! હવે જો એન્સાઈક્લોપીડિઆ અધિકૃત માનીને ચાલી ન શકાય તો પછી બીજાં પુસ્તકોની તો વાત જ શી! અનેક ફિલ્મોની સાલવારી પણ બે અલગ અલગ પુસ્તકોમાં જુદી જુદી જોવા મળે છે. આને કારણે લખનારને માત્ર અમુક ફિલ્મ કઈ સાલમાં નાખવી તેનો નિર્ણય દ્વિધા જન્માવનારો બની રહે છે. વાચકોની સ્પષ્ટતા ખાતર જણાવું કે, આ સાલવારીના મામલે હું સરદાર હરમંદિર સિંગ 'હમરાઝ'ના ફિલ્મગીત કોશ અને ફિલ્મોની લાંબી અનુક્રમણિકાને અનુસર્યો છું. રસ ધરાવતા વાચકો તે અને લિસનર્સ બુલેટીન માટે તેમનો એમ.આઈ.જી. પમ્પ, રતનલાલ નગર, કાનપુર-૨૦૮૦૨૨ના સરનામે સંપર્ક કરી શકે છે.

આવો જ પ્રશ્ન ન્યૂ થીએટર્સની ફિલ્મ 'કરોડપતિ' વિશે ઊભો થવા પામ્યો હતો. અમુક પુસ્તકોમાં તે ૧૯૩૫ની ફિલ્મ બતાવવામાં આવી છે, જ્યારે 'હમરાઝ' ગીતકોશમાં તે ૧૯૩૬ની ફિલ્મ તરીકે દર્શાવવામાં આવી છે. એવી જ રીતે 'સીતા' (૧૯૩૪) ફિલ્મ ન્યૂ થીએટર્સની નહીં પણ તેના સ્ટૂડિઓમાં બની હોવા છતાં અને દેવકી બોઝની હોવા છતાં તે ઈસ્ટ ઇન્ડિયા ફિલ્મ કંપનીની હતી તે હકીકતે મારું ધ્યાન આપણા ગૌરવરૂપે ગુજરાતી છતાં હિંદી ફિલ્મોના જૂના ચરિત્ર અભિનેતા કૃષ્ણકાંત ઉર્ફે કે.કે.એ દોર્યું છે, તેની સાભાર નોંધ લઉં છું. તેઓ તો નીતિન બોઝના મદદનીશ પણ રહી ચૂક્યા હતા. એટલે બધું તેમની સ્મૃતિમાં આ એંસી વર્ષની વયે પણ સચવાયેલું હોય તે સ્વાભાવિક છે.

ન્યૂ થીએટર્સની ૧૯૩૬ની ફિલ્મો ભણી આગળ વધતાં પહેલાં ૧૯૩૫ની બીજી નિર્માણની સંસ્થાઓની થોડી મહત્ત્વની ફિલ્મો અને બીજી મહત્ત્વની ઘટનાઓ તરફ લક્ષ દોરવું જરૂરી સમજું છું.

એ સાલમાં પાર્શ્વ ગાયનની શકવર્તી શોધ થવા ઉપરાંત ફિલ્મ નિર્માણને એક વ્યવસાય નહીં પણ ઉદ્યોગ તરીકે પ્રસ્થાપિત કરતી એક વાત એ હતી કે એ સાલમાં હિમાંશુ રાય અને તેમનાં પત્ની દેવિકારાણીએ પોતાની બૉમ્બે ટોકિઝ માટે સો-સો રૂપિયાનો એક એવા પચ્ચીસ હજાર શેર બજારમાં તરતા મૂક્યા અને એ મૂડી, એટલે કે રૂપિયા અઢી લાખથી પોતાની ફિલ્મનિર્માણ પ્રવૃત્તિ શરૂ કરી. પહેલી ફિલ્મ 'જવાની કી હવા' બનાવી, જેનો ઉલ્લેખ અગાઉના મણકામાં પ્લેબૅક સિસ્ટમની શોધના દાવેદારો પૈકી એક તરીકે કરી ચૂક્યો છું. એમાં નજમૂલ હુસેન અને દેવિકારાણી હીરો-હીરોઇન હતાં. જૂની પેઢીના પ્રેક્ષકો હજુ નજમૂલ હુસેનને નજમ હુસેન તરીકે જ યાદ કરે છે.

આ જ વર્ષમાં પંજાબી ભાષાની પ્રથમ ફિલ્મ 'શીલા' અને આસામી ભાષાની પ્રથમ ફિલ્મ 'જોયમતિ' પણ બની. ૧૯૩૨માં મુંબઈમાં યોજાયેલી 'ઑલ ઇન્ડિયા બોડી બ્યૂટિફુલ' સ્પર્ધામાં ભારતના સર્વાધિક શક્તિશાળી પુરુષ તરીકે વરાયેલા જોન કાવસે પોતાની પ્રથમ ફિલ્મ 'નૂર-એ-યમન' (૧૯૩૫)માં એને કામ આપ્યું. પણ એ પહેલાં એ અખાડિયન માણસની વિધવા માતાને વાડિયા બંધુઓએ બહુ કાલાંવાલાં કરવાં પડ્યાં હતાં. પણ ૧૯૩૫ની જે ફિલ્મમાં એની અને નાદિયાની જોડી વિશેષ ચમકી હતી તે ફિલ્મ 'હંટરવાલી' જે. બી. એચ. વાડિયાએ ૧૯૩૩ના એપ્રિલની ૧૩મી એ પોતાના બંધુ હોમી વાડિયાની સાથે મળીને વાડિયા મુવીટોનની સ્થાપના કરી હતી. આમ, એ અને એમ. બી. બીલીમોરિયા એમના ફાઈનાન્સિંગ પાર્ટનર હતા. અત્યંત



'સર્કસ ક્વીન'માં નાદિયા



બિમલ રોય - કૅમેરામેન તરીકે ન્યૂ થીએટર્સમાં

રસપ્રદ ૧વાત તો એ છે કે એમણે વાડિયા મુવીટોનના નેજા હેઠળ બનાવેલા આ પહેલા જ પોષાક-ચિત્ર 'લાલે યમન'માં શાસ્ત્રીય સંગીતમાં-ગાયનમાં નિપુણ એવા પારસી યુવક ફિરોઝ દસ્તુરની પાસે થોડાં શાસ્ત્રીય અને અર્ધ-શાસ્ત્રીય ગીતો તો ગવડાવ્યાં પણ એને એ ફિલ્મમાં સારી ભૂમિકા પણ આપી અને સ્ટંટ પણ કરાવ્યો. 'લાલે યમન'ના ઉત્તરાર્ધ જેવી 'નૂરે-યમન'માં એને નાયક પણ બનાવ્યો અને એમ છતાં સ્ટંટ ફિલ્મોનો આ નાયક ફિરોઝ દસ્તુર પાછળથી કિરાણા ઘરાણાનો એક સન્માનનીય ગાયક બન્યો. આ વાતનું મહત્ત્વ એટલા માટે છે કે સામાજિક ફિલ્મ તો વાડિયા મુવીટોને છેક ૧૯૪૧માં બનાવી અને તે 'રાજનર્તકી'. પણ એ પહેલાંની સ્ટંટ અને પોષાક ફિલ્મોમાં પણ એમણે હંમેશાં પોતાની ઊંચી રુચિ જાળવી હતી. ન્યૂ થીએટર્સ અને વાડિયા મુવીટોનની ફિલ્મોનો વર્ગ ભલે અલગ હતો, પણ તેથી એમ માની લેવાની જરૂર નથી કે એની ફિલ્મો ન્યૂ થીએટર્સથી સામા છેડાની હતી. આછકલાઈ કે અશ્લિલતાથી તો એમની ફિલ્મો વેગળી જ રહી હતી. એ યુગની એ તાસીર રહી. વાડિયાબંધુના વડવાઓ ભારત પર અંગ્રેજી રાજ્ય સ્થાપવામાં પ્રથમ પગથિયું બનનારી ઈસ્ટ ઈંડિયા કંપનીના જહાજી કૉન્ટ્રેક્ટરો હતા અને તેમની પાસેથી તેમને બ્રિટિશરોની સભ્યતા અને રુચિ સંસ્કાર રૂપે મળ્યાં હતાં.

૧૯૩૫ની અન્ય નોંધપાત્ર ફિલ્મો જે અગાઉ આપણે ઉલ્લેખી ગયાં તે ઉપરાંતની એક મહત્ત્વની તે 'હૅમ્લેટ'. એમાં સોહરાબ મોદી અને રૂપસુંદરી નસીમબાનુ (દિલીપકુમારનાં સાસુ) હીરો-હીરોઈન હતાં, જેમનું મૂળ નામ રોશનઆરા હતું. એ ફિલ્મ સોહરાબ મોદીની જ પોતાના ભાઈ રુસ્તમ સાથે મળીને સ્થાપેલી નિર્માણસંસ્થા સ્ટેજ ફિલ્મી કંપનીના નેજા હેઠળ બનાવવામાં આવી હતી. એ સંસ્થા મુખ્યત્વે પોતાનાં સફળ નાટકો પરથી ઝાઝા ફેરફાર વગર ફિલ્મો બનાવવાના હેતુથી સ્થપાયેલી હતી. 'હૅમ્લેટ' એ એમની નિર્માતા અને દિગ્દર્શક તરીકેની પહેલી જ ફિલ્મ હતી.

આ ઉપરાંત સુલોચના ડી. બીલીમોરિયાની બે ફિલ્મો 'અનારકલી' (ઇમ્પિરીઅલ ફિલ્મ કં.) અને 'પૂજારીની' (ઇમ્પિરીઅલ ફિલ્મ કં. : દિગ્દર્શક નંદલાલ જશવંતલાલ) પણ સારી ચાલી હતી. બીલીમોરિયા બંધુઓ ગુજરાતના બીલીમોરા-ના જ હતા. લીલા ચિટનીસના અભિનયવાળી પ્રથમ ફિલ્મ 'ધુંવાધાર' પણ આ જ વર્ષે આવી. એની કથા તો એક એમ.એલ.એ.એ લખી હતી, જેમનું નામ હતું સેઠ ગોવિંદદાસ.

આમ, અનેક રીતે સભર એવું ૧૯૩૫નું વર્ષ ભારતીય ફિલ્મઉદ્યોગ માટે એક સીમાચિહ્ન બની રહ્યું; પણ કલકત્તાસ્થિત હોવા છતાં મુંબઈના અનેક દેદીપ્યમાન દીપો વચ્ચે ન્યૂ થીએટર્સ પોતાની હિંદી ફિલ્મો વડે જાજ્વલ્યમાન સૂર્યની જેમ ચમકી રહ્યું.

૧૯૩૬ની સાલ ભારતીય ફિલ્મોદ્યોગની ઘણી ઉત્તમ ફિલ્મો લઈને આવ્યું અને એમાં ન્યૂ થીએટર્સનો યથાકિંચિત ફાળો હિંદી ફિલ્મો 'મંઝીલ' અન 'પૂજારીન' ઉપરાંત 'માયા'થી નોંધાયો. આ ત્રણે ફિલ્મો મજબૂત સ્પર્ધા છતાં બૉક્સ ઑફિસની દૃષ્ટિએ તો સફળ રહી જ, પણ નિર્માણની રીતે પણ ઉત્કૃષ્ટ રહી. જો કે 'માયા' પ્રમાણમાં જરી નબળી હતી. પણ વર્ષની શરૂઆત થઈ ના થઈ ત્યાં તો ન્યૂ થીએટર્સ, અને ખાસ તો નીતિન બોઝ અખબારો દ્વારા નાના એવા વિવાદમાં સપડાયા અને તે એ કે ભારતીય ફિલ્મોદ્યોગમાં પાર્શ્વગાયકની પદ્ધતિના સમગ્ર વિશ્વમાં પ્રથમ વાર આવિષ્કારનો દાવો જે એમણે વારંવાર પોતાની અખબારી મુલાકાતોમાં દોહરાવ્યો હતો તેને નક્કર પ્રમાણો સાથે પડકારવામાં આવ્યો. કારણ કે 'ધૂપછાંવ' કે 'ભાગ્યચક્ર'ની પહેલાં નિર્માણ પામેલી વિદેશી ફિલ્મ 'વન નાઈટ ઑફ લવ' આ જ વર્ષમાં રજૂ થઈ, જેમાં પાર્શ્વગાયનની પદ્ધતિનો સફળ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તથ્યને વિવાદના તાંતણાઓમાં ગૂંચવીને અખબારોએ સારી રીતે ચગાવ્યું અને નીતિન બોઝને 'એન્સરેબલ'ના પિંજરામાં ખડા કરી દીધા. પણ નીતિન બોઝ જરા પણ વિચલિત થયા નહીં. એમણે એક જ વાતનું રટણ કર્યા કર્યું કે, 'હોઈ શકે કે બંને જગ્યાએ સમાંતરે, એક જ ગાળામાં આ પદ્ધતિનો પ્રયોગ કરવામાં આવ્યો હોય. પણ એક વાત ચોક્કસ છે કે અમારો પ્રયોગ અને પરિણામ બન્ને સૌથી પહેલાં બહાર આવ્યાં.'

આ વાતને હું નાની એટલા માટે ગણાવું છું કે એ વર્ષે પ્લેબૅક સિસ્ટમની પહેલવહેલી શોધ થઈ એ વાત મહત્ત્વની હતી. સમયના મામૂલી ગાળાને એમાં સંડોવીને એને સ્પર્ધાત્મક રૂપ આપવાની કોઈ જરૂર નથી.

ખેર, એ વાતને બાજુએ રાખીને આપણે ૧૯૩૬ની ન્યૂ થીએટર્સની ફિલ્મો વિશે વાત કરીએ તો સૌથી પ્રથમ તો તે વર્ષમાં સૌથી પહેલી ફિલ્મ 'કરોડપતિ'નો જ ક્રમ આવે. એનું બીજું નામ 'મિલિઓનેર' હતું. કેદાર શર્માનાં લખેલાં ગીતોવાળી

આ ફિલ્મના સંગીતમાં મોટો ફાળો પંકજ મલિકનો હોવા છતાં એમનું નામ ટાઈટલ્સમાં રાયચંદ બોરાલ પછી બીજા ક્રમે મૂકવામાં આવ્યું હતું. પણ તેમની સૌજન્યશીલતા તેમને કોઈના પણ વિરુદ્ધ રાવ ખાવાથી રોકતી હતી; પણ હવે તો જાણે હદ થતી હતી.

આ ફિલ્મમાં પણ સાયગલ નાયકરૂપે હતા. આમાં તેમની ભૂમિકા 'દેવદાસ' કરતાં તદ્દન અલગ છેડાની હતી. તે હતી એક વરણાગિયા, રંગીલા યુવકની અને તે પણ એવો યુવક કે જે ફિલ્મજગતના કલાકારો પાછળ ઘેલો છે અને જેને અકસ્માતે જ એક કરોડ રૂપિયાની લૉટરી લાગે છે અને પછી તેમાંથી સર્જાતી રહે છે રમૂજી અને ચિત્ર-વિચિત્ર પ્રસંગોની હારમાળા. આ ફિલ્મમાં સાયગલની હીરોઈન હતાં મોલીના દેવી. તો બીજાં પાત્રોમાં હતાં પહાડી સન્યાલ, ત્રિલોક કપુર, અમર મલિક, જગદીશ સેઠી, નવાબ, નેમો, કેદાર શર્મા પોતે, દુર્ગાદાસ, સરદાર અખ્તર, રાજકુમારી (દેવદાસમાં હતાં તે), દેવબાલા અને રાજલક્ષ્મી. દિગ્દર્શક તરીકે હતા શ્રી હેમચંદ્ર સુંદર, જેઓ 'કારવાને હયાત'માં પ્રેમાંકુર એટોર્થીની સાથે સહદિગ્દર્શક હતા. (કેટલાક તેમને પાત્રસહાયક ગણાવે છે). હેમચંદ્ર સુંદરની દિગ્દર્શક તરીકેની સ્વતંત્ર રીતે પહેલી જ ફિલ્મ હતી. ૧૯૦૬માં જન્મેલા આ પ્રતિભાવાન પુરુષે ૧૯૩૧ની ન્યૂ થીએટર્સની ફિલ્મ 'ચાશેર મેયે'માં એક નાનકડી ભૂમિકા પણ ભજવી હતી. આગળ ઉપર તેમની પાસેથી ન્યૂ થીએટર્સની 'અનાથાશ્રમ' (૧૯૩૯) , 'જવાની કી રીત' અને 'પરાજય' (૧૯૪૧), 'વાપસ' (૧૯૪૪) અને 'માય સિસ્ટર' (૧૯૪૮) જેવી નોંધપાત્ર ફિલ્મો સાંપડી. બી. એન. સરકારે તેમને પશ્ચિમ ભારતના બજારમાં એ ઉપયોગી થશે તેમ સમજીને પોતાની ટીમમાં સામેલ કર્યા હતા.

'કરોડપતિ'માં તેમની પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી. એક રીતે મ્યૂઝિકલ કૉમેડી ગણાવાતી આ ફિલ્મ સારી ચાલી, પણ તેનાં ગીતો બહુ ચાલ્યાં નહીં. સંગીત બોરાલ તથા પંકજ મલિક જેવા મહારથીઓનું હોવા છતાં આમ કેમ બન્યું? તેનો જવાબ પંકજ મલિક 'અમે નિષ્ફળ ગયા' તેમ કહીને નરવું મૌન ધારણ કરીને આપી દેતા હતા. તેમના મૌનમાં કદાચ એમને બીજા નંબરનું નામ મળવા પાછળનો કચવાટ પણ કારણભૂત હોય. પરંતુ હેમચંદ્ર સુંદરે તો તેનો જવાબ બહુ વિશિષ્ટ રીતે આપ્યો હતો. તેમણે કહ્યું કે, 'મેં હીરો પાસેથી ફારસિયાનું કામ લીધા જેવું કર્યું તેમાં જ મારી ભૂલ, નહીં તો બી. એન. સરકારે મને બીજા કોઈને સંગીતકાર તરીકે પસંદ કરવાની સ્વતંત્રતા આપી હતી.' આનો ધ્વનિ સ્પષ્ટ છે અને તે એ કે આવી કૉમેડી ફિલ્મમાં બોરાલ કે પંકજ મલિક જેવા સંગીતકારોને લેવા જ નહીં. તેઓ ઉચ્ચ કક્ષાના, ગંભીરતમ, ગહન, ગૂઢ ભાવોને વ્યક્ત કરતી તરજો બનાવનારા હતા.



મહેબુબ અને સરદાર અખ્તર

કદાચ તેમની વાત સાચી હતી. સાયગલ જેવા શ્રેષ્ઠ ગાયક પણ તે ફિલ્મનાં ગીતો-માં વેડફાઈ ગયા હતા. નવાઈ લાગે તેવી વાત છે કે બે રમૂજી ગીતો તો સાયગલ અને પહાડી સન્યાલે દ્વંદ્વગાન તરીકે ગાયાં હતાં તે પણ લોકોએ સ્વીકાર્યાં નહીં. તે ગીતોના શબ્દો હતા : 'ઓ નૌકરી દિલા દે, બી.એ. બનાનેવાલે, બિગડી બના દે' અને 'ઓ દિલરૂબા, કહાં તક જુલ્મો સિતમ સહેંગે' આ ઉપરાંત સાયગલનાં બે એકલ ગીતો પણ હતાં. જેમાંથી 'જગતમેં પ્રેમ હી પ્રેમ ભરા હૈ, બિના પ્રેમ યહાં કુછ ના ધરા હૈ' એ જ માત્ર કંઈક લોકજીભે ચડ્યું હતું. બીજું ગીત 'કિસસે કહે કી કૌન' તો જરા પણ ચાલ્યું નહીં. ગ્રામોફોન રેકોર્ડના વ્યવસાય સાથે સંકળાયેલા મથુરેશ મૂર્તિ મને ઘણી વાર કહેતા કે, રેકોર્ડ બનાવનારી કંપનીઓની એ વ્યાપારી લુચ્ચી નીતિ હોય છે કે રેકોર્ડની એક તરફ અતિ લોકપ્રિય ગીત હોય તો બીજી તરફ સામાન્ય ગીત હોય, જેથી સારા ભેગું નબળું પણ ખપી જાય. પણ આ 'કરોડપતિ'ના બન્ને ગીતોના મામલે ન્યૂ થીએટર્સની લાલ લેબલવાળી કંપની માર ખાઈ ગઈ.

હેમચંદ્રે ફિલ્મને પૂરી (ફૂલ લેંગ્થ) કૉમેડી બનાવવામાં કંઈ કચાશ રાખી નહોતી. એટલે જ તો આ ફિલ્મમાં સાયગલની હીરોઈન મોલિનાદેવી હતી, જેણે આ અગાઉની ન્યૂ થીએટર્સની ૧૯૩૩માં બનેલી ટૂંકી પણ અત્યંત રમૂજી ફિલ્મ 'દુલારી બીબી'માં કર્કશા પત્નીનું પાત્ર બહુ કુશળતાથી ભજવ્યું હતું. બીજું એક મહત્ત્વનું સ્ત્રીપાત્ર સરદાર અખ્તરે ભજવ્યું હતું.

સરદાર અખ્તરની કહાની પણ જાણવા જેવી છે. ૧૯૪૨માં મહેબુબ સાથે લગ્ન કરનાર સરદાર અખ્તરનો ૧૯૧૫માં જન્મ લાહોરમાં પણ લાહોરની એક પણ ફિલ્મમાં એણે કામ નહોતું કર્યું. એ તો મદન થીએટર્સની સાથે મુંબઈ આવ્યાં અને મુંબઈમાં એમની મુલાકાત ગુજરાતી પ્રોડ્યૂસર નાનુભાઈ દેસાઈ સાથે થતાં એ એમના રૂપ-ઝબકારથી એવા તો અંજાઈ ગયા કે તરત જ એમને માસ્ટર અશરફખાન જેવા પીઢ કલાકારની સામે સરોજ મુવીટોનની ફિલ્મ 'ઈદ કા ચાંદ'માં નાયિકા તરીકે અંકે કરી લીધાં. એ સાલ હતી ૧૯૩૩ની. એમની ઉંમર હતી માત્ર ૧૮ વર્ષ. એ પછી એ જ

વર્ષે બીજી ફિલ્મ 'માલતીમાધવ'માં એક સામાન્ય નટ પ્રભાશંકરની સામે એમને નાયિકા બનાવ્યાં. તેમાં એમણે રૂપ ઉપરાંત અભિનયનો ચમકાર પણ બતાવ્યો. એ દરમિયાન ન્યૂ થીએટર્સના બી. એન. સરકારનું લક્ષ એમના પ્રતિ દોરાયું અને એમને ૧૯૩૬ની એમની આ ફિલ્મ 'કરોડપતિ'માં મહત્ત્વની ભૂમિકા આપી અને તે પણ ગ્લૅમરસ ફિલ્મ અભિનેત્રીની જ. એ ફિલ્મમાં સરદાર અખ્તર ન્યૂ થીએટર્સની કાયમી પગારપત્રક ઉપરની જૂની, તેમની અનેક ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી મોલિના દેવીને પણ ઝાંખી પાડી દીધી.

સરદાર અખ્તર એ પછી તો ઘણું ચમક્યાં. મહેબુબનું ધ્યાન એ દિવસોમાં એમના ઉપર પડ્યું અને એ એમની નજરમાં પણ વસી ગયાં. પોતાના દ્વારા દિગ્દર્શિત સાગર મુવીટોનની ફિલ્મ 'મનમોહન'માં એમની તીવ્ર ઇચ્છા સુરેન્દ્ર સામે બિબ્બોની જગ્યાએ સરદાર અખ્તરને લેવાની હતી પણ ન્યૂ થીએટર્સ સાથેનો એમનો કરાર આડે આવ્યો. અલબત્ત, એ પછી એમણે નોંધપાત્ર ફિલ્મો ઘણી કરી. ગુજરાતી નવલકથા-કાર સ્વ. ર.વ. દેસાઈની 'પૂર્ણિમા' ઉપર વિજય ભટ્ટે બનાવેલી ફિલ્મ 'પૂર્ણિમા'માં એમણે મુખ્ય ભૂમિકા અદા કરી તે સાલ ૧૯૩૮ની. ૧૯૩૯માં સોહરાબ મોદીની ફિલ્મ 'પુકાર'માં રામી ધોબણની ભૂમિકા કરીને ઘડીભર તો નૂરજહાંનો રોલ કરનાર નસિમને પણ પાછળ પાડી દીધાં હતાં. એમની સૌથી વધુ યાદગાર ફિલ્મ તો જો કે મહેબુબે જ બનાવી હતી અને તે 'ઔરત' (૧૯૪૦). મધર ઇન્ડિયામાં જે ભૂમિકા નરગીસે પાછળથી ભજવી તે જ ભૂમિકામાં સરદાર અખ્તરે પ્રાણ રેડ્યો હતો.

૧૯૪૨માં લગ્ન પછી એમણે કામ લગભગ બંધ કર્યું. પણ છૂટકછૂટક ભૂમિકાઓ તો ૧૯૭૭ સુધી કરી. છેલ્લી ફિલ્મ હતી ૧૯૭૭ની 'જય માતાદી'. છેલ્લે સુધી મહેબુબ સ્ટૂડિઓનું સંચાલન કરતાં કરતાં તેઓ ૧૯૮૪માં અવસાન પામ્યાં.

જો કે ન્યૂ થીએટર્સમાં તેમણે માત્ર બે જ ફિલ્મોમાં કામ કર્યું. ભલે ગુણવત્તામાં કશી બાંધછોડ ના કરી પણ ધીરે ધીરે તેમને મુંબઈના કલાકારોનો રંગ લાગવા માંડ્યો હતો અને તેમને પણ લોકરંજકતાનું મૂલ્ય સમજાવા લાગ્યું હતું.

એમને એમ કરવું જરૂરી પણ હતું, કારણ કે ઉત્તમ ફિલ્મો અને લોકપ્રિય ફિલ્મો આપવાનો તેમનો જે એકાધિકાર શરૂઆતમાં હતો, તેમાં મુંબઈના, પૂનાના અને બીજા સમર્થ અને ચતુર ફિલ્મસર્જકો ભાગ પડાવવા માંડ્યા હતા. એટલે જ એમણે ૧૯૩૬માં બીજી ઉત્તમ ફિલ્મો આપવાનો નિર્ધાર કર્યો અને એ નિર્ધારને વ્યવહારુ સ્વરૂપ આપવા ખાતર પણ તેમણે બીજાઓની ફિલ્મોનું પોતાની ફિલ્મો સાથે તુલનાત્મક અધ્યયન શરૂ કરી દીધું. (ક્રમશઃ)

* (એપ્રિલ, ૨૦૦૨ના અંકમાં આ લેખમાળાનો જે હપ્તો છપાયો છે તેને ૧૫મો હપ્તો ગણવો.)

સ્પોર્ટ્સ ક્વીઝ - ૧

ડૉ. પી. ડી. શર્મા

(૧) 'ઉબેરકપ' કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) બિલિઅર્ડસ (બ) ટેબલટેનિસ
(ક) બૅડમિન્ટન (ઇ) ટેનિસ

(૨) બન્ને પગે અને એક હાથે પોલિયો હોવા છતાં પણ ઊંચીકૂદમાં ઑલિમ્પિક ચૅમ્પિયન બનનાર ખેલાડી કોણ છે?
(અ) જેસી ઓવેન્સ (બ) પાવો નૂર્મો
(ક) વૉલ્ટર ડૅવિસ (ઇ) બોવ બીમન

(૩) સિડની ઑલિમ્પિક ગેમ્સમાં ભારતીય ટીમના ચીફ-ડે-મિશન કોણ હતા?
(અ) સુરેશ કલમાડી (બ) જિતેન્દ્ર નરન્કા
(ક) વાસુદેવ ભાસ્કરન (ઇ) અશોક મટ્ટુ

(૪) સૌ પ્રથમ 'રાજીવ ગાંધી ખેલરત્ન ઍવૉર્ડ' માટે કોની પસંદગી થઈ હતી?
(અ) વિશ્વનાથ આનંદ (બ) ગીત સેઠી
(ક) લિયેન્ડર પેસ (ઇ) સચિન તેંડુલકર

(૫) આધુનિક ઑલિમ્પિક રમતોત્સવનો જનક કોણ ગણાય છે?
(અ) જી.ડી.સોંધી (બ) બેરન ડી. કુબર્ટિન
(ક) એન્ટોનિયો સમારાંચ (ઇ) રોજર બૅનિસ્ટર

(૬) કૉમનવેલ્થ રમતોત્સવનો આરંભ ક્યારે થયો હતો?
(અ) ૧૯૩૦માં (બ) ૧૯૪૭માં
(ક) ૧૯૫૦માં (ઇ) ૧૯૨૦માં

(૭) એશિયાઈ રમતોત્સવનો આરંભ ક્યા સ્થળે થયો હતો?
(અ) ભારતમાં દિલ્હી મુકામે (બ) પાકિસ્તનમાં લાહોર મુકામે
(ક) શ્રીલંકામાં કોલંબો મુકામે (ઇ) નેપાળમાં કાઠમંડુ મુકામે

(૮) ૨૦૦૬માં એશિયાઈ રમતોત્સવ ક્યાં યોજાશે?
(અ) બેજિંગ (ચીન) (બ) કુઆલાલુમ્પર (મલેશિયા)
(ક) દોહા (કતાર) (ઇ) કોલંબો (શ્રીલંકા)

(૯) હાલમાં જ સર ડોનાલ્ડ બ્રેડમેનના ફુલ સાઈજના સ્ટેચ્યૂનું અનાવરણ ક્યા શહેરમાં કરવામાં આવ્યું?
(અ) પર્થ (બ) સિડની
(ક) મેલબોર્ન (ઇ) વેલિંગ્ટન

(૧૦) હાલમાં જ ટેસ્ટક્રિકેટના ઇતિહાસમાં સૌથી વધુ ઝડપી બેવડી સદીનો વર્લ્ડ રેકોર્ડ ક્યા ખેલાડીએ સર્જ્યો હતો?
(૧) ભારતના સચિન તેંડુલકર (બ) વેસ્ટઇન્ડિઝના બ્રાયન લારા
(ક) શ્રીલંકાના સનથ જયસૂર્યા (ઇ) ન્યૂઝીલૅન્ડના નથાન એસલે

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

અર્પણલીલા-૨

રિદ્ધિ દેસાઈ

કહેવાય છે કે પોતાનું પુસ્તક કોને અર્પણ કરવું એ બાબતે દરેક સાહિત્યકાર 'મૈં ઈધર જાઉં યા ઉધર જાઉં'-વાળી તીવ્ર કશ્મકશ અનુભવતો હોય છે. એક અંગ્રેજ લેખિકાએ તો એ બાબતે દ્વિધાની પરાકાષ્ઠા અનુભવતાં આપઘાત પણ કરી લીધેલો! પોતાનું પ્રથમ પુસ્તક મિ. બ્રાઉનને અર્પણ કરવું કે બ્રાઉનીને એ બાબતનો તે કેમેય કરીને નિર્ણય કરી શકી ન હતી. આખરે તેણે આપઘાત કરી લીધો. (મિ. બ્રાઉન એનો પતિ અને બ્રાઉની એનો પાલતુ કૂતરો હતો!)

જો કે મારું પ્રથમ પુસ્તક અર્પણ કરવા બાબતે હું કૃતનિશ્ચયી હતી. સુદામા જેવો ચહેરો અને વૈભવ ધરાવતા મારા પતિદેવ પર મેં પસંદગીનો કળશ ઢોળી દીધો. ત્યાર બાદ તો મારી સખીઓ સાથે નાટક-સિનેમા જોવા જતી વખતે, સાડી-સેન્ડલ-પર્સ-ડાયમંડ જ્વેલરી વગેરેના સેલમાં જતી વખતે, બુટીક અને બ્યુટી પાર્લરોમાં જતી વખતે, સોના-રૂપાની મોંઘી-મઝાની જ્વેલરી ખરીદવા જતી વખતે વગેરે વગેરે દરેક પ્રસંગે હું એમને -'ડીઅર! હું મારું પુસ્તક તમને અને માત્ર તમને જ અર્પણ કરવાની છું.' એ વાતનું પુણ્ય સ્મરણ કરાવતી રહી. આખરે એક દિવસ કંટાળીને મને કહ્યું : 'વ્હાલી! તારું પુસ્તક મહેરબાની કરીને મને અર્પણ કરીશ નહીં. હું એટલો મહાન નથી! હું તો સામાન્ય માણસ છું. મારાથી એનો ભાર ખમાતો નથી!' આમ, અમર થઈ જવાનો એક ગોલ્ડન ચાન્સ તેઓ ખોઈ બેઠા એ એમનું નસીબ, બીજું શું!

પતિ પરથી ઊઠેલું દિલ મારી માવડી પર ઠર્યું : 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', 'જે કર ઝુલાવે પારણું તે જગ ઉપર શાસન કરે...', 'મા તે મા, બીજા બધા વનવગડાના વા' જેવી ઉક્તિ-પંક્તિઓ મમળાવતાં મમળાવતાં ભાવવિભોર થઈ જતાં મેં મારું પુસ્તક મારી માતાને અર્પણ કરવાનું નક્કી કર્યું. મારી વાત સાંભળીને મારી મા તો બાપડી હર્ષની મારી હોશ જ ખોઈ બેસવાની! એવા ભયોત્સાહ સાથે મેં મારી વત્સલ માવડીને ફોન જોડ્યો - 'હેલો! મમ્મી! મારી વાત જરા સ્વસ્થતાપૂર્વક, શાંત ચિત્તે સાંભળજે. લાગણીના લોઢને લગામજે હોં! ઇમોશન પર જરા કાબૂ રાખજે, મમ્મી! હું મારું પુસ્તક તને અર્પણ કરવાની છું, તને!' (સામેથી) 'પુસ્તક-બુસ્તકને ગોળી માર! પહેલાં એ કહે કે ગયા અઠવાડિયે અહીં ટેરેસ ગાર્ડન બનાવવા તારી પાસે પાંચ હજાર મંગાવેલા એ ક્યારે અર્પણ કરવાની છો?' મારી સંવેદના પર તો જાણે સાંબેલું ઠોકાયું. જવા દે! એના કરતાં પિતાજી શું ખોટા છે? મેં મારા તલાકશુદા પૂજ્ય પિતાજી સાનંદાશ્ચર્યમાં ગરકાવ કરી નાખાવાના શુભાશયે એમને ઘેર ફોન જોડ્યો - 'હેલો પપ્પા! હું રિદ્ધિ!' (સામેથી) 'હાં બોલો... શી નવાજૂની કરી આવ્યાં છો? ક્યો નૂતન આંચકો લાવ્યાં છો? કોની દશા બગાડવાનો પ્લાન છે?' 'આ વખતે એવું બધું કાંઈ નથી, પપ્પા! મેં એક પુસ્તક લખ્યું છે અને એ મેં આપનાં શ્રીચરણોમાં સમર્પિત કરવાનો પાકો નિર્ધાર કરી નાખ્યો છે.' 'ખબરદાર!' સામેથી મિલિટ્રીના ખડૂસ કર્નલ જેવો કડક-ઘેઘૂર ઘાંટો આવ્યો : 'ખબરદાર છોકરી... જો મને તારું પુસ્તક અર્પણ કર્યું છે તો... શેતાન ખોપડી! મને તારામાં તસુભાર વિશ્વાસ નથી. તું બિલકુલ તારી મમ્મી પર ગઈ છે! પહેલાં મને એ ચોપડી વાંચવા આપ કે એમાં તે કેવાં તોપગોળા ફોડ્યા છે પછી એ મને અર્પણ કરવાની હિંમત કરજે, સમજી?'

હવે તો હું સામાન્ય લોકોથી સર્વથા પર થઈ ગઈ. એ બધી ખાખરાની ખિસકોલીઓને વિસારે પાડીને મેં સાકરનો સ્વાદ સારી પેઠે સમજનાર એક મહાન સાહિત્યકારને મારું પુસ્તક અર્પણ કરવાનો નિર્ધાર કર્યો. રોમાંચ અને હર્ષમિશ્રિત લાગણી અનુભવતાં મેં મારા પ્રિય વાર્તાકારને ઘેર ફોન જોડ્યો- 'હેલો! પરમપૂજ્ય ત્રિપુંડભાસ્કર ત્રિવેદી સાહેબ છે? ઓહ... નમસ્તે સાહેબ! હું એક લેખિકા બોલું છું.' 'અચ્છા? કેટલાં પુસ્તકો લખ્યાં છે? કેટલાં પુરસ્કારો મળ્યાં છે?'

'હું.... હું... હું. તો એક નવોદિત લેખિકા છું.'

'શા નામ રાખ્યાં છે?'

'રિ... રિ... રિ... રિદ્ધિ, સાહેબ!'

'પોતાના નામની પાછળ પણ સાહેબ લગાડો છો?'

'ના, સાહેબ! સાહેબ, એ તો આપને કરેલું સંબોધન હતું, સાહેબ!'

'સાહેબ સાહેબ શું કરો છો.... જીભ થોથવાઈ ગઈ છે કે શું?'

'ઓહ સૉરી સર! સર, હું મારું પુસ્તક આપને અર્પણ કરવા માગું છું.'

'શું કહ્યું? તમે મારું તર્પણ કરવા માગો છો?'

'ના, ના સાહેબ! હું મારું પુસ્તક આપને અર્પણ કરવા...'

'હેં? તમે મારા પુસ્તકનું તર્પણ કરવા માગો છો?'

'ના સાહેબ! હું મારું પુસ્તક આપને અર્પવા...'

'તું મને શું અર્પવાની છે?'

'મારું પુસ્તક!' મેં ટેલિફોન બુથ લગભગ ગજવી નાખ્યું છતાં એમને હું શું અર્પણ કરવા માગું છું એ ન સમજાયું તે ન

જ સમજાયું એટલે એમણે કંટાળતાં કહ્યું : 'ખેર છોકરી! તું મને જે કંઈ અર્પણ કરવા માગતી હોય તે તે અહીં આવીને રૂબરૂમાં અર્પણ કરી જજે, સમજી! આજકાલ મને કાને જરા ઓછું સંભળાય છે! હવે ફોન મૂકવાનું શું લઈશ? આજકાલના આ નવોદિતો તો તોબા તોબા! ગાંડા બાવળિયાની માફક ફાટી નીકળે છે!...' ને મેં ધ્રૂજતા હસ્તે ફોન મૂકી દીધો.

પ્રાચીન કાળના ઋષિમુનિઓ અને સર્જકો એમના ગ્રંથો કેવળ પ્રભુને જ શીદને અર્પણ કરતા હશે એ વાત મને સારી પેઠે સમજાઈ ગઈ. એ માટે મનુષ્યજાત સાચે જ સર્વથા અ-લાયક હતી. છેવટે પ્રભુ પ્રત્યે અસીમ ભાવાત્મક આવેગ અનુભવતાં મેં મારું પુસ્તક પ્રભુ શિવશંકરને અર્પણ કરવા અંગે વિચાર કર્યો. પરંતુ હાસ્ય જેવા વિષય માટે ધીર-ગંભીર-રૌદ્ર એવા શિવજી બિલકુલ અનસૂટેબલ હતા. એમના કરતાં એમનો પોઠિયો અને ભૂતગણ વધુ લાયક લાગ્યા. કિન્તુ એમ કરવા જતાં એમના ત્રીજા નેત્રની પ્રસાદી પામવાના ફૂલ ચાન્સીઝ હતા. એટલે મેં એમને ભૂલી જઈ પ્રભુ રામચંદ્રજી પર દૃષ્ટિ સ્થિર કરી. પણ હાય રે! પ્રભુ રામચંદ્રજી તો શિવજી કરતાંય બે ડગલાં...! તેઓ તો એટલી હદે મર્યાદા પુરુષોત્તમ કે એક ધોબીની મર્યાદા સાચવવા એકની એક ધર્મપત્નીને ત્યજીને પુરુષોત્તમ કહેવાયેલા! હાં, હનુમાનજી વિશે હજીયે વિચારી શકાય! એમણે લંકામાં જઈને રાક્ષસો સામે ખાસ્સી કૉમેડી કરી હતી. ભર-દરબારમાં રાવણની રીલ ઉતારેલી. વળી, તેઓ જો બાલબ્રહ્મચારી ન હોત તો શૂર્પણખાનું નાક વાઢવાનોય તેમનો જ પ્રોગ્રામ હતો. બસ! અર્પણમાળા પહેરાવવી તો હનુમાનજીના જ ગળે! મેં કાચી પળમાં પાકો નિર્ધાર કરી નાખ્યો. એ માઝમ રાત્રિએ સાક્ષાત્ હનુમાનજી મારા સ્વપ્નમાં આવ્યા. અંજનીસુતની ડબ્લ્યુ. ડબ્લ્યુ. એફ.ના રેસલર જેવી પ્રચંડ પર્સનાલિટી જોઈને હું તો અંજાઈ ગઈ. ગદ્‌ગદ થઈ જતાં એમનાં ચરણોમાં પધરાવા જ જતી હતી કે અચાનક એક ગગનભેદી નાદ સંભળાયો—'મહામાયાવિની!' હનુમાનજીએ કોઈ માયવી રાક્ષસીને છાજે એવું સંબોધન મને કર્યું. એમના શરીરે ચોળેલું સિંદૂર જાણે આંખોમાં ઊતરી આવ્યું હોય એવાં લાલ ઘૂમ લોચને એમણે વૈખરી ઉચ્ચારતા કહ્યું : 'દશાંગુલ, છેટી રહેજે મનસ્વિની! શનિની સાડાસાતી વખતે તેં પ્રભુ રામચંદ્રજીની દુહાઈ દઈ દઈને મારું ખાસ્સું ઈમોશનલ બ્લૅકમેઈલિંગ કર્યું છે. અને હવે સાડા સાત વર્ષે માંડ પિંડ ઘટ્યો છે ત્યાં તારા મસ્તિકના પાગલપણાના પરિપાકરૂપ પુસ્તક સાથે મારું નામ જોડવા માગે છે? સાવધાન!' કહેતાં જ હનુમાનજીએ મારી સામે એમની ભારેભરખમ ગદા અને એની સાથે ભેટયોજનામાં મફત હોય એમ દ્રોણ પર્વત પણ ઉગામ્યો. હું સમજી ગઈ કે જો હું વધુ વાર ત્યાં રોકાઈશ તો એ રામભક્ત મારા રામ રમાડી દેશે! એટલે મેં આગળ દોટ મૂકી.

દોડતાં દોડતાં મને વિચાર આવ્યો કે આ બધા ભગવાનો સાહિત્યમાં શું સમજે? સાહિત્યના મામલામાં તો મા સરસ્વતીની મોજડીમાં કોઈ પગ ઘાલી શકે નહીં. એટલે ત્યાં પૂછતાં પૂછતાં મેં પરમેશ્વરીને ગોત્યાં. શ્વેત આરસપહાણના ભવ્ય ભવનમાં મા શારદે ચિંતાતુર ચહેરે કો'ક પુસ્તકનું પઠન કરી રહ્યાં હતાં. માતાને જોતાંવેંત મારો શરણાગતભાવ છલવા માંડ્યો ને પછી તો મારાં ગોરાં ચરણ મેલા થઈ જાય એનીય પરવા કર્યા વિના મેં ધડ દઈને માતાજીને 'સાષ્ટાંગ દંડવત્' કરી નાખ્યા. મારા અણધાર્યા સ્પર્શથી અને દર્શનથી કુપિત થયેલાં માતાજીએ એમની વીણાને શસ્ત્ર તરીકે પ્રયોજીને એનો દંડૂકો ઉગામતાં કહ્યું : 'અરે હટ જડમતિ!' 'હ... હં... જડમતિ નહીં મા! એક નવોદિત લેખિકા છું. મારુ પ્રથમ પુસ્તક હું આપને અર્પણ કરવા માગું છું. તમારું જ છે ને તમને જ...' હજી હું મારી ઉક્તિ પૂર્ણ કરું એ પહેલાં તો કોપાવિષ્ટ થઈને માતાજીએ ત્રાડ પાડી—'ખબરદાર! ભ્રષ્ટબુદ્ધિ! અલ્પમતિ! હું હમણાં જ તારા હાસ્યાસ્પદ પુસ્તકનું પઠન કરી રહી હતી.' 'હાસ્યપ્રેરક'ને સ્થાને 'હાસ્યાસ્પદ' જેવી ગંભીર શાબ્દિક ભૂલની મા સરસ્વતી પાસે મને લેશમાત્ર અપેક્ષા ન હતી. 'હાસ્યાસ્પદ નહીં મા 'હાસ્યપ્રેરક!' મેં એમની ભૂલ સુધારી એટલે માએ એમના હાથમાં રહેલું શ્વેત કમળ ચાબુકની પેઠે મારા ગાલ પર ફટકારતાં કહ્યું : 'મુર્ખશિરોમણિ! ખબરદાર, જો મારું નામ બદનામ કર્યું છે તો! વક્રકલમે! વક્રમણિ! વક્રશીલે! તારી બીજના ચંદ્ર જેવી બંકિમાકૃતિ અમ દેવોને અર્પણ કરવાની વાત ભૂલી જા! પૃથ્વી પરના જ કોઈ મગતરાને ઢૂંઢી લે!'

'માતે! ઢૂંઢના તો હિન્દીભાષાનું ક્રિયાપદ છે, ગુજરાતી ભાષાનું નહીં!' - આદતવશ મારી ભીતર બેઠેલો વિવેચક વદી ઊઠ્યો. કિન્તુ આ સાંભળતાં જ માતા કોપાયમાન થવાને બદલે ખડખડ હસી પડ્યાં. એટલે એક તકસાધુની અદાથી મેં સત્વરે માતાજીનાં ચરણ ઝાલી લીધાં. 'માતે! સાહિત્ય જેવી ઉચ્ચ-કક્ષાની વસ્તુ માટે પૃથ્વી પરના મનુષ્યો સર્વથા અ-લાયક છે. હું મારું પુસ્તક અર્પીશ તો કેવળ દેવોને જ! મનુષ્યને હરગીઝ નહીં! હરગીઝ નહીં! હરગીઝ નહીં!'

મારામાં એક સાથે બાળ-હઠ, સ્ત્રી-હઠ અને સર્જક-હઠનો તીવ્ર ત્રિવેણીસંગમ થયેલો જોઈને માતાજી સહેજ પીગળ્યાં. થોડુંક વિચાર્યા બાદ એમણે કહ્યું : 'બાલિકે!

(અનુસંધાન પૃ. ૩૯૯)

ડૉલીનું સર્જન અને આનુષંગિક સિદ્ધિઓ

ડૉ. જગદીશ પી. ત્રિવેદી


૫ જુલાઈ, ૧૯૯૬માં એક ઘેટી ડૉલીનો જન્મ થયો; પરંતુ આ ઘટના ફેબ્રુઆરી ૧૯૯૭માં જાહેર કરવામાં આવી. આ સમાચારે વિશ્વભરમાં સનસનાટી ફેલાવી દીધી.

સ્કૉટલૅન્ડમાં એડિનબરો નજીક રોઝાલીન ઇન્સ્ટિ-ટ્યૂટમાં એક ગર્ભવિદ્યાશાસ્ત્રી (**embryologist**) ઈઆન વિલ્મુટ (**Wilmut**) દ્વારા એક સમજનીનક (**clone**) ઘેટી જન્માવવામાં સફળતા મળી. આ માટે વિલ્મુટને બે કોષોની આવશ્યકતા સાંપડી : એક, જેના દ્વારા ડી.એન.એ. મળે તેવો કોષ તથા બીજો અંડકોષ જેમાંથી તેનાં ડી.એન.એ. તત્ત્વો કાઢી લેવાયાં હોય. વિલ્મુટે અંડકોષ શ્યામમુખી સ્કૉટિશ ઘેટીમાંથી લીધો. આ ઘેટીના અંડકોષમોચન (**ovulation**) બાદ બહુ ટૂંકા સમયમાં તેના અંડકોષો કાઢી લેવાયાં કારણ કે આ સમયે જ અંડકોષો ફલીકરણ માટે તૈયાર હોય છે. આખી પ્રવિધિ અવલોકવા માટે વિશિષ્ટ સૂક્ષ્મદર્શક યંત્રનો ઉપયોગ કરી પિપેટ નામના ઉપકરણમાં આ અંડ લેવામાં આવ્યાં. ત્યાર બાદ માનવ-વાળ કરતાં અનેકગણી પાતળી બીજી પિપેટની મદદ વડે અંડ-કોષમાંની નાભિ (કોષકેન્દ્ર) ચૂસી કાઢવામાં આવી. આપણે જેલો ખાઈએ છીએ તેમાંથી સ્ટ્રૉ દ્વારા ફળનો નાનો ટુકડો ચૂસી લેવા જેવી આ ક્રિયા કહી શકાય. શ્યામમુખી ઘેટીનાં ડી.એન.એ. ધરાવતી નાભિને આ રીતે કાઢી નાખ્યા બાદ જે કંઈ બાકી રહ્યું તે એક બિનફલીકૃત (**unfertilised**) અંડ હતું, જેમાં કોઈ જનીનક પ્રક્રમણ (**programming**) નહોતું.

બીજા તબક્કામાં વિલ્મુટે સાડાત્રણ માસનો ગર્ભધારણ કરેલ એક છ વર્ષની ફિન ડૉર્સેટ (**Finn Dorset**) શ્વેતમુખી ઘેટીની સ્તનગ્રંથિમાંથી એક કોષ મેળવ્યો. ગર્ભિણી ઘેટીના સ્તનમાંથી કોષ મેળવવાનું કારણ એ હતું કે ગર્ભાવસ્થા દરમ્યાન આ કોષ ખૂબ ઝડપથી વિકસે છે.ઘેટીઓની બે જુદી જુદી પ્રજાતિ (**breed**, અભિજનક) વિલ્મુટે એટલા માટે પસંદ કરી કે જેથી તે ખાતરી કરી શકે કે જે સમજનીનક નીપજે અને તેમાંથી જે ઘેટું જન્મે તે શ્યામમુખીના ડી.એન.એ.માંથી તો નથી જ જન્મ્યું. (કારણ શ્યામમુખીના કોષમાંથી ડી.એન.એ. કાઢી લેવાયાં હતાં.)

હવે શ્યામમુખીમાંથી લેવાયેલો નાભિકેન્દ્ર વિનાનો રિક્ત અંડકોષ શ્વેતમુખીના સુષુપ્ત સ્તનકોષની બાજુમાં એક પેટ્રીડિશમાં મૂકી તેને વિજસ્પંદનો આપવામાં આવ્યાં જેથી આ બંને કોષ એકબીજામાં ભળી ગયા. ત્યાર બાદ, એક બીજા વીજસ્પંદન દ્વારા આ નવા જોડાયેલા કોષનું વિભાજન પ્રેરિત કરાયું. એક અંડકોષને શુક્રકોષ દ્વારા ફલિત કરવામાં આવે છે ત્યારે કોષવિભાજન માટે એક કુદરતી શક્તિનો સ્ફોટ (**burst**) થાય છે, જે કોષ વિભાજન શરૂ કરે છે. અહીં પણ કોષવિભાજન એક સામાન્ય બીજગર્ભ (**embryo**)માં થતું હોય છે તે રીતે જ શરૂ થયું.

આ નવો બીજગર્ભ એક અઠવાડિયા માટે વધવા દેવામાં આવ્યો અને ત્યાર બાદ તેનું એક ત્રીજી પ્રતિનિયુક્ત ભ્રૂણપોષી (**surrogate**) શ્યામમુખી ઘેટીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું. વિલ્મુટે જો એક જ પ્રજાતિની ત્રણ ઘેટી સાથે પ્રયોગો કર્યા હોત તો પરિણામ મૂંઝવણભર્યું અને ગેરમાર્ગે દોરનારું રહેત, પરંતુ સ્તનકોષનાં ડી.એન.એ. શ્વેતમુખી ફિન ડૉર્સેટ ઘેટીમાંથી લેવાયાં હોવાથી એ બાબત તદ્દન સ્પષ્ટ થઈ કે નવી જન્મેલી ઘેટીમાં કઈ ઘેટીના ડી.એન.એ. આવ્યાં તથા વિકસ્યા. આ રીતે નવી જન્મેલી શ્વેતમુખી ઘેટી ડૉલી અંડદાતા શ્યામમુખી કે પ્રતિનિયુક્ત ભ્રૂણપોષી શ્યામમુખીના ડી.એન.એ. દ્વારા તો નથી જ જન્મી તેની ખાતરી થઈ શકી. જનીનશાસ્ત્રમાં ડૉલીનું સર્જન આમ એક અદ્‌ભુત સીમાસ્તંભ બની રહ્યું.



ડોલીનું સર્જન : (૧) ફીન ડોર્સેટ શ્વેતમુખી ઘેટીના સ્તનકોષો એક પેટ્રીડીશમાં મૂકવામાં આવ્યાં. કોષવિભાજન રોકવા તેમને પોષણ અપાયું નહીં. (૨) સ્કોટીશ શ્યામમુખી ઘેટીના બિલફલિત અંડ લઈ તેમાંથી નાભિકેન્દ્ર દૂર કરવામાં આવ્યું. (૩) સ્તનકોષ તથા નાભિકેન્દ્ર દૂર કરેલા રિક્ત અંડકોષને બાજુબાજુમાં મૂકી વીજ સ્પંદન દ્વારા ભેગા કરવામાં આવ્યાં. બીજ વીજસ્પંદનથી બીજગર્ભમાં વધવા માટે પ્રેરિત કરાયાં. (૪) એક અઠવાડિયા બાદ આ બીજગર્ભનું શ્યામમુખી ઘેટીમાં પ્રત્યારોપણ કરાયું. પરિણામે શ્વેતમુખી ફીન ડોર્સેટ ડોલીનો જન્મ થયો.

કોષમાંના જનીનો (gene) ને એક વાર નિષ્ક્રિય કર્યા બાદ તે પુનઃ સક્રિય કરી શકાતા નથી તેવા સિદ્ધાંતને પણ ખોટો દર્શાવી શકાયો. આમ, એક પુખ્ત ઘેટીના ડી.એન.એ.માંથી ડૉલીનું સર્જન વિજ્ઞાનીઓ તેમજ સામાન્ય માનવી માટે ભવિષ્યની નવી આશાઓ જન્માવે છે.

વિલ્મુટ દ્વારા વિકસાવેલી આ સમજનીનીકરણ પદ્ધતિ સરળ નથી તેમજ વિશેષ ખાતરીદાયક પણ નથી. વિલ્મુટ અને તેના સાથીઓને ડૉલી જન્મી તે પહેલાં કેટલીયે ઘેટીઓના અંડ તપાસવા પડેલા. તેમણે આ કોષકેન્દ્ર સ્થાનાંતર પ્રવિધિ દ્વારા બીજગર્ભ મેળવી તેમની વૃદ્ધિ માટે ૨૭૭ પ્રયોગો કરેલા જેમાંથી માત્ર ૨૯માં જ છ દિવસથી વધુ જીવંત રહી શકે તેવા બીજગર્ભ વિકસાવી શકાયા. આ ૨૯ બીજગર્ભમાંથી માત્ર એક ડૉલી જ જીવંત સ્વરૂપે જન્મી શકી. છ વર્ષની ઘેટીના ડી.એન.એ. દ્વારા ડૉલી જન્મી તેથી એવી આશંકા પણ હતી કે આ ડી.એન.એ. ખૂબ જૂનાં હોઈ ડૉલી ઝડપથી વૃદ્ધ થઈ જશે કે તેની શારીરિક સ્થિતિ નબળી રહેશે. પરંતુ ડૉલી એક તંદુરસ્ત અને ફળાઉ ઘેટી નીવડી. એક પર્વતીય વેલ્શ ઘેટા સાથે તેના રાબેતા મુજબના સંવનને કારણે એપ્રિલ ૧૯૯૮માં એક ઘેટી જન્મી જેનું નામ બૉની રાખવામાં આવ્યું.

૧૯૯૭માં હવાઈ વિશ્વવિદ્યાલયના નિયામક રૂઝો યાનાગીમાચી (**Ryuzo Yanagimachi**) સાથે સંશોધન કરતા વાકાયામા (**Teruniko Wakayama**)ને સમજની-નીકરણના પ્રયોગમાં અસાધારણ સફળતા મળી. વિલ્મુટે ઘેટીના સ્તનકોષ વાપરેલા તેના બદલે વાકાયામાએ ઉંદરના અંડપિંડ (**ovaries**)માંના અંડની ફરતે રહેલા ક્યુમ્યુલસ (**cumulus**) કોષો પસંદ કર્યાં. તેણે પ્રવિધિ પણ ડૉલીની રીત કરતાં જુદી વાપરી. તેણે વીજસ્પંદનોનો ઉપયોગ ન કરતાં એક ઉંદરડીના કોષમાંથી નાભિકેન્દ્ર દૂર કર્યા બાદ તેમાં અન્ય ઉંદરડીના ક્યુમ્યુલસ કોષો દાખલ કર્યા. આ રીતે સૌપ્રથમ જન્મેલ સમજનીનકને ક્યુમ્યુલીના નામ આપવામાં આવ્યું અને ત્યાર બાદ તો તેમની ત્રણ પેઢીઓમાં બીજાં ૪૯ ભાઈ-બહેનો જન્મ્યાં જે બધાં એક જ સમરૂપી ડી.એન.એ.ની પ્રતિકૃતિઓ ધરાવતાં હતાં. આ બધાં જ તંદુરસ્ત તેમજ ફળાઉ પણ હતાં.

વાકાયામાની સફળતાનું પ્રમાણ ૧૦૦ પ્રયત્નોમાં ૨ સમજનીનક જેટલું રહ્યું જે વિલ્મુટની રીત કરતાં ઘણું ઊંચું ગણાય. જીવ આયુર્વૈજ્ઞાનિક (**biomedical**) સંશોધન માટે આ એક મુખ્ય પ્રગતિસ્તંભ ગણાય છે; કારણ કે જનનીય સંશોધન મુખ્યત્વે ઉંદરો પર જ કરવામાં આવે છે.

૧૯૯૮નું વર્ષ સમજનીનીકરણ માટે ખૂબ જ અગત્યનું છે. જપાનમાં નારા ખાતે આવેલ કીન્કી વિશ્વવિદ્યાલય (**Kinki University**)માંથી ડિસેમ્બર ૧૧, ૧૯૯૮ના સાયન્સ મૅગેઝીનમાં એવો અહેવાલ પ્રસિદ્ધ થયો કે એક પુખ્ત વયની ગાયમાંથી આઠ સમજનીનક (**clone**) વાછરડાં મેળવી શકાયાં છે. અહીં પ્રવિધિ ડૉલીની રીત મુજબ વપરાયેલા પરંતુ વાકાયામાએ વિકસાવેલ ક્યુમ્યુલસ કોષો વાપરવામાં આવ્યાં. એક પુખ્ત ગાયમાંના ક્યુમ્યુલસ કોષો લઈ તેમાં રહેલા ડી.એન.એ.ને અન્ય ગાયના નાભિકેન્દ્ર દૂર કરેલા અંડકોષમાં પ્રસ્થાપિત કર્યો. કોષવિભાજન માટે વીજસ્પંદનો વપરાયાં. પરિણામે બીજગર્ભ વિકાસ પામ્યા. તેમાં ૧૦ બીજગર્ભનું પાંચ ગાયોમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું. બધી જ ગાયોએ વાછરડાંને જન્મ આપ્યો. કમનસીબે આમાંનાં ૪ વાછરડાં જન્મવેળાએ કે તે બાદ તરત જ મૃત્યુ પામ્યાં તેમ છતાં મોટાં પશુઓ માટે કીન્કી વિશ્વવિદ્યાલયની સફળતાનું પ્રમાણ હજી સુધીના સમજનીનીકરણ માટે સૌથી ઊંચું રહ્યું છે.

૧૯૯૮ના જ એક અહેવાલ મુજબ બૉસ્ટનની એડવાન્સ સેલ ટેક્નોલૉજી નામની કંપનીએ સ્રોતકોષો વિકસાવવાની રીત શોધી કાઢી છે. આ કોષો જે બીજગર્ભમાં મળે છે તેમાં બધાં જ જનીનો સક્રિય હોય છે. એટલે કે તે બધાં શરીરને આવશ્યક દરેક પ્રકારના કોષને (હૃદયકોષ, ત્વચાકોષ, યકૃતકોષ) ઉગાડી શકવા શક્તિમાન છે. આ સ્રોતકોષો મેળવવાની રીત કોષકેન્દ્ર સ્થાનાંતર પ્રવિધિ જેવી જ છે. ગાયના અંડકોષમાંથી નાભિકેન્દ્ર દૂર કરી તેની સાથે માનવીય કોષને જોડવાની તકનીકી દ્વારા ભવિષ્યમાં માનવીના રોગગ્રસ્ત અંગો બદલવામાં તથા બીમારી દૂર કરવામાં સફળતા રહેશે તેવું જનીનશાસ્ત્રીઓ માને છે. (અસ્થિમજ્જા, પ્રત્યારોપણ, મધુપ્રમેહ વગેરે) સ્રોતકોષોને એવી પસંદગીય રીતે ઉછેરી શકાશે કે તે ચોક્કસ પ્રકારના સ્નાયુકોષમાં જ પરિણમે. આ કોષોના ઉછેર માટે વપરાતો ડી.એન.એ. તે વ્યક્તિમાંથી મેળવાતો હોઈને ભવિષ્યમાં તેને આ ડી.એન.એ.માંથી બનેલાં અવયવો જોડતાં તેનું શરીર પ્રતિકાર નહિ કરે. સમજનીનીકરણ નષ્ટપ્રાય થઈ રહેલી પ્રજાતિઓના સમજનીકો બનાવી તેમને બચાવી શકાશે.

૧૯૯૮માં આ રીતે ન્યૂઝીલૅન્ડના હૅમિલ્ટનનું રૂઆકુરા કેન્દ્ર (**Ruakura Centre**) દ્વારા એક દુર્લભ પ્રકારની ગાયનો વંશ બચાવવામાં સફળ રહ્યા. આ ગાય (**Lady**) તેની જાતિની છેલ્લી દુર્લભ અભિજનક (**breed**) છે. તેનું સમજનીનીકરણ કરવામાં આવ્યું છે. તેનું કૃત્રિમ ગર્ભાધાન કરવામાં પણ આવ્યું છે. પરંતુ કમનસીબે લેડીએ એક આખલાને જન્મ આપ્યો. લેડી ઘરડી થતી હોઈ હવે ગર્ભધારણ નહિ કરી શકે એ આશંકાએ વિજ્ઞાનીઓએ વિલ્મુટ પ્રવિધિ મુજબ તેનું સમજનીનીકરણ કર્યું જે સફળ નીવડ્યું. લેડીનું સમજનીનક માદા છે, કારણ કે તેનામાં તેની માતાના જ ચોક્કસ ડી.એન.એ. આવ્યાં છે. આ વાછરડીને

એલ્સી (Elsie) નામ અપાયું છે અને આશા છે કે તે પુખ્ત ઉંમરની થતાં તેનું એન્ડરબી ટાપુના ગોધા સાથે (Enderby Island Bull) કૃત્રિમ ગર્ભાધાન કરાવવું. આ માટે આ ગોધાના શુક્રાણુઓ ખૂબ નીચા તાપમાને જાળવી રાખવામાં આવ્યા છે.

અન્ય એક લુપ્ત થતી જાતિ પશુઓમાં જાયન્ટ પાન્ડાને પણ આ રીત સમજનીનીકરણથી બચાવી શકાશે. વિશ્વભરમાં માત્ર હજારેક પાન્ડા બચ્યા છે, જેમાંના પ્રાણીસંગ્રહાલયમાં રખાયેલાનું કૃત્રિમ ગર્ભાધાન સફળ થયું નથી. ૧૯૯૮ જુલાઈમાં ચીનની ઍકૅડેમી ઑફ સાયન્સીસે જાહેર કર્યું કે આવા પાન્ડા બનાવવા પ્રો. ચેન ડેનાન (Professor Chen Daynan)ની રાહબરી નીચે એક સરકારી પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. પાન્ડાના કોષમાંથી ડી.એન.એ. લઈ તેનું અન્ય પ્રાણીઓના અંડમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે. આ અંડમાંથી તેમનાં પોતાનાં નાભિકેન્દ્રો દૂર કરાયાં હશે. ક્યાં પ્રાણીઓ આ માટે પસંદ કરવાં તે હજી નક્કી નથી, પરંતુ સૂચન છે કે કદાચ શ્વાન શક્ય અંડદાતા તરીકે તેમજ પ્રતિનિયુક્ત ભ્રૂણપોષી માતા તરીકે વપરાશે. કારણ કે શ્વાન અને પાન્ડાની ગર્ભાવસ્થા લગભગ સરખી હોય છે. આવતાં ત્રણથી ચાર વર્ષમાં આ પ્રોજેક્ટ પૂરો કરવાની ધારણા છે.

ડિસેમ્બર ૧૯૯૮માં માનવીય સમજનીનીકરણમાં દક્ષિણ કોરિયા વિશ્વવિદ્યાલયે મોટી સફળતા મેળવી. તેઓએ બનાવેલ માનવીય સમજનીનક ગર્ભબીજ જ્યારે બે વાર વિભાજન પામ્યું ત્યારે સંશોધકોએ કાયદાકીય બંધનને કારણે તેમને નષ્ટ કરવા પડ્યા. એમ માનવામાં આવે છે કે માનવીય સમજનીનીકરણમાં આ એક હનુમાનકૂદકો છે.

એક જ પ્રયોગબૅચમાં એકસાથે સૌથી વધુ સમજનીનક કરેલાં ભૂંડનાં પાંચ બચ્ચાં ૫ માર્ચ ૨૦૦૦ના રોજ જન્મ્યાં જેમનાં નામ મિલિ, ક્રિસ્ટી, એલેક્સીસ,કારેલ તથા ડૉટકૉમ પાડવામાં આવ્યાં. બ્લૅકબર્ગ, વર્જિનીઆ, યુ.એસ.એ.ની પી.પી.એલ. થેરાપ્યુટિક્સ કંપનીએ આ સિદ્ધિ કોષકેન્દ્ર વિસ્થાપન પ્રવિધિ દ્વારા મેળવી છે. આમ, માનવીનાં અંગો માટે સ્રોત તરીકે ભવિષ્યમાં ભૂંડના સમજનીનકો વાપરવાની સફળતા/સરળતા વધી છે.

જુલાઈ ૨૦૦૧માં વુસ્ટર ખાતેની ACT (Advanced Cell Technology)ના માઈલક વેસ્ટ તથા સંશોધકોએ સમજનીનક માનવીય બીજગર્ભ મેળવ્યું, જે વિશ્વનું સૌ પ્રથમ માનવીય બીજગર્ભ છે. જો કે આ બીજગર્ભ થોડાક જ કલાકો જીવ્યું. ACTનું ધ્યેય તેમાંથી સ્રોતકોષો અલગ પાડી ચિકિત્સીય સમજનીનીકરણ (Therapeutic Cloning) માટે વાપરવાનું હતું. આ સંશોધન એક અનોખી વૈજ્ઞાનિક સિદ્ધિ કહેવાય; કારણ કે પુખ્ત માનવમાંથી લીધેલ એક કોષનું તંદુરસ્ત બીજગર્ભમાં વર્ધન શક્ય છે તે સાબિત થયું. આજ સુધી માત્ર ગાય, ભૂંડ કે ઉંદરોમાં જ આ શક્ય હતું.

આ માટે સ્વયંસેવકોના ત્વચાકોષમાંથી સમજનીનકો ઉગાડાયાં તથા તેમના કેટલાકને અંડકોષો સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. આવા બે કોષોને જોડવાના ત્રણ પ્રયોગો નિષ્ફળ જતાં તેમણે ત્વચાકોષોને બદલે અંડપિંડમાં ઊગતા ક્યુમ્યુલર કોષો વાપર્યા, જેમાં તેઓ સફળ થયા. કુલ ૭ સ્વયંસેવકોમાંથી ૭૧ અંડકોષો લઈ પ્રયોગ કરતાં એકમાં જીવંત બીજગર્ભ ઉગાડવામાં સફળતા મળી. આ બધા જ બીજગર્ભ અંતે તો મૃત્યુ પામ્યા પરંતુ સ્રોતકોષો મેળવવાનું સરળ થઈ ગયું.

આ સંશોધનોથી ચિકિત્સીય સમજનીનીકરણ (Therapeuntic cloning) દ્વારા પુનર્જનનીય ઔષધશાસ્ત્ર (regenerative medicine)માં અકલ્પ્ય શક્યતાઓ ઊભી થઈ છે. વૃદ્ધ થતાં જતાં અથવા બીમાર વ્યક્તિઓમાં પેશીઓ તેમજ અવયવોનું પ્રત્યારોપણ શક્ય બને તે દિવસો હવે બહુ દૂર નથી. ❐

'કુમાર'નો ૯૦૦મો વિશેષાંક

'કુમારની પ્રથા પ્રમાણે પ્રત્યેક શતકાંક વિશેષ રૂપે પ્રકટ કરાયો છે તે પ્રમાણે આગામી ડિસેમ્બર ૨૦૦૨નો અંક ૯૦૦મો અંક હશે. વળી, આ તેના ૭૫મા વર્ષની પૂર્ણાહુતિનો પણ અંક હશે. આ બેવડા પ્રસંગે 'કુમાર' ૯૦૦મો અંક **'નર્મ-મર્મ વિશેષાંક'** તરીકે પ્રકટ કરશે.

સૌ લેખક-ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ મિત્રોને આ વિશેષાંક માટે નર્મ-મર્મયુક્ત કાવ્ય, વાર્તા, નાટિકા, નિબંધિકા, કટાક્ષચિત્રો, કાર્ટૂનો આદિ મોકલી આપવા હાર્દિક નિમંત્રણ છે. આપની કૃતિ ઑક્ટોબર ૨૦૦૨ના અંત સુધીમાં 'કુમાર કાર્યાલય'ના સરનામે મળે તે જોવા વિનંતી છે.

અનુસંધાન] અર્પણ લીલા [પૃ. ૩૬૬ થી

પરિસ્થિતિનો ચારે બાજુથી બરાબર વિચાર કર્યા બાદ મને એમ લાગે છે કે તેત્રીસ કોટિ દેવી-દેવતાઓમાં તને કેવળ એક દેવ સિવાય અન્ય કોઈ પણ દેવ નહીં સંઘરે... તું એમને જ તારું પુસ્તક અર્પણ કરી દે!'

'કોને? વદો! વદો માતે! કોને?'

'દેવાધિદેવ યમદેવને!' કહીને માતાજી અંતર્ધાન થઈ ગયાં.

યમદેવનું નામ સાંભળતા જ મારી છાતીમાં છ બાય છ ઈંચનો ધ્રાસ્કો પડ્યો ને ત્યાં જ મારું સ્વપ્ન તૂટી ગયું. જો કે જાગૃત થયા બાદ મેં મારું પુસ્તક દેવોને અર્પણ કરવાવાળો વિચાર જ માંડી વાળ્યો. રખે ને યમદેવ રાત્રે સ્વપ્નમાં આવે.... પછી કાં તો પુસ્તક કાં તો જીવ અર્પણ કર્યે જ છૂટકો!!! ❐

પંચ અને રાવણાં

ભગીરથ બ્રહ્મભટ્ટ

મનને જોડે છે હવે ભૂતકાળનાં સંભારણાં
ના રહ્યો અસબાબ, કિન્તુ એનાં ભારણ રહી ગયાં.
- બેફામ

એ પણ વખત હતો. એક જ જગાએ ગ્રામજનો એકઠાં થાય. ગામમાં રહેતાં અને બહાર વસતાં બધાં જ ગ્રામજનો એ દિવસે હાજર હોય. મોટે ભાગે ઝાયણી (બેસતુંવર્ષ), દશેરા અને ધૂળેટીનો દિવસ હોય. ગામ ભેગું થાય. બધી જ જ્ઞાતિના માણસો એમાં હોય. કોઈ કુંભાર, કોઈ વાળંદ, કોઈ સુથાર, કોઈ હરિજન પોતપોતાની મર્યાદા પ્રમાણે જગ્યા લઈ બેઠા હોય. મોદ પથરાઈ હોય. એમાં તો અમુક જ નાતને સ્થાન હોય! કસુમ્બા-પાણી થાય ને બીડી-દારૂ-ચાની જ્યાફત... એ રાવણું. રાવણામાં આવેલા પુરુષો કપડેલત્તે તો સજ્જ હોય પણ માથે પાઘડીય હોય... રજવાડી દરજ્જો ભલે તેમને ન મળે પણ ડૉળ કરે રજવાડાં જેવો! નશીલાં દ્રવ્યો સેવતા જાય ને ગામનો નકશો ઉકેલતા જાય. ગામની વાતો કરતા જાય, ભૂતકાળની સ્પષ્ટતાઓ અને ભવિષ્યની માંડણીઓ રાવણામાં થતી. ગામની સામૂહિક પ્રવૃત્તિના નકશા રાવણું દોરતો!!

પંચ એટલે નાતવિશેષનો મેળાવડો. નાતીલાઓની ઠઠ. જ્ઞાતિનો દરબાર ઊમટે એમાં. એક જ નાતના પુરુષો પંચમાં ઊમટ્યા હોય. પંચના પુરુષો જાણે પરમેશ્વર! જાણે કોઈ દરજ્જો લઈને આવ્યા ન હોય! નવાં નક્કોર ધોળાં કપડાં, માથે ફાળિયાં, કોટમાં સોનાનો દોરો, પહેરણના ગાજમાં ડમરો, પંચમાં આવે ત્યારે જાણે કોઈના લગનમાં જતા હોય એવો ઉત્સાહ લઈને આવે. સજીધજીને આવે. પોતાના અસ્તિત્વની ઓળખ ગ્રામજનોને કરાવે. પરસ્પર થાય. જ્ઞાતિજનો પરસ્પરને ઓળખે. નાતના ઉત્કર્ષથી વિકાસની વાતો થાય. નાતના નિયમો ઘડાય. નિયમો ન પાળનારાઓને દંડ થાય-સજા થાય, ખુલાસાઓ મંગાવાય. પંચ પ્રસંગોપાત્ત ભેગાં થાય. જેના સંબંધો સંકુલ થઈ ગયા હોય, બૈરી આવતી ન હોય કે અંટસ પડી ગઈ હોય, આદમી અવળું બોલતો હોય કે ફારગતી લેવા માગતો હોય - પંચ પાસે તે બધાંનો ન્યાય થાય.

પંચ એક જ જ્ઞાતિનાં હોય, લુહારનાં હોય, કુંભારનાં હોય, વાઘરીનાં હોય, ઠાકોરનાં હોય, પટેલનાં હોય, ચૌધરીનાં હોય - એમ જ્ઞાતિનાં પંચ હોય. જે પંચ બોલાવે એને માથે ખર્ચ રહે, પણ એનો ભાર નહિ. નાતને બોલાવ્યાની પ્રસન્નતા હોય! આજે તો વગર કામે ક્યાં કોઈને ત્યાં જવા-આવવાનું જ થાય છે? રાવણાં કે પંચ ક્યાં ભેગાં થાય છે? સાથે મળે તો પ્રશ્નો ઊકલે, સમસ્યાઓ સમજાય અને એનો ઉકેલ પણ જડે. હવે તો સૌ સાવ ટૂંકા મનનાં થતાં જાય છે એટલે નથી જોવા મળતાં રાવણાં કે નથી દેખાતાં પંચ...

પલટાતી જતી આ પરિસ્થિતિએ રાવણાં-પંચની પ્રવૃત્તિનો વેગ ઘટાડી દીધો છે. ટેલિફોન જેવાં સાધનોય એમાં ઓછાં જવાબદાર નથી, રાવણાં-પંચનાં પ્રયોજનો હવે રહ્યાં નથી એટલે એનો દોરદમામ શિથિલતા અનુભવી રહ્યો છે. પહેલાંના કોઈ માણસને પૂછો તો ખબર પડે કે રાવણાં અને પંચનાં પ્રયોજનો કેટલાં? એનું દૃશ્ય કેવુ?

એ ય આખા ગામમાં-વાડામાં-ખાટલા ઢળ્યા હોય... - નાતીલાઓ એમાં આડા પડ્યા હોય, ધોળાં કપડાંમાં ચમકતા હોય - કોઈ ફલાણા ગામના તો કોઈ ફલાણા ગામના. કોઈ અમુક કારણે તો કોઈ તમુક કારણે... આવે... ભેગા થાય. ગામગામના તાર જોડાય. લેતી-દેતી-બેટીના વ્યવહારો નક્કી થાય. ગોળ પણ નક્કી થાય. ઉચ્ચાવચતા પણ નક્કી થાય. કસુમ્બા પિવાય, ને શીરો ખવાય, સાંજે ખીચડી-દૂધનાં વાળુ થાય. ચાનો તો હિસાબ જ શાનો હોય? એ બધું તો પંચ અને રાવણાંના લટકાની શોભા!! એ વિના રાવણાં અધૂરાં.

આમ તો કેવળ નશીલાં દ્રવ્યો ભલે એ રહ્યાં, પરંતુ પરસ્પરની આત્મીયતા કેળવવામાં પણ એ દ્રવ્યોનો હિસ્સો કંઈ નાનો-સૂનો નથી. પંચમાં જઈ ઝીણી નજરે જુઓ તો ખ્યાલ આવે!

રાવણાંથી ગામ સમૃદ્ધ બનતાં અને પંચથી નાત સમૃદ્ધ બનતી. અલબત્ત, એમાં કસુંબો ભળે, બને, એમ પણ બને. કાંઈ રાવણાંમાં બધું જ સારું કે સાચું જ થોડું થાય? પંચ-રાવણું ક્યારેક કોઈ ગરીબને અન્યાય પણ કરતું હશે, પણ એનાથી કેટકેટલા ફાયદા થતા! પંચમાં ગામેગામથી તેડાવેલા નાતના માણસો સાથે પરિચયો થતા. એમનાં સંતાનો વિશેની માહિતીની આપલે થતી. ભાવિ સંબંધો બાંધવાની માનસિક ભૂમિકાઓ બંધાતી. રૂબરૂ મળવાથી પરસ્પરને ચકાસવાની તક મળી રહેતી. આજે તો રાવણાં અને પંચ વગરના એકાકી થયેલા માણસને પોતાનાં સંતાનોને પરણાવવાં હોય ત્યારે કેટલી બધી મૂંઝવણ થાય છે!! કોઈ કોઈને ઓળખતું જ નથી એટલે તો આંતરજ્ઞાતીય લગ્નો વધવા માંડ્યાં છે, નાતની પ્રતિષ્ઠા તૂટવા માંડી છે, એક રીતે સામાજિક દરજ્જો વિખરાવા માંડ્યો છે. આથમવા માંડી જાણે નાતની જાહોજલાલી!! રાવણાથી અનેક ફાયદાઓ

(અનુસંધાન પૃ. ૩૭૯)

કબીર-સાહિત્ય અને સંગીત

આચાર્ય પરશુરામ ચતુર્વેદી/અનુ. હર્ષદ મ. દવે

કબીર સાહેબનાં ઉપલબ્ધ પદોના સંગ્રહોમાં તેના જુદા જુદા રાગ પ્રમાણે કરવામાં આવેલ વર્ગીકરણ જોઈને એ પ્રકારનો પ્રશ્ન સ્વાભાવિકપણે જ થાય કે શું એમની રચના સંગીત-કળાના કોઈ સ્વીકૃત નિયમો પ્રમાણે કરવામાં આવી હશે? શું એ શક્ય છે કે કબીર સાહેબને સંગીતનો પણ થોડોઘણો પરિચય હશે? એમની રચનાઓમાં અત્યાર સુધી સહુથી પ્રામાણિક ગણાતા ત્રણ સંગ્રહોમાંથી 'આદિગ્રન્થ'માં એમનાં પદ ક્રમશઃ સિરી રાગુ, રાગુ ગઉડી, રાગુ આસા, રાગુ ગૂજરી, રાગુ સોરઠિ, રાગુ ધનાસરી, રાગુ તિલંગ, રાગુ સૂહી, રાગુ બિલાવલ, રાગુ ગૌડ, રાગુ રામકલી, રાગુ મારુ, રાગુ કેદારા, રાગુ ભૈરઉ, રાગુ બસન્ત, રાગુ સારંગ તથા રાગુ પ્રભાતી પ્રમાણે વિભાજિત છે. એ જ રીતે 'કબીર-ગ્રન્થાવલી'માં એનું વર્ગીકરણ ક્રમશઃ રાગ ગૌડી, રાગ રામકલી, રાગ આસાવરી, રાગ સોરઠિ, રાગ કેદારૌ, રાગ મારુ, રાગ ટોડી, રાગ ભૈરુ, રાગ બિલાવલ, રાગ લલિત, રાગ બસન્ત, રાગ માલીગૌડી, રાગ કલ્યાણ, રાગ સારંગ, રાગ મલાર તથા રાગ ધનાશ્રી પ્રમાણે કરેલું જોવા મળે છે. 'કબીર બીજક'ના શબ્દોનું આવું વિભાજન એમની કોઈ પણ પ્રસિદ્ધ આવૃત્તિઓમાં જોવા નથી મળતું. આ કારણે એમ પણ અનુમાન કરવામાં આવે છે કે તે સંગ્રહ સહુથી પ્રાચીન કહી શકાય તેમ છે. જોહેની (ઉદયપુર)ના સંગીતકાર શ્રી કૃષ્ણનન્દ વ્યાસે (સંવત ૧૮૫૧-૧૯૪૫) પોતાના સંવત ૧૯૧૫માં સમાપ્ત 'રાગ કલ્પદ્રુમ' નામના પ્રસિદ્ધ બૃહદ્ ગ્રન્થમાં 'કબીર બીજક'ના પણ શબ્દોનું રાગાનુસાર વર્ગીકરણ કર્યું છે. એને ક્રમશઃ રાગિણી અસાવરી, તાલ તિતારા, ધનાશ્રી તિતારા, જંગલા તિતારા, પૂરબી તિતારા, ગૌરી તિતારા, ભૂપાલી તિતારા, કલિંગ ગૌરી તિતારા, એમન તિતારા, કેદારા તિતારા, સોરઠ તિતારા, બિહાગ તિતારા, ઠુમરી તિતારા, દેશી ઠુમરી, ખંભાઈચ તિતારા, પરજ તિતારા, રાગિણી પરજ, મારુ તિતારા, કલિંગડા તિતારા, કાફી તિતારા, જોગિયા તિતારા, સીધુ તિતારા, જત તિતારા, કાફી તિતારા, જોગિયા તિતારા, સીધૂ તિતારા, જત તિતારા, સિં. તિતારા, માહીરી તિતારા, દાદરા તિતારા, રાગ કલિંગ તિતારા, રાગ સુરઠ તિતારા તથા હિંડોળા ધનાશ્રી જેવાં શીર્ષકોમાં દર્શાવેલ છે. આથી એવું અનુમાન થાય છે કે એમણે અહીં પણ કદાચ પોતાની સ્વીકૃત પદ્ધતિનું જ અનુસરણ કર્યું છે.

રાગ પ્રમાણે સંગૃહીત પદોનું વિભાજન કરવાની પરંપરા બહુ પહેલેથી ચાલી આવી રહી હતી. જયદેવ કવિની સંસ્કૃત રચના 'ગીતગોવિન્દ'નાં પદોનું વર્ગીકરણ રાગ તથા તાલના જ આધારે કરવામાં આવ્યું છે, અને તેમાં જુદા જુદા લયો તરફ સંકેત પણ છે. એ જ પ્રમાણે બૌદ્ધ સિદ્ધોના પણ ચર્યાગીતિકાઓના સંગ્રહોમાં રાગ પટમંજરી, રાગ ગબડા, રાગ ગૂજરી, રાગ વરાડી, રાગ મલ્લારી - જેવાં શીર્ષકો આપેલાં જોવા મળે છે. આ સિદ્ધોનો સમય વિક્રમની આઠમી સદી સુધી જાય છે અને તેની રચનાઓની ભાષા અપભ્રંશ છે. તેમનાં જીવનવૃત્તાંતો સાથે સંકળાયેલ વિવરણ પર્યાપ્ત સંખ્યામાં નથી મળતું. આ કારણે એ કહેવું મુશ્કેલ છે કે તેઓમાંના બધા જ સંગીતકાર પણ હોય. પરંતુ એટલું તો સ્પષ્ટપણે કહી શકાય તેમ છે કે એમની ઉપલબ્ધ ગીતિકાઓમાં પૂર્ણ ગેયત્વનું લક્ષણ તો રહેલું છે જ. સિદ્ધો ઉપરાંત આપણે ગુરુ ગોરખનાથ - જેવા નાથપંથીઓની રચનાઓનું પણ વર્ગીકરણ લગભગ એ નિયમ પ્રમાણે કરવામાં આવેલું જોવામાં આવે છે. જે 'ગોરખબાની'માં આવેલા રાગ રામગ્રી, રાગ આસાવરી તથા રાગ રામગરી શબ્દો દ્વારા જણાઈ આવે છે. તો પણ મૈથિલી કવિ વિદ્યાપતિની પદાવલિઓમાં આ નિયમનું પાલન બહુ ઓછું જોવા મળે છે. વિદ્યાપતિ માટે એવું જાહેર છે કે તેમણે 'ગીતગોવિન્દ'કાર જયદેવનું જ અનુકરણ કર્યું હતું અને તેઓ 'અભિનવ જયદેવ' ગણાઈને વિખ્યાત રહ્યા. એમનાં પદોનાં સંદર્ભમાં ઉપર્યુક્ત પરંપરાના પાલનનો અભાવ કદાચ એ વાતનો સૂચક છે કે તેઓ ગાવાયોગ્ય 'વિષ્ણુપદો'ની કક્ષામાં નથી આવતા. એમની પ્રાર્થનાઓ તથા નચારિયોંમાં પણ હંમેશા એ 'ટેકો' અથવા 'ધ્રુવો' વિશે ખયાલ નથી આવતો, જે એવાં ગેય પદોની વિશેષતા છે. કબીરસાહેબના સમય સુધીમાં આ બે પ્રકારના પદ-સંગ્રહોની પદ્ધતિ નિશ્ચિત થઈ ગઈ હશે. એથી એ શક્ય છે કે જેણે પણ એમનાં પદો અથવા શબ્દોનો સર્વપ્રથમ સંગ્રહ કર્યો હોય એની સામે ઉક્ત વર્ગીકરણનો એક આદર્શ અવશ્ય હતો. 'કબીરબીજક'વાળો સંગ્રહ તૈયાર કરાતી વખતે તેમણે એના મહત્ત્વ પ્રત્યે ખાસ ધ્યાન ન આપ્યું. જે સંગ્રહકર્તાઓને આ વાત સૂઝી, તેઓએ પોતપોતાના મત મુજબ તેનું વર્ગીકરણ જુદા જુદા રાગોનાં શીર્ષકોમાં કરી નાખ્યું. કોઈ પણ પદ માટે એ જરૂરી નથી કે તે માત્ર એક જ રાગમાં ગાવામાં આવે. આ કારણે આપણે જોઈએ છીએ કે 'કબીર ગ્રન્થાવલી'માં સંગ્રહ કરવામાં આવેલ રાગ ગૌડીનાં ૧૦, ૧૨, ૨૧, ૩૯, ૬૧, ૬૨, ૧૧૧ તથા ૧૪૭ સંખ્યાનાં પદોને 'આદિગ્રન્થ'માં ક્રમશઃ રાગુ આસા ૨૨ તથા ૨૬, રાગુ ગૂજરી ૨, રાગુ મારુ ૧, રાગુ ભૈરઉ ૪, રાગુ વિભાસ ૪, રાગુ આસા ૧૨ તથા રાગુ બિલાવલ શીર્ષક હેઠળ દર્શાવવામાં આવેલ છે. એ જ પ્રમાણે રાગ આસાવલા ૨૫૭મું પદ અહીં રાગુ તિલંગનું પ્રથમ પદ છે. એનો રાગ સોરઠિનું ૨૯૩મું પદ

અહીં રાગુ ગૌડનું પહેલું પદ થઈ ગયું છે.એનું ધનાશ્રીવાળું ૪૦૦મું પદ પણ અહીં રાગુ સારંગનું સર્વપ્રથમ પદ છે. આ થોડાંક ઉદાહરણોને આધારે એ નિષ્કર્ષ તારવવો અનુચિત નહીં ગણાય કે કબીરસાહેબનાં પદોનું રાગાનુસાર કરવામાં આવેલું વર્ગીકરણ એનાં મૂળ રચયિતાનું કાર્ય નહીં હોય. એ અલગ વાત છે કે તેમાંનાં અધિકાંશ પદોમાં પૂર્ણ ગેયત્વની ક્ષમતા પણ વિદ્યમાન છે, જેથી એવું અનુમાન કરી શકાય તેમ છે કે એની રચના સમયે સંગીત-કળાની તરફ કવિનું ધ્યાન અવશ્ય દોરાયું હશે.

કબીરસાહેબનાં સંગૃહીત પદોનું માત્ર રાગાનુસાર કરવામાં આવેલું વર્ગીકરણ જ મળે છે એવું નથી. તદુપરાંત તેમની રચનાઓમાં એવા અનેક પ્રકારના પ્રસંગો તથા પ્રયોગો પણ મળે છે કે જેથી તેના રચયિતાનો સંગીત-પ્રેમ સૂચિત થાય છે. કબીરસાહેબે પોતાનાં પદોનાં સંદર્ભમાં સ્વયં એક સ્થળે 'ગીત' શબ્દનો ઉપયોગ કર્યો છે. ત્યાં તેઓ કહે છે, "તમે એમ ન માનો કે હું માત્ર 'ગીત'ની રચના કરું છું, તેમાં મારા બ્રહ્મ સંબંધી વ્યક્તિગત વિચારો પણ નિહિત છે."[(1)] અહીં એમને એ વાતનો સ્પષ્ટ ખયાલ છે કે હું ગીતકાર છું. તેઓ નામ-સ્મરણને પણ અન્ય પ્રતિ તેનો બોધ કરાવતી વખતે ગુણગાન જેવા શબ્દનો પ્રયોગ કરે છે. આ માટે ક્યારેક ક્યારેક તેઓ કોઈક પ્રયોગ કરતા જોવામાં આવે છે.[1] તેઓએ આદર્શ ભક્તનો પરિચય આપતાં પોતાના એક પદની 'ટેક'માં જ આ કહી દીધું છે.[2] ત્યાં એમ લાગે છે કે એમનો અભિપ્રાય 'ભજન'ના અર્થમાં જ હશે અને સાચા હૃદયથી હરિ-નામનું ગીત ગાવું એમને અવશ્ય પ્રિય લાગતું હશે.

કબીરસાહેબ 'અનહદ-નાદ'ની ચર્ચા બહુ કરે છે. અને તેઓ ક્યાંક ક્યાંક 'વેણુ' નામ આપતા હોય તેમ જણાય છે. એમનું ત્યાં કાંઈક કહેવું છે,[3] જ્યાં એમ લાગે છે કે આનાહત નાદને, એના સાંભળવાને, તેઓ વેણુના સ્વર-સંગીત-શ્રવણ જેવું કહે છે. એમનો સાધક સદ્‌ગુરુ દ્વારા સંકેત મેળવી સુરતિને એ નાદ પરત્વે ઉન્મુખ કરેલ કહે છે. આ પ્રમાણે 'જોગ જુગતિ'ની સહાયતાથી પોતાની અંદર જ હરિ મેળવી લે છે. તેઓ વળી બીજે આ 'અનહદ નાદ'નું 'કીંગુરી' અર્થાત્ જોગીઓની નાની સારંગી અથવા વાયોલિનના સૂર જેવું વર્ણન પણ કરે છે. એમનું કહેવું છે કે, આ 'અનહદ કિંગુરી' એવી રીતે વાગે છે કે તેમાં ધ્યાન રાખતાં સાથે જ સુરતિના નાદનું સંધાન સંભવ બની જાય છે.[4] અહીં પણ એમનું સંગીત કળા વિષયક જ્ઞાન જ જોવા મળે છે. યોગ-સાધના વિશેના ગ્રન્થોમાં અનાહત નાદનું સામ્ય અનેક પ્રકારના શબ્દો સાથે દર્શાવવામાં આવેલ છે, પરંતુ એટલું સાદશ્ય તથા સુસ્પષ્ટ અને સુનિર્દિષ્ટ પરિચય એ યોગી જ આપી શકે કે જેને એ વિવિધ શબ્દો (ધ્વનિ) સાંભળવાનો પૂરો મહાવરો હોય.

કબીરસાહેબે પોતાનાં કેટલાંક પદોમાં એકાદ વાદ્ય-યંત્રના સ્વરૂપ તથા રચના વિશે પણ ઉલ્લેખ કર્યો છે. પોતાના એક પદમાં તેઓ કહે છે, 'હે અવધૂ, શું તને ખબર નથી કે બિન્દુ સ્થિર થતાં જ પોતાની અંદર 'નાદ'ની ઘોર ગર્જના થવા લાગે છે અને અનાહત શબ્દ બોલતો/થતો સંભળાવા લાગે છે? તું તારી કાયાની અંદરના આ રહસ્યપૂર્ણ ક્રિયાકલાપો તરફ ધ્યાન નથી આપતો અને જંગલમાં ફર્યા કરે છે. જો, મેં મારી તૃષ્ણાને નષ્ટ કરવા માટે ચંદ્રમા (ઇડા) અને સૂર્ય (પિંગળા) નાડીઓનાં બે તુંબડાં જોડીને મારા ચેતન (ચૈતન્ય)ની દાંડી શણગારી લીધી હતી, જેથી મારી સુષુમણાનો તાર ઝંકૃત થવામાં વિલંબ ન થયો. આ પ્રમાણે મારું કામ સહજમાં જ સિદ્ધ થઈ ગયું.[5] અહીં સુષુમણાની સાધના દ્વારા નિસ્પૃહભાવ અવસ્થાની પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. એ સાથે જ અહીં સાજ-શણગાર કરેલી વીણાનું ચિત્ર પણ સામે આવી જાય છે. 'ગોરખબાની'માં સંગૃહીત સોળમા પદની પણ બે પંક્તિઓ લગભગ આ ભાવને જ વ્યક્ત કરે છે અને એની શબ્દાવલી પણ લગભગ એકસરખી છે.[6] પરંતુ અહીં આપવામાં આવેલ રૂપકમાં વીણાની રચનાનું ચિત્ર એટલું સ્પષ્ટ લક્ષિત નથી થતું. 'કબીર બીજક'માં એક સ્થળે આવી વીણાને સુષુમણા નાડીને જ રૂપક બનાવેલ છે. ત્યાં કહેલ છે, 'તે પર્ણહીન જડ તથા થડની જેમ ઊભી છે, જેમાં ખૂંટી વગરનું તુંબડું લગાવ્યું છે. ત્યાં જીભ વગર જ ગાન થતું રહે છે. અને ગાનારની કોઈ રૂપરેખા (આકૃતિ/આકાર) પણ નથી.'[7] વળી તે જ સંગ્રહમાં અનાહદ નાદને 'ઝીણી-જંતર'ના ધ્વનિ જેવો અથવા કોઈ વાદ્યના 'ઝીઝી' ધ્વનિ જેવો સંભળાતો પણ દર્શાવવામાં આવ્યો છે. અહીં એમ પણ કહેવાયું છે કે આવી દશામાં હાથ-પગ વગરનું મન નૃત્ય કરવા લાગે છે. એ સમયે એવું પણ લાગે છે કે જાણે કોઈ એવું સુવ્યવસ્થિત નગર છે, જ્યાં કોઈ ખાસ પ્રસંગ વગર જ લોકો એકઠાં થયાં છે. જ્યાં હાથના પ્રયત્ન વગર પણ વાજું વાગે છે. કાન વગર સંભળાય છે અને સાંભળનાર જ સ્વયં શ્રવણ સ્વરૂપ પણ છે.[8]

કબીરસાહેબે પોતાની ઘણી રચનાઓમાં પૂરા શરીરને પણ એવા વાદ્યના રૂપમાં ચિત્રિત કરેલ છે. ક્યાંક ક્યાંક તો તેમણે એને સ્પષ્ટ શબ્દોમાં રબાબ નામ આપેલું છે. એમણે કહ્યું છે, 'આ તન રૂપી રબાબના તાર એની રગો બને છે, જેને વિરહ સદા વગાડતો રહે છે, જેને કાં તો આપણો સ્વામી સાંભળે છે અથવા ચિત્ત સાંભળી શકે છે. બીજા કોઈને એ સંભળાતું નથી.'[9] રબાબનું આ રૂપક ત્યાં પણ આવ્યું છે. જ્યાં અંતિમ દશાનું વર્ણન કરવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે કે તાર તૂટી જાય ત્યારે ક્યારેય રબાબનું વાજું વાગતું નથી.[10] ક્યાંક ક્યાંક તેમણે આ સમયે શરીરને કેવળ 'જંતુ' અથવા મન્ત્રમાત્ર પણ કહેલ છે અને દર્શાવેલ છે કે વગાડનાર વગર તે વ્યર્થ બની જાય છે.'[11] અહીં વગાડનાર જીવાત્મા હોય તેમ જણાય છે; પરંતુ અન્યત્ર તેમણે તેને

પરમાત્માના સ્વરૂપે પણ દર્શાવેલ છે. તેમનું કહેવું છે કે, 'આ યંત્ર (વાદ્ય) ત્યારે વાગે છે જ્યારે તેને તેના 'ગુણી' (કલાવંત) વગાડે છે.' આ વીણાને રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ તથા પંચ તત્ત્વોને આધારે તૈયાર કરવામાં આવેલ છે અને ત્રણે લોકના બધા જ દશ્યમાન સંસાર (જગત) ને માત્ર એક જ પુરુષ નચાવ્યા કરે છે.[12] છતાં પણ તેઓ જોગીને સંબોધિત કરીને એક સ્થળે કહે છે:[13] 'અરે, જોગી, તું તારા શરીરના જ વાદ્ય-યંત્રને વગાડ્યા કર અને એને એવું સ્વરૂપ આપી દે, કે જેમાં એ યંત્રના તારનું કાર્ય તો તત્ત્વ કરે, એની દાંડી ધર્મ બની જાય અને એ વીણાની સારિકા સત્ય થઈ જાય, જેના વડે તેમાંથી સ્વર નીકળવા લાગે છે.'

આ પ્રકારનું રૂપક તેમને બહુ જ પ્રિય હોય તેમ જણાય છે, કારણ કે અન્યત્ર તેમણે તેને આથી પણ વધારે સ્પષ્ટ કરેલ છે. તેઓ કહે છે, 'યંત્રકારનું અનુપમ યંત્ર હંમેશા વાગ્યા કરે છે. એનો શબ્દ (ધ્વનિ) આકાશ સુધી અથવા કાયાની ભીતરના શૂન્ય ગગનમાં ગર્જના કરતો રહે છે. એ યંત્રની દાંડી અથવા દંડ તો સ્વરનો છે. પરંતુ એનાં બે તુંબડાં તો શ્રવણેન્દ્રિયોનાં બનેલાં છે. એને સ્વયં 'સદ્‌ગુરુ' (પરમાત્મા)એ જ શણગારેલ છે. એના શબ્દ(ધ્વનિ)ની જાણ, ગુરુની સહાયતા વગર આજ સુધી દેવતા, મનુષ્ય, ગંધર્વ અને બ્રહ્માદિ સુધ્ધાંને નથી થઈ શકી. એ યંત્રના તારનું કાર્ય જીભ કરે છે. એની ખૂંટી અથવા 'કોડી' નાક બની જાય છે અને એમાં માયાનું મીણ લાગતું રહે છે. તેમાં ગમકયુક્ત મધુર ધ્વનિ બત્રીસ નાડીઓમાંથી નીકળતો અને પંચપ્રાણ ત્યાં મોરણાનું કાર્ય કરે છે. આ રીતે પૂરું વાદ્ય (સાજ) તૈયાર થઈ જાય છે. યન્ત્રકાર સાથે પ્રેમપૂર્ણ સંબંધ રાખે છે.[14] આવા યન્ત્ર પ્રત્યે કબીરસાહેબનું એટલું આકર્ષણ છે કે તેઓ વળી અન્યત્ર આ પ્રકારનું કથન કરતા ય જોવા મળે છે. 'હે પરમગુરુ (પરમાત્મન્), તમારા હૃદયમાં વિચાર કરી જુઓ અને કોઈ પણ યોગ્ય પ્રમાણમાં મારી મદદ (અવશ્ય) કરો, કારણ કે પિંડ, નાડી તથા તાર આ બધાંને એકત્ર કરીને આ યંત્રનું બંધારણ થયું છે. (આ કાયાનું મસ્તક ઉદાર તથા વિવિધ નાડીઓના સંયોગથી કોઈ વિશેષ ઉદ્દેશ્ય માટે નિર્માણ કરવામાં આવ્યું છે) મને સત્ય-અસત્ય, સારા-નરસાનું જરા પણ જ્ઞાન નથી, તમે જ્યારે જે રીતે એને વગાડતા આવ્યા છો તે રીતે તે વાગતું રહ્યું છે.'[15]

આ પ્રમાણે કબીર-સાહિત્યમાં આપણને કેવળ પદોનું રાગાનુસાર કરવામાં આવેલું વિભાજન જ નથી મળતું; પરંતુ એમાં ઘણાં એવાં ઉદાહરણો પણ જોવા મળે છે જેના પરથી કબીરસાહેબની સંગીત પ્રત્યે અભિરુચિ તથા તેમના તે વિષયના જ્ઞાનનો થોડો પરિચય પ્રાપ્ત કરી શકાય તેમ છે. કહેવાય છે કે તેઓ એક સાધારણ વણકર કુટુંબમાં ઊછરેલા હતા અને અશિક્ષિત વ્યક્તિ હતા. એમને જે કંઈ આધ્યાત્મિક જ્ઞાન લાધ્યું હતું તે એમના ભ્રમણશીલ હોવાને લીધે તથા ઉચ્ચ કોટિના સાધુ-સંતો સાથે સત્સંગમાં આવવાને પરિણામે હતું. એને આધારે તેમણે ઘણી દાર્શનિક વાતો કહી છે અને યોગસાધના સંબંધિત અનેક રહસ્યોનું ઉદ્‌ઘાટન (નિરાકરણ) પણ કર્યું છે. એમના વણાટ, ખેતી, વ્યાપાર જેવા રૂપકોના આધાર પર સાધારણપણે એવું અનુમાન પણ થઈ શકે છે કે એમાંના થોડાઘણા વિષયોનો એમને વ્યક્તિગત અનુભવ પણ મેળવ્યો/થયો હશે. પરંતુ જ્યાં સુધી એમના સંગીતકળા વગેરે પ્રતિ રુચિ દર્શાવવાને લાગેવળગે છે ત્યાં સુધી તેનું નિરાકણ આ પ્રમાણે કરી ન શકાય. આ બાબતમાં કાં તો એમ કહી શકાય કે એમને તેનું શિક્ષણ મળ્યું હશે અથવા એમ કે એમના યુગનું વાતાવરણ જ એવું હશે જેથી એ શક્ય બન્યું હશે.

ભારતીય સંગીતની પરંપરા બહુ જ જૂની છે. એ જ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વપૂર્ણ અંગ બનતી રહેતી આવી છે. પ્રાચીનમાં પ્રાચીન ગ્રન્થ 'ઋગ્વેદસંહિતા'ની ઋચાઓનું શુદ્ધ ગાન થયા કરતું હતું અને તે ત્રણ પ્રકારના સ્વરોમાં ઉચ્ચરિત થયા કરતી હતી. 'સામવેદસંહિતા'ના તો બધા મન્ત્રો ગેય હતા અને એને ગાવાની અનેક રીતો (ઉપાય/ભેદ) પણ આવિષ્કૃત થઈ હતી.[16] તથા સંગીત-વિદ્યા પૃથક 'ગન્ધર્વવેદ'ના નામે પણ પ્રસિદ્ધ થઈ હતી. 'છાન્દોગ્ય ઉપનિષદ'માં ૐકારની ઉપાસના 'ઉદ્‌ગીથ'ના સ્વરૂપમાં કરવામાં આવેલી મળે છે. ત્યાં જાણવા મળે છે કે આ નામ તેને તેના ઉદાત્ત સ્વરે ઉચ્ચારિત કરવાને કારણે જ આપવામાં આવ્યું છે. ઉપનિષદોમાં કેટલીય વાર નૃત્ય, ગાયન તથા વાદ્ય આ ત્રણેયનો જ ઉલ્લેખ જોવા મળે છે. ક્યારેક આની ચર્ચા ત્યાં રૂપકો મારફત કરવામાં આવેલી જોવામાં આવે છે. વૈદિક નિઘંટુમાં જુદાં જુદાં વાદ્યયન્ત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં, તારવાળાં, હવા ફૂંકીને વગાડવામાં આવતાં તથા આઘાતથી (હાથના પ્રહારથી) નાદ ઉત્પન્ન કરનારાં વાદ્યયન્ત્રો પણ સમાવિષ્ટ છે. વૈદિક સાહિત્યમાં સપ્તસ્વરોનો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે અને તેનાં ઉદાહરણો સિન્ધુ-સભ્યતાના ઉપલબ્ધ અવશેષોમાં પણ મળે છે, જેમ કે મોહેં-જો-દડોના ખોદકામમાં સાત સ્વરોવાળી વાંસળીની જાણ થઈ, તન્ત્રોવાળી વીણા મળી છે અને ચામડાથી મઢેલું વાદ્ય-યન્ત્ર પણ પ્રાપ્ત થયું છે. આ-પ્રમાણે ત્યાં કોઈ નૃત્યમુદ્રામાં એક નારીની કાંસ્ય-મૂર્તિ અને કોઈ નર્તકની પણ એવી જ પ્રતિમા મળી આવેલ છે.[17]

ભારતીય સંગીતશાસ્ત્ર અનુસાર સંગીતકળાનો ઘનિષ્ઠ સંબંધ યોગ-સાધના સાથે માનવામાં આવ્યો છે. જે રીતે યોગ છે તે રીતે સંગીત પણ નાદ-વિદ્યા છે, કારણ કે જે આહત અથવા સાકાર શબ્દની સાધના સંગીતમાં કરવામાં આવે છે, એનું જ અનાહત અથવા નિરાકાર સ્વરૂપ યોગ-સાધનાનું પણ લક્ષ્ય રહેતું આવ્યું છે. અનાહત નાદ કેવળ કોઈ યોગી માટે જ અનુભવગમ્ય

છે. એ માટે તેણે કુંડલિની યોગની સાધના કરવી પડે છે. તે સુષુમણા નાડીના મૂળ ભાગમાં સ્થિત કુંડલિનીને જાગૃત કરી તેના દ્વારા ક્રમશઃ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત તથા વિશુદ્ધ ચક્રોનું ભેદન કરે છે. અંતે સહસ્રાર સુધી પહોંચીને નાદમાં (અનાહત નાદમાં) લીન થઈ જવાની ચેષ્ટા કરે છે. સંગીતના સાધકોનો વિશેષ સંબંધ આમાંથી કેવળ ત્રણ ચક્રો સાથે જ રહે છે. સંગીત-શાસ્ત્રના ગ્રન્થોમાં દર્શાવવામાં આવેલું છે કે હૃદયના અનાહત ચક્રથી 'મન્દ', કંઠના વિશુદ્ધ ચક્રથી 'મધ્યમ' તથા મૂર્દ્ધાના સહસ્રારથી 'તાર' સ્વર ઉત્પન્ન થાય છે. આ ત્રણેયના આધાર પર તારસપ્તક અથવા સપ્ત સ્વરોની સૃષ્ટિ થાય છે. આ કારણે આ ચક્રોની સાધના પર સંગીતકળાની સિદ્ધિ પણ આધારિત છે. યોગસંબંધિત ગ્રન્થોમાં દર્શાવવામાં આવ્યું છે કે યોગસાધના કરનારાઓ પણ અનાહત શબ્દ ક્રમશઃ પહેલાં મત્તભૃંગ, વેણુ, વીણા, ઘંટનાદ અને મેઘ-ધ્વનિ જેવો જ સંભળાય છે. પરંતુ જ્યારે તેઓ આથી વિચલિત ન થતાં સ્થિરચિત્ત બની રહે છે ત્યારે અંતે તેમને નાદમાં લયની પ્રાપ્તિ થાય છે.

પ્રાચીન ભારતીય સમાજનું દૈનિક જીવન પણ એવું હતું કે જેમાં નૃત્ય તથા સંગીતના અભ્યાસની આવશ્યકતા રહ્યા કરતી હતી. એટલે 'રામાયણ' તથા 'મહાભારત'ના યુગો સુધી આ પ્રકારની કળાઓ કેવળ ધાર્મિક કૃત્યો સુધી જ સીમિત રહી ગઈ ન હતી. રાજકુમારીઓ તથા સમૃદ્ધિશાળી પુરુષોની કન્યાઓના શિક્ષણ માટે કલા-મંદિર નિર્માણ કરવામાં આવતાં હતાં, જ્યાં તેઓની પરિચારિકાઓ પણ આ કળાઓ શીખતી હતી. કહે છે કે રાવણની બધી પત્નીઓ નૃત્ય તથા સંગીતકળાઓમાં નિપુણ હતી. એના દરબારોમાં અપ્સરાઓનાં પણ નૃત્ય થતાં રહેતાં હતાં. પોતાના અજ્ઞાતવાસના સમયે અર્જુનને વિરાટરાજની નૃત્યશાળામાં એની રાજકુમારી ઉત્તરાના શિક્ષણની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યાર બાદ બૌદ્ધ તથા જૈન ધર્મોના પ્રચાર-પ્રસાર સાથેસાથે આ કળાઓનો ઉપયોગ ધાર્મિક સ્વરૂપ છોડીને વધુ ને વધુ વ્યાવહારિક જ બનતું ગયું. ગુપ્તોના સામ્રાજ્યકાળમાં સંગીતનું મહત્ત્વ ત્યાં સુધી વધી ગયું કે પ્રસિદ્ધ સમ્રાટ સમુદ્રગુપ્તની ગણના શ્રેષ્ઠ વીણાવાદકોમાં થવા લાગી. બાણના 'હર્ષચરિત'થી જાણવા મળે છે કે સમ્રાટ હર્ષની ભગિની રાજ્યશ્રી પણ સર્વ કળાઓ તથા વિદ્યાઓમાં અત્યંત નિપુણ હતી. આ ઉપરાંત બૌદ્ધો તથા જૈનોની અસર હેઠળ રહેનાર ભિક્ષુણીઓ સુધ્ધાંને ક્યારેક ક્યારેક સંગીતનું શિક્ષણ લેવું પડતું હતું. એટલે સંગીતની પાછળ 'માર્ગી' તથા 'દેશી'- જેવા બે વર્ગોમાં વિભાજિત કરવાની પ્રથા ચાલુ થઈ. આમાં પ્રથમ વર્ગમાં શાસ્ત્રીય સંગીતનો સમાવેશ કરવામાં આવતો હતો અને દ્વિતીય વર્ગમાં લોકપ્રિય-લોકપ્રચલિત સંગીતપરંપરા ગણાતી હતી. લોકસંગીતનો વિશેષ પ્રચાર ભ્રમણશીલ ગાયકો દ્વારા થયો, જે મોટે ભાગે ઉચ્ચકોટિનું આધ્યાત્મિક અથવા પ્રેમાત્મક સંગીતનું ગાન ગાતા ફરતા રહેતા હતા. એના એક અન્ય સ્વરૂપનું દર્શન આપણને એ સામૂહિક નૃત્યમાં પણ થાય છે. જે આજ સુધી 'રાસ' તથા 'ગરબા' વગેરે દ્વારા પ્રચલિત થયું છે. આ રીતે ભારતીયોના સમાજમાં સંગીતની સાધના બહુ જ પ્રાચીન કાળથી અત્યંત વ્યાપક સ્વરૂપમાં થતી આવી. એના દ્વારા કોઈ સમયે સુદૂર યુનાન દેશના નિવાસીઓ સુધીનાં લોકોએ પ્રેરણા ગ્રહણ કરી અને તેઓ ભારતના ઋણી હોવાનો સ્વીકાર કર્યો.[૧૮]

સમગ્ર ભારતમાં મુસલમાનોની હકૂમતની શરૂઆત થવાથી ભારતીય સંગીત ક્રમશઃ ઈરાની પદ્ધતિથી પણ પ્રભાવિત થવા લાગ્યું. પરંતુ તેનું પરિણામ વિશેષ રૂપે ઉત્તર ભારતમાં દેખાતું થયું. દક્ષિણ ભારતની કર્ણાટકી પરંપરા તેનાથી મહદ્અંશે અસ્પર્શ્ય જ રહી ગઈ. એ સુવિદિત છે કે સુલતાન અલાઉદ્દીનના શાસનકાળ (સંવત ૧૩૫૩-૭૩)માં અમીર ખુસરો (મૃ. સંવત ૧૩૮૨)એ સંગીતમાં ગોપાલ નાયકને હરાવ્યો હતો. આ સંગીતકારને દક્ષિણના યાદવ રાજાઓના પરાજય પછી ત્યાંથી દિલ્હી લાવવામાં આવ્યો હતો. અમીર ખુસરોએ જ સહુ પહેલાં ભારતીય તથા ઈરાની સંગીતના સંમિશ્રણ તરફ ધ્યાન આપ્યું. એણે બન્નેના વિશિષ્ટ સ્વરોને અનુરૂપ સિતાર નામના એક નવીન વાદ્યયન્ત્રની શોધ કરી અને કવ્વાલી જેવી ગાયન પ્રણાલીઓનું માર્ગદર્શન પણ કર્યું. અમીર ખુસરોના સમય પહેલાં ઘણા સમય પૂર્વેથી સંગીતશાસ્ત્ર સંબંધિત વિવિધ ગ્રન્થો લખાતા રહેતા હતા. શાર્ઙ્ગદેવનું 'સંગીતરત્નાકર' તથા હમ્મીરનું 'નૃત્તરત્નાવલી' ઉપરાંત સંભવતઃ લોચન કવિનું 'રાગ તરંગિણી' પણ લખાઈ ચૂકેલ હતું. અમીર ખુસરો તથા ગોપાલ નાયકના યુગમાં શાર્ઙ્ગધરનું 'શાર્ઙ્ગધર પદ્ધતિ', બીજા હમ્મીરનું 'સંગીતશ્રૃંગાર હાર' તથા હરિપાલનું 'સંગીતસુધાકર' પણ લખાયું. ત્યાર બાદ ક્રમશઃ સુધાકળશના 'સંગીત ઉપનિષદ્' તથા વિદ્યારણ્યના 'સંગીતસાર' જેવા ગ્રન્થો પણ લખાયા. આ ઉપરાંત લગભગ આ જ સમયે આ મૂળ ગ્રન્થો સાથે 'સંગીત રત્નાકર' પર ભાષાટીકાઓ લખવાનો સૂત્રપાત પણ થઈ ગયો.

કહેવાય છે કે ઈસ્લામ ધર્મ સંગીતને પ્રશ્રય અને પ્રોત્સાહન આપવાની વિરુદ્ધ છે? એવી મોહમ્મદ સાહેબની ધારણા હતી કે સંગીત એક પ્રકારની તલ્લીનતાનો પ્રભાવ લાવી દે છે. આથી આપણો પ્રેમ ઈશ્વર પ્રતિ ન થતાં લય તરફ ઉન્મુખ થઈ જવાની આશંકા રહે છે. હકીકતમાં 'ફરિયાદની કોઈ લય' ન હોઈ શકે અને સંગીતને કારણે મોટે ભાગે કૃત્રિમતા પણ આવી શકે છે, એટલા માટે ગાવું હરામ છે.[૧૯] પરંતુ ઈસ્લામ-ધર્મના અનુયાયી બધા સુલતાનોએ આના મહત્ત્વને માન્યું નહીં. તેઓના સમયમાં આ

કળાએ દરબારી આશ્રય સુધ્ધાં મેળવી લીધો. ફલતઃ રાજધાનીથી દૂર હતા એવા રાજાઓ તથા નવાબોને ત્યાં પણ તેને પૂરેપૂરું પ્રોત્સાહન મળવા લાગ્યું. તેમાં પ્રાચીન સમય જેવો રંગ આવી ગયો. ઉદાહરણ તરીકે ચિત્તોડના સુવિખ્યાત રાણા કુંભે (સંવત ૧૪૯૦-૧૫૨૫) 'સંગીતરાજ' જેવા બૃહત્ ગ્રન્થની રચના કરી નાખી. જૌનપુરના નવાબ હુસેન શાહ શરકી (સંવત ૧૪૯૫-૧૫૩૬)એ 'ખયાલ'ની સંગીત-પ્રણાલીનો પ્રચાર-પ્રસાર કર્યો. આ બન્ને કબીરસાહેબના સમકાલીનો હતા. એમના પછી થોડા સમય સુધી આ પરંપરા ચાલુ જ રહી ગઈ. ગ્વાલિયરના રાજા માનસિંહ તોમરે (સંવત ૧૫૪૩-૭૫) 'ધ્રુપદ'નો વિકાસ કર્યો તથા 'માનકુતૂહલ' જેવા સુંદર ગ્રન્થની રચના કરી. એમના દરબારી પ્રસિદ્ધ બૈજુ બાવરાએ ત્યાંથી ગુજરાતના સંગીતપ્રેમી નવાબ બહાદુરશાહ (સંવત ૧૫૭૩-૯૩)ને ત્યાં જઈને 'બહાદુરી તોડી'ની શોધ કરી. આ જ સમય ગોપેન્દ્ર ટિપ્પા ભૂપાલ (સંવત ૧૪૮૦-૧૫૦૩)નો પણ છે. તેમણે 'તાલદીપિકા'ની રચના કરી. એમના સમય પછી થોડા જ સમય બાદ કલ્લિનાથે 'કલાનિધિ'નું નિર્માણ કર્યું.

કબીરસાહેબના સમય સુધીમાં ભક્તિઆંદોલનની શરૂઆત પણ થઈ ગઈ હતી. એના પ્રચારક એને સર્વવ્યાપી બનાવવા માટે કટિબદ્ધ હતા. તમિળ નાયમારો અને આલવારોની સંગીતમય રચનાઓનો પ્રચાર થઈ રહ્યો હતો. એમના આદર્શ પર કાનડી તથા મરાઠીમાં પદો પણ લખાઈ રહ્યાં હતાં, તો આ બાજુ જયદેવની રચના 'ગીતગોવિન્દ'માંથી પ્રેરણા લઈને મિથિલાના વિદ્યાપતિ તથા બંગાળના ચંડીદાસે પણ પદાવલિઓ રચી. ત્યાર બાદ ક્રમશઃ ઑરિસ્સા, ગુજરાત, ઉત્તરપ્રદેશ તથા આસામ પ્રાંતો સુધી છેક એમના આદર્શને મહત્ત્વ અપાવા લાગ્યું. એ સમયના ભક્તિ-સાહિત્ય પર એક ઊડતી નજર નાખવાથી પણ એ વાત સ્પષ્ટ થતાં વાર નથી લાગતી કે એના રચનાકારો ભક્તિ કવિઓમાં સંગીતની પ્રવૃત્તિ ચોક્કસ રહી હશે. કર્ણાટક રાજ્યના વીર શૈવ તથા હરિદાસ, મહારાષ્ટ્રના બારકરી, બંગાળના સહજિયા તથા ગૌડીય કવિ, ઉડિયાના પંચસખા, આસામના મહાપુરુષિયા, ગુજરાતના નરસિંહ વગેરે, રાજસ્થાનની મીરાંબાઈ, પંજાબના નાનક વગેરે તથા વ્રજના હરિદાસ સ્વામી, સૂરદાસ વગેરે બધા ગાયક ભક્તો હતા. કબીરસાહેબની બહુ પહેલાંથી માંડી તેમના સમય પછી પણ એવા લોકો હંમેશા ભગવદ્ભજન તથા કીર્તનમાં લીન રહેતા આવ્યા છે. આ તરફ અકબરના શાસનકાળ (સંવત ૧૬૧૩-૬૨) સુધી સંગીતકળાના પ્રચારમાં વધુ ને વધુ ઉન્નતિ થતી ગઈ. બૈજુ બાવરા ઉપરાંત પુંડરિક વિટ્ઠલ તથા તાનસેન જેવા ગાયકોનો પણ આવિર્ભાવ થયો, જેનાં નામો આજે પણ પ્રસિદ્ધ છે. એટલા માટે આ પ્રકારના ગાઢ તથા દીર્ઘકાળ સંગીતમય વાતાવરણમાં રહેવાને લીધે કબીરસાહેબે સંગીત વિષયનો થોડો કે વધારે પરિચય મેળવ્યો હોય એ અશક્ય નહોતું. તે જ પ્રમાણે અમારું એવું અનુમાન કરવું પણ અનુચિત ન ગણી શકાય કે એમની રચનાઓનું બંધારણ સંગીત-કળાઓની દૃષ્ટિને ધ્યાનમાં રાખીને પણ કરવામાં આવ્યું હશે.

('સંગીત' માસિકપત્ર હાથરસના સૌજન્યથી)

(સાભાર - 'ઈન્દ્રપ્રસ્થ ભારતી')

પાદનોંધ :

(૧) તુમ જિનિ જાનૌં ગીત હૈ, યહ નિજ બ્રહ્મ વિચાર
- કબીર ગ્રન્થાવલી, પદ-૫, પૃ. ૮૯.

૧. ગુણ ગોવિન્દ કે ગાઈ. - એ જ, સાખી-૧૪, પૃ.૬
મુખિ અમૃત ગુણ ગાઈ. - એ જ, સાખી-૩૧, પૃ.૭
તૂ હરષિ હરષિ ગુણ ગાઈ. - એ જ, સાખી-૨, પૃ.૧૭

૨. નિરમલ નિરમલ રામ ગુણ ગાવે,
સો ભગતા મેરે મનિ ભાવે. ટેક. - એ જ, પદ-૧૨૪, પૃ. ૧૨૭

૩. બાર બાર હરિકે ગુન ગાવઉ. ગુરગમિ ભેદુસુ હરિ કા પાવઉ, રહાઉ.
અહિ નિસિ અખંડ સુરહી જાઈ, તઉ અનહદ વેણુ સહજ મહિ વાઇ.
- આદિગ્રન્થ, રાગુ ગઉડી (લારા-૧) પૃ. ૩૪૪-૫
અનહદ વેન બજાઇ કરિ, રહ્યૌ ગગન સહ છાઇ
- કબીર ગ્રન્થાવલી, પદ ૧૨૧, પૃ. ૧૨૬
તથા
સસિહર સૂર મિલાવા, તબ અનહદ બેન બજાવા.
જબન અનહદ બાજા બાજૈ, તબ સાંઈ સંગિ વિરાજૈં
- એ જ, પદ ૧૭૩, પૃ. ૧૪૬.

૪. રાજા રામ અનહદ કિંગૂરી બાજૈ. જા કી દિસટિ નાદ લિવ લાગૈ.
- આદિગ્રન્થ, સિરી રાગુ, પદ ૩, પૃ. ૯૧.

૫. અવધૂ નાદૈં બ્યંદ ગગન ગાજૈ, સબદ અનાહદ બોલૈ,
અંતરિ ગતિ નહીં દે ખે નેડા, ઢૂંઢત બન બન ડોલૈ. ટેક.
ચંદ સૂર દોઇ તૂંબા કરિહૂં, ચિત ચેતન કી ડાંડી,
સુષમન તાંતી બાજણ લાગી, યહિ વિધિ ત્રિષ્ણાં પાંડી.
- કબીર ગ્રન્થાવલી, પદ ૧૯૬, પૃ. ૧૫૪.

૬. ગ્યાન ગુરુ દોઊ તૂંબા અમ્હારૈ, મનસા ચેતનિ ડાંડી,
ઉનમની તાંતી બાજન લાગી, યહિ વિધિ તૃષ્નાં પાંડી.
- ગોરખબાની, પદ-૧૬. પૃ. ૧૦૬.

૭ પૌવિન પત્ર કરહૂ બિનુ તૂંબા, બિનુ જિમયા ગુન ગાવૈ,
ગાવનિહાર કે રેખ રુપ નહિં, સતગુરુ હોય લખાબૈ.
- કબીર બીજક, સબદ-૨૪, પૃ. ૩૮.

૮. એ જ, સબદ-૧૬, પૃ. ૩૫.

૯. સબ રંગ તંત રબાબ તન, વિરહ બજાવૈ નિત,
ઔર ન કોઈ સુણિ સહૈ, કૈ સાંઇ કૈ ચિત્ત. -
- કબીર ગ્રન્થાવલી, સાખી ૨૦, પૃ. ૯.

૧૦. ટૂટી તંતુ ન બજૈ રબાબુ. -આદિગ્રન્થ, રાગુ આસા-૧, પૃ. ૪૭૮.

૧૧. જો હમ જંતુ બજાવતે, ટૂટિ ગઇ સભ તાર,
જંતુ બિચારા કિઆ કરૈ, ચલે બજાવનહાર
- એ જ. સલોક-૧૦૩, પૃ. ૧૩૬૯

૧૨. કબીર ગ્રન્થાવલી, પદ ૧૯૪, પૃ. ૧૫૩.

૧૩. જોગિયા તન કૌ જંત્ર બજાઇ, જ્યૂં તેરા આવાગમન મિટાઈ, ટેક.
તત કરિ તાંતિ ધર્મ કરિ ડાંડી, સત કી સરિ લગાઈ.
- કબીર ગ્રન્થાવલી, પદ ૨૦૮, પૃ. ૧૫૯

૧૪. જંત્રી જંત્ર અનુપમ બાજૈ, તાકા સબદ ગગન મૈં ગાજૈ. ટેક.
સુર કી નાલિ સુરતિ કી તૂંબા, સતગુર સાજ બનાયા,
સુર નર ગણ ગન્ધ્રપ બ્રહ્માદિક, ગુર બિન તિનહૂં ન પાયા.
જિભ્યા તાંતિ નાસિકા કરહીં, માયા કા મૈંણ લગાયા,
ગમાં બત્તીસ મોરણાં પાંચૌ, નીકા સાજ બનાયા.
જંત્રી જંત્ર તજૈ નહિં બાજૈ, તબ બાજૈ જબ બાવૈ,
કહે કબીર સોઈ જન સાંચા, જન્ત્રી સૂં પ્રીતિ લગાવૈ-૧૯૫
- એ જ, પદ ૧૯૫, પૃ. ૧૫૪

૧૫ પરમ ગુરુ દેખૌ રિદૈ વિચારી, કછૂ કરૌ સહાઇ હમારી. ટેક.
લવા નાલિ તંતિ એક સંમિ કરિ, જંત્ર એક ભલ સાજા,
સતિ અસતિ કછૂ નહીં જાનૂં જૈસે બજાવા તૈસે બાજા.
- કબીર ગ્રન્થાવલી, પદ ૨૯૨, પૃ. ૧૮૭.

૧૬. સામવેદે સહસ્રં ગીત્યુપાયા : 'સંગીત ઓ સંસ્કૃતિ',
પ્રજ્ઞાનાનંદ, પૃ. ૮૩ પરથી ઉદ્ધૃત.

૧૭. Stuart Piggot : Prehistoric India, Pelican Series, P. 270.

૧૮. Strabo (X. III)

૧૯. રાજા નવાબઅલી : 'મુરિફુન્નગમાત',
- હાથરસ, સન ૧૯૫૦. ઈ.સ.પૂ. ૫-૬:19


અનુસંધાન] પંચ અને રાવણાં [પૃ. ૩૭૦ થી

થતા... ગામમાં અને સમાજમાં કોઈની સ્થિતિ કેવી છે, કોઈનું સંતાન કેવી સજ્જતા ધરાવે છે - એ બધાનો પ્રત્યક્ષ પરિચય મળી રહેતો અને પોતાનાં સંતાનોનો, પોતાની પેઢીનો નકશો તૈયાર કરવાની ખાસ્સી ભૂમિકા ઊભી થઈ જતી.

પંચ એટલે નાતનું ખળું. નાતમાં તૈયાર થયેલો મૉલ પંચના ખળામાં ઠલવાય. મૉલ સારો હોય તો નાત હરખાય, મૉલ નબળો હોય તો નાત મૂંઝાય! નાતનો મૉલ, નાત માલિક!! જ્ઞાતિમંડળો અને જ્ઞાતિસભાઓ તો હમણાં આવ્યાં, એ પહેલાં એ રાવણાં સ્વરૂપે સમાજમાં પ્રતિષ્ઠા ધરાવતાં હતાં. રાવણું બોલાવનાર - તેડાવનાર ભાગ્યશાળી ગણાતો. એનાથી એના સામાજિક દરજ્જામાં ઘણો વધારો થતો. એક સાથે નાતના ભાઈઓ સાથે ભાણું માંડવાથી જે ભાવના વિકસે છે તે અમૂલ્ય હોય છે! પંચ બોલાવવાની પ્રથા તમામ વસવાયાં કોમમાં વધારે વિકસેલી દેખાય છે. પંચ અને રાવણાંનાં પ્રયોજનો ઉત્તમ હતાં, પણ એ જ્યારે પ્રતિષ્ઠામૂલક, નશીલાં બનવાં માંડ્યાં ત્યારે એમાંથી એનો અપકર્ષ થતો રહ્યો છે. બાકી રાવણાં-પંચ તો જ્ઞાતિના સમૂહનો ન્યાયદેવ! પંચ ભરાય ત્યારે ગૂંચાઈ ગયેલા, અટવાઈ ગયેલા સામાજિક સંબંધોનો ઉકેલ નીકળે, તોડ નીકળે. ગુનેગારને સહ્ય સજા થાય અને સહ્ય માનભંગ પણ થાય, એટલે અન્ય માણસો એમાંથી ધડો લે. આખી જ્ઞાતિપ્રથા એની રીતિમાં - ઘરેડમાં ચાલ્યા કરે. એનો સમયાંતરે પંચ ખયાલ રાખતાં. આજે તો 'હું કોણ? તું કોણ?' - નો વ્યવહાર છે ત્યાં રાવણાં અને પંચની શી વાત કરવી? ❑

ચેસ-કૉર્નર : કોયડો-૧૯

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two).**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ka6, Bd1, Nd2, Nc2**

કાળાં : **Ka4, Bf8, P-g7, g3, f4, e7, d4**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑગસ્ટ ૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૧૭નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Rf2**	
જો....	**Ke3**
(૨) **Qe2 #**	
જો....	**R** ગમે ત્યાં ચાલે
(૨) **Qd2 #**	
જો....	**Na1** ગમે ત્યાં ચાલે
(૨) **Qb3 #**	
જો....	**Ne6** ગમે ત્યાં ચાલે
(૨) **Qd4 #**	
જો....	**f4**
(૨) **Rf3 #**	
જો....	**e3**
(૨) **Bxf5 #**	

આ વખતે કુલ ૧૫ વાચકમિત્રો તરફથી ઉકેલો મળ્યા છે, જે પૈકી સાચો ઉકેલ મોકલનાર વાચક મિત્રોનાં નામ : (૧) હર્ષદ દવે (રાજકોટ), (૨) કિરણભાઈ શાહ (આણંદ), (૩) અજિત યાજ્ઞિક (મુંબઈ), (૪) છત્રસિંહ બારડ (ધોળકા), (૫) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૬) પારિતોષ સંઘવી.

-અર્પી શાહ

રેખાચિત્ર

ચૌધરીઓના ચૌધરી

ડૉ. કેશુભાઈ દેસાઈ

શ્વેત ક્રાન્તિના આર્ષદ્રષ્ટા ડૉ. કુરિયન આ ઉંમરે પણ કેટલાં સુંદર રચનાત્મક સૂચનો કરી શકે છે એનું એક જ્વલંત ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું. ઉત્તર ગુજરાતના યુવા અગ્રણી વિપુલ ચૌધરીને રાજકારણમાં છબછબિયાં કરતા જોઈ એ મનોમન વ્યથિત થયા હશે. વિપુલભાઈ એમને મન તો આજે પણ મિત્ર માનસિંહ પટેલના દીકરા જ વળી. શિખામણ આપવાનો અધિકાર જ નહીં, ફરજ પણ ખરી. એમણે વિપુલ ચૌધરીના ખભે હાથ મૂકી કહ્યું : 'ભાઈ વિપુલ, રાજકારણમાં તારે જે ઉધામા કરવા પડે તે કર. મારે તો તને એક નક્કર કામ ચીંધવું છે. તારા પિતાજીના નામે એક ભવ્ય મેમૉરિયલ ઊભું થઈ શકે. તું એ કામ ઉપાડ. ગાંધીનગરમાં જ - રાજકારણીઓની છાતી ઉપર માનસિંહભાઈને પ્રિય એવા ડેરી ટેક્નોલૉજી અને ગ્રામવિકાસ જેવા રચનાત્મક મુદ્દાઓ લઈ, માનવીને કેન્દ્રમાં રાખી અતિ ભવ્ય સ્મારકસંસ્થા ઊભી કરી શકાય. રાજકારણ કરતાં આવું કામ ઘણું વધારે ટકાઉ અને ઉપયોગી બની રહેશે. તારા પિતાશ્રીનું એ શ્રેષ્ઠ તર્પણ ગણાશે.'



આવી કોઈ સંસ્થા ઊભી થતી હોય તો એમાં પોતાને ફાળે આવતી નાની-મોટી જવાબદારી ઉપાડી લેવાની પણ કુરિયન સાહેબની તૈયારી છે. વિપુલ ચૌધરી તો આભા બની ગયા. તેજીને ટકોર પૂરતી ગણાય. પણ આવો વિચાર પોતાને કેમ ન સ્ફૂર્યો? બલકે જે સમાજ માનસિંહભાઈના નામે ઊજળો થયો છે, - અહર્નિશ એમનાં ગુણગાન ગાતાં થાકતો નથી, એમના નામે આટલાં વર્ષે પણ રાજકીય વફાદારીની ઐસી કી તૈસી કરી નાખવા તત્પર રહે છે, એના કોઈ આગેવાનના મોઢે આવાં વેણ કેમ ન ઊગ્યાં?

માનસિંહભાઈ સમગ્ર ગુજરાતનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવતા અગ્રણી હતા. પરંતુ ઉત્તર ગુજરાતના આંજણા-ચૌધરી સમાજના તો 'આદિપુરુષ' છે. એકમેવાદ્વિતીયમ્; પ્રતીક પુરુષ. આજે એમના મૃત્યુને બત્રીસ-બત્રીસ વરસ થઈ ગયાં છે, છતાં કોઈ પણ આંજણાને ઊંઘમાંથી ઉઠાડીને પૂછી જુઓ : એને હૈયે માનસિંહ અદ્દલ હનુમાનની છાતીમાં કોતરાઈ ગયેલ રામની જેમ કંડારાઈ ગયા છે. ભલે એણે એમને જોયા નહીં હોય, એણે ફક્ત એમનું નામ જ સાંભળ્યું છે, પણ એને માટે તો એ જ ગાંધીજી છે, ને એ જ સરદાર પટેલ છે. એ આખેઆખી ખેડુ કોમના તારણહાર છે.

વર્ષો પહેલાં મેં મારી જ્ઞાતિ વિશેના એક લેખમાં લખેલું: 'માનસિંહભાઈ વ્યક્તિ નહીં પણ સંસ્થા હતા.' એમ કહી આપણે અટકી કેમ જઈએ છીએ? વ્યક્તિ સંસ્થા બની જાય એ મોટી વાત છે. પણ એવી વ્યક્તિને નામે સાચેસાચી 'સંસ્થા' ન બનાવી શકાય? મહેસાણાની 'દૂધસાગર'નું નામ ફેરવીને 'માનસિંહ પૃથ્વીરાજ પટેલ ડેરી' રાખીએ તો કદાચ એ માનસિંહભાઈને જ ન ગમે. પણ એમના નામે કોઈ ડેરી ટેક્નોલૉજીનું સંકુલ તો જરૂર સ્થાપવું જોઈએ... એ એમનું ઉત્તમોત્તમ સ્મારક બની રહેશે. માનસિંહના આત્માને પણ આવી અંજલી ગમશે.

એ પછી તો બે દાયકા લગી કોઈને માનસિંહ સાંભર્યા જ નહીં. વચ્ચે એમના વતનના ગામ ચરાડામાં એમની પ્રતિમાનું અનાવરણ થયું. પણ એ તો ચરાડાના એક સુખિયા જીવનો વનમૅન શૉ હતો. એમાં માનસિંહ કેન્દ્રસ્થાને નહોતા. ચૌધરીઓમાં લોકપ્રિય બની ગયેલી જીવતચર્યાનો પ્રસંગ હતો અને ઊજવનાર ખુદ ચરાડાના રહેવાસી હતા. માનસિંહ ચૌધરી જ્ઞાતિના ભાથી ખત્રી બની ગયા છે. એટલે પ્રસંગોપાત્ત એમને સંભાર્યા વિના તો ચાલે એમ જ નથી. પણ માનસિંહના નામે એમની પ્રતિભાને અનુરૂપ સ્મારકરૂપ સંસ્થા રચાય એ દિશામાં કોઈ પ્રયાસ ન થયો. એમના અનુગામી અને કૉંગ્રેસ જન કરતાં વિશેષ સર્વોદય-કાર્યકર તરીકે જાણીતા થયેલા મોતીભાઈ ચૌધરીના નામનું ફાઉન્ડેશન પણ રચાઈ ગયું. (ઉત્તર ગુજરાતની જળસમસ્યા સંદર્ભે ફાઉન્ડેશનની પ્રવૃત્તિ જાણીતી છે. મોતીભાઈના અમૃતપર્વ નિમિત્તે 'ઉત્તર ગુજરાતનું મોતી' શીર્ષક હેઠળ સુંદર સંદર્ભગ્રંથ પણ થયો હતો. આ લખનાર ઉપરાંત રઘુવીર ચૌધરી જેવા નીવડેલા સાક્ષરો અને કેળવણીકારોએ આ ગ્રંથમાં મૂલ્યવાન સંપાદન કર્યું હતું.) માનસિંહભાઈના નામે તો ઘણું મોટું કામ થઈ શકે. કુરિયન સાહેબ જેવાનો સાથ મળે, પછી તો આભલુંય ઓછું પડે! 'સ્કાઈ ઈઝ ધ લિમિટ'– કરતાંય એક ડગલું આગળ.

માનસિંહ એકલા મહેસાણા જિલ્લાના નેતા નથી રહ્યા. ભલે એમનું કાર્યક્ષેત્ર મહેસાણા પૂરતું મર્યાદિત રહ્યું હોય, પરંતુ 'લોકલ' સ્તરે કામ કરીને એમણે 'ગ્લોબલ' સ્તરનું ચિંતન કર્યું છે. એમનું વ્યક્તિત્વ ગાંધી કરતાં સુભાષ કે સરદારને વધારે મળતું આવે છે. એમની દૃઢ ઇચ્છાશક્તિના અનેક દાખલા જૂની પેઢીના

અગ્રણીઓની જીભની ટોચે છે. મને ક્યારેક એમના વ્યક્તિત્વમાં એક ગાંધીરંગ્યો હિટલર વર્તાયા કર્યો છે. ખૂબ ઓછો વખત મળ્યો, છતાં સદીઓ લગી સંભારવા પડે એવાં યાદગાર પગલાં પાડતા ગયા. રચનાત્મક રાજકારણમાં માનસિંહનો જોટો જડવો મુશ્કેલ છે. કબીરવડની જેમ દૂધ ઉદ્યોગ આખાય ઉત્તર ગુજરાતમાં ફાલી-ફૂલી પૂરક રોજીનો શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થયો છે. ડેરી ન હોત તો અત્યાર લગી ખેડૂતોએ ખેતી સાથે છેડો ફાડી દઈ શહેર ભણી હિજરત કરી હોત. ખેતી ટકી હોય તો ડેરીના ટેકે. દૂધસાગરની છોળો મહેસાણા પૂરતી મર્યાદિત નહીં રહેતાં આજુબાજુના સાબરકાંઠા અને બનાસકાંઠાને પણ ભીંજવીને જંપી. 'સાબર' અને 'બનાસ' ડેરીઓ જાણે દૂધસાગરમાંથી ફૂટતી ગંગાજમના ન હોય! 'અમૂલ'ને આંબી જઈ દૂધસાગરે ગુરુસંસ્થાને ગૌરવાન્વિત જ કરી ગણાય.

માનસિંહ પૃથ્વીરાજ પટેલનું આ 'દૂધસાગર' નામનું સ્વપ્ન આજે એશિયાના સૌથી મોટા દૂધ ઉત્પાદક તરીકે પ્રસ્થાપિત થઈ એના સ્વપ્નદ્રષ્ટા માનસિંહ અને પરામર્શક કુરિયન- ઉભયનું ગૌરવ વધારી રહેલ છે. મોતીભાઈએ વનવાસ થયેલા રામની ગાદી ભરતની નિષ્ઠાથી સાચવી છે. હવે રામ પાછા વળે તોય જુદા-જુદેરા સ્વરૂપે. આગળ કહ્યું તેમ, સંસ્થા બનીને! કુરિયન સાહેબની કલ્પના સાકાર થાય એવું આપણે બધાય ઇચ્છીએ.

માનસિંહ એકલા વિપુલ ચૌધરીના બાપ નથી. આખાય ઉત્તર ગુજરાતની ખેડૂત આલમ માટે એ ફાધર-ફિગર બની રહ્યા છે. એમને હૈયે ખેડૂતને એનું જગતાત તરીકેનું ગૌરવ સંપડાવવાની હોંશ હતી. પણ એમને ખૂબ ઓછો સમય મળ્યો. એકાવન વરસની વયે - કારકિર્દીના મધ્યાહ્નકાળે જ એ આથમી ગયા. એમની ટૂંકી કારકિર્દીમાં પણ એ કેવી અમીટ છાપ છોડી ગયા છે! એમના બરનો સાંસદ ગુજરાતે ફરી મોકલવો બાકી છે. લાંબુ જીવ્યા હોત તો ગુજરાતને એનો એક બીજો સરદાર સાંપડ્યો હોત. ખેડૂતોને એમનો ખરો તારણહાર મળ્યો હોત. ઉત્તર ગુજરાતને એક ઉત્તમ મંત્રી મળી શક્યો હોત, જે કાળક્રમે કદાચ મુખ્યમંત્રીપદ સુધી પહોંચી શકત. આવી ઝુંઝારુ ચૌધરી જ્ઞાતિમાંથી અત્યાર સુધી માંડ ત્રણ સાંસદ મળ્યા છે — માનસિંહભાઈ, મોતીભાઈ અને હાલ બનાસકાંઠાનું પ્રતિનિધિત્વ કરતા હરિભાઈ. એક પણ કેન્દ્રીય મંત્રી નથી મળ્યો આ કોમને—પંચાવન વરસની આઝાદી દરમિયાન! હજી મોતીભાઈને બાદ કરતાં કોઈ રાજ્યમંત્રીમંડળમાં પૂર્ણ (કેબિનેટ) કક્ષાના મંત્રીપદ સુધી નથી પહોંચ્યું! કેવી દારુણ સ્થિતિ! જે સમાજ આધ્યાત્મિક ક્ષેત્રે રામજીબાપા કે જેસંગબાપા જેવી વિભૂતિઓ પકવી જાણે છે, જે સમાજ સાહિત્યક્ષેત્રે પન્નાલાલ અને રઘુવીર પેદા કરી શકે છે, જે સમાજમાં જીવણભાઈ કે વૉટરપાર્કવાળા શંકરભાઈ જેવા ઉદ્યોગ સાહસિકો અને સેવાક્ષેત્રે મોતીભાઈ જેવા ઓલિયા પાકે છે, એ સમાજ રાજકારણમાં આટલી હદે પછાત કેમ રહી ગયો હશે વારુ? એ જ સમાજના આદિપુરુષ-માનસિંહના નામે આખા તળપદને આવરી લેતી રાજ-નીતિની વિદ્યાપીઠ શરૂ ન કરી શકાય? આપણે તજ્જ્ઞો પકવતી યુનિવર્સિટીઓ સ્થાપીને અટકી જઈએ છીએ અને શાસનનાં સૂત્રો આરામથી અણઘડ ગામડિયાઓના હાથમાં સરકી જવા દઈએ છીએ. માનસિંહની સ્મૃતિમાં એકાદ પોલિટિકલ સાયન્સની યુનિવર્સિટી હાલ પૂરતી પૂરા કદની 'યુનિવર્સિટી' નહીં તો 'ચૅર' સ્થાપીને એક યોગ્ય નેતાની યોગ્ય સ્મૃતિ સાચવી શકીશું. રાજકારણનું નામ પડતાં જ નાકનાં ટીચકાં ચડાવનાર ભદ્રલોકને મારું આ નમ્ર સૂચન કદાચ ન જચે તો પણ ફરજ સમજીને એ પૂરી ગંભીરતા સાથે રજૂ કરું છું. □

લઘુકથા

સ્વર્ગ

હરેશ કાનાણી

રંજનાબહેનને પહેલું અને છેલ્લું સંતાન એકમાત્ર દીકરી હેમાલી હતી કારણ કે તેમને હવે એક પણ સંતાન નહોતું જોઈતું.

આજે હેમાલી વહેલી ઊઠીને લેસનમાં ગૂંચવાયેલી જણાતાં રંજનાબહેને હેમાલીને પ્રશ્ન કર્યો કે, 'દીકરી, ખૂબ જ લેસન આપ્યું છે?'

હેમાલી બોલી : 'અમને બધાને 'સ્વર્ગ' વિશે નિબંધ લખવાનું કહ્યું છે. તેથી હું આજે વહેલી ઊઠી ગઈ છું. મમ્મી, હું આ નિબંધ કેમ લખીશ? મેં 'સ્વર્ગ' વિશે વાંચ્યું નથી. અનુભવ્યું નથી! અને હા ! જો આ નિબંધ નહીં લખાય તો મારે દસ વાર નિબંધ લખવો પડશે.'

હેમાલી આટલું બોલી રહી ત્યાં જ ચોતરફથી દરેક વસ્તુઓ ધ્રૂજવા લાગી! રંજનાબહેન તુરત જ હેમાલીનો હાથ પકડીને સીડી ઊતરવા લાગ્યાં. તેઓને જાણ થઈ ગઈ કે આ ધરતીકંપ જ છે! સીડી પડવાની તૈયારીમાં જ હતી ત્યાં રંજનાબહેને સીડી પરથી જ ઠેકડો મારવાનો ત્વરિત નિર્ણય કરી લીધો.

નીચે ઠેકડો મારવા ગયાં, પરંતુ હેમાલીનો હાથ છૂટી ગયો અને આખી સીડી તેમની પર કાળની માફક ત્રાટકી. જમીન પર રંજનાબહેન બેભાન અવસ્થામાં પડ્યાં. થોડા કલાકો બાદ કોઈ તેમને હૉસ્પિટલમાં સારવાર માટે લઈ ગયું.

બે દિવસ બાદ રંજનાબહેન હૉસ્પિટલમાં ભાનમાં આવતાંની સાથે જ હેમાલી... હેમાલી... ની બૂમો પાડવા લાગ્યાં. થોડી વાર ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં બાદ મનને મનાવી લીધું અને બબડી પડ્યાં : 'દીકરી, તારે હવે દસ વાર નિબંધ નહીં લખવો પડે, કારણ કે તને હવે સ્વર્ગનો અનુભવ થઈ ગયો છે...!!!'

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

વિલિયમ હેઝલિટ

વિલિયમ હૅઝલિટ એકેશ્વરવાદી (Uniterian) ધર્મ-ગુરુનો પુત્ર, પણ ધાર્મિક નીતિનિયમો તેને જચ્યાં નહિ, ચિત્રો દોરવામાં પ્રવૃત્ત થયો, પૅરિસમાં અભ્યાસ કરી આવ્યો. યુવાવસ્થામાં એના ચિત્ત પર રશિયન ક્રાંતિકાર રુસોનો પ્રભાવ પડ્યો. એના મનમાં સામાજિક-રાજકીય સમસ્યાઓ ઘોળાવા લાગી. એટલે એ નિમિત્તે તેણે સત્તરમી-અઢારમી સદીના ચિંતકોના ગ્રંથોમાં રસ લેવા માંડ્યો. એના સમકાલીન સર્જકો પર પણ એની ક્રાંતિની ધૂન સવાર થઈ હતી. પણ એ ઝાઝો સમય ટકી નહિ. હૅઝલિટનો ઉદ્દામવાદ જીવનભર ટક્યો. એની પ્રખર બૌદ્ધિકતાએ તેને તત્ત્વજ્ઞાન અને રાજકીય વિષયક લેખો માટે પ્રેર્યો. ઈ. ૧૮૦૫માં તેણે 'એસેઝ ઑન ધ પ્રિન્સિપલ્સ ઓવ્ હ્યુમન ઍક્શન' (**Essays on the principles of Human Action**) અને ૧૮૦૬માં 'ફ્રી થૉટ્સ ઑન પબ્લિક અફેર્સ' (**Free thoughts on Public Affairs**) પ્રકટ કર્યા. એનાં આ પ્રકાશનોએ કેટલાંકને છંછેડ્યા. તેમાંનો એક 'ક્વાર્ટર્લી રિવ્યૂ' (**Quarterly Review**))નો તંત્રી વિલિયમ ગીફર્ડ (**William Gifford**) હતો.

હૅઝલિટ પર એડમન્ડ બર્કની તર્કબદ્ધ અને ધારદાર ભાષાની પ્રબળ અસર પડી હતી. એવી જ અસર કવિ કોલરિજની પણ હતી.

ઈ. ૧૮૧૨માં તેણે લંડનમાં રસેલ ઇન્સ્ટિટ્યૂટમાં ફિલૉસૉફી વિશે વ્યાખ્યાનો આપ્યાં. પ્રસિદ્ધિ મેળવી અને એ પાર્લમેન્ટને લગતી બાબતોમાં રિપોર્ટર બન્યો. એ પછી નાટ્યક્ષેત્રે પણ એ જ કામગીરી સંભાળી. આ બંનેમાં તેને પાર્લમેન્ટમાં સભ્યોની વાક્છટાનો અને નાટ્ય-રંગભૂમિ સૂઝનો જે અનુભવ મળ્યો તે તેને નાટ્ય-વિવેચનોમાં ખપ લાગ્યો અને નાટ્યક્ષેત્ર પ્રત્યે તેનું આકર્ષણ વધી ગયું. પત્રકારત્વના ક્ષેત્રે પણ તેણે જે જવાબદારીઓ સંભાળી તેમાંથી પણ તેની કલમ ધારદાર બની. તેણે 'મૉર્નિંગ ક્રૉનિકલ' (**Morning Chronicle**), 'ધ એડિનબર્ગ રિવ્યૂ' (**The Edinburg Review**), 'ધ એક્ઝામિનર' (**The Examiner**) જેવાં પાત્રોમાં પણ કલમને કસી લીધી. આ બધી જવાબદારીઓએ તેની પાસે પેઇન્ટિંગનો વ્યવસાય છોડાવ્યો અને તેણે સાહિત્ય તથા પત્રકારત્વમાં પોતાની કાર્યદિશા શોધી લીધી.

હૅઝલિટ એકલવાયો हन्तोऽहं (ઘવાયેલો અહં) આત્મા હતો. સારી ય દુનિયા સાથે તેને અણબનાવ હતો. દુશ્મનો સાથે તો ઠીક મિત્રો સાથેય તેને સંઘર્ષ રહેતો. ખુદ એની પત્ની જેન સ્ટોડાર્ટ (**Jane Stoddart**) સાથે પણ તેને મનમેળ નહોતો. ઈ. ૧૮૦૮માં તેણે લગ્ન કર્યાં, એ અગાઉ પણ તેનાં નિષ્ફળ પ્રેમપ્રકરણો હતાં. ઈ. ૧૮૨૩માં પત્ની સાથે છૂટાછેડા થયા. હૅઝલિટનાં રસ-રુચિ સાથે જેન સ્ટોડાર્ટનું ચિત્ત ગોઠવાઈ શકે તેમ જ નહોતું. હૅઝલિટને રસ-રુચિની સમાનતા હોય તેવી મૈત્રી સદ્ભાગ્યે ચાર્લ્સ લૅમ્બમાં મળી.

હૅઝલિટના વિચારો ઉદ્દામ હતા, પણ એનામાં એક પ્રતીતિ હતી અને પોતાના વિચારોમાં તેની અચળ નિષ્ઠા હતી. એની વેધક પરીક્ષણ દૃષ્ટિએ જૂનાં મૂલ્યો, જૂની પરંપરાઓનાં જાળાં જોયાં અને તે ઉખેડી નાખવામાં જ તે રાચતો રહ્યો. અલબત્ત, ઉચ્છેદનમાં તે પોતાના ચિત્તની સમતુલા ખોઈ બેસતો નથી.

હૅઝલિટ એક તરફ ઉદ્દામવાદી વિચારક અને તે સાથે રોમૅન્ટિકવાદનોય પુરસ્કર્તા હતો. અંતઃસ્ફુરણાનો પ્રભાવ તે બરાબર સમજતો હતો. તેનો અનુભવ પણ તેણે કર્યો હતો. અને આ વિચારક તર્કવાદની મર્યાદા પ્રત્યે પણ સભાન હતો.

હૅઝલિટનો લગાવ વિશેષપણે આરંભકાળના, મુખ્ય રોમૅન્ટિક કવિઓ - વર્ડ્ઝવર્થ અને કોલરિજ સાથે હતો અને એ લગાવ તેને માટે ફળદાયી નીવડ્યો. એની કલમના અનેક પ્રશંસકો મળી રહ્યા. એની ગદ્યશૈલી સરળ છતાં સમર્થ, ક્યારેક તળપદી, છતાં ગ્રામ્યતામાં સરી પડતી નથી.

હૅઝલિટે નિરૂપેલા વિષયોનો વ્યાપ ખાસ્સો મોટો છે. એણે ચિત્રકળા વિશે તો લખ્યું જ છે પણ સાહિત્ય, પ્રાકૃતિક દૃશ્યો, પ્રવાસગમન, કૉફી-હાઉસના રાજકારણીઓ વગેરે અનેક વિષયો તેની કલમમાંથી પ્રગટ્યા છે. અરે, મિલ્ટનનાં સૉનેટ, સર જોશુઆ રેનોલ્ડ (**Sir Joshua Reynold**)ના વાર્તાલાપો વિશેય તેણે કલમ ચલાવી છે. મૃત્યુભય જેવો વિષય પણ તેના ચિંતનશીલ ચિત્તમાંથી પ્રકટ્યો છે.

લૅમ્બને મનુષ્યોની વિચિત્રતાઓ, ધૂન વગેરે આલેખવામાં વિશિષ્ટ રસ હતો. હૅઝલિટ પણ એમાં રસ દાખવતો પણ માત્ર એવી વિચિત્રતાઓ જ રજૂ કરવાની તેની વૃત્તિ નહોતી. એણે નોંધ્યું છે કે વિચિત્રતા ખાતર વિચિત્રતા આલેખવામાં મને રસ નથી. કોઈ પણ ભાવ કે વૃત્તિ ગમે તેટલી આકર્ષક હોય છતાં એમાં જ પુરાઈ રહેવાનું મને ઈષ્ટ લાગ્યું નથી. **'I have to be surfeited with anything, however sweet. I do not**

want to be always tied to the same question, as if there were no other in the world. I like a mind more Catholic.'

એણે જેમ જીવન વિશે તેમ સાહિત્ય વિશે જે ચિન્તન કર્યું તે તેણે પ્રકટ કર્યું છે. કેટલાકે એને જીવનચિંતકની હરોળમાં મૂક્યો છે.

સાહિત્યવિવેચક તરીકે નિયમબદ્ધતાને ઉવેખીને રોમૅન્ટિક કવિઓના દૃષ્ટિબિંદુને સ્વીકારતો જણાય છે. નિયમબદ્ધતા, શિસ્ત, યથાર્થતા જોઈતી હોય તો જાવ કવિ પોપ પાસે, પણ સામર્થ્ય, ભવ્યતાનો, ઉદ્દાત્તતાનો તમને ખપ હોય તો ક્યા માર્ગે જવું તે તમને ખબર છે. 'If you like correctness and smoothness of all things in the world, there they are for you in Pope. If you like other things better, such as strength and sublimity, you know where to go for them'. ('On Criticism')

એના 'ઑન પોએટ્રી ઈન જનરલ' (On Poetry in General) નિબંધમાં કવિતા વિશે પોતાનો અભિપ્રાય દર્શાવતાં તે નોંધે છે કે કવિતા એ કોઈ વસ્તુ કે ઘટનાની ચિત્ત પર પડતી સ્વાભાવિક છાપ છે... અને તે અનાયાસે - યદૃચ્છયા ઊર્મિ અને કલ્પનાની ગતિને જ ઉત્તેજે છે... 'It (Poetry) is the natural impression of any object or event, by its vividness exciting an involuntary movement of imagination and passion...'

વિવેચનની બાબતમાં એણે જે કૃતિ ચર્ચા માટે લીધી હોય તેનો પોતે જે સ્પર્શ પામ્યો હોય તે સંપૂર્ણરીતે ભાવકથા અનુભવે, કૃતિના તમામ અંશો તેને આત્મસાત્ થાય એવું દૃષ્ટિબિંદુ તેણે નજર સામે રાખ્યું છે.

હૅઝલિટના કાવ્યવિચારો સમજવા માટે 'ઑન ક્રિટિસિઝમ' (On criticism), 'ઑન પોએટ્રી ઈન જનરલ' (On Poetry in General), 'લૉર્ડ બાયરન' (Lord Byron) આદિ નિબંધો મહત્ત્વના ગણાય.

ઈ. ૧૮૧૫ થી ૧૮૨૨ સુધીના ગાળામાં તો હૅઝલિટે એક સક્ષમ વિવેચક તરીકે ગજું કાઢી બતાવ્યું હતું. શેક્સ્પીઅરને લગતાં તેનાં વિવેચનોમાં એની સમર્થતા અને આંતરસૂઝ તરત પરખાશે. તેના 'ઇંગ્લિશ પોએટ્સ'-ઈ. ૧૮૧૮ (English Poets) અને 'ઈંગ્લિશ કૉમિક રાઈટર્સ'-ઈ. ૧૮૧૯ (English Comic Writers)માં એનું વિવેચકીય તેજ પ્રગટે છે. 'ઑન ધી ડ્રામેટિક લિટરેચર ઑવ્ ધ એજ ઑવ્ ઈલિઝાબેથ'-ઈ. ૧૮૨૦ (On the Dramatic Literature of the Age of Elizabeth) પણ એની વિશાળ રુચિ અને સહૃદયતાની પ્રતીતિ કરાવે છે. અંગ્રેજી વિવેચનસાહિત્યમાં આ પ્રકાશનો નવલા પ્રદાનરૂપ છે. અલબત્ત, એ કેટલીક વાર છિદ્રાન્વેષી લાગે અને હૅઝલિટની એય તો 'વિશેષતા' છે-તેમ છતાં એના મૌલિક તેજસ્વી વિચારનું સામર્થ્ય અને ધારદાર અભિવ્યક્તિ અંગ્રેજી સાહિત્યના મોટા ગજાના વિવેચકોની હરોળમાં તેને બેસાડે તેવી છે. કવિ ડ્રાયડનની તીક્ષ્ણ વેધક દૃષ્ટિની સાથે કોલરિજની રોમૅન્ટિક વૃત્તિની ફરફર એમાં પામી શકાય છે. ઈ. ૧૮૧૮માં તેનું પ્રકાશન 'કૅરેક્ટર્સ ઑવ્ શેક્સ્પીઅર્સ પ્લેઝ' (Characters of Shakespeare's Plays) આગવું મહત્ત્વ ધરાવે છે. એમાં એણે શેક્સ્પીઅરનાં નાટકોનાં પાત્રોને સ્વતંત્ર, માનસશાસ્ત્રીય પાત્રો લેખે ચર્ચા-વિચારણા માટે પસંદ કર્યાં છે. એની આ પદ્ધતિની પરંપરા ઓગણીસમી સદીમાં ચાલુ રહી અને એ.સી બ્રેડલિમાં (A.C.Bradley) તેનું અંતિમ બિંદુ જોવા મળ્યું છે. રોમૅન્ટિક વૃત્તિ ધરાવનારા વિવેચકોની સાથે તે પણ એ બાબતમાં સંમત છે કે શેક્સ્પીઅરનાં નાટકો મંચ પર ભજવવા માટેનાં નથી. એની રંગભૂમિક્ષમતામાં તેને રસ નથી. તેણે નોંધ્યું છે કે, 'We do not like to see our author's plays acted and least of all, Hamlet.' હૅઝલિટની લાક્ષણિક વિવેચકીય શક્તિ અને એનો ઉત્સાહ ઉપર્યુક્ત પ્રકાશનોમાં વરતાઈ આવે છે.

ઈલિઝાબેથ યુગના સાહિત્યવિવેચક તરીકે લૅમ્બ કરતાં વધુ તે વિશ્વસનીય છે, જો કે લૅમ્બમાં જેટલી ગુણગ્રાહકતા છે તેટલી તેનામાં નથી. એનાં બીજાં બે પ્રકાશનો 'ધ રાઉન્ડ ટેબલ'-ઈ.૧૮૧૭ (The Round Table) અને 'ધ ટેબલ-ટૉક'-ઈ.૧૮૨૧-૨૨ (The Table Talk) એના વિવેચનનાં તથા અન્ય લેખોનાં પુસ્તકો છે. એમાં સૂત્રાત્મક શૈલીમાંય તેની કુશળતા પ્રતીત થાય છે.

સાહિત્યવિવેચનોની પ્રવૃત્તિમાં તેનું જોમ પ્રકટે છે. એની પારિવારિક દ્વિધાઓ, નાદુરસ્ત તબિયત - એ સહુ ભૂલીને તે સાહિત્યના અફાટ સાગરમાં ઊછળતાં મોજાં સામે મુકાબલો કરતો, સામા પ્રવાહે તરતો તરવરિયો યુવાન દેખાય છે.

ઈ. ૧૮૨૩માં એના 'લાઈબર ઍમરિસ' (Liber Amoris)માં એક મૂર્ખ અને ગ્રામ્ય કન્યા સાથેના પ્રેમપ્રકરણનો ચિતાર તેને જરાય યશ આપે તેવો નથી. ઈ. ૧૮૨૫માં તેનું 'ધ સ્પિરિટ ઑવ્ એજ' (The Spirit of Age) અને ઈ. ૧૮૨૬માં 'ધ પ્લેઈન સ્પીકર' (The Plain Speaker) પ્રકટ થાય છે. એમાં છેલ્લા પ્રકાશનમાં તેની ઘણી સાહિત્યિક પ્રવૃત્તિનો અર્ક આવી જાય છે અને વાર્તાત્મક નિબંધ રૂપે કેવા મધુર કટાક્ષ કરી શકે છે તેનો અનુભવ થાય છે. બાવન વર્ષની જિંદગીમાં, વાર્તાત્મક નિબંધકાર, કલાવિવેચક અને સાહિત્યના એક દૃષ્ટિસંપન્ન વિવેચક તરીકે તેની પ્રતિષ્ઠા વિવેચકોએ પ્રમાણી છે. (ક્રમશઃ)

અમદાવાદનો હાથકાગળનો ઉદ્યોગ

કિરીટ ભાવસાર

પત્રવ્યવહાર, દસ્તાવેજ, કોર્ટકચેરી, સરકારી કાર્યાલયો, વેપારી પેઢીઓ, વેપાર અને ઉદ્યોગ, બૅન્ક, શિક્ષણ-સંસ્થાઓ વગેરે અનેક સ્થળોએ કાગળનો ઉપયોગ છૂટથી કરીએ છીએ. લેખન પછી પ્રકાશનક્ષેત્રે માહિતી અને જ્ઞાનના પ્રસારણ માટે સમાચારપત્રો, સામયિકો અને પુસ્તકો છાપવા માટે કાગળનો ઉપયોગ થાય છે. આમ, કાગળના વિપુલ ઉપયોગને લઈને કાગળ-ઉદ્યોગ વિકસ્યો છે. 'કાગળ બનાવવાની શોધથી મનુષ્યજાતિને ઘણો ફાયદો થયો છે. ... કાગળ ન હોત તો વિદ્વાનોને થયેલ જ્ઞાનનો પ્રસાર મનુષ્યમાં થઈ શકત નહીં. માનવજાતિના સુધારાનો મૂળ આધાર જ્ઞાન છે.' કાગળનો અંગ્રેજી શબ્દ 'પેપર' છે, જે પેપીરસ ઉપરથી ઊતરી આવ્યો છે. ઇજિપ્તના લોકો પ્રાચીનકાળમાં લખાણ માટે પેપીરસનો ઉપયોગ કરતાં હતાં. પ્રાચીનકાળમાં હિંદમાં ભૂર્જપત્ર, તાડપત્ર, કાપડ ઉપર પોથીઓ લખાતી હતી.

વિશ્વમાં કાગળ બનાવવાની શોધ ચીનમાં ૧૯૦૦ વર્ષ પહેલાં થઈ હતી. ચીનમાં રેશમી કાપડનાં ચીંથરાંમાંથી કાગળ બનાવવામાં આવતો હતો. ઈ.સ. ૧૦૫માં ચીનના હાન્સ વંશના હો તી રાજાના વખતમાં ત્સાઈ-લુન નામનો કારભારી વહીવટી દસ્તાવેજોનું કાર્ય કરતો હતો. તેને કાગળ બનાવવાનો વિચાર આવ્યો. જૂનાં કપડાંનાં ચીંથરાં, શણની છાલ, માછલી પકડવાની જૂની જાળ, ઝાડની છાલમાંથી ત્સાઈ-લુને કાગળ બનાવવાની પદ્ધતિ શોધી અને આમ ચીનમાં કાગળ બનાવવાનું શરૂ થયું હતું. ચીનાઓની કાગળ બનાવવાની પદ્ધતિમાં નવીનતા હતી. ચીંથરાં, જાળ, ઝાડની છાલ એ દરેકને અલગ અલગ પાણીની કૂંડીમાં ઉકાળીને એના રેસાઓ છૂટા પાડતા અને એ દરેકના પાતળા પ્રવાહીને એક મોટી કુંડીમાં ભેગા કરતા, વાંસથી એને સારી રીતે હલાવીને મિશ્રણ તૈયાર કરતા હતા. આ લૂગદીને વાંસની ફ્રેમમાં પાથરી દેતા. આ ફ્રેમ પાણીની કુંડીમાં ડુબાડીને તરત જ બહાર કાઢી લેતા અને વાંસની છાપરી સૂકવવા મૂકતા. આ કાગળ ત્સાઈ-હો-ત્સીશી તરીકે જાણીતો બન્યો. ચીનમાં આ શોધને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવતી હતી.

ઈ.સ. ૭૫૧માં ખોરસાનમાં આરબોની સભા હતી. તુર્કી લોકો સાથે યુદ્ધ થયું. આ યુદ્ધ ચીનની સરહદ સુધી થયું હતું. આરબ લોકોએ યુદ્ધ કેદીઓને પકડ્યા હતા, જેમાં કેટલાક ચીનના કેદીઓ પણ હતા. આ ચીની કેદીઓ કાગળ બનાવવાનું જાણતા હતા. પોતાની મુક્તિના બદલામાં ચીની કેદીઓએ આરબ સિપાઈઓને કાગળ બનાવવાની જાણકારી આપી. આરબ પ્રજા દ્વારા આ શોધ દુનિયાભરમાં આઠમી સદીમાં ફેલાઈ ગઈ હતી. કાગળની શોધ ચીનમાંથી મધ્ય એશિયા અને વર્શિમા પહોંચી. આ શોધ વેપારીઓના કાફલા સાથે સિલ્કસટના રસ્તે ગેબીના રણમાં થઈ ટકલા મકાન થઈને સમરકંદ પહોંચી.

કાશ્મીરનો બાદશાહ શાહખાન 'સમરકન્દમાં વસવાટ કરી જ્ઞાનવિજ્ઞાનની તાલીમ લઈ અને કારીગરોનો વર્ગ જેમ કે કાગળ બનાવનાર, ગાલીચા બનાવનાર, જીન બનાવનાર અને દાયણકામમાં નિપુણ દાયણોને પોતાની જોડે કાશ્મીર લાવ્યો હતો.' શાહખાન ગાદીનશીન થઈ સુલતાન 'ઝૈનુબ-આબેદીન'નું બિરુદ મેળવી ચૂક્યો હતો. કાશ્મીરમાં હુન્નર અને કલાકારીગરીનો ફેલાવો કરવા ઝૈનુબ-આબેદીન ઈરાન, તુરખી અને ખાસ કરીને ખુરસાનથી કારીગરોને પોતાની સાથે લાવતો હતો. સમરકન્દથી કાગળ બનાવનારા કારીગરોને નૌશેરાના રાજાના મહેલના બગીચામાં જગા આપી વસાવ્યા હતા. ભારતમાં સૌપ્રથમ વાર કાશ્મીરમાં કાગળ 'ઝૈનુબ-આબેદીન'ના રાજ્યકાળ દરમ્યાન કારીગરો હાથકાગળ બનાવતા હતા. કાશ્મીરમાંથી કાગળ બનાવવાની રીત સિયાલકોટથી લાહોર તરફ, પછી મુલતાન, મથુરા અને દિલ્હીમાં કાગળ બનાવનારા કારીગરો વસ્યા. પૂર્વમાં કાલપી, રાજસ્થાનમાં સંગાનેર અને ગુજરાત અને દક્ષિણે ઔરંગાબાદ સુધી આ કારીગરો સ્થળાંતર કરતા ગયા.

મહંમદ બેગડાએ ગુજરાતનું પાટનગર અમદાવાદ બનાવ્યું, પછીનાં પચાસ વર્ષમાં ઘણી પ્રગતિ થઈ. મહંમદ બેગડાના સમયમાં અહીં કાગળનાં કારખાનાં સ્થપાયાં. ધીરેધીરે કાગળનાં કારખાનાં પાટણ અને ખંભાતમાં કાયમી થયાં. પ્રો. નદવીના મતે 'અમદાવાદ કાગળની કારીગરીનું કેન્દ્ર હતું. અહીં એટલા બધા પ્રમાણમાં કાગળ તૈયાર થતો કે હિન્દુસ્તાન ઉપરાંત અન્ય દૂર દૂરના દેશોમાં જતો હતો. આ કાગળ સફેદી અને ચીકાશમાં અજોડ હતો. જાડા-પાતળા, જુદા જુદા કદના કાગળો તૈયાર કરવામાં આવતા હતા. રંગીન કાગળ પણ જુદી જુદી જાતના બનતા હતા.'

અમદાવાદના કાગદીઓ વેપારી માટે બદામી રંગના કાગળ બનાવતા. આ બદામી રંગના કાગળને વેપારીઓ હિસાબ-કિતાબના ચોપડાઓ લખવા માટે ઉપયોગમાં લેતા

હતા અને આજે પણ લે છે. સોનેરી છાંટનો કાગળ પણ અમદાવાદમાં બનાવવામાં આવતો હતો. અમદાવાદના કાગળની ખાસ ખૂબીઓ સફેદી અને ચીકાશ છે.

દેશી રીતે કાગળ બનાવવાનો ઉદ્યોગ હિન્દુસ્તાનમાં થોડી જગ્યાએ જ છે. કાલપી (ઉત્તરપ્રદેશ), સંગાનેર (રાજસ્થાન) વર્ધા, ઔરંગાબાદ, અમદાવાદ, પાટણ અને ખંભાતમાં હાથકાગળ બનાવનારા કાગદીઓના મહોલ્લાઓ છે. જો કે આ સ્થળોએ આજે કાગદીઓ કાગળ બનાવતા નથી.

૧૯મી સદીમાં જૂની કારીગરીના કાગળના નમૂનાઓ સંગ્રહાલયોમાં અને પુસ્તકાલયોમાં સચવાયેલા છે. જૂની કારીગરીના કાગળો એની બનાવટના સ્થળનામથી ઓળખાતા હતા જેમ કે, અમદાવાદી, પટણી, કાશ્મીરી, જહાંગીરી, ફૈઝાબાદી, કાનપુરી, દોલતાબાદી, બહાદુરખાની, સાહેબખાની, મુરાદાશાહી, શરબતી, કાસિમબેગી, બાલાપુરા, રોબકારી, પરદેશી, સમરકન્દી, ઈસ્ફાની, ખાનબાલિગ - આમ હિન્દમાં અનેક પ્રકારના કાગળો કાગદીઓ બનાવતા હતા.

હિન્દુસ્તાનના હાથકાગળ ઉદ્યોગને બ્રિટિશ સરકારની નીતિને લઈ ભારે નુકસાન થયું. ૧૮૪૦માં ચાર્લ્સ વુડે એવું ફરમાન કાઢ્યું કે હિન્દની વડી સરકારી વહીવટી કચેરીઓ અને સરકારી કામમાં બ્રિટનના કાગળનો જ ઉપયોગ કરવો. આમ, ઈંગ્લન્ડથી યંત્ર દ્વારા બનેલ વિદેશી કાગળ આયાત થવાથી હિન્દનાં અન્ય શહેરોની જેમ અમદાવાદના હાથ કાગળ-ઉદ્યોગને પણ ખૂબ સહન કરવું પડ્યું હતું. શાહુકારો અને વેપારી આલમ દેશી કાગળમાંથી બનાવેલ હિસાબ-કિતાબના ચોપડા પેઢીના કામકાજ માટે ઉપયોગમાં લેતા રહ્યા તેથી જ આ હાથકાગળનો ઉદ્યોગ ટકી રહ્યો હતો.

બૉમ્બે ગૅઝેટીઅર્સ ગ્રંથ અમદાવાદ (૧૮૭૮)માં અમદાવાદના કાગળ-ઉદ્યોગ વિશે લખાણ છે કે '૩૦ વર્ષ પહેલાં ૮૦૦ માણસો અને છોકરાઓ કાગળ બનાવવામાં રોજી રળતા હતા. કારીગરો કાગળનો વેપાર નહોતા કરતા. પૈસેટકે સુખી સુન્ની વહોરા (મુસલમાનો) તેઓને કામ પર રાખતા હતા. તેઓ કારીગરો માટે જૂના કાગળો મારવાડના વણજારાઓ પાસેથી ખરીદતા અને યુરોપના રદ્દી કાગળ ભેળવીને તેની લૂગદી/માવો બનાવતા હતા. વિદેશી કાગળની હરીફાઈમાં આ કાગળ ટકી શક્યો નહીં. હાર્ડ હન્ટર ૧૯૩૦માં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા, તે વખતે તેમનાં ૧૨ કુટુંબો જ હાથકાગળ બનાવતાં હતાં અને અન્ય કુટુંબો કાપડની મિલમાં રોજી માટે જોડાયાં હતાં.'

એમ.ટી.એફ. કીર્કે લખેલ 'પેપર મેકિંગ ઈન બૉમ્બે પ્રેસિડન્સી '(૧૯૦૮) નામના ગ્રંથમાં લખે છે કે, 'અમદાવાદ કાગળનું મોટું વેપારકેન્દ્ર હતું. અમદાવાદની ઉત્તરે (શાહપુર) કાગળની લૂગદી લસોટવાનો પથ્થરનો નિશાતરો અને કાગળ પલાળવાની પથ્થરની કુંડીઓના અવશેષો મળ્યા છે. શાહપુરમાં કાગદીપીઠમાં કાગદીઓ રહેતા હતા. આ જ પ્રમાણે પાલડી-કોચરબ ગામ પાસે કાગદીવાડમાંથી પથ્થરની કુંડી અને કાગળ લસોટવાનો પથ્થર મળ્યો હતો. આજે પણ કોચરબ વિસ્તારમાં કાગદીવાડ છે. પણ ત્યાં કોઈ હાથકાગળ બનાવતું નથી. અમદાવાદનો કાગળ મજબૂતાઈ અને સફેદીમાં ભારે પ્રખ્યાત હતો, તેથી પુસ્તકો, પત્રો લખવા માટે, જમીનના અને મકાનના દસ્તાવેજો, તેમજ જન્મપત્રિકા માટે એની ભારે માંગ હતી.'

૧૯૩૦માં ગાંધીજીએ હિન્દના હાથકાગળ ઉદ્યોગને સજીવન કરવા હાકલ કરી હતી. નીતા પ્રેમચંદની રૂબરૂ મુલાકાતમાં કાલપીના મુન્નાલાલ ખદ્દરીએ જણાવ્યું હતું કે ગાંધીજીએ કાલપીની મુલાકાત વખતે ગામનાં લોકોને પોતાના પરંપરાગત હુન્નરોને પુનર્જીવિત કરવા વિનંતી કરી હતી. તે પછી ૧૯૩૦થી પોતે હાથકાગળ બનાવવાનું શરૂ કર્યું અને પોતાના ખર્ચે કાગળ બનાવવાની અનેક રીતો પુરુષો અને સ્ત્રીઓને શીખવતા હતા. અને કાગળ બનાવીને પૈસા રળવા પ્રોત્સાહિત કરતા હતા. શ્રી મુન્નાલાલ ખદ્દરીએ ૧૯૩૮માં હાથકાગળ બનાવવા વિશેનું પુસ્તક લખ્યું હતું, જે અપ્રકટ છે.

૧૯૩૦ના દાયકામાં ગાંધીજીએ હિન્દના પરંપરાગત ઉદ્યોગને સજીવન કરવા 'સ્વદેશી ચળવળ' ચલાવી. ૧૯૩૬ના ફૈઝપુર કૉંગ્રેસ અધિવેશનમાં નવસારીના ઑઈલ કેમિસ્ટ શ્રી કે.બી.જોશીએ કાપડના જૂના ગાભામાંથી કાગળ બનાવવાની રીતનું નિદર્શન સ્વદેશી મેળામાં રજૂ કર્યું હતું. મહાત્મા ગાંધીજીની સ્વદેશીની ચળવળમાં કાપડના જૂના ગાભામાંથી કાગળ બનાવવાનો આ નવીન વિચાર યોગ્ય રીતે ગોઠવાઈ ગયો. મહાત્મા ગાંધી શ્રી જોશીની આ શોધથી પ્રભાવિત થઈને વર્ધા ખાતે અખિલ હિન્દ ગ્રામોદ્યોગ સંઘના કાર્યાલય, મગનવાડીમાં નિમંત્ર્યા. રૂ અને ચીંથરાંમાંથી હાથકાગળ બનાવવાનું કામ વર્ધા ખાતે શરૂ કર્યું.

વર્ધા ખાતે હાથકાગળનો ઉદ્યોગ સફળ થયા પછી અમદાવાદમાં તે શરૂ કરવા ગાંધીજીએ વિચાર્યું. અમદાવાદ એ સમયે કાપડ-ઉદ્યોગનું મોટું કેન્દ્ર હતું, તો પછી કાપડના ગાભામાંથી કાગળ કેમ ન બને? અને હિન્દુસ્તાન પોતાની જરૂરિયાતનો કાગળ જાતે કેમ ન બનાવી શકે? આ વિચાર-માંથી અમદાવાદ કાપડમિલોમાંથી કાગળ બનાવવા કાચો

માલ (ચીંથરાં, વેસ્ટ કૉટન, ગાભા) સહેલાઈથી મળી રહ્યો. વર્ધા ખાતે અખિલહિન્દ ગ્રામોદ્યોગ સંઘના આશ્રયે હાથ-કાગળનું કેન્દ્ર શરૂ થયું હતું. અમદાવાદમાં હાથકાગળ કેન્દ્રનો આરંભ કરવા માટે ગાંધીજીએ વર્ધાથી શ્રી મોહનભાઈને અમદાવાદ મોકલ્યા, મહાત્મા ગાંધીના આદર્શોને અનુસરીને તેમનું જીવનઘડતર વર્ધામાં થયું હતું. ગાંધી આશ્રમના ટ્રસ્ટી શ્રી લક્ષ્મીદાસ આશરે આશ્રમ સામેની જમીન આપી. ૧૯૪૫માં ગાંધી આશ્રમ સામે હાથકાગળ બનાવવાનો આરંભ થયો. આ કારખાનાને કાકાસાહેબે 'કલમખુશ' એવું નામ આપ્યું. આજે કલમખુશમાં અનેક પ્રકારના હાથકાગળો બની રહ્યા છે. કલમખુશમાં કાગળ બનાવવા માટે કાચા માલ તરીકે કાપડની ચીંથરીઓ ભેગી કરીને પાણી ભરેલાં ટાંકાંમાં પાંચથી છ કલાક રાખી મૂકવામાં આવે છે. પછી બીટર મશિનથી માવો બનાવવામાં આવે છે. આ માવાને ફરી પાણી ભરેલા ટાંકામાં નાખવામાં આવે છે, કે જેથી બધો કચરો નીચે બેસી જાય. માવાને પાણીના પીપડામાં ગરગડી વડે ઊંચકીને ઠાલવતી વખતે સ્લરી ભેળવવામાં આવે છે, તે સમયે માવાને હલકા હાથે હલાવવામાં આવે છે. પછી બે માણસો હળવા હાથે લાકડાની પ્લેટ પર માવાવાળું પાણી લે છે. ભીના માવાની પ્લેટને એકબીજાની સામે અને ડાબા-જમણી ઠાલવી દે, તેથી કાગળનો માવો પ્લેટ પર સરખો પથરાઈ જાય. આ માવાવાળી પ્લેટને ઊની વસ્ત્ર પર ઊંધી પાડવામાં આવે છે. પાણી શોષાયા બાદ ઊની વસ્ત્ર પરથી કાગળને અલગ કરવામાં આવે છે. આ કાગળોને વળગણી પર લટકતાં રાખી સૂકવવામાં આવે છે. કાગળના ફિનિશિંગ માટે તેને ધાતુની બે પ્લેટમાં ગોઠવી દેવાય છે. આ કાર્યને કેલેન્ડરિંગ કહે છે. ગુજરામાં અમદાવાદ ખાતે કલમખુશ અને ગઢડા (સુરેન્દ્રનગર જિલ્લો) એ બે સ્થળે હાથકાગળ બનાવવામાં આવે છે. કલમખુશમાં નાના-મોટા રંગબેરંગી કાગળો, ફાઈલો માટેનો ખાસ જાડો કાગળ, દફતરો સાચવવાનાં ડૉકેટ્સ વગેરે બને છે.

સંદર્ભસામગ્રી :

(૧) કાગળ બનાવવાના કારખાના વિશે (બુદ્ધિ પ્રકાશ-૧૯૦૫) પૃ. ૩૮૩-૩૮૮.

(૨) જોટે, રત્નમણિરાવ : ગુજરાતનું પાટનગર અમદાવાદ.

(૩) નદવી, અબુઝફર, મૌલાના : હિન્દુસ્તાનમાં કાગળના ઉદ્યોગનો ઇતિહાસ. ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, પુસ્તક-૧૩, અંક-૪, જાન્યુઆરી-માર્ચ : ૧૯૪૯, પૃ. ૧૧૩-૧૨૮.

(૪) પેન પણ જેનાથી ખુશ થઈ જાય એવો કાગળ. 'અભિયાન' (૮ ડિસે. ૨૦૦૧)ના અંકમાં.

(૫) **Nita Premchand. Off the Deckle Edge : a paper making journey through India.** ❐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૪૯-૫૦માં સર સી.વી.રામન વલ્લભવિદ્યાનગર આવ્યા. ડૉ. માર્કંડ સાહેબે સાયન્સ કૉલેજના અને રસ ધરાવતા સૌ વિદ્યાર્થીઓને ત્યાં બોલાવ્યા હતા. ત્યારે રામન સાહેબે કહેલી નાની વાત અમારા હૃદયમાં જડાઈ ગઈ છે. 'તમારામાંના ઘણા વિદ્યાર્થીઓ ઇજનેરી કે તકનીકી કૉલેજમાં ભણવા માટે ઉત્સુક છો પણ તમે ગમે તે વિષયમાં જો ચિત્ત લગાવી ભણો અને તે વિષયમાં ઊંડા ઊતરી શકાય તેવા વ્યવસાય કે નોકરીમાં જોડાવ તો ઇજનેરી કે તેવા વિષયો (જે તરફ વિદ્યાર્થીઓની ખોટી દોડ છે)માં પ્રવેશ ન મળ્યો હોય છતાં તમારા વિષય પર સંશોધન કરી તમે વિશ્વને તમારા સંશોધનોનો લાભ આપી શકો. મેં જ્યારે ભૌતિકશાસ્ત્રનો વિષય લીધો ત્યારે 'બૅચલર ઑફ સાયન્સ'ની ઉપાધિ નહોતી. બૅચલર ઑફ આર્ટસ્‌માં સાયન્સ મુખ્ય વિષય લઈ ભણ્યો છું અને છતાં કોઈ પણ માધ્યમમાંથી પસાર થતાં પ્રકાશના વક્રીભવનને કારણે તેના બદલાતા રંગ વિષયક મારા સંશોધનને - રામન ઈફેક્ટ નામ અપાયું અને સને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક મને એનાયત કરી વિશ્વે ભારતનું બહુમાન કર્યું.' પછી જરા ભારપૂર્વક પૂરી ગંભીરતાથી બોલ્યા : 'વિષય ગમે તે ભણો પણ તેમાં પૂરેપૂરા ઊંડા ઊતરશો તો તે વિષય જ પોતાનાં રહસ્યો તમારી પાસે ખોલશે.' એ વાક્ય અમો આજે ય ભૂલ્યા નથી. ભારતના રાષ્ટ્રપતિ થવાની વિનંતી તેમણે સવિનય અસ્વીકારી હતી.

ભારત સરકારે તેમને ભારતરત્નનો સર્વોચ્ચ ખિતાબ આપી ખિતાબનું ગૌરવ કર્યું હતું. નોબેલ પારિતોષિકની રકમમાંથી તેમણે બૅંગલોરમાં સ્થાપેલી 'રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'માં સેંકડો તેજસ્વી વૈજ્ઞાનીઓ સંશોધનનું ભાથું મેળવે છે.

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૫. ધર્મ અને કળાનો સમાગમ

ઘણી વાર નેપાળમાં વિચરતાં મનમાં થઈ આવે કે જાણે આખો પ્રદેશ કળાનું સંગ્રહાલય ના હોય! ઊંચા ઊંચા હિમ-મંડિત પર્વતો તે જાણે કુદરતે સર્જેલી કળાકૃતિઓ અને બહુ-સહસ્ર સુભગ સ્થાપત્યો તે તો અલબત્ત માનવીય કલ્પના અને સર્જનશક્તિનાં પરિણામ. નેપાળમાં જો જીવન ધર્મ-પ્રધાન છે, તો ત્યાનાં ધર્મસ્થાનો કળાપ્રધાન છે. ભારતમાં પણ ધર્મસ્થાનોને કળા-પ્રાચુર્ય દ્વારા અમર અને અમૂલ્ય બનાવી દેવાની પ્રથા સદીઓથી ચાલતી આવી છે. નેપાળના બંને મુખ્ય ધર્મો - હિન્દુ અને બૌદ્ધ - ભારતમાંથી જ ત્યાં પ્રયાણ કરી ગયા, અને સ્થાયી થયા. પરંતુ એ બંનેના ભૌતિક, મૂર્તિમંત સ્વરૂપો નેપાળને લાક્ષણિક તેમજ અદ્વિતીય એવી સ્થાપત્યશૈલીમાં જન્મ્યાં, વિકસ્યાં અને વિખ્યાત થયાં.

નેપાળની એક ધ્યાનાર્હ વિશેષતા એ છે કે ત્યાં આ બંને ધર્મો સરસ હળી-મળી ગયેલા છે. હિન્દુ મંદિરમાં બૌદ્ધ અને બૌદ્ધ સ્થાનોમાં હિન્દુ દેવ-શિલ્પોનું હોવું અપેક્ષિત બનેલું છે. આ જ રીતે બંને ધર્મના પાલકો પણ સહેલાઈથી તેમજ સ્વાભાવિક ભાવે, ઉભય દેવાશ્રયોમાં શ્રદ્ધા રાખી શકે છે. આમાં ત્રીજું જે એક પરિમાણ પોષક થયેલું છે તે રાજકીય છે. નેપાળમાં રાજવંશની પ્રથા બહુ સદીઓથી સ્થાયી છે અને રાજવીઓ ઐતિહાસિક રીતે કળા-શૈલીઓ પુષ્ટ અને પ્રોત્સાહિત કરવામાં કારણભૂત રહ્યા છે.

નેપાળમાંનો કળાનો ઇતિહાસ પાંચ મુખ્ય તબક્કામાં વહેંચવામાં આવે છે : (૧) ગુરખા શાસનથી શરૂ થઈને ત્રીજી સદી સુધી. આ શૈલીનાં ઉદાહરણ ભાગ્યે જ પ્રાપ્ત છે. ઝીણવટ અને કાળજીપૂર્વકના ઉત્ખનન પછી પણ કશું મળે કે ના પણ મળે. (૨) ત્રીજીથી નવમી સદીની લિચ્છવી શૈલીનાં બહુશત શિલ્પ બંને ધર્મોના સમન્વયની સાબિતી આપે છે. વિષ્ણુ, શિવ, લોકેશ્વર, બોધિસત્ત્વ તથા વિવિધ મુદ્રામાં બુદ્ધની મૂર્તિઓ મળી આવેલી છે. દેહયષ્ટિ તથા કળાત્મક શિર-આચ્છાદનોમાં આ શૈલી વ્યક્ત થતી ગણાય છે. (૩) નવમીથી તેરમી સદીનો સમય પરિવર્તિત સંક્રાંતિક કાળ કહેવાય છે, જે દરમિયાન 'એક-પાર્શ્વ'-પ્રોફાઈલ-રીતની રૂપાકૃતિઓ બની - પથ્થરમાં તથા કાંસા-ધાતુમાં. એમને ઘડવામાં પ્રયોજાયેલ સૂક્ષ્મગ્રાહિતા આ શૈલીની ઓળખ મનાય છે. (૪) તેરમીથી પંદરમી સદી વચ્ચેના આરંભિક મલ્લા-કાળ દરમિયાન પાષાણ અને ધાતુમાં ઘણું કામ થયું. પરિષ્કૃત આકૃતિ-રેખ અને અલંકારિતા તાંત્રિક પંથની અસર દર્શાવે છે. એ સમયે સૂર્ય અને ચંદ્રની ઉપાસના થતી અને એ બંને પણ પ્રતિમારૂપ પામતા જોવા મળે છે. (૫) પંદરમીથી પોણી અઢારમી સદી સુધીનો ઉપાંત્ય મલ્લા કાળ કળા-શૈલીમાં શિરોમણિ સમાન જાહેર થયેલો છે. એ દરમિયાન પાષાણ-શિલ્પ અને ધાતુ-મૂર્તિઓ ઉપરાંત 'થાન્ગકા' નામથી ઓળખાતાં ધર્મ-પરાયણ, અનેક વિગત નિયોજતાં અનન્ય ચિત્રોનો પ્રકાર પ્રચલિત થયો. ફૂલ-પત્તીનાં અંકન તથા મૉન્ગોલ જેવા ચહેરા કળાકૃતિઓમાં ઊપસવા માંડ્યા. એના કારણમાં મુગલ બાદશાહત અને ચીની આગંતુકોને ગણાવી શકાય. છતાં, અંત્ય મલ્લા-કાળની મહત્તમ નિષ્પત્તિ સ્થાપત્ય-કળા-કૌશલ્ય તથા એનાં પરિપકવ ઉદાહરણોમાંથી પ્રગટ થાય છે.



નેપાળમાં જોવા મળતી પ્રાચીન મૂર્તિ

બાઘમતી અને વિષ્ણુમતી નદીઓના સમાગમ પર સાતમી સદીના રાજા નરેન્દ્રદેવે રાજપ્રાસાદો બંધાવવાની શરૂઆત કરી. ૧૫૫૦ મીટર ઊંચેના એ વિસ્તારમાં ત્યારે સાડા ત્રણ લાખથી વધુ લોકો વસતાં હતાં. ત્યાં ઈન્ડો-આર્યન તેમજ તિબેટો-બર્મન ભાષાઓ પ્રચલિત હતી. સત્તરમી સદીમાં મલ્લા રાજવી લક્ષ્મી-નરસિંહ દેવે એક કાષ્ઠમંદિર બંધાવ્યું, જે એક જ વૃક્ષના લાકડામાંથી બન્યું હોવાનું કહેવાય છે. એમાં એ પ્રદેશમાં ઉપસ્થિત ચાર વિનાયક-ગણેશ - સૂર્ય વિનાયક, ચંદ્ર વિનાયક, જલ વિનાયક, કર્ણ વિનાયક - ની પ્રતિકૃતિઓ નિવાસિત છે. ત્યારે ભાષા દેવનાગરીની નજીક ચાલી ગયેલી અને એ મંડપ 'કાઠમૌંડા' કહેવાતો હતો. એના પરથી શહેરનું નામ પડ્યું - કાઠમંડુ.

એનું ઐતિહાસિક રાજવી કેન્દ્ર હનુમાનઢોકા છે. એને દરબાર ચૉક પણ કહે છે. હવે, પ્રાચીન સ્થાપત્યોનો અહીં પાર નથી. જૂના મહેલની અંદર શિવપાર્વતી, શ્વેતભૈરવ તથા પંચમુખી હનુમાનનાં મંદિર છે. મહેલની બારીઓ અને અટારીઓ લાકડામાં કરેલી સુંદર, ઝીણી કોતરણીથી દૃષ્ટિને જકડી રાખે છે. નેપાળની પ્રશસ્ય વિશિષ્ટતાઓમાં એ ગણાય

છે. મહેલનો મોટો ભાગ અંદરથી ને બહારથી સફેદ રંગેલો છે અને એકવીસમી સદીના રાજા ત્રિભુવન અને બીરેન્દ્રને બિરદાવવા માટેના પ્રદર્શન-ગૃહમાં ફેરવી દેવામાં આવ્યો છે. એક કક્ષમાંથી બીજામાં અને એમ અનેક કક્ષમાં, સળંગ એક માર્ગે ફરવું પડે, ને પ્રદર્શિત થયેલી છે ફક્ત રાજાઓને ગૌરવ આપતી જ સામગ્રી, નેપાળી કળાકૃતિ એક પણ નહીં.

ખૂબ મોટી ઈમારત છે. ગોળ ફરતાં જઈએ, વળી સીડી ચડીએ, એમ કરતાં કરતાં અચાનક એક ખૂણામાંના પૅગોડામાં આવી પહોંચીએ ને સાંકડી સીડી લઈને નવમે માળે જઈએ ને ભુલાઈ જાય રાજા, ને ભુલાઈ જાય મહેલ. જોઈએ તો આખું કાઠમંડુ શહેર અને બાજુનું પાટણ ગામ નીચે ચોતરફ ક્યાંયે સુધી પથરાઈને પડ્યાં છે, ને એમને ફરતે મેખલા છે ઉન્નતમુખ પર્વતોની. આ દશ્યને પામવાનો સુયોગ ચૂકવા જેવો નથી.

બહાર દરબાર ચૉકમાં, ને પરિસરમાં શું શું નથી? રડ્યાંખડ્યાં ને ઉપેક્ષિત શિલ્પદેવતા; ગોખલામાં બુદ્ધમૂર્તિઓ, દેરીઓ, નાનાં મંદિર અને ઊંચાં ગોપુરમવાળાં મંદિર-સ્થાપત્ય, કે જેમની અંદર જવાતું નથી. ચારે બાજુ ઢળતાં છાપરાંના એક ઉપર એક બનાવેલા ત્રણ કે ચાર માળવાળા પૅગોડા, કહે છે કે સૌપ્રથમ નેપાળમાં સર્જાયા ને અહીંથી ચીન, જપાન, ઇત્યાદિ દેશોમાં ગયા. ઘણી વાર 'રઝળતા દેવતા' પર ફૂલ ને કંકુ ચડાવાયેલાં હોય, અને મોટાં મંદિરોનાં પગથિયાં, દીવાલો ને ગોખલા ફેરિયા-વેપારી વેચવાની વસ્તુઓ - કપડાં, ચાદરો, મહોરાં, ડબ્બીઓ વગેરે - પાથરી મૂકવા માટે વાપરી રહેલા દેખાય છે. કેટલાયે લોકો પગથિયાં પર ઊંચે સુધી ચઢીને બેસી રહે, તાલ જોયા કરે ને દહાડો પસાર થઈ જાય!

ત્રિ-છત્રથી સજ્જ, બહુસ્તરીય એક મંદર દેવી તલેજુ ભવાનીનું છે. દ્વાર ભાગ્યે જ ખુલ્લાં મળે, પણ એનું પરિમાણ અને એની સુંદરતા વિસ્મય તેમજ આનંદ જરૂર પમાડે. સોળમી સદીના આ નિર્માણમાં છત્ર પરની લટકતી ઘુઘરીઓ અને ધાતુ-પત્તીઓ સૂર્યમાં ચમકી રહે છે અને દેવસ્મરણ કરવા પ્રેરે છે. અનતિદૂર એક ઊંચા લોહ-સ્તંભ પર ગરુડજીનું સ્વરૂપ છે. એ પણ બીજે ક્યાંય જોવા મળતું નથી.

એક દીવાલને અઢેલીને મૂકેલા મોટા પથ્થર કાળા, ભૂરા, લાલ ઘેરા રંગોમાં કાળભૈરવનું બિંબ ઉપસાવાયેલું છે. દિવસ આખો સ્ત્રીઓ ને પુરુષો ત્યાં પૂજા કરતાં રહે છે. એને લગતી વાર્તા આવી છે : એક સમયે કાળભૈરવની સામેની તરફ ન્યાયાધીશની કચેરી હતી. ત્યાં સજા થાય તે પહેલાં ઘણા ગુનેગારો ટપોટપ મરી જતા. ક્યાંય સુધી કોઈને કારણની ખબર પડી નહીં, પણ આખરે સમજાયું કે કાળભૈરવ બધું જોઈ રહેતા હતા, અને જૂઠા-બોલાઓનો જાન લઈને સજા કરતા હતા. એ પછી લોકોએ એમની



દરબાર ચોકમાં મંદિર તથા રાજપ્રાસાદ

અને કચેરીની વચ્ચે એક નાનું મંદિર બાંધી દીધું, ને એને લીધે બધા જૂઠા-બોલાઓને જાણે એક મોટી ઢાલ મળી ગઈ!

જેને યમરાજ કહેવાનું મન ના થાય તેવું, પૂજાઈ પૂજાઈને સ્નેહાર્દ્ર અને પ્રિયજન સમ બનેલું એ સ્વરૂપ ઘણું ગમે છે. જાણે રોજ ત્યાં જઈ આવું એમ થઈ જાય! કાઠમંડુની નગરસીમાની અંદર બીજું પણ એક અનન્ય દેવ-શિલ્પ છે. બોધનાથ તરફ જતા રસ્તામાંથી એક ફાંટો 'બાંસબાડી' કહેવાતા, અચાનક યાદ આવી જતા ગીચ વાંસના જંગલમાં થઈને શિવપુરી પહાડની તળેટી પાસે જાય છે. એને બૂઢા નિલકંઠનું મંદિર કહે છે. એમાં દેવસ્વરૂપનું જે કલ્પન છે તે અભૂતપૂર્વ છે.

પાંચમી સદીની પાષાણ-પ્રતિમા પાણીના એક હૉજની વચમાં રહેલી છે, ને પાણી જો ચોખ્ખું હોય તો તરતી પણ લાગે. મોટું લંબગોળ ગૂંચળું વળીને રહેલા શેષનાગ પર આરામથી ને શાંતિમય રીતે સૂતેલા વિષ્ણુનું એ સ્વરૂપ છે. દેવ એક પડખે નહીં, પણ ચત્તા સૂતેલા છે. આ મુદ્રા મેં આ પ્રથમ વાર જોઈ. આવી જે એક ઘણી નાની પ્રતિકૃતિ પશુપતિનાથના ચૉકમાં છે તે જ. એનો ફોટો મેં લીધો ત્યારે છોકરો ઘાંટા પાડતો રહેલો. બૂઢા નીલકંઠના સાન્નિધ્યમાં મારા સિવાય કોઈ હતું જ નહીં અને પૂરેપૂરા આદર તેમજ આર્દ્રતા સાથે હું બેએક ફોટા લઈ શકી.

કાળા પાષાણમાંથી પરમ શ્રદ્ધા અને નૈપુણ્યથી કંડારેલું એ દૈવી સ્તબ્ધ-દશ્ય ચોરસ હૉજના પાણીમાં તરે છે. દરિયા-મધ્યે દેવ સાક્ષાત્ પ્રકટ થયા હોય તેવી ભાવના થાય છે. દર્શનાર્થીઓ હૉજનાં પગથિયાં ઊતરીને નીચે જાય છે. લાકડાની એક કમાનના દરવાજામાંથી, અને સુષુપ્ત વિષ્ણુનો ચરણસ્પર્શ કરે છે. મુખની ઉપર ચંપાઈ કાપડનું એક છત્ર લટકાવવામાં આવ્યું છે કે જેથી દેવમુખ પર તડકો ના પડે.

ભુલાયેલું ને એકલવાયું આ દૂરનું સ્થાન હતું પણ શાંત, નિર્જન, નિઃશબ્દ, તોયે અતિવિશિષ્ટ, અસાધારણ, અદ્વિતીય. કોઈક રીતે હું કૃપાપાત્ર બની હતી, નહીં તો ક્યાંથી આવી ચઢત હું અહીં, ને પામત આ અલૌકિક ઝાંખી? (ક્રમશઃ)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગઈ કાલે ક્રિસમસ હતી અને આખો દિવસ મારા મનમાં ગયા વર્ષે પપ્પાએ કહેલી વાતના જ વિચાર આવતા રહ્યા. ત્યારે મને એ વાત એટલી નહોતી સમજાઈ જેટલી આજે સમજાય છે. મને તો થાય છે કે આ વર્ષે પણ એ જ વાત નીકળે તો સારું જેથી હું એમની સામે વ્યક્ત કરી શકું કે હું વાત સમજી શકું છું.

પીમે એ વાત મને કહેવાનું કારણ એ હશે કે બધાંની બધી જ વાતો જાણનાર પપ્પાને પોતાનું અંતર ખોલવાને જગ્યા જોઈતી હતી. એ સિવાય પીમ પોતાના વિશે કદી કોઈ વાત કરતા નથી. મારા ધારવા પ્રમાણે એમની પર શું શું વિત્યું છે એનો માર્ગટને તો અણસાર પણ નહિ હોય. બિચારા પીમ, એ યુવતીને એ સંપૂર્ણપણે ભૂલી ગયા છે એ વાત માની લેવા જેવી હું બુદ્ધુ નથી. એ ભૂલવું એમને માટે શક્ય જ નથી. ફક્ત એ પ્રસંગે એમને ખૂબ સહનશીલ બનાવી દીધા છે. બાકી મમ્મીની ભૂલો એ જાણતા નથી એવું નથી. ખેર, આશા રાખું કે હું થોડી એમના જેવી બનું પણ એમને સહન કરવું પડ્યું એ કર્યા વિના.

લિ. ઍન

સોમવાર, ૨૭મી ડિસેમ્બર ૧૯૪૩
પ્રિયતમ કિટી,

શુક્રવારની સાંજે મને મારી જિંદગીમાં પહેલવહેલી ક્રિસમસની ભેટ મળી. શ્રી ક્લાઈમન, કૂગ્લર અને બે બહેનોએ અમને સાનંદાશ્ચર્યમાં મૂકી દીધાં. મીપે '૧૯૪૪-શાંતિવર્ષ' લખેલી કેક બનાવી હતી અને બેપ યુદ્ધ પહેલાંની ક્વૉલિટીનાં બિસ્કિટ લઈ આવી હતી.

મને, પીટરને અને માર્ગટને એક એક મીઠા દહીંની મટકી અને મોટેરાંઓને એક એક બીયરની બાટલી ભેટ મળી અને ફરી એક વાર આ બધી જ ચીજો સુંદર ચિત્રકામ કરેલા કાગળમાં વીંટીને આપી. તે સિવાય રજાઓ ક્યાં પસાર થઈ ગઈ એની અમને ખબર પણ પડી નહિ.

લિ. ઍન

બુધવાર, ૨૯મી ડિસેમ્બર ૧૯૪૩

ગઈ કાલ રાત્રે હું ફરી ખૂબ ઉદાસ થઈ ગઈ હતી. મને ફરી નાનીમા અને લીઝ યાદ આવ્યાં. મારાં મીઠડાં નાનીમા. એમનું દુઃખ તો અમે સમજ્યાં નહિ પણ એમણે અમારી પર અપાર પ્રેમ કર્યો ને અમારી દરેક પ્રવૃત્તિમાં રસ લીધો. ને હવે મનમાં થાય છે કે બધો વખત એમણે પોતાનું દુઃખ અંતરમાં જ છુપાવી રાખ્યું. (ઍનની નાની જીવલેણ રોગથી પીડાતાં હતાં.)

નાનીમા ખૂબ સારા સ્વભાવનાં હતાં. એમને કોઈ દિવસ વિસર્યા નહિ. ગમે તે થાય, મારો ગમે તેટલો વાંક હોય તો પણ નાનીમા હંમેશા મારો પક્ષ લેતાં. શું નાનીમાએ મારી પર સાચા અર્થમાં પ્રેમ કર્યો હશે કે પછી એ પણ મને સમજી શકતાં નહોતાં, ખબર નહિ. અમારી વચ્ચે રહીને પણ નાનીમાને એકલતા સાલતી હશે. જ્યારે તમારું પોતાનું કહેવાય એવું કોઈ ન રહે ત્યારે તમારી પર પ્રેમ કરનાર વ્યક્તિઓની વચ્ચે પણ તમે એકલાં પડી જાવ.

અને લીઝ? શું હજી જીવતી હશે? શું કરતી હશે? હે ભગવાન, એને સંભાળજો અને ફરી એક વાર એને અમારી વચ્ચે લઈ આવજો. અમારી જે હાલત થઈ હોત એનું લીઝ એક પ્રતીક છે. એની જગ્યાએ હું મારી જાતને જોઉં છું ને વિચાર આવે છે કે હું આટલી બધી દુઃખી શા માટે થાઉં છું? હું તો સુખી છું નહિ? એક લીઝ અને એની યાતનાઓના વિચાર સિવાય અહીં દુઃખી થવા જેવું છે શું? પણ હું તો સ્વાર્થી અને ડરપોક છું. શા માટે મને કાયમ ખરાબ વિચારો ને સ્વપ્નાં આવે છે ને શા માટે હું ડરની મારી ચીસ પાડી ઊઠું છું? કારણ કે મને ભગવાનમાં ખરી શ્રદ્ધા નથી. એણે તો મારી લાયકાતથી પણ વધુ આપ્યું છે અને છતાં દરરોજ હું કેટલી ભૂલો કરું છું.

તમારાં સ્નેહીઓની યાતનાના વિચારો તમને રડાવી મૂકે. આખો દિવસ આંસુ સારવામાં જ વહી જાય. તમે એક પ્રાર્થના જ કરી શકો કે કોઈ ચમત્કાર થાય અને થોડાંક સ્નેહીજનો બચી જાય. મને આશા છે કે એટલું તો હું કરું છું!

લિ. ઍન

ગુરુવાર, ૩૦મી ડિસેમ્બર, ૧૯૪૩
પ્રિયતમ કિટી,

છેલ્લા મોટા ઝઘડા પછી અહીં વાતાવરણ શાંત થઈ ગયું છે. સુલેહ ફક્ત અમારા કુટુંબમાં અને ડસેલ ને 'ઉપરવાળાં' વચ્ચે જ થયો છે એવું નથી. શ્રી અને શ્રીમતી વૅનડાન વચ્ચે પણ સમાધાન થઈ ગયું છે અને છતાંય ક્ષિતિજ પર વાવાઝોડાની એંધાણી વર્તાય છે. કારણ છે... સીધુંસામગ્રી. શ્રીમતી વૅનડાનને

એક તદ્દન વાહિયાત તુક્કો સૂઝ્યો છે કે સવાર માટે તળવાના બટાકા ઓછા વાપરવા અને એ બચેલા બટાકા દિવસની બાકીની રસોઈમાં વાપરવા. મમ્મી, ડસેલ કે બાકીનામાંથી કોઈને પણ આ વાત મંજૂર નથી, એટલે હવે બટાકાના પણ ભાગ પડવાના છે. અમને તો લાગે છે કે તેલ-ઘીના પણ બરોબર ભાગ પડતા નથી. મમ્મી એ તરફ પણ પગલાં લેવાની છે. જો કોઈ રસિક બનાવ બનશે તો હું તને જરૂર જણાવીશ. છેલ્લા કેટલાક મહિનાઓથી અમે માંસના ભાગ પાડીએ છીએ. (એમને માટે ચરબીવાળું અને અમારું એના વગરનું.) સૂપ (એ લોકો ખાય છે, અમે ખાતાં નથી), બટાકા (એમને માટે છોલેલા ને અમારા માટે છોલ્યા વગરના) ને અન્ય પરચૂરણ વસ્તુના પણ ભાગ પડે છે ને હવે તળેલા બટાકાના પણ ભાગ પડશે.

એના કરતાં તો અમારા જ ભાગ પાડી નાખીએ તો?!

લિ. ઍન

તા.ક. : બૅપે મને આખા રાજવી કુટુંબના ફોટાવાળા ચિત્ર-પોસ્ટકાર્ડની કૉપી આપી છે. જુલિયાના ખૂબ જ યુવાન દેખાય છે. રાણી પણ તરુણ દેખાય છે. ત્રણ નાનકડી દીકરીઓ તો ખૂબ જ સુંદર છે. બૅપે કેટલું સારું કર્યું નહિ?

રવિવાર, ૨જી જાન્યુઆરી, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આજે સવારે નવરી બેઠી હું ડાયરીનાં પાનાં ઉથલાવતી હતી, ત્યારે એમાં 'મમ્મી' બાબતમાં ઘણા કઠોર શબ્દોમાં લખાયેલા ઘણા પત્રો જોઈને મને પોતાને શૉક જ લાગ્યો. મેં કહ્યું 'આ તિરસ્કાર ભર્યા શબ્દો ઍન તારા જ છે? આવું તારાથી લખાય જ કેમ?'

હાથમાં ખુલ્લી ડાયરી લઈને હું એમ ને એમ બેસી રહી, મને વિચાર આવ્યો, મને આટલો બધો ગુસ્સો આવવાનું કારણ શું, આટલો બધો તિરસ્કાર કેમ આવ્યો કે મેં બધું જ તને લખી નાખ્યું? મેં ગયા વરસની ઍનને સમજવાનો પ્રયત્ન કર્યો, જેથી હું એના બદલે તારી માફી માગી શકું. જ્યાં સુધી મેં કરેલ આક્ષેપો તું જાણે છે પણ કઈ પરિસ્થિતિમાં મેં એ આક્ષેપો કર્યા એ તું ન જાણે ત્યાં સુધી હું મારા અંતરને માફ નહિ કરી શકું.

એ વખતે અને અત્યારે પણ મારા વર્તન પર મારી મનઃ-સ્થિતિની ઘણી અસર રહી છે. એને લીધે હું આવેલી પરિસ્થિતિને ફક્ત મારી દૃષ્ટિએ જ નિહાળી શકી છું. સામેની વ્યક્તિને મારા ગરમ મિજાજને કારણે મેં દુઃખ પહોંચાડ્યું હશે, એ શું કહેવા માગે છે એ તરફ શાંત મને ધ્યાન આપ્યા વિના એમના વર્તન સામે પ્રતિવર્તન કર્યું છે.

મારા સ્વાર્થમાં જ ખોવાઈને, બીજા કોઈનો વિચાર કર્યા વિના એક મારા જ વિચાર કરીને મારા આનંદ-સમાચાર, મેં કરેલી ટીકાઓ અને મારાં દુઃખો શાંતિથી મેં આ ડાયરીમાં લખી નાખ્યાં, કારણ કે આ ડાયરી મારા માટે એક નોંધપોથી બની ગઈ છે. મારે મન જેની કિંમત ઘણી છે તો પણ એમાં ઘણાંય પાનાં છે જેની પર 'હવે વાર્તા પૂરી થઈ' એમ હું લખી શકું.

મને મમ્મી પર ગુસ્સો આવ્યો હતો (અને હજી પણ આવે છે). એ વાત પણ સાચી કે મમ્મી મને ક્યારે સમજી શકી નહિ પરંતુ એ પણ એટલું જ સાચું છે કે હું પણ મમ્મીને સમજી શકી નથી. એને મારા માટે પ્રેમ છે, સ્વભાવે હળવી અને પ્રેમાળ છે પણ હું એને એવી સ્થિતિમાં મૂકી દઉં છું કે પોતાને એવી હાલતમાં ફસાયેલી જોઈને એમને પણ હતાશા આવતી હશે, અસ્વસ્થ બની જતી હશે અને એટલે જ અમને બેને વાંકું પડતું હશે.

મને માઠું લાગતું પણ એ જરા વધારે પડતું લગાડીને હું અપમાનભર્યું વર્તન કરતી, જેનું એને માઠું લાગતું. આમ, અમે અણબનાવ અને ખોટું લાગવાના વિષચક્રમાં સપડાયેલાં હતાં. અમારા બેમાંથી કોઈનેય એ ગમતું નહિ. પણ હવે એનોય અંત આવશે. આ બધું શું બની રહ્યું છે એ જાણવા હું તો તૈયાર જ નહોતી અને હું જ દુઃખી થયા કરતી હતી. જો કે એય સમજાય એવું છે.

કાગળ પર કાલે ઠાલવેલી આ વરાળ તો મને આવેલા ગુસ્સાનો આવિર્ભાવ માત્ર છે. સામાન્ય પરિસ્થિતિમાં એ જ ભાવના રૂમમાં પુરાઈ જઈને કે ત્રણ-ચાર વાર પગ પછાડીને કે મમ્મીની પીઠ પાછળ એને બેચાર ગાળો દઈને વ્યક્ત કરી હતી.

પણ હવે મમ્મી માટે રડતાં રડતાં મંતવ્યો વ્યક્ત કરવાનો ગાળો પસાર થઈ ગયો છે. મારામાં પણ ડહાપણ આવ્યું છે. અને મમ્મીનો મિજાજ પણ કાબૂમાં છે. મોટા ભાગે ગુસ્સો આવે ત્યારે હું મૂંગી રહી શકું છું અને મમ્મી પણ કાંઈ બોલતી નથી. એટલે ઉપર ઉપરથી તો અમારે ઘણું સારું બને છે. પણ એક વાત મારાથી થતી નથી અને તે એક બાળકની શ્રદ્ધાથી મમ્મીને ચાહી શકતી નથી.

મને એક જ વાતનો આનંદ છે કે આવા કઠોર શબ્દો પત્રમાં પણ ઠલવાય છે નહિ તો આવા કઠોર શબ્દોથી ઘવાયેલા હૃદય સાથે મમ્મીને જીવવું પડત.

લિ. ઍન.

સુધારો : મે 'કુમાર' અંક ૮૯૩, પૃ. ૩૦૮ પર પહેલા કૉલમમાં પહેલો ફકરો કમ્પ્યૂટરની ખામીને કારણે કમ્પ્યૂટર લિપિમાં છપાયો છે તે ફકરો નીચે પ્રમાણે વાંચવો :

'સેન્ટ નિકોલસ દિન જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ અમને ગયા વર્ષે સુંદર સજાવેલી બાસ્કેટ વધારે ને વધારે યાદ આવતી ગઈ. ને આ વર્ષે તેની ઉજવણી ન કરવી એ બરોબર નહિ એવું બીજા કોઈ કરતાં મને વધારે લાગતું હતું. ઘણી ગડમથલને અંતે મને વિચાર સૂઝ્યો તે પણ જરા ગમ્મત ભર્યો. એ બાબતમાં મેં પપ્પાની સલાહ લીધી અને અઠવાડિયા અગાઉથી જ અમે દરેક વ્યક્તિ પર નાનકડી કવિતા લખવાની શરૂ કરી દીધી.'

- તંત્રી

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

ઉપખંડની સાંસ્કૃતિક એકતા

તા. ૫-૯-૯૭ : બે દિવસ પહેલાં સામ્યવાદી નેતા મુકીમુદ્દીન ફારૂકીનું અવસાન થયું ત્યારે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન વગેરે બધા તેને અંજલિ આપવા રૂબરૂ તેને ઘેર ગયા હતા. ટી.વી. ઉપર આ સમાચાર જોઈ મને આશ્ચર્ય થયું. એક સામ્યવાદી નેતાને આટલું બધું માન! બીજે દિવસે છાપામાં તે વિષે લેખ આવ્યો ત્યારે ખબર પડી કે મારાથી બે વર્ષ નાનો આ ફારૂકી ૧૯૪૧માં દિલ્હી યુનિવર્સિટીનો એમ.એ. થયેલો. પણ જવાહરલાલ નેહરુની ધરપકડ થઈ ત્યારે તેણે વિદ્યાર્થીઓની નેતાગીરી લઈને દિલ્હી યુનિવર્સિટીમાં હડતાળ પડાવેલી. યુનિવર્સિટીના અંગ્રેજ વાઈસ ચેન્સેલરે તેને તેની કૉલેજ (સેંટ સ્ટીફન્સ કૉલેજ)માંથી બરતરફ કર્યો અને તેની એમ.એ.ની ડિગ્રી પાછી ખેંચી લીધી. આઝાદી પછી ખાસ્સાં ૪૨ વર્ષે ૧૯૮૯માં યુનિવર્સિટીએ ખાસ પદવીદાન સમારંભ યોજીને આ સ્વાતંત્ર્ય-વીરને તેની એમ.એ.ની ડિગ્રી પાછી આપી! પછી તેના મૃતદેહને છેલ્લી સલામ આપવા ૧૯૯૭ની સરકારના મોવડીઓ જાય જ ને!

અને અત્યારની ઈન્દ્રકુમાર ગુજરાલની સરકાર, નેહરુ-ઈન્દિરા-રાજીવની વંશપરંપરાગત સરકાર કરતાં જુદી જ છે. તેનો સરસ દાખલો જાણવા મળ્યો. સરકારે પાકિસ્તાન સાથે સંબંધ સુધારવા પહેલ કરી છે તેના અનુસંધાનમાં અમેરિકાના ટાઈમ મૅગેઝિનના ખબરપત્રીએ અમેરિકન તુમાખી દર્શાવે તેવો સવાલ ગુજરાલને પૂછ્યો : 'તમારા શાસનકાળ દરમિયાન આ બાબતમાં પ્રગતિ કરી શકશો એમ તમને લાગે છે?' અને વડાપ્રધાને એનો શાંતિથી જવાબ આપ્યો : 'હું આશાવાદી છું. જાન્યુઆરી ૩૦, ૧૯૪૮ની સાંજે જ્યારે ગાંધીજીનું ખૂન થયું ત્યારે હું કરાચીમાં હતો. બધા દુકાનદારોએ આપમેળે દુકાનો ટપોટપ બંધ કરી દીધી અને મેં એવો એક પણ મુસ્લિમ નહોતો જોયો કે જેની આંખમાં આંસુ ન હોય. આ આંસુઓ જ ઉપખંડની સાંસ્કૃતિક એકતાનાં પ્રતીક છે અને હું તે પ્રતીકના પાયા ઉપર ઈમારત ચણવા માગું છું.'

કેવ: અર્થવાહી ગંભીર શબ્દો! દેશના રાજકારણીઓ પાસેથી આવા દેશ-પ્રેમથી દેશ-સંસ્કૃતિથી છલકતા શબ્દો કેટલાં બધાં વર્ષો પછી પણ સાંભળવા મળ્યા?

ફ્રાન્સના ગણિતજ્ઞ પેપાપેટ્રો

તા. ૧૩-૯-૯૭ : વિજ્ઞાનમાં સિદ્ધાંતો તો આવે ને જાય પણ આવા સાચા ખોટા સિદ્ધાન્તોમાં કામ કરતા વૈજ્ઞાનિકો વચ્ચેના સંબંધો તો સચવાઈ રહે છે. આઈન્સ્ટાઈને ૧૯૧૫માં ગુરુત્વાકર્ષણનો નિયમ આપ્યો અને તેમાંથી કેટલાંક પરિણામો તારવ્યાં. જે પ્રયોગોથી અવલોકી શકાયાં. એટલે આઈન્સ્ટાઈનનો ગુરુત્વાકર્ષણનો નિયમ વિજ્ઞાનમાં સ્થાન પામ્યો. હવે નિસર્ગમાં ગુરુત્વાકર્ષણ ઉપરાંત વિદ્યુત આકર્ષણનું બળ છે એટલે આઈન્સ્ટાઈને ૧૯૫૦ના અરસામાં નક્કી કર્યું કે આ બન્ને આકર્ષણનો એક જ ગાણિતિક નિયમમાં સમન્વય કરવો. તેણે એક આવો નિયમ બનાવ્યો જેને સમન્વયકારી ક્ષેત્ર-નિયમ (**Unified field theory**) કહે છે. એટલે પછી અમારા જેવા ગણિતરસિયાઓ સામે ચેલેન્જ ઊભી થઈ કે આ સમન્વયકારી ગણિતનાં સમીકરણો ઉકેલી તેમાંથી નવાં પરિણામો તારવવાં જેની સત્યતા પ્રયોગોથી ચકાસી શકાય.

૧૯૫૨-૫૩ના ગાળામાં મેં આવા બે ઉકેલો મેળવ્યા. તે પહેલાં ૧૯૫૧માં પૅરીસમાં કામ કરતા ગ્રીક પ્રોફેસર પેપાપેટ્રોએ પણ એક ઉકેલ મેળવ્યો હતો. મારા ઉકેલો અંગે મારા અને પેપાપેટ્રો વચ્ચે ખાસ્સો પત્રવ્યવહાર થયો, પરિણામ એ આવ્યું કે આ ક્ષેત્રમાં કામ કરતા પૅરીસના સઘળા ગણિતજ્ઞો સાથે મારે ઓળખાણ થઈ અને ત્યાંનાં મોટાં ગણિતી મેડમ તોનેલાએ સમન્વયકારી સિદ્ધાંત ઉપર ફ્રેન્ચમાં એક પુસ્તક લખ્યું જેમાં એક આખું પ્રકરણ મારા ઉકેલ વિષે હતું!

પણ અમારા બધાની આ મહેનત એળે ગઈ કારણ કે અમારા ઉકેલોમાંથી પ્રયોગો દ્વારા ચકાસી શકાય તેવું કોઈ પરિણામ મળ્યું નહિ અને આઈન્સ્ટાઈનનો આ સમન્વયકારી સિદ્ધાંત તો હવે વિસરાઈ ગયો છે.

પણ મારા અને ફ્રેન્ચ ગણિતજ્ઞો વચ્ચેના સંબંધો સચવાઈ રહ્યા છે. જૂન ૧૯૯૭માં પ્રો. પેપાપેટ્રો ૯૦ વર્ષના થયા ત્યારે મેં અભિનન્દનનું કાર્ડ લખ્યું. મિ. અને મિસીસ પેપાપેટ્રોનો આભાર માનતો જવાબ પણ મળી ગયો અને તેમાં ડિસેમ્બરમાં પૂનામાં મળનાર આંતરરાષ્ટ્રિય પરિષદમાં રૂબરૂ મળીશું તેવો ઉલ્લેખ હતો.

પણ ગયે મહિને મને સમાચાર મળ્યા કે ઑગસ્ટની ૬ઠ્ઠીએ પેપાપેટ્રોનું અવસાન થયું! ફ્રેન્ચ ગણિતજ્ઞો સાથેના મારા સંબંધનું એક પ્રકરણ પૂરું થયું. (ક્રમશઃ)

સુધારો : 'કુમાર'ના એપ્રિલ ૨૦૦૨ના અંકમાં કલાવાર્તા વિભાગમાં ગોગા વિશેના લેખમાં પાન નં. ૨૫૪ પરના ત્રીજી કૉલમની ૧૩મી લીટીમાં 'ને ભારતની અમ્રિતા શેરગીલ પણ છે' એ વાક્ય શરતચૂકથી લખાયેલ છે. તે બદલ લેખકો દિલગીર છે.

—— ધારાવાહી બંગાળી નવલકથા ——

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

એકાએક મારા ખંડમાં નરસિંહમ આવ્યો ને બોલ્યો : 'સર! તમે મારે ઘેર આવ્યા હતા?'

મેં કહ્યું : 'હા. જુઓ, હું ઑફિસના કામ માટે તમારે ત્યાં આવ્યો નહોતો. હું આવ્યો હતો એક બહુ જરૂરી કામ માટે.'

નરસિંહમે કહ્યું : 'મેં પણ એવું જ સાંભળ્યું છે. મારે ઘરેથી જે કામવાળીને પોલીસ પકડીને લઈ ગઈ હતી, તેને આજે કોર્ટે છોડી દીધી છે. મેં સાંભળ્યું છે કે એ જ તમારા છોકરાને સ્કૂલમાંથી ઉઠાવીને લઈ ગઈ હતી. હું એ જાણતો નહોતો. જેલમાંથી છૂટીને એ સીધી મારે ત્યાં આવી. એણે મને વિગતે બધી વાત કરી.'

મેં ઉશ્કેરાઈને પૂછ્યું : 'એ ક્યાં છે તે તમે જાણો છો? તમારે ઘરે આવું તો એ મને મળે ખરી?'

નરસિંહમે કહ્યું : 'મેં એની બધી વાત સાંભળી, તેથી હું એને લઈ આવ્યો છું.'

હું ચમક્યો. મેં કહ્યું : 'એ ક્યાં છે?'

નરસિંહમે કહ્યું : 'તમે બેસી રહો. હું એને અહીં બોલાવી લાવું છું.'

પણ હું તો અધીરો થઈ ગયો હતો. એટલે ત્યાં બેસી રહ્યો નહિ, પણ એની સાથે સાથે બહારના ઓરડામાં ગયો. જઈને જોઉં છું તો પોતાનું આખું માથું ઘુમટામાં ઢાંકીને અપરાધીની જેમ ઊભી રહેલી એક સ્ત્રી ત્યાં હતી.

નરસિંહમે એની પાસે જઈને કહ્યું : 'આ સેનસાહેબ. તમારી જોડે વાત કરવા આવ્યા છે માસી.'

એ સાંભળી એ સ્ત્રીએ ઘૂંઘટ વધારે નીચો તાણ્યો. એ કશું બોલી નહિ.

નરસિંહમે કહ્યું : 'એમની જોડે વાત કરો. એ તમારી જોડે વાત કરવા આવ્યા છે.'

મેં પૂછ્યું : 'તારું નામ શું?'

એ કાંઈ બોલી નહિ. મૂગી રહી.

નરસિંહમે પૂછ્યું : 'તમારું નામ કહો.'

એ સ્ત્રીએ કહ્યું : 'બધા મને માસી કહીને બોલાવે છે.'

મેં કહ્યું : 'બધા માસી કહીને બોલાવે પણ તારું નામ તો કંઈ હશે ને? મા-બાપે આપેલું નામ શું?'

એણે કશો જવાબ ન આપ્યો.

મેં કહ્યું : 'મેં પૂછ્યું તેનો જવાબ તો આપ.'

એકાએક એ મારા પગ આગળ બેઠી અને પગ પર માથું મૂકીને રડવા લાગી. ને બોલી : 'મહેરબાની કરીને મને છોડી દો.'

મેં કહ્યું : 'તેં તો મને મૂઝવણમાં મૂકી દીધો. આમ જોરથી રડે છે કેમ? તને શું થયું છે? કોર્ટે તો તને છોડી દીધી.'

તોયે એ રડતી રહી. એમ લાગતું હતું કે રડ્યા જ કરશે એટલે મેં કહ્યું : 'તું રડે છે શા માટે? તેં કાંઈ ગુન્હો કર્યો નથી. અમસ્તી રડે છે શું કામ?'

પણ એ કશું બોલી નહિ. રડતી જ રહી. થોડી વારે એ રડતાં રડતાં બોલી : 'મહેરબાની કરીને મને છોડી દો. હવે ક્યારેય હું તમારી પાસે નહિ આવું કે બાબલાને માટે ફાંફાં નહિ મારું. મારે એનું મોઢું જોવું હતું. તેથી આ બાબુને ત્યાં ઘરકામ કરવા હું રહી.'

નરસિંહમે પૂછ્યું : 'બાબલો તારો શું થાય?'

એ બોલી : 'ભાણેજ.'

મેં કહ્યું : 'ખોટું ન બોલ. કાલે તેં કોર્ટમાં મૅજિસ્ટ્રેટની સામે સોગંદ લઈને કહ્યું હતું કે બાબલો તારો છોકરો છે.'

નરસિંહમ એ સાંભળી ચમક્યો. એણે કહ્યું : 'એણે કોર્ટમાં એવી જુબાની આપી? એ તો બહુ ખોટું કર્યું. તેં શા માટે કહ્યું કે બાબલો તારો છોકરો છે?'

એ બાઈએ એનો જવાબ ન આપતાં કહ્યું : 'તમે મહેરબાની કરીને મને છોડી દો. મારા મહોલ્લાના છોકરાને બચાવવા માટે એમ કહેવું પડ્યું. તમને મુશ્કેલીમાં મૂકવા મેં આવું કહ્યું નહોતું. મેં એમ ન કહ્યું હોત તો પોલીસ એને જેલમાં પૂરત.'

મેં કહ્યું : 'તને ખબર છે, તને ખોળવા હું એક વાર મયરાડાંગા ગયો હતો? ત્યાં ગયો ત્યારે જાણ્યું કે પેલો ભૈરવ આઢ્ઢી મરી ગયો છે. તારે વિશે પૂછતાં બધાંએ કહ્યું કે તું નોકરી છોડીને બીજે ક્યાંક ચાલી ગઈ છે. તું કલકત્તામાં મારા ઘરની પાસે નરસિંહમ સાહેબને ત્યાં ઘરકામ કરવા રહી છે તેવી તો મને ખબર નહિ.'

નરસિંહમે કહ્યું : 'મારે ઘેર જે ધોબી કપડાં ધુએ છે તેણે જ મને આ શોધી આપી. હું વારંવાર એને મારા ઘરની અગાસીમાં જઈને તમારા ઘર તરફ એકીટશે જોયા કરતી, તે જોતો. મેં એને પૂછેલું કે એ તરફ ધારીધારીને શું જુએ છે? એનો જવાબ એ આપતી નહિ ને નીચે ચાલી જતી.'

થોડી વાર રહીને નરસિંહમે પાછું કહ્યું : 'મારા ઘરના દીવાનખાનામાં તમારી એક તૈલચિત્રની છબી છે. તમે તે જોઈ છે? એ છબી તરફ જોઈને નમસ્કાર કરતાં મેં એને જોઈ છે.

(અનુસંધાન પૃ. ૩૯૨)

સૂફી સંત સાથે સત્સંગ

બહાદુરભાઈ જ. વાંક

જૂનાગઢનો દાતાર પર્વત એટલે સૂફી સંતોનું બેસણું. એક વખત દાતાર પર્વત ઉપર એક સૂફી સંત આવ્યા. આખા શહેરમાં ચારે તરફ તેમના વ્યક્તિત્વની સુગંધ ફેલાઈ ગઈ. ગુરુ બજુવાના શિષ્ય આપાજીને સૂફી વિચારધારામાં - સૂફીઓની જીવનશૈલીનમાં અત્યંત રસ-રુચિ એટલે આજે સૂફી સંતને ખાસ મળવા માટે દાતાર પર્વત ઉપર આવ્યા. સૂફી સંતને પ્રણામ કરી તેમણે પોતાનો પરિચય આપ્યો.

'હું તમને સારી રીતે ઓળખું છું!' કહેતાંની સૂફી સંતે પણ માથું નમાવીને આપાજીને પ્રણામ કર્યા.

'તમે મને કેવી રીતે ઓળખો?' આપાજીએ પૂછ્યું.

'હું મને ઓળખું છું ને એટલે!' આછા સ્મિત સાથે સૂફી સંતે જવાબ આપ્યો.

થોડી વાર બંને એકબીજા સામે જોતા રહ્યા. ઊંડા મૌનમાં સરી પડ્યા!

'તમને મળીને હું ખૂબ આનંદ અનુભવી રહ્યો છું.' સૂફી સંતે પોતાનું મૌન તોડ્યું.

'તમારી સાથે થોડો સત્સંગ કરવા આવ્યો છું. હું તમને કંઈ પણ પૂછું એ પહેલાં જ તમે મને ઘણું બધું આપી દીધું હોય તેમ મને લાગે છે.' સ્મિત સાથે આપાજી બોલ્યા.

સૂફી સંત : 'મેં વળી તમને શું આપી દીધું? હું તો હજુ કશું બોલ્યો પણ નથી.'

આપાજી : 'તમે નથી બોલ્યા છતાં પણ મેં તમારી પાસેથી જ ઘણું બધું સાંભળી લીધું છે!'

સૂફી સંત : 'શું સાંભળી લીધું છે?'

આપાજી : 'સાંભળવાની સાથે જ એ વાત પણ ત્યાં જ પૂરી થઈ જતી હોય તેમ મને લાગે છે. પછી હું શું કહી શકું?'

સૂફી સંત : 'ના, મને તો ત્યાંથી આપણી વાત શરૂ થતી હોય તેમ લાગે છે.'

આપાજી : 'મને એક પ્રશ્ન થાય છે—અધ્યાત્મમાં પણ શું આદિ-અંત જેવું હોઈ શકે?'

સૂફી સંત : 'તમે જ કહોને—તમે શું માનો છો?'

આપાજી : 'હું માનવા-ન માનવાની વાતમાં જ માનતો નથી. બસ માત્ર દર્શન કરી લઉં છું!'

સૂફી સંત : 'તમે તમારાં દર્શન વિષે કંઈક કહો.'

આપાજી : 'મારું દર્શન મારું જ હોઈ શકે. પછી કંઈ પણ કહેવાનો કોઈ અર્થ નથી.'

સૂફી સંત : 'શું તમારું દર્શન મારું પણ દર્શન ન બની શકે?'

આપાજી : 'મારો એક નમ્ર પ્રશ્ન છે—એક જ રંગ પણ આપણે શું એકસરખી રીતે જોઈ શકીએ છીએ ખરા?'

સૂફી સંત : 'તમારી વાત સાચી છે, પણ હું તો રંગમાં રંગ જ જોઈ શકતો નથી!'

આપાજી : 'તો રંગમાં શું જુઓ છો?'

સૂફી સંત : 'હું હંમેશા રંગોની આરપાર જોઉં છું.'

આપાજી : 'તમે તો બહુ મોટી વાત કરી નાખી. કેટલી બધી મુદ્દાની અને ઊંચી વાત!'

સૂફી સંત : 'અધ્યાત્મમાં પણ શું ઊંચ-નીચ જેવું હોઈ શકે?'

આપાજી : 'ના, ન હોય. છતાં આપણા અચેતનમાં પહેલા વિચારો-સંસ્કારો આપણી પણ જાણ બહાર કેવાં વ્યક્ત થઈ જતાં હોય છે!'

સૂફી સંત : 'સત્સંગમાં શું જાણ બહાર ચાલી શકે ખરું?'

આપાજી : 'ના, ન ચાલી શકે. હું મારી નબળાઈ કબૂલ કરું છું.'

સૂફી સંત : 'આમાં નબળાઈને કબૂલ કરી લેવાનો પ્રશ્ન જ નથી, જો માત્ર હોય તો... નબળાઈ-સબળાઈ જેવા વિશેષણો જ આપણા ચેતન-અચેતન મનનો કબજો લઈ લેતાં હોય તેમ નથી લાગતું શું?'

આપાજી : 'તમારી વાત સાચી છે. આપણે તથ્યમાં નહીં, પણ વિશેષણો-પ્રક્ષેપણોમાં જ જાણે જીવી રહ્યા છીએ!'

સૂફી સંત : 'વિશેષણો-પ્રક્ષેપણો એટલે જ પ્રતિક્રિયાઓ... ને પ્રતિક્રિયાઓ જ બધું છિન્ન-ભિન્ન કરી નાખે છે. તમે શું માનો છો?'

આપાજી : 'તમારી વાત સાથે હું પૂરોપૂરો સહમત છું.'

સૂફી સંત : 'પાછી તમે ભૂલ કરી હોય તેવું નથી લાગતું શું? અધ્યાત્મમાં 'સહમતિ'નો નહીં, પણ 'સ્વમતિ'નો જ મહિમા હોઈ શકે.'

આપાજી : 'વાહ! તમે કેટલું ઝીણવટથી જોઈ શકો છો! મને તમારાં 'દર્શન' વિશે થોડું ન કહી શકો?'

સૂફી સંત : 'મારું કોઈ દર્શન નથી. મારું અધ્યાત્મ માત્ર બે શબ્દોમાં જ પૂરું થઈ જાય છે.'

આપાજી : 'એ બે શબ્દો કયા છે?'

સૂફી સંત : 'એ બે શબ્દો છે—માશૂકા-એ-ખુદા અને દીવાનગી!!'

આપાજી : 'વાહ! તમારી સાથેના સત્સંગમાં આજ તો બહુ મજા આવી ગઈ!'

સૂફી સંત : 'સાચું કહું? આપણી વચ્ચેનો સત્સંગ અધૂરો રહી ગયો હોય તેમ મને લાગે છે!'

આપાજી : 'અધૂરો? અધૂરો કઈ રીતે?'

સૂફી સંત : 'આપણી વચ્ચેના સત્સંગમાં તમે 'આજ'ને લાવ્યાને એટલે!!' ❐

કલાસ્મૃતિ

ફિલ્મ નિર્માતા-નિર્દેશક આલ્ફ્રેડ હિચકોક

વિશ્વના દરેક દેશોમાં મનુષ્યોને પોતાના જીવનજરૂરીઆતના કામકાજ-



માંથી પરવારીને દિવસ દરમિયાનનો થાક ભૂલવા, સદીઓથી વિવિધ મનોરંજનની જરૂર પડતી રહેલી છે. આવા મનોરંજનમાં ફિલ્મ, સિનેમા, ચલચિત્રપટનો ફાળો ઘણો જ મોટો છે. હોલિવુડ તેમજ ભારતના બોલીવુડની મૂંગી ફિલ્મોથી લઈને બોલતી ફિલ્મો સુધીનો એક ખાસ્સો ઇતિહાસ જાણીતો છે.

આ ફિલ્મ જગતમાં જે વિવિધ વિષયો દર્શાવવામાં આવ્યા તેમાં ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક, કટાક્ષયુક્ત કૉમેડી અને રહસ્યવિષયો મુખ્ય રહ્યા છે. ૧૯૪૦ થી ૧૯૭૦ના સમય દરમિયાન જેમણે ખૂબ જ વિચારપ્રેરક અને દિલને ધડકાવી દેનાર રહસ્યમય ફિલ્મો રજૂ કરી તેમાં ખૂબ જાણીતું નામ આલ્ફ્રેડ હિચકોકનું કહી શકાય.

આલ્ફ્રેડ હિચકોક માતા એમા અને પિતા વિલિયમ સાથે ઈંગ્લન્ડમાં જ્યાં રોમન કૅથોલિક લોકો રહેતાં હતાં તેવા ધાર્મિક વિસ્તારમાં રહીને મોટા થયા. શરૂઆતમાં નાનાવિધ કાર્યો પાર પાડ્યા બાદ તેમણે, મૂંગી ફિલ્મોમાં ટાઈટલ ડિઝાઈનર તરીકેની શરૂઆત કરી, ત્યાર બાદ સહાયક વાર્તાલેખક અને સહાયક નિર્દેશક તરીકેનું કામ સંભાળ્યું. તેમણે સ્વતંત્ર નિર્દેશન ફિલ્મ 'ધ પ્લેઝર ગાર્ડન'થી શરૂ કર્યું. પણ ત્યાર બાદની ફિલ્મ 'ધ લૉજર'થી તેમની સફળતાની શરૂઆત થઈ. આ ફિલ્મ બાદ હિચકોક થ્રિલર ફિલ્મોના સફળ નિર્દેશક ગણાવા લાગ્યા અને આ ફિલ્મથી જ તેમને ફિલ્મનાં કેટલાંક દશ્યોમાં પોતાની જાતને આશ્ચર્યજનક રીતે દેખાય તેમ રજૂ કરવા માંડી. પોતાની ઝલક દેખાય એવો આ સિલસિલો તેમણે અંત સુધી જાળવી રાખ્યો. આની નકલ ભારતીય ચલચિત્રોના નિર્દેશક શ્રી સુભાષ ઘાઈ ઘણી વખત કરતા જોવામાં આવ્યા છે.

સને ૧૯૨૯માં 'બ્લૅક મેઈલ' નામની બ્રિટનની પ્રથમ બોલતી રહસ્યમય ફિલ્મના નિર્દેશક હતા આલ્ફ્રેડ હિચકોક. આ ફિલ્મના ખાસ પ્રકારના સેટ, દશ્યો, ભયાનક અવાજો, ખાસ પ્રકારનો ભય ઊભો કરે તેવું સંગીત લોકોને ખૂબ જ પસંદ પડ્યું હતું. આ જ વર્ષે હિચકોકે તેમની સાથે થોડાંક વર્ષોથી સહાયક તરીકે કામ કરનાર 'આલ્મા રેવીલે' સાથે લગ્ન કર્યાં. ત્યાર બાદ હિચકોક દ્વારા નિર્દેશિત ફિલ્મો 'ધ મૅન હુ ન્યૂ ટુ મચ', 'ધ ૩૯ સ્ટેપ્સ', 'ધ સિક્રેટ એજન્ટ' અને 'ધ લેડી વેનિશીઝ'થી તેઓ ઈંગ્લન્ડ અને અમેરિકામાં ખૂબ જ ખ્યાતિ પામ્યા અને સૌથી વધારે મહેનતાણું લેનારા નિર્દેશક ગણાયા. તે સમયમાં બીજા વિશ્વયુદ્ધના પડઘમ સંભળાતા હતા. એટલે હિચકોક ઈંગ્લન્ડ છોડીને અમેરિકા આવતા રહ્યા અને ડૅવિડ સેલ્ઝનિકની મશહૂર ફિલ્મ 'રેબેક્કા'નું નિર્દેશન કર્યું. આ ફિલ્મને ઑસ્કર ઍવૉર્ડ પ્રાપ્ત થયો. બેસ્ટ નિર્દેશનનો ઍવૉર્ડ હિચકોકને મળતાં મળતાં રહી ગયો., જેની ખોટ જિંદગીના અંતકાળે ઈરવિંગ થાલવર્ગના લાઈફટાઈમ અચીવમેન્ટના મશહૂર ઍવૉર્ડથી પૂરી થઈ.

હિચકોકને સન ૧૯૪૦ થી ૫૦ દરમિયાનની મોટી ફિલ્મોમાં સફળતા મળી. ક્યાંક નિષ્ફળતા પણ મળી. પણ હિચકોકે તેમના ફિલ્મ નિર્દેશનના રહસ્યમય પ્રયોગો ચાલુ રાખ્યા, જેમાં ચલચિત્ર, 'નટોરિયસ' અને ગ્રેગરી પૅક - ઈન્ગ્રીડ બર્ગમની ભૂમિકાવાળું 'ધ સ્પેલ બાઉન્ડ' ખૂબ જ સફળ ગણાય છે. 'સ્ટ્રેન્જર્સ ઑન અ ટ્રેન', 'ડાયલ એમ ફૉર મર્ડર', 'રીઅર વિન્ડો', 'ટુ કૅચ અ થીફ', 'વર્ટિગો', 'નૉર્થ બાઈ નૉર્થ વેસ્ટ' અને 'સાઈકો' ખૂબ જ સફળ અને દુનિયાભરના લોકોએ એક અવાજે વખાણી હતી તેવી ફિલ્મો ગણાય છે.

આલ્ફ્રેડ હિચકોક પોતાની ફિલ્મ માટે ખૂબ જ ચીવટ રાખનારા, આસમાની સુલતાની થાય તો પણ નિર્ધારિત કાર્યક્રમને વળગી રહેનારા અને પોતાના અભિનેતાઓ પાસેથી ધારેલાં કામ પાર પડાવનાર નિર્દેશક તરીકે જાણીતા છે. તેમની ફિલ્મો દુનિયાભરમાં ભાષાની સર્વ દીવાલો ઓળંગીને, પ્રેક્ષકોનાં હૃદયને હચમચાવવા સફળ થતી હતી. તેમની જિંદગીનું ધ્યેય હતું કે ફિલ્મના પડદાનાં દશ્યો જોતાં પ્રેક્ષકોને ગભસવી-થડકાવી દે તેવી રજૂઆત કરવી. હિચકોક દર વર્ષે પોતાના પરિવાર સાથે સેન્ટ માર્ટીઝમાં રજાઓ ગાળવા જતા જ્યાં તેમણે પોતાના લગ્નજીવનની પ્રથમ રાત વિતાવી હતી.

આલ્ફ્રેડ હિચકોક મધ્યમ કદના, ખૂબ જ ભારેખમ શરીરવાળા, ટાલ સાથે ભરેલા ગાલ અને જાડા નાકવાળા હતા.

તેમ છતાં તેમનું પોતાનું સ્થૂલ અને ભારે શરીર તેમના નિર્દેશનકાર્યમાં ક્યારેય નડતરરૂપ રહેલ નથી. તેમની જાણીતી ટેવોમાં, પોતે પોલીસવાળાને જોઈને હંમેશા ભયભીત થતા, દરેક જમણમાં બટાકાનો વિશેષ પ્રયોગ કરતા અને ધંધાકીય કામકાજ ક્યારેય ઘેર લઈ જતા નહીં. હિચકોકની જાણીતી ફિલ્મ 'સાઈકો'માં બાથરૂમમાં ખૂની ચાકુના ઘા મારે છે તે હકીકતમાં એક મોટા તરબુચમાં ઘા મારતો હોય છે અને રંગ સાથે તરબુચના ટુકડા ઊડે તેને માંસના લોચા અને લોહીની જેમ દેખાડવામાં આવેલ છે. ઉપરાંત બાથરૂમની દીવાલો અને ટબમાં ખૂનનાં જે ધબ્બા દેખાય છે તે વાસ્તવમાં ચૉકલેટ અને ટામેટો સોસ પાથરીને દર્શાવેલ છે. આ છે નિર્દેશનની કમાલ! તેમના છેલ્લા સમયગાળાની ફિલ્મ 'ધ બર્ડ્ઝ'માં પણ તેમણે કમાલ કરી છે. દરિયાકિનારે આવેલા હવા ખાવાના સ્થળે હજારો પક્ષીઓનાં ટોળેટોળાં કિનારાઓ ઉપર રહેનાર પ્રવાસીઓને ત્રાહિમામ્ પોકારી દેનારાં છે તે દૃશ્યો ક્યારેય ભુલાય તેવાં નથી.

આજે આલ્ફ્રેડ હિચકોક આપણી વચ્ચે નથી, પણ તેમની ડરાવતી ફિલ્મો આજે પણ લોકો ટેલિવીઝન પર કે સિનેમાગૃહમાં જ્યારે રજૂ થાય છે ત્યારે જોતાં હોય છે.

-ગજેન્દ્ર શાહ

અનુસંધાન] ઘેલછા [પૃ. ૩૫૮ થી

બન્ને દરવાજે આવ્યાં. સામે પોલીસ ઊભી હતી.

'તમે ફોન કર્યો હતો?' પોલીસે કેથીને પૂછ્યું.

'હા, ઑફિસર. આ છોકરાનાં ખિસ્સાં તપાસો...'

'મા, તું શું બોલે છે? ભાનમાં તો છે ને!'

'હા, પૂરા ભાનમાં છું. મારી પ્રામાણિકતાને બટ્ટો લાગે એ મારો દીકરો ન હોઈ શકે! ચોરને સજા થવી જ જોઈએ... પછી એ મારો દીકરો હોય કે મારો વર!' અને લાલચોળ આંખે એની સામે જઈ ગાલ પર સડસડાટ બે-ત્રણ તમાચા મારી કહ્યું: 'નફ્ફટ, તેં મારી કૂખ લજવી... તારા બાપનું નામ બદનામ કર્યું.... તને સજા મળવી જ જોઈએ! તું જેલના સળિયા પાછળ સબડીશ તો પણ મારા પેટનું પાણી નહિ હાલે!'

પોલીસે હાથકડી પહેરાવી એને કારમાં બેસાડ્યો.

કાર પાસે આવી કૅથી બોલી, 'જેલમાં પસ્તાવો થાય તો સજા ભોગવી ઘેર આવજે. નહિતર આ માને કદી મોઢું ન બતાવતો. તારો બાપ મને ખૂબ પ્રેમ કરતો હતો. એના વિના જીવી શકું છું તો તારા વિના પણ જીવી શકીશ!'

પોલીસે કાર ચોકી તરફ હંકારી. દૂર જતી કારને જોઈ રહેલી કૅથીની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકી રહ્યાં હતાં. ❐

અનુસંધાન] સુખનું અસુખ [પૃ. ૩૮૯ થી

મને જોતાં જ એ ભાગી જતી. હું વિચાર કરતો પણ મને સમજાતું નહિ કે એ શા માટે આમ કરે છે?'

મેં પૂછ્યું : 'તું અગાસીમાંથી મારા તરફ કેમ જોયા કરતી હતી?'

એણે કહ્યું : 'બાબલાને જોવાનું બહુ મન થતું હતું તેથી. મહેરબાની કરીને મને છોડી દો. હું હવે ક્યારેય બાબલાને જોવાની કે મળવાની કોશિષ નહિ કરું. હું બાબલાને ભૂલી જઈશ.'

મેં કહ્યું : 'ના, તારે એ નહિ કરવું પડે. તું અટલ દેને ઓળખે છે ને? એ પોર્ટ કમિશનના ગોદામનું કામકાજ સંભાળતો.'

પેલી સ્ત્રીએ હકારમાં ડોકું હલાવ્યું ને કહ્યું : 'હા, આજે ઘણા વખત પછી એમને જોયા.'

મેં પૂછ્યું : 'ભૂતિની માને તું ઓળખે છે? એ અમને ચા-નાસ્તો આપતી.'

એણે માથું હલાવીને હા પાડી.

મેં પૂછ્યું : 'એની છોકરી નિર્મળા?'

એ ચૂપ રહી.

મેં કહ્યું : 'નિર્મળાને તું ઓળખે છે કે નહિ તેનો જવાબ આપ.'

એ વળી પાછી રડવા લાગી.

મેં ફરીથી પૂછ્યું : 'કેમ, શું થયું? મેં પૂછ્યું તેનો જવાબ કેમ નથી આપતી? તું નિર્મળાને ઓળખે છે?'

બાબલો એકાએક દોડતો-દોડતો અમે બેઠાં હતાં ત્યાં આવ્યો. એ એને જોઈને એને જઈને ભેટી પડ્યો. પૂછ્યું : 'માસી! તું આવી છે? મેં કોર્ટમાં તને કેટલી વાર બોલાવી, પણ તેં મારી તરફ જોયું નહિ. હવે હું તને છોડવાનો નથી. હું તારી સાથે મયરાડાંગા જઈશ. મને તારે ઘેર લઈ જા. મને કલકત્તામાં રહેવાનું ગમતું નથી. હું તારી સાથે રહીશ.' (ક્રમશઃ)

અડકો દડકો

ઝાંઝરીબહેન પરબના ગોળામાં

બાબાભાઈ તો બગીચામાં એક મસમોટા લીમડાના ઝાડ હેઠળ બેસીને મોજથી લેસન કરતા હતા. લેસન કરતાં કરતાં ક્યારે એમની આંખ મળી ગઈ ખબર નથી. થોડી વારમાં એમના કાને કલ કલ કલ કલ અવાજ પડ્યો! કોણ હશે એ? અવાજ નજીક ને નજીક આવતો ગયો. બાબાભાઈ વિમાસણમાં પડ્યા : કોનો અવાજ હશે આ? એમણે જરા ધારીને જોયું તો એ તો પેલી ઝરણી - એમની ઝાંઝરીબહેન! પેલા ભૂરા-ભૂખરા પારનેરાના ડુંગરામાંથી આવે છે ને એ જ! બહુ મીઠડાં. પાણી તો કાચ જેવું, ચોખ્ખું ને ચમકતું. પીઓ તો કોપરા જેવું લાગે. આંખમાં દીવા ચમકે એમ ઝાંઝરીના પાણીમાં નાની નાની મછલીઓ ચમકે! ઝાંઝરી-બહેન તો કલ કલ ગાય ને છલ છલ નાચે. એમના પાણીમાં કલાકો સુધી પગ ઝબોળીને બેસી રહેવાનું મન થાય. બાબાભાઈને એ ઝાંઝરી-બહેનની ભારે દોસ્તી. રોજેરોજ નિશાળ છૂટે કે બાબાભાઈ એની પાસે પહોંચી જાય. કપડાં કાઢી મન મૂકીને નહાય ને જોડે આવેલા ભાઈબંધોનેય બરોબર નવડાવે! નાની નાજુક હથેલીઓથી પાણી છાંટે ને ખડખડ હસે! કેટલીક વાર તો પોશ પોશ પાણી પીતા જાય ને પાણીમાં આળોટતા જાય. ઝાંઝરીબહેનની જોડે એય તાનમાં આવીને ગાય. ગાય ને કૂદે. કૂદે ને નાચે!

ચોમાસામાં તો ઝાંઝરીબહેન બરોબરનાં ખીલે! શિયાળેય એમની સુંવાળી સોબત મળે પણ પછી આકાશમાં સૂરજ આકરો થવા માંડે ને ઝાંઝરીબહેન સુકાવા લાગે. પગમાંની ઝાંઝરી ખોવાઈ જાય તેમ આ ઝાંઝરીબહેન પણ પેલા ડુંગરામાં ક્યાંક ખોવાઈ જાય.... બાબાભાઈને તો જરાયે એ ન ગમે, પણ કરે શું? આષાઢે વાત જાય. વાદળભૈયા આવે ને ઝાંઝરીની ચિઠ્ઠી લાવે ત્યારે વાત!...

બાબાભાઈને કંઈ ઝાંઝરીબહેન વિના ડુંગરામાં મજા આવે? તેઓ તો હવે બગીચામાં આવીને બેસવા લાગ્યા. નિશાળ છૂટે ને સીધા આવે પેલા મીઠડા લીમડાની હેઠે. એની લીંબોળીઓ વીણે, થોડી ચાખેય તે ને પછી લેસન કરતા જાય. વચ્ચે વચ્ચે ઝાંઝરીની કલ કલ પણ યાદ કરી લે. આજેય લેશન કરતાં કરતાં જરા ઝોકું આવી ગયું ને સપનામાં ઝાંઝરીબહેન ઝણકી ઊઠ્યાં. કહે :

'બાબાભાઈ, ઓ બાબાભાઈ!'

'શું છે, ઝાંઝરીબહેન?'

'પેલો અષાઢ આવે ત્યાં સુધી મને તમારી પાસે રાખોને?'

'તે મારી ક્યાં ના છે, તમે આવો તો તો મજા જ પડે ને!'

'તો આવું છું!'

'ભલે!'

'પણ ક્યાં રાખશો?'

'તમે જ કહોને?'

'કહું? પેલી પરબ છે ને ત્યાં!'

'પણ ત્યાં ક્યાં રહેશો?'

'પેલા કાળી માટીના ગોળામાં!'

'ભલે! પણ ત્યાં તમને ગાવાનું ને નાચવાનું ફાવશે?' બાબાભાઈએ પૂછ્યું.

'હા! કહું, કેવી રીતે? પરબનાં પાણી પીનારાં હરખમાં ગાશે ને નાચશે ત્યારે હું ય એમના હરખમાં ઊછળતી ગાઈશ ને નાચીશ!'

'વાહ રે વાહ! ત્યારે તો તમે સૌની અંદર કલ કલ કરવાનાં!'

'હં! હવે તો–

માટલીનું પાણી હું થઈશ,
તરસ્યાને પીવા જો દઈશ,
ખૂબ ખૂબ રાજી હું રહીશ,
રોજ તારા મનમાં હું ગાઈશ!'

અને એ ઝાંઝરીબહેન તો પછી બાબાભાઈની રજા લઈને દોડ્યાં સીધ્યાં પેલી પરબ પર ને લહેરવા લાગ્યાં ત્યાં કાળી માટીના લિસ્સા ચમકતા ગોળામાં.

તમેય જો એ કાળા ગોળાનું પાણી પીશો ને તો લીમડા જેવા લીલાછમ થશો હોં! તાપથી બળશોય નહીં ને થાકશોય નહીં. તમારું મન ઝરણાની માછલીની જેમ રમશે! પેલા બાબાભાઈ તો રોજ પરબ પર જઈ તરસ્યાંને પાણી પાતાં પાતાં ઝાંઝરીબહેન જોડે અલકમલકની વાતો કરે છે! તમનેય એ વાતો સંભળાય, જો તમે ઝાંઝરીબહેનની હારે હેતથી હળ્યાં-મળ્યાં હો તો!!

- ચંદ્રકાન્ત શેઠ

કંકાવટી

અસ્પી ઍવૉર્ડ વિજેતા માલતીબહેન ચૌધરી

ભણતર ભલે ન હોય પરંતુ ગણતર હોય, હૈયામાં હામ હોય અને નિશ્ચિત ધ્યેય હોય અને એ માટે પુરુષાર્થ હોય તો સફળતા ચરણોમાં ઝૂકે છે. એનું પ્રેરક દૃષ્ટાંત ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામનાં શ્રીમતી માલતીબહેન ચૌધરીએ પૂરું પાડ્યું છે.

માલતીબહેનનો જન્મ સને ૧૯૪૫માં. નાની વયે જોઈતારામ ચૌધરી જોડે લગ્ન થયું. પતિ અકસ્માતમાં વિકલાંગ બન્યા. કુટુંબની નબળી આર્થિક સ્થિતિ અને માત્ર ચાર ચોપડી ભણેલાં એટલે નોકરીની શક્યતા નહીં. જીવન-નિર્વાહની મુશ્કેલી ડગલે ને પગલે સતાવે, પરંતુ નારી તું ન હારી. લોકોનાં ઘરવાસીંદાં કર્યાં. સિવણકામ શરૂ કર્યું. પૈસો પૈસો બચાવીને ૮૦ રૂપિયાની મૂડી એકઠી કરી અને મરવા વાંકે જીવતી બે પાડી ખરીદી અને બાળકની જેમ જતન કરી ચાકરી કરવા માંડી. જોતજોતામાં એ બે પાડી ભેંસ બની અને વિયાતાં દરરોજ ૨૨ લિટર દૂધ આપતી થઈ અને માલતીબહેનના જીવનનાં આર્થિક અંધેરાં ઉલેચાવા માંડ્યાં. પ્રકાશ પથરાવા માંડ્યો અને પગમાં પણ જોમ આવ્યું. બે ભેંસથી સંતોષ ન માન્યો. બે ભેંસની ચાકરી કરી વંશવેલો વધારતાં રહ્યાં. કોઈ પણ જાતની લોન બૅંક પાસે કે કોઈ પણ જાતની સહાય સરકાર પાસેથી લીધા વિના આજે માલતીબહેન ૧૮ હોસ્ટીન ગાયો અને બે ભેંસનાં માલિક છે. દરરોજ એક ગાય ૧૦ થી ૧૨ લિટર દૂધ અને એક ભેંસ ૮ લિટર દૂધ આપે છે, જે બધું જ દૂધ મહેસાણાની દૂધસાગર ડેરીમાં ભરે છે. સને ૧૯૭૨થી ડેરી-ઉદ્યોગ સાથે સંકળાયેલાં માલતીબહેન ચૌધરીએ પરિવારને આર્થિક રીતે તો હર્યોભર્યો કર્યો જ છે, સાથે ગામની બહેનોને પણ આર્થિક વિકાસ માટે પશુપાલન વ્યવસાયમાં જોડી અને માત્ર ૭૦ પરિવારની વસતિવાળું આ પ્રતાપપુરા ગામ દરરોજ લગભગ ૨૦૦૦ લિટર દૂધ ડેરીમાં મોકલે છે.

પ્રતાપપુરા નાનું ગામ, ડૉક્ટર વગેરે સુવિધાનો અભાવ, માલતીબહેનનું શિક્ષણ ઝાઝું નહીં, પરંતુ અનુભવનું ભાથું મોટું, પશુઓને પોષક આહાર માટે ખેતીવાડીના કચરામાં મીઠું અને ગૉળની રબડી નાંખી આપવા માંડ્યો, લીલો ચારો, સૂકો ચારો, ખાણદાણનો યોગ્ય માત્રામાં આહારમાં ઉપયોગ કર્યો. વાછરડીનો ઉછેર એવી માવજતથી કર્યો કે બે વર્ષમાં ગાય બને. પશુઓની તબિયતની નાદુરસ્તીને પણ પળમાં પારખી લે અને પોતે જ દેશી ઉપચારોથી સાજાં કરે. પશુઓને તરસ લાગે ત્યારે પાણી મળે અને ભૂખ લાગે ત્યારે ભોજન મળે એવી વ્યવસ્થા આગવી સૂઝથી ગોઠવેલી છે. અન્યને નકામી અને બળતણની લાગતી ચીજો બાજરી-જુવારનાં ડૂંડાં અને સાંઠાને પોષક બનાવી પશુઓનો આહાર બનાવતાં.

કોઈ પણ કૉલેજમાં ગયા વિના અનુભવની એરણ પર ટિપાઈ ટિપાઈને અર્થશાસ્ત્રી બનેલાં માલતીબહેનને દૂધ-સાગર ડેરીની પાડી-ઉછેર સ્પર્ધામાં રૂપિયા ૨૫નું પ્રથમ ઈનામ મળેલું એને જીવનની ધન્ય ઘડી ગણે છે. ઈનામ કરતાંય મહેનતની કદર અને ગામમાં સન્માનને વધુ મહત્ત્વનું ગણે છે. તેમની સિદ્ધિ અને સાફલ્યને ચોમેરથી સન્માન મળ્યું છે. ગુજરાત કૃષિ વિકાસ શિલ્ડ સૃષ્ટિ સંસ્થા દ્વારા, જયહિંદ અખબાર દ્વારા સખી શક્તિ ઍવૉર્ડથી સન્માન મળ્યું છે; તો ચાર ચાર વખત એપ્રોપ્રિએટ ટેક્નોલૉજી ઈન્ડિયા લિ. અમદાવાદ દ્વારા ઍવૉર્ડ એનાયત કરી સન્માન કરાયું છે અને હાલમાં જ અસ્પી ફાઉન્ડેશનના એલ. એમ. પટેલ ફાર્મર્સ ઑફ ધ ઇયર-૨૦૦૧નો ઍવૉર્ડ રૂપિયા એક લાખનો ડેરી ફાર્મિંગ માટે મળ્યો છે.

માલતીબહેન ચૌધરીને આ દૂધના વ્યવસાયમાં પુરુષાર્થ અને લગનથી પૈસો, પદ અન પ્રતિષ્ઠા ત્રણે મળ્યાં છે. દૂધસાગર ડેરીનાં ડિરેક્ટર છે. ગુજરાત વિદ્યાપીઠના કૃષિવિજ્ઞાન સલાહકાર સમિતિનાં સભ્ય છે. ચાર ચોપડી ભણેલાં પારંપરિક ગામઠી પહેરવેશમાં આર્થિક મહાનગર મુંબઈમાં ઍવૉર્ડ સ્વીકારી મહાનુભાવોની ઉપસ્થિતિમાં અંજાયાં વિના પ્રતિભાવ આપતાં પ્રભાવક પ્રવચન આપ્યું હતું.

('દક્ષિણ ગુજરાત પ્રવાસી'માંથી)

નાની પણ મહત્ત્વની વાતો

આપણો રોજિંદો વ્યવહાર તેમજ કાર્યપદ્ધતિ આપણા વ્યક્તિત્વની ચાડી ખાય છે. તે માટે કેટલીક ચીવટ રાખવાની જરૂર છે.

• ટૂથપેસ્ટની ટ્યૂબ, વેનિશિંગ ક્રીમ, કોલ્ડ ક્રીમ, દવાની કોઈ પણ ટ્યૂબને પાછળથી આગળની તરફ દબાવીને ઉપયોગમાં લેવી.

• વાળ ઓળ્યા બાદ કાંસકો કે બ્રશ સાફ કરીને મૂકવાં.

• કાર્ય દરમિયાન વપરાશમાં લીધેલી ચીજવસ્તુઓ કાર્ય પૂરું થાય કે તરત જ તેના સ્થાન પર રાખવાની આદત પાડવી.

• સ્વચ્છ ગાદલાં, પલંગ, સોફા પર પગ ધોયા વગર બેસવું નહીં.

• ભોજનની થાળીમાં એઠું મૂકવું નહીં.

• લાઈટ, પંખાની સ્વિચો બંધ કરવાની આદત રાખવી.

• કોઈની પાસે ચીજવસ્તુ માગવી પડે તો કાર્ય-પૂર્ણ થયા બાદ તરત જ પાછી આપી દેવી.

• ભોજન કે નાસ્તો કરતી વખતે ચપર-ચપર જેવો અવાજ કે ઠંડું પીણું કે ગરમ પેય પીતી વખતે સબડકા મારવા નહીં.

• ભોજન, નાસ્તો પીરસતી વખતે પ્યાલા, વાટકા, ચમચાં ધીરેથી રાખવાં, અવાજ આવે એ રીત પટકવાં નહીં.

• પોતાની વાતને એટલું અધિક મહત્ત્વ ન આપવું કે સામી વ્યક્તિને બોલવાનો મોકો ન મળે.

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૬
બોતીશેલી

બોતીશેલીનું અસલ નામ તો એલિસેન્ડ્રો ડી મોરિયાનો ડી વેલિ ફીલીપેપીનો. પણ એ નામથી આજે એને ભાગ્યે જ કોઈ ઓળખે. એનો ભાઈ શરીરે ગોળ-મટોળ. એટલે બધા એને નાનું પીપડું કહેતાં. પછી તો એલિસેન્ડ્રોએ આ ઉપનામ અપનાવી લીધું. ત્યારથી એ કલાજગતમાં આ નામે ઓળખાતો રહ્યો છે. એનો જન્મ ફ્લોરેન્સમાં ૧૪૪૫માં થયેલો. એના પિતા ચામડું કમાવવાનો ધંધો કરતા.



બોતીશેલીની પડોશમાં એક વણકર રહેતો. એણે બોતીશેલીના નિવાસસ્થાનની જોડાજોડ આઠ સાળ નાખેલી. આ સાળોની ખટાખટમાં ચીતરવાનું શે ફાવે? એને ત્યાંથી ખસેડવા બોતીશેલીના બધા ઉપાયો નિષ્ફળ ગયા ત્યારે છેલ્લા ઉપાય તરીકે એણે એક મોટી શીલા બન્નેની સહિયારી દીવાલ પર એ રીતે ગોઠવી કે સહેજ ધ્રુજારી લાગતા એ પેલા વણકરની સાળો પર પડે. એનો આ નુસખો આબાદ સફળ થયો.

ચિત્રકામ શીખતાં પહેલાં બોતીશેલી થોડો વખત સોનીકામ શીખેલા. એની ૧૬ વર્ષની વયે એ ફ્લોરન્સના ચિત્રકાર ફિલિપ્પો લિપ્પી પાસે ચિત્રકામ શીખવા ગયો. ૧૪૭૦માં ૨૫ વર્ષની વયે એને મર્ચન્ટ ગિલ્ડના કાઉન્સિલ હૉલ માટે Fortitude (હિમ્મત)નું ચિત્ર દોરવાનું કામ મળ્યું. એ પછી પાંચ વર્ષ બાદ એને એક બૅંકરે પોતાના માટે Adoration of Magi ચીતરવાનું કામ સોંપ્યું. બોતીશેલીની આ સૌ પ્રથમ ગણનાપાત્ર કલાકૃતિ હતી. એ સમયના ફ્લોરેન્સના સત્તાધારી મેડીસી પરિવાર સાથે બોતીશેલીને સારું ફાવતું. એણે લોરેન્ઝો, મેડીસી માટે Primavera ચીતર્યું.

ફ્લોરેન્સમાં ત્યારે પાઝા અને મેડીસી પરિવારો વચ્ચે સત્તા માટે ભારે સાઠમારી ચાલતી. આ સાઠમારીએ બોતીશેલીને પ્રતિસ્પર્ધાઓ માટે પૂતળાં બનાવવાનું કામ રળી આપ્યું. એ કામથી પરવાર્યો ત્યાં તેમના સિસ્ટાઈન ચૅપલમાં ફ્રેસ્કો બનાવવા માટેનું નિમંત્રણ મળ્યું. આ ફ્રેસ્કોએ એને પ્રતિષ્ઠા અને પૂંજી સારા પ્રમાણમાં કમાવી આપ્યાં. એક વર્ષ રોમમાં રહ્યા પછી એ ફ્લોરેન્સ પાછો ફર્યો. અહીં એને ધાર્મિક વિષયો પર તથા અન્ય વિષયો પર ચિત્રો તૈયાર કરવાનું અઢળક કામ મળ્યું. આ ગાળા દરમિયાન ધાર્મિક ચિત્રો ઉપરાંત વ્યક્તિચિત્રો, બૅનરો પણ ઘણાં કર્યાં. એણે કાસ્કેટો પર પણ ચિત્રકામ કર્યું. એણે સર્જેલાં Medona and childનાં ચિત્રો ખૂબ જ વખાણાયેલાં. એ એનાં ચિત્રોની અનુકૃતિઓ કરતો અને કરાવતો. કામની માગને પહોંચી વળવા એ એના શિષ્યોની સહાય લેતો. ૧૪૮૦ના અરસામાં તો



સંત બર્નાર્ડનું દર્શન



બોતીશેલીએ તૈયાર કરેલું એક સુંદર પોર્ટ્રેટ

એની ખ્યાતિ ચરમ સીમાએ પહોંચી ગયેલી. ત્યારના પ્રતિષ્ઠાવાન કલાકારોની યાદીમાં એનું નામ મોખરે રહેતું.

૧૪૯૨માં ફ્લોરેન્સમાં ફરી સત્તા માટે સંઘર્ષ થયો. પરિણામે ફ્લોરેન્સમાં દેવળની સત્તા વધી. આ સત્તાપરિવર્તને બોતીશેલીની ચિત્ર-શૈલીમાં બદલાવ આણ્યો. એનાં ચિત્રો વધારે ઊર્મિલ અને ધાર્મિક બનતાં ગયાં. લોરેન્ઝો મેડિસીએ બોતીશેલીને દાન્તેની ડિવાઈન કૉમૅડિને આધારે એક ચિત્રસંપુટ તૈયાર કરવાનું સોંપેલું. પણ સત્તાનાં સૂત્રો લોરેન્ઝોના હાથમાંથી સરી પડતાં એને ફ્લોરેન્સ છોડીની ભાગી જવું પડ્યું. પરિણામે ડિવાઈન કૉમૅડિ પર આધારિત ચિત્ર સંપુટનું કામ પણ ખોરંભે પડ્યું.

એને માથેનું થોડું-ઘણું દેવું ચૂકવવાની ત્રેવડેય એનામાં રહી નહોતી. એ વિસરાઈ જવાનું કારણ એ હતું કે કલાજગતમાં આવી રહેલા પરિવર્તનના પ્રવાહો સાથે આ કલાકાર કદમ મિલાવી શક્યો નહીં. પરિમાણ અને માનવ શરીરની રચનાનો એને સારો અભ્યાસ હતો, પણ લિયોનાર્ડો દ વિંચીની વાસ્તવિક

નિરૂપણની કુશળતાનો એનામાં અભાવ હતો. એ અંત સમય સુધી મધ્યકાલીન જ રહ્યો. એ કારણે એની પાછલી અવસ્થામાં એ '**Old and useless**' તરીકે ઉલ્લેખાતો રહ્યો. એની ઉપેક્ષા થતી રહી.

બોતીશેલી રાફેલ અને રેનેસાંના કલાકારોના માર્ગથી ફંટાઈને ચાલ્યો છે. એનાં પ્રમાણો, રંગો, સ્વરૂપો આગવાં છે. એ ઝળહળતા રંગો પ્રયોજે છે. એનાં પાત્રો વિશાળ કદનાં છે. એ એનાં ચિત્રોમાં પહેલેથી તે છેલ્લે સુધી, પ્રકાશના લપેડા મૂકતો રહે છે. એણે વિનસનું ચિત્રણ પરંપરાગત શૈલીમાં કર્યું છે. એનાં ચિત્રોમાં નારીના દેહનું લાલિત્ય આબાદ ઝિલાયું છે. એણે ચિત્રો માટે વિષયો પુરાણોમાંથી ઉપાડ્યા છે.

યુરોપના મિનિએચર કલાકારોની અસર આ કલાકારની કૃતિઓમાં દૃષ્ટિ-ગોચર થાય છે. બોતીશેલી રંગોને શુદ્ધ સ્વરૂપમાં વાપરતો. એનાં ચિત્રોમાં નાનામાં નાની વિગત પણ સુરેખ રીતે અંકિત થયેલી હોય છે. બોતીશેલી પુરાણોનો ઘણો સારો અભ્યાસી હતો એ જ કારણે એનાં ધર્મ વિષયક ચિત્રોની સંખ્યા સારી એવી છે. એનાં ફ્રેસ્કો અને પૅનલ પરનાં ચિત્રો પ્રશંસ-નીય થયાં છે.



વિનસનું એક પોર્ટ્રેટ

જો કે સિસ્ટાઈન ચૅપલમાંની એની કૃતિઓ માઈક લેન્જેલોની કૃતિઓની સરખામણીમાં ઓછી પ્રભાવક લાગે.



વિનસનો જન્મ

એ વિશાળ ફલક પર ચીતરતો. દેવળો અને ધર્માચાર્યો માટે એણે સર્જેલી કલાકૃતિઓ સરળ, સૌને સમજાય એવી અને રૂઢિગત શૈલીમાં રચાઈ છે. ધનિકો માટે એણે દોરેલાં ચિત્રોમાં પ્રતીકો પ્રયોજાયાં છે. એ ચિત્રોમાં ગહેરાઈ છે. એમાં ભિન્ન-ભિન્ન અર્થઘટનોની શક્યતા રહેલી છે. પુરાણોમાંથી પસંદ કરેલ વિષયો પરનાં એનાં ચિત્રોનું ફૉર્મ પુરાણું ન હોય. એણે મેડોના અને પેગન દેવ-દેવીઓનાં ચિત્રો સરખી રીતે ચીતર્યાં છે.

બોતીશેલીનાં ચિત્રોમાં નિરૂપા-યેલાં પાત્રોના ચહેરા ઉપર ઉદાસી પથરાયેલી લાગે. એ પાત્રો લાવણ્યથી છલકતાં હોય. એની રેખાઓમાં સંવેદનાનો ધબકાર હોય, એ રેખાઓમાં કલાત્મક અભિવ્યક્તિનું કૌશલ્ય દેખાઈ આવે છે. રેખાઓનું માધુર્ય બોતીશેલીની વિશિષ્ટતા છે. જો કે આ રેખાઓની એની વિશિષ્ટતા જ એની મર્યાદા બની ગઈ. ને એ **Old Fashioned** ગણાવા લાગેલો.

બોતીશેલી ક્યારેક પુસ્તકોનાં પૃષ્ઠો શણગારવાનું કામ પણ કરતો. આ કામ એ પેન અને શાહીથી કરતો. એનાં આવાં ચિત્રો ક્યારેક માર્મિક પણ બન્યાં છે.

બોતીશેલીએ એનેટૉમીનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરેલો નહીં. એટલે પુરાણી પ્રથા અનુસાર એણે સર્જેલી મેડોના એ ચિત્રમાંના ભરવાડો કરતાં કદમાં મોટી ચીતરાઈ છે.

એના જ અંતકાળે વિસ્મૃત થઈ ગયેલા આ કલાકારને ૧૯મી સદીમાં રસ્કિને અને વૉલ્ટર પીટરે મહાન સર્જક તરીકે પુનઃ સ્થાપિત કર્યો. જો કે રેનેસાં કાળના અન્ય કલાકારોની તુલનામાં બોતીશેલી આજે ઓછો પ્રભાવક છે.

The Birth of Venus પૌરાણિક વિષય પરનું કેનવાસ પર ચીતરાયેલું સરળ ચિત્ર છે. એમાં કલાકારે કોઈ પ્રતીકો પ્રયોજ્યાં નથી. એનું કોઈ ગૂઢ અર્થઘટન પણ એના સર્જકને અભિપ્રેત નથી. આ ચિત્રમાં વિનસનું ચિત્ર ઉન્માદપ્રેરી નથી. એથી ઊલટું એ દર્શકના મનમાં ઉદાત્ત ભાવનાઓ જન્માવે એવું થયું છે. આ ચિત્રમાં વિનસ સૌંદર્યનો પર્યાય બની રહે છે.

Primavira પૅનલ પર સર્જાયું છે. રેનેસાં શૈલીનું આ ચિત્ર કલાજગતના ઇતિહાસમાં સૌથી વધારે ચર્ચાયેલી કલાકૃતિ છે. આ ચિત્રમાં વિનસ વસંતના

પ્રતીકરૂપે પૅનલ પર ઝિલાઈ છે.

The Mystic Nativity નામનું નિજાનંદ માટે ચિતરેલું ચિત્ર 'most personal intense painting in the history of art' લેખાયું છે. The birth of Venusમાં વિનસ સદ્ગુણોના પ્રતીક તરીકે નિરૂપાઈ છે. Medona of the Magnifient એનું સૌથી ભવ્ય સર્જન ગણાય છે. The Lamentation ચિત્રમાં કારુણ્યની તીવ્રતા આબાદ ઝિલાઈ છે. Portrait of Young Man અને A Young Man with a Medal એનાં ખ્યાતનામ વ્યક્તિચિત્રો છે. આ કલાકાર ૬૫ વર્ષની વયે ૧૫૧૦ના મે મહિનામાં ચિર નિદ્રામાં પોઢી ગયો.

-નટુભાઈ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

પક્ષીઓના ફોટોગ્રાફનું પ્રદર્શન

વિવિધ પક્ષીઓના ફોટોગ્રાફનું એક પ્રદર્શન તા. ૨૪-૪-૦૨ થી તા. ૩૦-૪-૦૨ સુધી અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજાઈ ગયું. આ પ્રદર્શન જાણીતા દંતચિકિત્સક ડૉ. આર. બી. બલરની વર્ષોની તપશ્ચર્યાનું પરિણામ છે.



લગભગ ૫૦ પક્ષીઓનાં આ ફોટોગ્રાફ કોઈ ચોક્કસ જગ્યાના કે કોઈ એક વિસ્તારના ફોટોગ્રાફ નથી. પરંતુ તેઓએ ચોક્કસ નજર રાખીને પક્ષીઓની લાક્ષણિકતા સુપેરે દર્શાવી શકાય તે રીતે ફોટોગ્રાફ લીધેલા છે. આ પ્રદર્શનમાં ગિરના નવરંગ (Pitta)નો ફોટોગ્રાફ પણ છે તો જેસલમેર પાસે રણપ્રદેશમાં લીધેલો તેતરનો ફોટો પણ છે. Honey Buzzard (મધિયો બાજ) છે, તો ટચૂકડા પચરંગી શક્કરખોરના પણ છે. દરિયાનાં છીછરાં પાણીનાં પક્ષીઓ પણ છે અને Paradise



ઊડવાની તૈયારી કરતું શ્વેત બઝાર્ડ

Flycatcher (દૂધરાજ) છે. આમ, એક વિશાળ પટનો સમૂહ આ ગૅલરીમાં આપણને જોવા મળે છે.

દરેક ફોટોગ્રાફ ઉપર અંગ્રેજી નામો ઉપરાંત તે પક્ષી લોકભાષામાં ઓળખાતાં હોય તેવાં ગુજરાતી નામો દર્શાવેલ હોઈને સૌને માટે આ પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું. અમદાવાદમાં પક્ષીઓના ફોટોનું આ પ્રદર્શન મનને આનંદ આપે તેવી ઘટના હતી.

મુલાકાતીઓ જે ઉત્સાહથી આ પ્રદર્શન જોતાં હતાં તે ઉપરથી લોકોને પક્ષીઓમાં કેટલો બધો રસ છે તે જોવાનો લાભ મળ્યો. શહેરના અત્યંત પ્રતિષ્ઠિત નાગરિકોથી માંડીને સાવ અજાણ્યાં લોકો આ પ્રદર્શન જોવા આવ્યાં હતાં. કેટલાકે તો એમ પણ જણાવ્યું કે છાપામાં અમે આ અંગે વાંચ્યું તે ઉપરથી અમે અહીં આવ્યાં છીએ.

પ્રદર્શનનું ઉદ્ઘાટન જાણીતા પક્ષીવિદ્ શ્રી લાલસિંહભાઈ રાઓલે કર્યું. મહત્ત્વની વાત તો એ છે કે આ બધા જ દિવસો લગભગ પૂરા સમય માટે શ્રી લાલસિંહભાઈ રાઓલ અહીં હાજર હતા. તેમની પાસે પક્ષીઓ અંગેની ઊંડી જાણકારી હોઈ તેમની સાથે પક્ષીનાં વિવિધ ઉપકુળો વિશેની ચર્ચા થતાં પક્ષીઓનાં સંદર્ભમાં જાણે કે આ પ્રદર્શન એક કાર્યશાળા બની ગયું.

શ્રી બલરની પાસે પક્ષીઓની ઊંડી જાણકારી છે. તેઓ પોતે બૉમ્બે નૅચરલ હિસ્ટ્રી સોસાયટીના આજીવન સભ્ય છે. આ ક્ષેત્રના ઊંડા અભ્યાસી છે. ક્યા પક્ષીની કઈ વિશિષ્ટતા છે તે જોઈ તે



કાળા શિરવાળાં ગલ પક્ષીઓ

વિશિષ્ટતા ઝડપવા તેમણે ભારે મહેનત કરી ફોટા લીધા છે. પક્ષીઓની ફોટોગ્રાફી સરળ નથી, આમ છતાં ઉત્તમ પ્રકારના ફોટોગ્રાફ અહીં રજૂ થયા છે, જે તેમની આ ક્ષેત્રની મહેનત અંગે ઘણું કહી જાય છે.

એક પક્ષીવિદ્ હોવા ઉપરાંત બલર ફોટોગ્રાફીના ક્ષેત્રની ખૂબ ઊંડી સૂઝ ધરાવે છે. બધાં જ પક્ષીઓની આંખ અત્યંત શાર્પ ફોક્સમાં રાખીને તેમણે લીધેલા ફોટોગ્રાફ આંતરરાષ્ટ્રિય કક્ષાના ફોટોગ્રાફીના ઉત્તમ નમૂના કહી શકાય તેવા છે.

આ ઉપરાંત શ્રી બલર પાસે કલાની ઊંડી સૂઝ છે. એક એક ફોટોગ્રાફ એક કલાત્મક ચિત્ર બન્યું છે અને પ્રદર્શન જોવા આવનારને ખુશ કરી દેતું.

આમ, વિષય નિષ્ણાતપણું, ફોટોગ્રાફીનું ઊંડું જ્ઞાન અને કલાત્મક નજરની ત્રિવેણી આ પ્રદર્શનમાં જોવા મળે છે.

શ્રી બલરસાહેબને કેટલાક ફોટોગ્રાફમાં નસીબે સારો લાભ આપ્યો છે. જેમ કે, ચોટલિયો સાપ મારનો ફોટોગ્રાફ શ્રી બલરના જણાવ્યા પ્રમાણે તેમણે આ પક્ષીને જોયું ત્યારે તે કાંઈક ખાઈ રહ્યું હતું એટલે તેનો ફોટોગ્રાફ લેવા માટે તેમણે તૈયારી કરી પરંતુ થોડો અવાજ થતાં તે પક્ષી ઊડ્યું અને તેમણે જોયું કે સાપ સાથે તે ઊડ્યું છે. એટલે ક્ષણનોય વિચાર કર્યા સિવાય તેમણે તે ફોટોગ્રાફ ઝડપી લીધો. આમાં થોડો પણ વિલંબ થયો હોત તો પક્ષી સાથે આકાશમાં સાપનું અદ્ભુત ચિત્ર ચૂકી જવાયું હોત.

એવી રીતે આલ્બીનોવાળો (કાળિયો કોશી). પક્ષીની ઊંડી સમજ

વિના તેને કાળિયા કોશી તરીકે ઓળખવો મુશ્કેલ. ઉપરનો ભાગ અંશતઃ આલ્બીનો હોઈ સફેદ છે અને એ રીતે સમાન્ય કાળિયાકોશીની સાથે સાથે આ આલ્બીનોવાળો કાળોકોશી તેઓ ફોટોફ્રેમમાં રજૂ કરી શક્યા છે.

ગિરના જંગલમાં એકાદ માસ માટે આવતાં **Pitta** (નવરંગ)નો ફોટોગ્રાફ લેવા માટે તેઓ ગિરમાં ગયા. અંધારું થતું હોઈ પહેલે દિવસે ફોટોગ્રાફ લેવા જવાશે નહીં તેમ સમજી સ્ટેન્ડ, કૅમેરા વગેરે બધું મોટરમાં મૂકી તેઓ થોડે દૂર ફરતા હતાં ત્યાં તેમની નજરે ચઢ્યો. પ્રકાશ પૂરતો ન હોવા છતાં એક તક લઈ લેવા ખાતર તેઓ સ્ટેન્ડ અને કૅમેરા મોટરમાંથી લઈ આવ્યા. ત્યાં સુધી તેના આશ્ચર્ય વચ્ચે તેમણે જોયું કે પક્ષી ત્યાં જ બેઠું હતું. તેમણે ખૂબ જ લાંબું એક્સપોઝર આપીને પૂરતો પ્રકાશ ન હોવાને કારણે તે ફોટો લીધો તો ખરો પણ મનમાં અંદેશો હતો. ફરી તક મળતાં બીજો ફોટો લેવાનો મનસૂબો કર્યો. પછીના બે-ત્રણ દિવસ ગિરમાં રહ્યા છતાં બીજો કોઈ ફોટોગ્રાફ તેમને ન મળ્યો. તેમના આશ્ચર્ય વચ્ચે તેમણે જોયું કે અપૂરતા પ્રકાશમાં લાંબુ એક્સપોઝર આપીને તેમણે લીધેલો ફોટો સંતોષકારક પરિણામ આપે તેવો આવ્યો હતો.

પક્ષીઓના ફોટોગ્રાફ માટે લાંબી ફોકલ લેન્થવાળો લેન્સ અનિવાર્ય બની જાય છે. તેથી ઊભા થતા પ્રશ્નોનો મુકાબલો કરવો પડે છે. મુખ્યત્વે ડેફથ ઑફ ફિલ્ડ ઓછી મળે છે. સહેજ ધ્રુજારી પણ ચિત્રને નકામું બનાવી દે છે.

આ છતાં આ બધા ફોટોગ્રાફ એટલા શાર્પ આવ્યા કે તેમણે લીધેલી કાળજી, ધૈર્ય અને કુશળતા વિશે ઘણુંબધું કહી જાય છે. એક દર્શકે તો ત્યાં સુધી જણાવ્યું કે તમારા કૅમેરામાં પક્ષીઓને પૉર્ટ્રેટ પડાવવાનો શોખ લાગ્યો હોય તેવું જણાય છે!

આ પ્રદર્શનમાં પ્રદર્શિત થયેલા ફોટોગ્રાફ લેવામાં શ્રી બલરની સાથે તેમનાં પત્ની શ્રીમતી રેખાબહેનનું પ્રદાન પણ બહુમૂલું છે. શ્રીમતી રેખાબહેન પક્ષીઓ અંગે ઊંડી જાણકારી તો ધરાવે જ છે અને બધા જ સ્થળોએ તેઓ સાથે જ હોય છે, એટલું જ નહીં, પણ બાયનો-ક્યુલર લઈને શ્રી બલર માટે 'કૅમરાનો શિકાર' તેઓ ઘણી વાર શોધી આપે છે. આ પ્રદર્શનની સફળતામાં તેમના પ્રદાનની નોંધ લેતાં આનંદ થાય છે.


પર્યાવરણની સુરક્ષા અંગે જેમને ઉચાટ છે તે સૌ માટે આ પ્રદર્શન સંતોષનો ભાવ પેદા કરે તેવું હતું.. શ્રી બલર આ માટે આપણા સૌના અભિનંદનના અધિકારી છે. તેમના તરફથી આપણને આવી જ ભેટ મળતી રહે તેવી અપેક્ષા.

શ્રી બલર ફોક્સના પદાધિકારી રહ્યા છે એટલું જ નહીં, તેઓ ફોક્સની શરૂઆતથી જ અત્યંત સક્રિય કાર્યકર અને શુભેચ્છક રહ્યા છે. ફોક્સ આ પ્રદર્શન પ્રસંગે આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. *-દિનુભાઈ દવે*

પોસ્ટકાર્ડનો કલાત્મક, સર્જનાત્મક ઉપયોગ

દસ કલાકારોનો ગ્રૂપ શો

થોડા સમય પૂર્વે કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં અમદાવાદના દસ કલાકોરોએ એક વિશિષ્ટ ગ્રૂપ શો યોજ્યો હતો. શો પૂર્વે સદ્‌ગત જાણીતા કલાકાર વિનોદ પારુલની સ્મૃતિમાં ત્રીદિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.



ચિત્રકાર : બંસી ખત્રી



ચિત્રકાર : પુનીત કાલાવડિયા

કલાકારોએ 'પોસ્કકાર્ડ' જેવી સસ્તી વસ્તુને તેમના સંયોજનમાં કલાત્મક તેમજ સર્જનાત્મક રીતે તેમની લાગણી તથા વિચારના પ્રત્યાયન અર્થે યોજી હતી.

કુલ ત્રીસ ચિત્રોમાં કલાકારોએ તેમની પ્રેરણા, દૃષ્ટિ, રસ, નાનપણનાં સ્મરણો, નિરીક્ષણો તથા સરકાર સામેની ફરિયાદોને આકારિત કરી વાચા આપી હતી. સદ્‌ગત વિનોદ પારુલના કલાકાર પુત્ર હિંડોળની સંરચનામાં તેમના પિતાના બ્રશ વડે જ તેમણે પિતાની પુણ્ય સ્મૃતિઓને અભિવ્યક્ત કરી છે. સર્જનાત્મક ચિત્રકલાના વધુ અભ્યાસ દરમ્યાન વડોદરાની હૉસ્ટેલમાં રહી તેમના પિતાશ્રી જોડે કૉલેજિની ફી અંગે જે વાર્તાલાપ પોસ્ટકાર્ડ્‌સમાં કરેલો તે જ પોસ્ટકાર્ડ્‌ઝનો તેમણે તેમનાં ચિત્રોમાં કલાત્મક વિનિયોગ કર્યો છે. કલાકાર બળદેવ પુરબિયાને તેમણે હંમેશ પ્રિય એવી 'રમત' અંગેની કથાવસ્તુને તેમનાં ચિત્રોમાં રૂપાયિત કરી 'શારીરિક ફિટનેસ'નો સંદેશ સૂચનાત્મક રીતે આપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. પુનિત કાલાવડિયા તેમની માતુશ્રીના મૃત્યુથી આઘાત પામી તેને પત્ર લખ્યો છે અને તેના પર માતુશ્રીનું ચિત્ર દોર્યું છે. જયેશ શુકલે તેનાં ચિત્રોમાં કલાકારો પરત્વેની સરકારની ઉદાસીનતાની ટીકા વ્યક્ત કરી છે. બંસી ખત્રી, ભરત પટણી, અરવિંદ પટેલનાં ચિત્રો નોંધપાત્ર છે.

- બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક

૨૦૦૧ના વર્ષનો સરસ્વતી સમ્માન ઍવૉર્ડ

ગઈ સદીના છેલ્લા દશકા દરમિયાન ભારતીય ભાષાઓમાં રચાયેલી ઉત્તમ કૃતિ માટે આ ઍવૉર્ડ પંજાબી ભાષાનાં પ્રતિષ્ઠિત લેખિકા ડૉ. દિલીપ કૌર ટિવાણાને એમની બૃહદ્ નવલકથા 'કથા કહો ઉર્વશી' ને માટે અપાયો છે. ડૉ. દિલીપ કૌરનો જન્મ ૪થી મે



૧૯૩૫ના રોજ લુધિયાણા જિલ્લાના રબ્બો ગામમાં થયો હતો. એમણે પોતાનું શિક્ષણ પતિયાલામાં મેળવ્યું અને ૧૯૬૩માં પંજાબી વિશ્વવિદ્યાલય પતિયાલામાં વ્યાખ્યાતા તરીકે નિમાયાં. પછીથી તેઓ પંજાબી વિભાગનાં અધ્યક્ષા બન્યાં અને ભાષા ફૅકલ્ટિનાં ડીન પણ બન્યાં.

એમણે ૧૯૬૧થી પોતાની સર્જન-કારકિર્દીનો આરંભ વાર્તાલેખનથી કર્યો. 'સાધના' નામક એમનો પ્રથમ વાર્તાસંગ્રહ પ્રકટ થયા પછી બીજા છ વાર્તાસંગ્રહો આપ્યા. ત્યાર બાદ તેઓ નવલકથાના સર્જન તરફ વળ્યાં. 'સરસ્વતી સમ્માન'થી પુરસ્કૃત એમની આ નવલકથા 'કથા કહો ઉર્વશી' ૧૯૯૯માં પ્રકાશિત થઈ. એમણે કુલ ૨૭ નવલકથાઓ આપી છે. એમની આત્મકથનાત્મક નવલકથા 'નંગે પૈરોંકા સફર' ૧૯૮૦માં તથા 'પુંછદે હો તો સુણો' ૧૯૯૫માં પ્રકટ થઈ અને તેમની યશોદાયી રચનાઓ બની રહી.

એમના સર્જનમાં લૌકિક ચિંતાઓની ખેવના સાથે એથી ઉપર જઈ સનાતન મૂલ્યોની માવજત સુધી પહોંચવાની સરાહનીય ક્ષમતા છે, જે તેમને ઉત્તમ સર્જકોમાંના એક બનાવે છે. એમનાં સર્જનોમાં માનવ-માનવ વચ્ચેના સંબંધો, એ સંબંધોને પડછે ઊભરતી દાર્શનિક અને મનોવૈજ્ઞાનિક જટિલ સમસ્યાઓ, આજના સામાજિક-આર્થિક તનાવો, સમાજનું પરિવર્તન પામતું રૂપ, તેમાં આજની નારીની સ્થિતિ અને સમસ્યા જેવા પ્રશ્નો સહજ રીતે ગૂંથાતા રહ્યા છે. એમની શૈલીમાં પ્રતીકાત્મકતા, ચિત્રાત્મકતા અને કાવ્યાત્મકતા છે.

આજના જટિલ બાહ્ય-આંતર અને દબાણયુક્ત વાતાવરણમાં મનુષ્યને માટે નિરાશાનો નહિ પણ આશાનો સંદેશ લઈને એમની રચનાઓ આવે છે.

એમની આ નવલકથા 'કથા કહો ઉર્વશી' લગભગ ૬૦૦ પૃષ્ઠો પર પથરાયેલી છે અને એના પાંચ ભાગમાં ત્રણ પેઢીની વાત ગૂંથાયેલી છે. એના પહેલા ભાગનું શીર્ષક છે 'કથા કાલે કોહાં દી' દેવિન્દરની જીવનકથા પર આધારિત છે. એમાં એના જન્મ, પ્રેમપ્રસંગ, કલહપૂર્ણ લગ્નજીવન અને આત્મહત્યા ની વાત વણાયેલી છે. પાંચેય ભાગોમાં આ વિસ્તીર્ણ ભાગ છે, જે અતીત અને વર્તમાનની સન્નિધિથી માનવજીવન અને માનવસમાજના તત્કાલીન અને સર્વકાલીન પ્રશ્નો અને મૂલ્યોને ચર્ચે છે. આગળના ચાર ભાગમાં આ કથા આ કેન્દ્રબિન્દુની આસપાસ ઘૂમે છે અને વિકસે છે. બીજા ભાગ 'કથા કલિયુગ દી'માં દેવિન્દરની વિધવા પત્ની અલકાની કહાની છે. એમાં પુત્રોની માતા પ્રત્યેની ઉદાસીનતા, માતાનાં દુઃખદર્દો, વ્યાવસાયિક વિપદાઓ, સામાજિક સંઘર્ષો આદિને કલાત્મક રીતે નિરૂપાયાં છે. વળી, ત્રીજા ખંડ 'કથા અનકહી'માં પુનઃ દેવિન્દરની ગાથા આલેખાઈ છે, જેમાં એ પશ્ચાદ્દર્શનથી પોતાનાં વિગત વર્ષોની જીવનશોધ અને પોતાના વિચારબોધને જોગવે છે. નરકમાં સ્થિત એનો બેચેન આત્મા પોતાના પાર્થિવ જીવન વિશે લેખાંજોખાં માંડે છે. ચોથો ખંડ દેવિન્દરના નાના દીકરા અરવિન્દની ડાયરીના રૂપમાં છે. આ ખંડનું નામ છેઃ 'કથા હોકે દી'. પોતાના પિતાને નામે અરવિન્દે પોતાની લાગણી અને પોતાના વિચારોને વ્યક્ત કરતો પ્રલંબ પત્ર આમાં મૂક્યો છે, જેમાંથી એનું વ્યક્તિત્વ, પિતાપુત્ર વચ્ચેના સંબંધો-સંઘર્ષો, આદિ ઊપસવા પામે છે. પાંચમો ભાગ 'કથા કાલ અકાલ દી' શીર્ષકથી લખાયો છે, જેમાં મનુષ્યના પુરુષાર્થ અને અપેક્ષાઓની મર્યાદાઓ આલેખાઈ છે. અહીં અરવિન્દ અને એના ગુરુ વચ્ચે ભૌતિક-આધ્યાત્મિક સંબંધો, પ્રશ્નોની ચર્ચા-વિચારણાને અભિવ્યક્તિ આપવામાં આવી છે.

આમ, માનવના અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નો, મૂલ્યો અને એ સામેના સંઘર્ષની પ્રવર્તમાન પરિસ્થિતિને પડછે આલેખાયેલી આ કથા જેટલી જીવનરસથી ભરપૂર છે તેટલી કલાતત્ત્વયુક્ત પણ છે. (કે.કે.બિરલા ફાઉન્ડેશને આ સંદર્ભે બહાર પાડેલી સમાચારપત્રિકાના આધારે)

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ અને ૧-૨, અપલ લેવલ સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૬નાં પ્રકાશનો : *દક્ષિણ આફ્રિકાની પ્રદક્ષિણા :* (પ્રવાસ કથા) લેખક : રાજીવ રાણે, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૧૦૦. *યુગદેવતાને જીવન સમર્પણ* (મહાદેવ દેસાઈની જીવનરેખા) લે. જયંત કોઠારી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૪૦. *અખંડ ઝાલર વાગે* (કાવ્યસંગ્રહ), લેખક : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮૦. *માંદગીને ખંખેરી નાખો* (માંદગી એક અનુભવ) : સંકનલ-અનુવાદ : સુશી સુરેશ દલાલ, ડિમાઈ ૧/૧૬ સાઈઝ, પાકુ પૂંઠું. પૃ ૯૬, રૂ. ૧૨૫. *સફરના સાથી* (૨૬ ગુજરાતી શાયરોનો પરિચય) લે. રતિલાલ 'અનિલ', ડિમાઈ સાઈઝ, કાચું

પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૫૦. *તમારા વિના સાંજ ઢૂસકે ચઢી છે.* (કાવ્યવિશેષ : ભગવતીકુમાર શર્મા) સંકલન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૫૦. *માહોલ મુશાયરાનો* (મીરતકી મીરથી જાવેદ અખ્તર સુધી) સંકલનઃ રઈશ મનીઆર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૯૦. *મનને મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ* (લેખસંગ્રહ) લે. ડૉ. મુકુલ ચોકસી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૫૦. *શ્રવણની કાવડ* (ટૂંકી વાર્તાઓ) લે. વિજય શાસ્ત્રી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૯૦. *દિવસો જુદાઈના જાય છે* (કાવ્યવિશેષ : ગની દહીંવાલા) સંકલન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૨૫. *મનોહર છે, તો પણ...* (મૂળ મરાઠી લે. સુનીતા દેશપાંડે) અનુ. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૭૦, રૂા. ૧૬૦. *સંગમયુગના દ્રષ્ટાની જીવન સરસ્વતી* (ગોવર્ધનરામનું જીવન ચરિત્ર) લે. જયંત કોઠારી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૭૦. *રામગાથા* (રામના ઉદાત્ત ચરિત્ર પર આધારિત નવલ-કથાત્મક કૃતિ) લે. રામનાથ ત્રિપાઠી, અનુ. જયા મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૨૮૮, રૂ. ૧૭૦. *અનુ-સંગ* (૧૦ ટૂંકી વાર્તાઓ) અનુ. શરીફા વીજળીવાળા, ડિમાઈ સાઈઝ, કાચુ પૂઠું. પૃ. ૧૬૦. રૂ. ૧૦૦.

અન્ય પ્રકાશકોનાં

મોર પગલાં પાડે છે (બાળકાવ્યસંગ્રહ) લે. મધુકાન્ત જોષી, પ્ર. પોતે, 'ગુલમહોર' ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, રાજકોટ. ડિમાઈ ૧-૧૬ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૫. કિસલય (મોનો-ઈમેજ કાવ્યસંગ્રહ) લે. પીયૂષ પંડ્યા 'જ્યોતિ', પ્ર. ફીલિંગ પબ્લિકેશન, રાજકોટ-૩૬૦ ૦૦૫, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૪૦. *ક્ષણનું શિલ્પ* (લઘુકાવ્ય સંગ્રહ) : સં. પ્ર. પીયૂષ લુહાર-પંકજ તલાટી, તલાટી પ્રકાશન, ૭, નાગરિક બૅન્ક બિલ્ડિંગ, મહુવા-૩૬૪૨૯૦, ક્રાઉનસાઇઝ, કાચું પૂઠું. પૃ. ૮૪ રૂ. ૧૫. *પ્રતિકારનાં પુષ્પો* (લઘુકાવ્યો) : લે. ભૂપેન્દ્ર શાંતિલાલ વ્યાસ, પ્ર. પોતે, ૩૧૩-એ, રાજસ્તંભ સોસાયટી, બગીખાના પાસે, બરોડા હાઈસ્કૂલ પાછળ, વડોદરા-૩૯૦૦૦૧, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું પૃ. ૨૮, કિંમત જણાવી નથી. *પ્રભુ-વાણી* લે. : જિનેન્દ્ર વર્ણી, પ્ર. શ્રી મદ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા જિ. ગાંધીનગર, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૫૬, રૂ. ૫. *ધરમ સાચવજે બેટા :* (માતૃશક્તિના વિજયની સત્યઘટના) : લે. બકુલ રાવલ, પ્ર. ડૉ. હરેશ 'તથાગત', રાહુલ કમ્પ્યૂ આર્ટ્સ, ૨-૪, ગોકુલ એપાર્ટમેન્ટસ, ૧૧, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું પૃ. ૨૪ રૂ. ૧૫. *સમક્તિસૂત્રઃ* પદ્ય રૂપાંતરકર્તાઅને પ્રકાશક : ધીરજલાલ ૫. દેસાઈ, 'ચંપામૃત', ૫૯, કહાનનગર સોસાયટી, સોનગઢ-૩૬૪૨૫૦, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, કિં. જણાવી નથી. *પરમાપ્રકૃતિ,* લે. જિતેન્દ્ર તળાવિયા, પ્ર. પર્યાવરણ અને સંસ્કૃતિરક્ષક ટ્રસ્ટ, રાજકમલ ચોક પાસે, અમરેલી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૨, કિંમત જણાવી નથી. *વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓ* (વાર્તાસંગ્રહ) અનુ. જગદીશ મહેતા પ્ર. એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૫૦. *તત્ત્વ મહિમા* (લેખસંગ્રહ) લે. ડૉ. રજનીકાંત જોશી, પ્ર. ડૉ. રજનીકાન્ત જોશી, સી-૫, ઓજસ એપા., નહેરુનગર, અમદાવાદ-૧૫, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૮૫. कविता कल और आज (गुजरात के अंचल से) લે. પ્ર. ઉપર મુજબ. ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૪, રૂા. ૧૪૦. जीवन जीने की कला લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૩૫. *રાધેશ્યામ શર્માની વિશિષ્ટ વાર્તાઓ* (વાર્તાસંગ્રહ) લે. રાધેશ્યામ શર્મા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ-૧, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું પૃ. ૨૦૦, રૂ. ૮૦. *આલેખ* (લેખસંગ્રહ) લે. રાધેશ્યામ શર્મા. પ્ર. ઉપરમુજબ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૧૦૦. *કાવ્યસંકેત* (આસ્વાદ લેખો) લે. રાધેશ્યામ શર્મા, પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૦૦. *નિધિ અને સંનિધિ* (લેખસંગ્રહ) લે. રાધેશ્યામ શર્મા, પ્ર. રન્નાદે પ્રકાશન, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ ૨૨૮, રૂ. ૧૧૦. *કથાસૂત્ર* (લેખસંગ્રહ) લે. રાધેશ્યામ શર્મા, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૪૬, રૂ. ૯૫. *એક પળ* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. તરુલતા દવે, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૪૦. *લવરી કવચમ* (ગુજરાતી લાંબી કવિતા) લે. ઈન્દુ પુવાર, પ્ર. ઉપર મુજબ, ડિમાઈ ૧/૩૨ સાઈઝ, કાચુ પૂઠું, પૃ. ૮૦, રૂ. ૨૫. *અપ્રગટ જયંત કોઠારી* (સ્મરણલેખો અને કેટલાંક અપ્રગટ લખાણો) સં. નિખિલ કોઠારી, પ્ર. જયંત કોઠારી પરિવાર, 'ઝબક', ૨૪, નેમિનાથનગર (સત્યકામ) સોસાયટી, સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, આંબાવાડી, અમદાવાદ-૧૫, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ ૨૩૬, રૂ. ૧૦૦. *ષડ્ દર્શન* (છયે દર્શનો વિષેનું સર્વગ્રાહી પુસ્તક) લે. જયંત પ્રે. ઠાકર, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ ૪૭૬, રૂ. ૨૩૦. *ગુજરાતીઓ અને પૂર્વ આફ્રિકા, ૧૮૫૦-૧૯૬૦* (ગુજરાતીપણાની શોધમાં) લે. મકરન્દ મહેતા, પ્ર. ત્રિદીપ સુહૃદ, દર્શક ઈતિહાસ નિધિ, ૭૩, આસોપાલવ, થલતેજ, અમદાવાદ-૫૯, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ ૩૬૮, રૂ. ૨૫૦. *ઈતિહાસનો મર્મ* (જ્યોર્જ મેકોલેટ્રેવેલિયન વ્યાખ્યાનો) અનુ. પ્રફુલ્લ ઝાલા, પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ ૨૨૪, રૂ. ૧૨૫. *સાચુકડાં* (કાવ્યસંગ્રહ) લે. માણેકલાલ પટેલ, પ્ર. શ્રદ્ધા પ્રકાશન, 'સૂર્યમણિ', ૬, બિજલ પાર્ક, વિવેકાનંદ માર્ગ, મેમનગર, અમદાવાદ-૫૨, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨૦૦. *લાડકડાં* (કાવ્યસંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૨૦. *સરોજ* (કાવ્યસંગ્રહ) લે. રમેશ દેવમણિ, પ્ર. પોતે. સી-૭૬, શાંતિકુંજ સોસાયટી, ચાંદખેડા-૩૮૨


સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



માન તમારે હાથ ન સોંપ્યું
કેમ કરી અપમાનશો?
વજ્ર સમું અણભેદ હૃદય આ
શર સૌ પાછાં પામશો.

\- કૃષ્ણલાલ શ્રીધરાણી



એક વાર હું ને મીરાં
મથુરામાં ગ્યા'તાં,
ઘૂઘરીને ઘમકારે
ઘેલાં ઘેલાં થ્યાં'તાં.

\- ઈન્દુલાલ ગાંધી

૮૨૪, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૪૦. *છાંયડા પ્હેરાય ના* (ગઝલ સંગ્રહ) લે. ડૉ. ઈશ્વર સુથાર 'શિલ્પી', પ્ર. પોતે. નીડઃ૩૯, નંદ બંગલોઝ, જનતાનગર રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૮૦. *સ્વાતિ વર્ષા* (કાવ્યસંગ્રહ) લે. આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, પ્ર. સ્વાતિ પ્રકાશન, ઊંઝા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૭૦. *પ્રેરક જૈન કથાઓ* લે. મુનિ શ્રી વાત્સલ્યદીપ, પ્ર. વાત્સલ્યદીપ ફાઉન્ડેશન, ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવી રેલ્વે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૪, (ભેટ પુસ્તક). *આકાશને દરવાજે સૂરજ* (સચિત્ર વાર્તાસંગ્રહ) લે. પ્ર. સનત ત્રિવેદી, તૃપ્તિ, ૧૧, નૂતનનગર, કાલાવડ રોડ, રાજકોટ-૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૧૨૦. *કેસરિયાં* (કાવ્યસંગ્રહ) લે. રણછોડદાસ ફૂલચંદ બ્રહ્મભટ્ટ, પ્ર. મેહુલ બ્રહ્મભટ્ટ, ૩૪૭, ભાથીજીકૃપા, ભાટિયા શેરી, બાજવાડા, વડોદરા-૩૯૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૫૦. *હવે આવ કલ્પના* (ગઝલસંગ્રહ) લે. ગિરીરાજ બ્રહ્મભટ્ટ, પ્ર. કુ. રોનક બ્રહ્મભટ્ટ, ભાથીજી કૃપા, ભાટિયા શેરી, બાજવાડા, વડોદરા-૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૫૦. *વેદનાની પરબ* (ગઝલ સંગ્રહ) લે. મહેશ બ્રહ્મભટ્ટ, પ્ર. પોતે, ૩૪૭, ભાથીજી કૃપા, ભાટિયા શેરી, બાજવાડા, વડોદરા-૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૫૦. *અંતરને અજવાળે* (જીવન અને પ્રવૃત્તિ પરિમલ) લે. વિઠ્ઠલભાઈ પટેલ, પ્ર. પોતે, 'જીવનદીપ', નટુભાઈ સેન્ટર પાસે, રેસકોર્સ, વડોદરા-૭, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, મૂલ્ય સદ્ભાવ. *ભૂમિથી ભૂમા* (હાઈકુ સંગ્રહ) લે. પ્ર. કંદર્પ ર. ત્રિવેદી, ૪, પ્રજ્ઞા સોસાયટી, તીથલ રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧. ડિમાઈ ૧/૧૬ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૩૫. *વતનની શોધમાં* (વતન-પરિચય) લે. ડૉ. મુકુન્દ ર. પટેલ પ્ર. **I.G.Publication, 15, Canterbury Road-22, GreatNeck, New York-11021.** ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૦, કિંમત જણાવી નથી.

ગંગટોક
(દેશાટન-૪૧)




સિક્કિમ રાજ્યની રાજધાની ગંગટોક એક આધુનિક નગરી છે અને કુદરતી સુંદરતાથી ભરપૂર છે. ગંગટોકમાં જોવાલાયક સ્થળોમાંનું સહુથી મહત્ત્વનું સ્થળ રુમટેક મઠ છે અને ભારતમાંના બધા મઠોમાં સૌથી મોટો એ મઠ છે. ડોડરુલ શોરટન સુવર્ણ સ્તુપ પણ અહીંનો જોવાલાયક સ્તુપ છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ તિબેટોલૉજી તથા હૅન્ડિક્રાફ્ટ સેન્ટર પણ જોવા લાયક છે. પણ સૌથી સુંદર આર્કિડ સેન્ક્ચુરી જે ગંગટોક ટેકરી પાસે આવેલો છે. સિક્કિમથી કંચનજંઘા પર્વત, રુમટેક મઠ તથા ગંગટોક ટેકરી જોવા જવા માટે પર્યટન વિભાગ તરફથી હેલિકૉપ્ટરની સુવિધા મળી શકે છે.

ગંગટોકથી ૪૦ કિ.મી. દૂર સોમ્ગો નામનું તળાવ આવલું છે, જે સિક્કિમનું પવિત્ર સ્થળ મનાય છે. સોમ્ગો જવા માટે પહેલેથી મંજૂરી મેળવવી જરૂરી છે.

ગંગટોક પહોંચવા માટે નજીકનું રેલવે સ્ટેશન ન્યૂ જલપાઈગુડી છે જે અહીંથી ૧૨૬ કિ.મી. દૂર આવેલું છે. નજીકનું હવાઈ મથક ૧૨૪ કિ.મી. દૂર રામડેંગરામાં આવેલું છે. દાર્જિલિંગ અને પશ્ચિમ બંગાળ જવાવાળાં પર્યટકો ગંગટોક તથા કૉલિમપૉંગ પણ જઈ શકે છે. એ ૧૨૬ કિ.મી. લાંબા રસ્તે ત્યાંની તીસ્તા નદીનું સૌંદર્ય નિહાળવાલાયક છે. ગંગટોક જવા માટે એપ્રિલ-જૂન અને ઑક્ટોબર-નવેમ્બરનો સમય ઉત્તમ છે.

('યોગક્ષેમ'ને આધારે)





તરસ હરણને છોડી રણમાં ચાલી નીકળી દૂર,
'શું લઈ દોડ્યા કરીએ?' કહેતાં ચરણ ઊભાં મજબૂર!
લાગ્યા સઘળા મોડ રૂપાળા
જાગ્યા એવા કોડ રૂપાળા,
પણ ગમતી પળ, છટકી જાણે દેવલોકની હૂર!
'શું લઈ દોડ્યા કરીએ?' કહેતાં ચરણ ઊભાં મજબૂર!

('અજાણ્યો જણ'માંથી) *-વિષ્ણુ પટેલ*

ખ્યાતનામ શાયર કૈફી આઝમી

વકતને કિયા ક્યા હંસી સિતમ,
તુમ રહે ન તુમ, હમ રહે ન હમ...

'કાગઝ કે ફૂલ'નું આ ગીત અદાકાર, કલાકાર અને ફિલ્મ-નિર્માતા સ્વ. ગુરુદત્તનું સ્મરણ તો કરાવે જ છે અને હવે આ ગીતના શાયરનું સ્મરણ પણ આપણે તેમની આગળ સ્વર્ગસ્થ લગાડીને કરવું પડશે; કારણ કે હવે ગીતકાર કૈફી આઝમી આપણી વચ્ચે સદેહે નથી રહ્યા. લગભગ બે મહિના મુંબઈની જસલોક હૉસ્પિટલમાં શ્વાસની રફતારમાં આખરે શુક્રવાર ૧૦મી મે (૨૦૦૨)ની વહેલી સવારે સાત વાગે ૮૨ વર્ષની જૈફ વયે તેમણે અંતિમ શ્વાસ લીધેલો. અંતે ઉર્દૂના પંડિત સમા આ પ્રખર શાયરે દૈહિક વિદાય લીધી. પત્ની શૌકત આઝમી, પુત્રી શબાના આઝમી, પુત્ર બાબા આઝમી અને પુત્રવધૂ તન્વી આઝમી તથા જમાઈ ખ્યાતનામ શાયર, ગીતકાર જાવેદ અખ્તર તો કૈફી આઝમીનો પરિવાર છતાં આપણી સહુની આગળ તેમની વિદાયથી શોકમય વાતાવરણ સર્જાયું છે. કૈફીએ અમસ્તું નહોતું કહ્યું કે, 'યહ દુનિયા યહ મહફિલ, મેરે કામકી નહીં, મેરે કામકી નહીં'.

૧૯૧૯ની ૧૯મી જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશના આજમગઢ જિલ્લાના મિજવાંન નામના ગામમાં જન્મેલા જમીનદારના પુત્ર અખ્તર હુસૈન રિઝવીએ ૧૧ વર્ષની વયે પહેલી ગઝલ લખેલી તે પંક્તિઓ છે :

'કિતની તો જિન્દગીમેં કિસકી ખલલ પડે, હંસને સે હો સકૂં ન રોને સે કલ પડે.'

વળી, આથી મોટું આશ્ચર્ય તો એ છે કે અખ્તર હુસૈન રિઝવી એટલે કે કૈફી આઝમીની આ પહેલી જ ગઝલને કંઠ મળેલો ગઝલગાયિકા બેગમ અખ્તરનો.



કૈફી આઝમીએ એક મુશાયરામાં કહેલું કે : 'મૈં ગુલામ હિન્દુસ્તાનમેં પેદા હુઆ, આઝાદ ભારતમેં જીયા ઔર સમાજવાદી ભારતમેં મરુંગા.'

પોતાના કૉલેજકાળથી જ તેઓ પ્રગતિવાદી વિચારધારામાં પરોવાયેલા. ૧૯૪૩માં એક ટ્રેડ યૂનિયનના કાર્યકર્તા તરીકે તેઓ પહોંચ્યા મુંબઈ. ત્યાં તેમણે કૉમ્યુનિસ્ટ પાર્ટીના મુખપત્ર 'કૉમી જંગ' માં મહત્ત્વનું સ્થાન સંભાળ્યું.

એ જ વેળાએ નાટ્યકર્મી શૌકત સાથે લગ્ન કર્યાં. ફિલ્મી ગીતો તેમણે ૧૯૪૮થી શરૂ કર્યાં શહીદ લતીફની ફિલ્મ 'બુઝદિલ'થી. એ પછી તો 'શમા', 'કાગજ કે ફૂલ', 'હકીકત', 'પાકીઝા', 'શોલા ઔર શબનમ', 'અર્થ', 'અનુપમા', 'હંસતે જખમ', 'મંથન', 'હીર-રાંઝા', 'શગુન', 'હિન્દુસ્તાનકી કસમ', 'નૌનિહાલ', 'નસીબ', 'ફિર તેરી કહાની યાદ આઈ' અને 'તમન્ના' જેવી અનેક ફિલ્મોમાં તેઓ એક અચ્છા ગઝલકાર અને ગીતકાર તરીકે વખણાયા. ગીતોની સાથે પટકથા-લેખક તરીકે પણ તેમણે નામના કાઢેલી. 'ગર્મ હવા' એમાંનું એક જોરદાર સંવાદોવાળું સશક્ત પ્રમાણ આપણી સમક્ષ છે જ.

'અર્થ' ફિલ્મની આ પંક્તિઓ 'ઝુકી ઝુકી સી નજર', 'કોઈ યે કૈસે બતાયે' તો સદાય સ્મરણીય રહેશે જ. 'ઝંકાર', 'આખિર-એ-શબ', 'આવારા સજ દે', 'નયી ગુલિસ્તાં' અને 'રમા રાય' એ તેમના કાવ્યસંગ્રહો છે, જેમાં ક્રાંતિકારી શાયરે સામાજિક સમસ્યાઓ, રાષ્ટ્રિય સમસ્યાઓ, જીવનની વાસ્તવિકતાઓ, વિરોધ, પ્રેમ, દુઃખ અને ચિંતાઓની વિભીષિકાઓની કથની તેઓ સંવેદે છે. સરવાળે અનેક પ્રકારની વિટંબણાઓમાં વિંટળાયેલો આ શાયર અંતે તો આવું જ લખે છે કે : 'ઘનેરી ઝુલ્ફો કીં છાંવમેં, મુસ્કરાકે મુઝકો છુપાહી લોગી',/'સુખે આંખો કી કસમ, કંપતી પલકોકી કસમ, થરથરાતે હુએ આંસુ નહીં દેખે જાતે'.

કૈફીની રચનાઓ 'તેલંગના', 'બંગ્લાદેશ', 'ફરઘાના', 'મોસ્કો', 'અકાન', ' ઈબ્ન-ઈ-મરિયમ' તથા 'હુશ્ર' સશક્ત અને સીધા તીર જેવી ખ્યાતનામ બનવા પામી છે, જેમાં વિચાર અને માનવીય સંવેદનાઓને કવિએ વાચા આપી છે. આજ કવિની વ્યથાને વધુ ઘૂંટાતી વાંચવી હોય તો આ રહી તેમની કેટલીક સંવેદનાઓ, જેમાં તેઓ કહે છે :

કોઈ જાહેર કરી દે કે 'હું દરિયો છું'
તો મારો દાવો છે કે નથી એક્કેય બુંદ મારું,
આજે હું જાતે લખું છું મારું ભવિષ્ય,
આ નસીબ ડરામણું નથી મારા માટે
વાંચી શકે છે તેઓ મારી હથેળીના લેખ.
મારા અનાગતની ગુપ્ત ભાષા તો
કુરાન અને ગીતાની ભાષા જેવી છે.
ઘેરાયેલી, પુરાયેલી તરંગિત રેખાઓ
સીતાની માફક નસીબની રાહ જુએ છે.
ક્યારે ફરશો પાછા મારા મોંઘેરા રામ?
નક્કી કરી શકતો નથી કશું હું
કમસે કમ રાવણે તો આ તરફની યાત્રા આદરી જ હશે.

'મકાન'માં ઘરની શોધ કરતો આ શાયર આજીવન વેદનાને જ ઘૂંટ્યા કરતો હતો એવું જણાય છે કેમ કે 'શોલા ઔર શબનમ'ની આ પંક્તિઓ–'જાને ક્યાં ઢૂંઢતી રહતી હૈ, યે આંખે મુઝમેં', 'અર્થ'ની આ અભિવ્યક્તિ–'તુમ ઈતના જો મુશ્કરા રહે હો, ક્યા ગમ હૈ જીસકો છુપા રહે હો' અને આરંભમાં જ જોયું તેમ 'કાગજ કે ફૂલ'ની આ વ્યથાઓ–'વક્તને ક્યા કિયા સિતમ, તુમ રહે ના તુમ, હમ રહે ના હમ'. જો કે આ ગીતકારમાં આશા અને પ્રેમનો સંચાર નથી એવું તો નથી જ. પ્રેમ વગરનું જીવન ક્યાંથી હોય અને પ્રેમ વગરનો શાયર પણ ન જ હોય ને! જુઓ આ રહ્યાં એ પ્રમાણો :

'તુમ જો મિલ ગયે હે તો યે લગતા હૈ,'

* * *

'ચલતે ચલતે યુંહી કોઈ મિલ ગયા થા.'

* * *

'ચલો દિલદાર ચલો, ચાંદ કે પાર ચલો' જેવી રચનાઓના ગીતકાર પણ આપણા વ્યથાપીડિત કે દુઃખસાગરને વલોવનાર કૈફી આઝમી જ છે.

૧૧ વર્ષે કવિતાની કેડી પર ચાલનાર, ૧૯ વર્ષે કૉમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય થનાર, ૨૩મા વર્ષે ૧૯૪૨માં હિંદ છોડોની લડતમાં જોડાઈને અભ્યાસને ત્યજનાર કૈફી આઝમીએ ઈંડિયા પીપલ્સ થીએટર એસોસિએશન અર્થાત્ ઈપ્ટાની સ્થાપના કરેલી અને પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશનના પણ તેઓ સ્થાપક હતા. વળી, તેઓ કટ્ટર સામ્યવાદી વિચારધારા ધરાવતા હોવાને કારણે બે વાર તેમને જેલવાસ પણ કરવો પડેલો.

સદ્‌ગત કૈફી આઝમીને પદ્મશ્રી ઍવૉર્ડ આપેલો, જે તેમણે પાછો આપેલો. આ ઉપરાંત ૧૯૭૫માં 'સોવિયેટ લૅંડ નેહરુ ઍવૉર્ડ', 'યુવા ભારતીય ઍવૉર્ડ', 'એશિયન રાઈટર્સ લોટસ ઍવૉર્ડ' તેમજ ૧૯૭૫માં કેન્દ્રીય 'સાહિત્ય અકાદમી ઍવૉર્ડ' વગેરે દ્વારા આ શાયરનું સન્માન પણ કરાયું હતું.

આમ, ક્યારેક ક્યારેક સુંદર પ્રણયગીત રચનાર છતાં સવિશેષ તો વેદનાના સ્વરોને જ વાગોળનાર આ ઉર્દુના સશક્ત ગીતકારને એમની જ પંક્તિઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપીએ જેમાં અંતે તો તેઓ પોતાના ૮૦મા વર્ષે આશાન્વિત જ બનતા જણાયા હતા:

'સબ ઉઠ્ઠો, મૈં ભી ઉઠ્ઠું,
તુમ ભી ઉઠ્ઠો, હમ ભી ઉઠ્ઠે,
કોઈ ખિડકી દિવારમેં ખુલ જાયેગી.'

સાચે જ તેઓ આજના માહોલના ગાલિબ હતા, જેમણે ઉર્દુ શાયરીને જીવનની સચ્ચાઈની સાથે પરોવી હતી.

મુંબઈનો જુહુ સ્થિત તેમનો આવાસ 'જાનકી કુટીર' ના નામે જ ખ્યાતનામ હતો કે જ્યાં સતત કવિતાનો માહોલ છવાયેલો રહેતો જે આજે ખાલી ખાલી બની ગયો છે! તેઓ જીવનભર સાંપ્રદાયિકતાના વિરોધી હતા. આથી એમને કડવાશ પણ

વહોરવી પડી હતી, છતાં સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન ન કરનાર કૈફી આઝમી પોતાની વતન પરસ્તીના કારણે સહુ કોઈના પ્યારા હતા જ, કેમ કે તેઓ સર્વમાન્ય, સર્વપ્રિય એવા શાયર હતા કે જેમણે કેવળ કવિતાને જ જીવી હતી અને કવિતા તો ક્યારેય સંપ્રદાયી કે વાડાપરસ્તીવાળી હોઈ જ ના શકે; તો એનો કવિ તો એથીયે ઊંચો હોય જ ને! આથી જ કવિથી કહેવાઈ ગયું હશે કે— 'કોઈ ખિડકી દિવારમેં ખુલ જાયેગી હી.' *-રજનીકાંત જોશી*

પંચમહાલનું કલ્પવૃક્ષ : તાડનું ઝાડ

પંચમહાલના હાલોલ, કાલોલ, જાંબુઘોડા, ગોધરા અને તેની આજુબાજુના વિસ્તારમાં વસતી ભલીભોળી વનવાસી પ્રજાના જીવનમાં તાડનું વૃક્ષ એટલું બધું ઉપયોગી છે કે જેને તેમનું કલ્પવૃક્ષ કહીએ તો પણ અતિશયોક્તિ કહેવાય નહીં.

આ તાડનાં વૃક્ષો દેખાવમાં સામાન્ય રીતે નાળિયેરી જેવાં લાગે છે. વનસ્પતિના એકદળી વર્ગમાં આવેલા ચેરિકેસી કુળની એક જાતિનું આ વૃક્ષ જેનું વૈજ્ઞાનિક નામ **Borussus flabellifer** અથવા **Palmyra pulm** છે. તેની બીજી ચાર જાતિઓ પણ છે. આ વૃક્ષ આફ્રિકાનું મૂળ નિવાસી છે અને તેનો ફેલાવો ઉષ્ણ કટીબંધના પ્રદેશોમાં થયેલો છે. ભારતમાં તેની એક જ જાતિ થાય છે, તેનું શુષ્ક વિસ્તારોમાં ખાસ વિસ્તરણ થયેલું છે. તે સામાન્ય રીતે ૧૦થી ૨૦ મીટર ઊંચું વૃક્ષ છે. પરંતુ કેટલીક જગ્યાએ ૩૦ મીટર જેટલી મહત્તમ ઊંચાઈ ધરાવે છે. તે કાળા રંગનું પ્રકાંડ ધરાવે છે. પ્રકાંડ પર પર્ણતલો જોવા મળે છે. ટોચ ઉપર નજીક ગોઠવાયેલાં ૩૦થી ૪૦ પર્ણોનો મુકુટ હોય છે. પર્ણો મોટા કદનાં ૧.૦૦ થી ૧.૫ મીટર પહોળાં પંખાકાર હોય છે. તે દ્વિગુહી વનસ્પતિ હોવાથી નર અને માદા વૃક્ષો અલગ અલગ થાય છે.

તાડનાં પાકાં ફળ (તાડ ગુલ્લા) ચર્ષિલ, જાંબલી, કાળા રંગનાં ૧૫ થી ૨૦ સે.મી. વ્યાસનાં ગોળાકાર રેસા ધરાવતાં હોય છે. દરેક ફળમાંથી બેથી ત્રણ બીજ નીકળે છે, જે ગલેલી કે તાડફળી તરીકે જાણીતી છે. કુમળી ગલેલી, પારદર્શક કાચ જેવી સફેદ, નરમ જેલી જેવી તથા અંદર મીઠું પાણી ધરાવતી પોષક, સ્વાદિષ્ટ વસ્તુ તરીકે ખવાય છે. પરંતુ ફળ પાકી જતાં ગલેલી કઠણ અને સફેદ રંગની બની જાય છે.

ફળાઉ વૃક્ષ તરીકે સામાન્ય રીતે તાડનો ઉછેર કરવામાં આવતો નથી. પરંતુ કુદરતી પ્રસર્જન બીજ દ્વારા થાય છે. બીજનું અંકુરણ થયા બાદ શરૂઆતમાં તેના પ્રકાંડની વૃદ્ધિ જાડાઈમાં જમીનની અંદર થયા કરે છે. દર વર્ષે પર્ણો જમીનની ઉપરથી નીકળતાં માલૂમ પડે છે. આ પ્રક્રિયા ૧૫થી ૨૦ વર્ષ સુધી ચાલુ રહે છે. ત્યાર પછી પ્રકાંડનો વિકાસ લંબાઈમાં જમીનની બહાર થવા લાગે છે અને નળાકાર પ્રકાંડ વિકસતું જાય છે.

તાડના પ્રકાંડની ટોચના ભાગે પર્ણો નજીક નીચેના ભાગે છેદન કરીને ત્યાં માટલા જેવું પાત્ર લટકાવીને તેમાંથી રસ મેળવવામાં આવે છે જે 'નીરો' તરીકે ઓળખાય છે. માદા વૃક્ષમાંથી રસનો ઉતાર નર વૃક્ષ કરતાં ૫૦ ટકા જેટલો વધારે હોય છે. નીરો પારદર્શક, મીઠો, સ્વાદિષ્ટ અને રુચિકર રસ છે, તે પૌષ્ટિક પીણું છે. વહેલી સવારે લોકો આ નીરો પીવાના ઉપયોગમાં લે છે. શહેરમાં નીરો ઠંડો કરીને પીણા તરીકે વેચાય છે. તે આરોગ્ય માટે લાભદાયી મનાય છે. નીરામાં શર્કરા અને યીસ્ટનું પ્રમાણ સારું એવું હોય છે. અને યીસ્ટ વિટામીન 'બી' સંકુલનો મહત્ત્વનો સ્રોત છે. નીરો ઔષધ તરીકે ઉત્તેજક છે અને કફ થતો અટકાવે છે. તાજો નીરો દાહશામક અને જલોધરમાં ઉપયોગી છે.

નીરામાં આથો ચડવાની પ્રક્રિયા તરત શરૂ થાય છે અને તાપમાન વધે તેમ વધુ આથો ચડે છે. આથો ચડેલો નીરો તાડી તરીકે ઓળખાય છે, જેને નશો કરવા માટે ઉપયોગમાં લેવાય છે. તાડી સ્વાદમાં ખાટી લાગે છે. વધુ સમય જતાં વધુ આથો ચડેલી તાડી આરોગ્યને નુકસાનકારક હોઈ પીવાલાયક નથી. તાડમાંથી મળતા રસને ઉકાળીને ઠારવામાં આવે તો તેમાંથી ખાંડસરી અને તાડ-ગોળ તૈયાર કરી શકાય છે. તાડનું દરેક અંગ કોઈ ને કોઈ પ્રકારે મનુષ્યને ઉપયોગી છે. તેનું પ્રકાંડ દેશી ઘરના બાંધકામમાં થાંભલા, ટેકા, વળી તરીકે તથા પર્ણો છાપરું ઢાંકવા તેમજ સાવરણા, પંખા, સાદડી, ચટ્ટાઈ, ટોપી, બાલદી, ટોપલા, ટોપલી અને લીલો પડવાશ બનાવવા માટે ઉપયોગી છે. આ વૃક્ષમાંથી કાળા રંગનો ગુંદર પણ નીકળે છે જે રોજબરોજના વપરાશમાં ઉપયોગી છે.

વિવિધ ભાગોમાંથી મળતા રેસાઓ જુદી જુદી વસ્તુઓ બાંધવા અને ગૃહ શણગારવામાં ઉપયોગી છે. પ્રકાંડને ઊભું છેદવામાં આવતાં બનતા અડધિયા ખેતીમાં તેમજ પાણીની વહેંચણીમાં ઉપયોગી છે.

આ વૃક્ષ કુદરતી રીતે જ ઊગી નીકળે છે. એની કોઈ માવજત કરવામાં આવતી નથી કે ખેડખાતર કે પાણી પણ આપવામાં આવતું નથી. જેથી આ વૃક્ષ પાછળ કોઈ ખર્ચ કરવો પડતો નથી. વનવાસીઓને આ વૃક્ષ ખૂબ જ રીતે ઘણા ઉપયોગમાં આવતું હોવાથી તેને કલ્પવૃક્ષનું સ્થાન મળ્યું છે.

('ગુજરાત'માંથી ટૂંકાવીને) - રતિલાલ તુરી

વિશ્વનું અદ્ભુત રમકડાં-સંગ્રહસ્થાન

જોનાથન સ્વિફ્ટની નવલકથા 'ગુલિવર ટ્રાવેલ્સ'ના મુખ્ય પાત્ર ગુલિવરનું નામ આવતાં જ આપણા મન સમક્ષ એ ચિત્ર ઊભું થાય છે કે ખૂબ જ ભારે શરીરવાળો ગુલિવર જમીન પર પડ્યો છે અને નાના-નાના લિલિપુટિયન જમીનમાં ખીલા ખોસીને એને દોરડાંઓથી બાંધવામાં લાગેલા છે. તમારે આ પ્રત્યક્ષ જોવું હોય તો







ચાલો જઈએ 'વિશ્વ રમકડાં રાજધાની'માં, જ્યાંના એક સંગ્રહસ્થાનમાં સૈકા-જૂનાં રમકડાંઓની સાથે આધુનિક રમકડાં પણ સંગ્રહવામાં આવ્યાં છે. જર્મનીના આ સ્થળનું નામ છે 'સોનબર્ગ'. જગતનાં રમકડાંનો પાંચમો ભાગ અહીંથી આવવાને કારણે જ એને 'વિશ્વ રમકડાં રાજધાની' કહેવામાં આવેલ છે.

આ ત્રણ માળના સંગ્રહસ્થાનમાં નીચેના માળમાં યાંત્રિક રમકડાં છે. વરાળથી ચાલતું એન્જિન, રોલર કોસ્ટર, રેલગાડી મોટા જથ્થામાં તથા પૈડાંવાળાં અનેક રમકડાં અહીં છે. એના ઉપરના માળે ઢીંગલીઓનું સામ્રાજ્ય છે. આ ઢીંગલીઓ કાગળની, ચીની માટીની અને લાકડાની બનેલી છે. બધી જ જાતની પારદર્શક ઢીંગલીઓ અહીં જોવા મળે છે. એશિયાની ઢીંગલીઓના એક મોટા સંગ્રહમાં અહીં એક જથ્થામાં ગુલિવર અને લિલિપુટિયન તથા સાથીઓને રજૂ કરવામાં આવ્યા છે. ગુલિવરની કાગળની બનેલી આકૃતિ ૮૫ સે.મી. લાંબી છે, જ્યારે ગૂંદાયેલા આટાથી બનેલી ૩ સે.મી. લાંબા લિલિપુટિયન તથા ૧૬૮ સાથી ગુલિવરને બાંધવામાં વ્યસ્ત બતાવવામાં આવ્યા છે. એમને સને ૧૮૮૪માં બર્લિનના ટીટન્સ ડિપાર્ટમેન્ટલ સ્ટોર માટે બનાવવામાં આવ્યા હતા અને ૧૮૫૧માં લંડનના ક્રિસ્ટલ પેલેસમાં યોજવામાં આવેલ પ્રથમ વિશ્વ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યા હતા.

'ભાલૂ સમાચાર'માં એક ભારતીય હાથી પણ છે. (અસલ કરતાં કંઈક નાનો), જે પોતાની સૂંઢમાં એક 'ડ્રમ' લટકાવે છે. એની પાસે બેઠેલ એક નાના વાંદરાના હાથમાં નારિયેળનું પાત્ર છે. ઉપરના માળે ગુંબજની છત નીચે બાળકો દ્વારા ખાવાનું બનાવવાનું, ઢીંગલીઓ દ્વારા બનાવવાનું બતાવવામાં આવ્યું છે. આધુનિક રસોઈઘરનાં સાધનો, ચૂલો વગરે પણ અહીં છે. અહીં આવનાર મહેમાનો એટલે કે બારબીના અનેક મિત્રો પણ રજૂ કરાયેલા છે.

દીવાલ પર લાગેલ ચિત્રો અને જાહેરાતો ત્યારનાં રમકડાં બનાવનારાઓની રહેણી-કરણી બતાવે છે. રમકડાં બનાવવાનાં કુટિર-ઉદ્યોગમાં લાગેલાં કુટુંબોનાં બધાં સભ્યો, ત્યાં સુધી કે બાળકો પણ બતાવવામાં આવ્યાં છે. અહીં રમકડાંઓના માધ્યમ દ્વારા એક ગ્રામ મેળો પણ સજાવવામાં આવે છે.

દર વર્ષે મે માસમાં અહીં એક ઢીંગલી મહોત્સવનું પણ આયોજન થાય છે.

- યશવન્ત કડીકર

લાલચ લોભ ન મોહ મદ, એકલ ભલા અનીહ;
હરિજન ઐસા ચાહિયે, જૈસા બનકા સિંહ.
કબીર

સંત એકનાથ કાવડમાં ગંગાજળ ભરીને રામેશ્વર ચઢાવવા જઈ રહ્યા હતાં. રસ્તામાં પાણી વિના તરફડતી એક ગાયને જોઈ એમણે એ ગંગાજળ તરસી ગાયને પાઈ દીધું. આથી એમના સાથીદારો ઠપકો આપવા લાગ્યા : 'અરે, આટલે દૂરથી લાવેલું ગંગાજળ તમે મરવા પડેલી ગાયને પીવડાવી દીધું?' એકનાથ બોલ્યા : 'ભાઈઓ, દરેક જીવમાં ભગવાનનો વાસ છે. જો હું તરસ્યા જીવને તરફડતો જોઈ પાણી ન પીવડાવું તો ધિક્કાર છે મારી જાતને. ભગવાને મારી પૂજા તો અહીં જ સ્વીકારી લીધી છે.'

*

સાઈબેરિયાના જંગલમાં 'ફાઉન્ટન ટ્રી'નામનું ઝાડ થાય છે. તેના થડમાં ચીરો પાડતાં તેમાંથી પાણીનો ફુવારો ઊડે છે અને મુસાફરો પોતાની તરસ તેનાથી છીપાવી શકે છે.

*

કાકડીના રસમાં હળદર અને ચંદન મેળવી તેનો લેપ મોઢા પર એકાદ કલાક રાખવાથી મોઢાની ઝાંખપ-કાળાશ દૂર થાય છે.

*



સિંહ આકારમાં સિંહ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

हीयते हि मतिस्तात हीनैः सह समागमात् ।
समैश्च समतामेति विशिष्टैश्च विशिष्टताम् ॥

હીન જનોના સમાગમથી (આપણી) બુદ્ધિ હીન થાય છે; સમાનના સંસર્ગથી તે સમાન બને છે અને વિશિષ્ટજનોના સંગથી બુદ્ધિમાં વિશિષ્ટતા આવે છે.

ઈટાલીના 'વેનિસ' શહેરની રચના ૧૧૮ નાના બેટો ઉપર કરવામાં આવેલી છે. આ બધા બેટોને અન્યો સાથે જોડવા માટે ત્યાં ૪૦૦ જેટલા પુલો બનાવવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે આ શહેર બહુ જ ધીમી ગતિમાં નીચે ઊતરતું જાય છે.

*

વૈજ્ઞાનિકોનું એવું અનુમાન છે કે દરિયાનાં પાણીની સપાટી હવે પછીનાં ૧૦૦ વર્ષમાં ૧૨ ઈંચ જેટલી વધવાનો સંભવ છે. આનું પરિણામ કદાચ ભયંકર આવવાની શક્યતા છે.

*

ગણિતગમ્મત

૩૩ના અંકની કરામત

૩૩^2 = ૧૦૮૯
૩૩૩^2 = ૧૧૦૮૮૯
૩૩૩૩^2 = ૧૧૧૦૮૮૮૯
૩૩૩૩૩^2 = ૧૧૧૧૦૮૮૮૮૯
૩૩૩૩૩૩^2 = ૧૧૧૧૧૦૮૮૮૮૮૯

આમ ને આમ અનંત સુધી. ઉપરના ગ્રાફનાં પરિણામો ચકાસતાં જોઈ શકાય છે કે રકમમાં જેટલા ત્રગડા હોય તેનો વર્ગ કરવાથી આવતા પરિણામમાં, પ્રથમ જેટલા ત્રગડા હોય તેનાથી એક ઓછો એટલા એકડા, પછી શૂન્ય, ફરી જેટલા ત્રગડા હોય તેમાંથી એક ઓછો એટલા આઠડા અને પછી નવનો એક અંક આવે. આ સૂત્રને ગણિતની ભાષામાં $-(3n)^2 = {}^1(n-1)^{08}\ (n-1)^9$ આમ દર્શાવાય. -નૌતમભાઈ વખારિયા



નિર્દોષોના કત્લેઆમના વિરોધમાં દેખાવો જ કરવા હોય તો તમારા પક્ષે તેના શ્રીગણેશ કાશ્મીરથી કરવા જોઈએ! સમજ્યા?
('સંદેશ'માંથી સાભાર - દેવાંગ વ્યાસ)

એક દારૂડિયાને પકડીને પોલીસચોકીમાં લઈ આવ્યા. તેણે ઈન્સ્પેક્ટરને પૂછ્યું, 'મને અહીં શા માટે લાવવામાં આવ્યો છે?' ઈન્સ્પેક્ટર કહે, 'દારૂ પીવા માટે.' દારૂડિયો કહે, 'તો કોની રાહ જોવાની છે? શરૂ કરોને?'

*

'નાઈલ' નદીમાં જેટલું પાણી જમીનની સપાટી ઉપર વહી રહ્યું છે તેનાથી છ ગણું વધુ પાણી તેની જ નીચે વહી રહેલી ભૂગર્ભની નદીમાં વહી રહ્યું છે.

*

કલાકણિકા : ભરહુત શિલ્પનો એક સુન્દર નમૂનો. છ સેરના આ હારમાં આમ્રફળની સુંદર ભાત સજાવેલી જોવા મળે છે.

